સંસ્કાર સિંચનની અગત્ય.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક અગીઆરમો
શુક્રવાર તા. ૧-૧-૩૭.

## જૈનત્વને ત્રાજવે.

લેખક.—
રા. ભાઈલાલ બાવીશી.

ચંદન ચાંદલો મ્હોટો શો ભાલે!
'જૈનત્વ'ના સ્તંભ નિજને કહાવે!
દેખી મ્હને—સિંહ મૃગે ધસ્યો શું!
ધરી ધૈર્ય ઉભો—મહાશય 'કહે'શું!
"કયમ કહાવે 'જૈન'! રે! દંભી! ઓ! 'અજૈન'!
કદી ના પ્રવેશ્યો જિન—મંદિર—કીધી ન પૂજા,
સ્તવનો સ્તવ્યા ના; 'જૈન' કહાવે છે?
ઉપાશ્રયદ્વાર કદી ન દીઠા—ચાંપ્યાં ન ચરણ,
શ્રવ્યા ન વ્યાખ્યાન, 'જૈન' કહાવે છે?
નમ્યો ના કદાપિ સાધુ—સાધ્વીને—વ્હોરાવ્યાં ન ભોજન,
ધર્યાં ન અન્ય દાન; 'જૈન' કહાવે છે?
કીધાં ન કો'દિ સામાયિક—પ્રતિક્રમણ—સૂત્રો ભણ્યો ના,
પાપોથી હઠ્યો ના; 'જૈન' કહાવે છે?
કીધું ન જીવનભર વ્રત એકકેય—નવકારસી—પોરસી,
કે કંદાદિ ત્યાગી; 'જૈન' કહાવે છે?
કસી ન કાયા તપશ્ચર્યાએ—ના છઠ્ઠ—અઠ્ઠમ,
ઉપવાસ—આંબિલ; 'જૈન' કહાવે છે?
જૈન થઈને કર્યું ત્હેં શું?
કયમ કહાય 'જૈન'? 'અજૈન' ત્હું!

❋ ❋ ❋

સૂતો; નિરખ્યું મ્હેં સ્વપ્ને;
ઉભા મહાવિભુતિ વીર—ચરણે;
ઉઘડયાં 'આત્મા'નાં અંતરદ્વારો,
ને આપતો હિસાબ જીવનનો—
"પૂજી નથી પ્રતિમા જીન—મંદિરે,
સ્થાપી જિન—પ્રતિમા મમ હૃદ—મંદિરે—
શુદ્ધભાવે પૂજી મ્હેં, સ્તુત્યગુણો સ્તવીને;
'જૈન' કહેશો પ્રભો?
'ઉપાશ્રય—વસ્યો 'સાધુ' ન વાંદ્યો';
એ વેશધારીથી વેગળો રહ્યો—
દાંભિક સાધુતા ધારતો, વ્યાખ્યાન નહિ, વિષ રેડતો,
'જૈન' કહેશો પ્રભો?
નમ્યો ન, ધિક્કાર્યાં સાધુ—સાધ્વીને;
સંયમ ઓઠે અસંયમ આચરે—
ભોજન ખાધાં હરામ કરે,
દાન ગ્રહી પરિગ્રહ ધરે;
'જૈન' કહેશો પ્રભો?
સામાયિક—પ્રતિક્રમણ ન કીધાં;
શુક શું સૂત્રોએ પઢયા ના—
એકાગ્ર ચિત્તે, એકાંત બેસી,
કીધું મનન 'આત્મ'—ઉદ્દેસી;
'જૈન' કહેશો પ્રભો?
નવકારશી કરીના, કંદેય સેવ્યું;
વ્રતોમાં વ્રતોત્તમ બ્રહ્મચર્ય ધાર્યું—
દુભવ્યું ના દિલ કોઈનુંયે,
બન્ધુત્વ ધાર્યું પ્રતિજીવ પ્રત્યે;
'જૈન' કહેશો પ્રભો?
તપશ્ચર્યાનો દંભ ન સેવ્યો;
પણ વિચાર્યો ભૂખમરો ન કીધો—
સેવ્યો મિતાહાર,
શુદ્ધ, અલ્પ આહાર;
'જૈન' કહેશો પ્રભો?
મહાવિભુતિએ મમ અશ્રુ લૂંછ્યું;
"આત્મલક્ષી! ખરે! છે 'જૈન' ત્હું!!"
અંતર ઉઘડયું:
હૃદય પૂકાર્યું:—
'જગને ત્રાજવે' 'જૈનત્વ' ન્હોતું!
પ્યારો પ્રભુ કહે; "જૈન ત્હું!!!"

❋ ❋ ❋

ચક્ષુ ઉઘડયાં; હસી રહ્યો હું:
"જગે 'જૈનત્વ'ની હાંસી થતી શું!!!"
જગને ત્રાજવે છો 'અજૈન' હોઉં!
'જૈનત્વ' તોળીશ પ્રભુ—ત્રાજવે હું!

(તણખા)

# તરુણ જૈન.

તા. ૧-૧-૩૭

## સંસ્કાર સિંચનની અગત્ય.

—o○o—

આપણાં સમાજમાં સ્ત્રીઓ અશિક્ષિત અને અર્ધશિક્ષિત હોઇ દીર્ઘદૃષ્ટિની ખામી હોવાથી એવાં કાર્યો કરી બેસે છે કે જે સમાજને શરમાવનારાં થઈ પડે છે. કેટલીક સ્ત્રીઓ ભવિષ્યનો વિચાર કર્યા સિવાય પતંગીઉં જેમ દીપકમાં પડે છે ત્હેમ હવસની ગુલામીમાં તણાઈ પોતાની સારીય જીંદગીની ખાનાખરાબી કરી નાખે છે. કેવળ ક્ષણિક સુખને ખાતર નૈતિક પતનને સ્વીકારી પોતાના જીવનની સુખશાંતિ અને સામાજીક સ્થાનને ભયમાં મૂકી દે છે અને જ્યારે ત્હેને પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. ત્યારે જરૂર પશ્ચાતાપ થાય છે પરંતુ એ પશ્ચાતાપ ત્હેને ત્હેની પરિસ્થિતિમાંથી મુકત કરતો નથી. મને કે કમને ત્હેને ત્હેમાં ખેંચાવુ જ પડે છે અને છેવટે તે તદ્દન તળીએ બેસે છે. એવી જ બ્હેનોના બે કિસ્સાઓ છેલ્લા પખવાડીઆમાં વર્તમાનપત્રને પાને ચઢયા છે. એક અમદાવાદની બ્હેન પોતાના નિવેદનમાં કહે છે કેઃ—“મારાં લગ્ન આઠવર્ષ અગાઉ પુના ખાતે એક વણિક સાથે થયાં હતાં. મારે એક આઠવર્ષની છોકરી છે. મારા માબાપ મરણ પામ્યા છે. પુનાથી અમે ખેડગામે રહેવાં ગયાં હતાં અને મારા પતિએ મને ઘર બહાર કાઢી મૂકી હતી, તે પછી એક શીખ મને ધારવાડ ખાતે લઇ ગયો હતો. શીખ પાસેથી હું મ્હારા પતિ પાસે આવી પરંતુ ત્હેમણે મ્હને રાખી નહિ. અને હું બિમાર થવાથી મ્હને પુનાની ઇસ્પિતાલમાં રાખવામાં આવી હતી. ત્યાંથી પુનઃ મારા પતિ પાસે આવી પરંતુ ત્હેણે રાખવાની ચોકખી ના સૂણાવી. ત્યાંથી હું મુંબઈ આવી અને વેશ્યાગીરીનો ધંધો આદર્યો.”

બીજો કિસ્સો ઉજ્જૈનમાં બન્યો છે. ગૃહકંકાસને કારણે એક અપરિણિત યુવતી પિતાનું ઘર ત્યજી બ્હેનના ઘરનો આશ્રય શોધે છે. ત્યાં ત્હેની બ્હેનના દિયર સાથે પ્રેમમાં પડે છે. નૈતિક પતન થાય છે. અને લોક વાયકાથી ડરી ત્યાંથી બંને ભાગી છુટે છે. રસ્તામાં એક મારવાડીનો ભેટો થાય છે. તે ત્હે બંનેને સિંધ હૈદ્રાબાદ તરફ લઇ જાય છે. અને યુવતીને વેચવાનો તાગડો રચાય છે. યુવતીને આ બાબતની ગંધ આવે છે. શોર બકોર કરી મૂકે છે. અને યુવતીનો કબ્જો પોલિસ લે છે.

આ બન્ને કિસ્સાઓનાં મૂળમાં અમને શિક્ષણની ખામી અને આર્થિક પરાધીનતા જણાય છે. જો એ બ્હેનોને વ્યવહારિક કેળવણી અને જીવન નિર્વાહ પૂરતી ઔદ્યોગિક કેળવણી આપવામાં આવી હોત તો ત્હેના જે હાલ થાય છે તે ન થાત. આવાં કૃત્યોમાં સ્ત્રીઓ જેટલી જવાબદાર છે ત્હેના કરતાં પુરૂષો ઓછાં જવાબદાર નથી વર્ષોથી સ્ત્રીઓની શકિતને દબાવવામાં આવી છે, ત્હેને કેળવણી આપવામાં આવી નથી. પુરૂષ સમાજે કેવળ પોતાની હવસ તૃપ્તિ માટેનું ત્હેને સાધન માન્યું છે. અને ઘરકામ માટે એક ગુલામડી જેવા તેની પાસેથી બર્તનની આશા સેવી છે. આ પરિસ્થિતિમાં એ કોઈ બાહ્ય તત્ત્વો પાછળ ખેંચાય એ સ્વાભાવિક છે. અને ત્હેની પાછળ અનર્થની પરંપરાઓ પ્રગટે છે. જો ત્હેને પહેલેથી જ શિક્ષણ આપ્યું હોય, સંસ્કાર સિંચન કર્યું હોય, ત્હેના જીવનનિર્વાહ પૂરતું ઔદ્યોગિક શિક્ષણ આપ્યું હોય અને ગુલામી માનસને દૂર કરી ત્હેના સ્ત્રીત્વને જાગૃત કર્યું હોય તો કદાપિ તે આવા માર્ગમાં ગમન કરે જ નહિ. પણ આમ કરવામાં પુરૂષ સમાજ સ્ત્રી પ્રત્યેના પોતાના હકકોને નષ્ઠ થતા જુવે છે અને કહે છે કે “કન્યાઓને વધારે ભણાવવાથી શું લાભ? કયાં ત્હેને નોકરીએ જવું છે?” ત્હેને તો ઘરકામ જ શીખવું જોઇએ!; આમ કહેનારા સ્ત્રીત્વનું અપમાન કરે છે. ઉપરોકત કિસ્સાઓમાં આવું માનસ જવાબદાર છે, જ્યાં સુધી સમાજ આ માનસમાં પલ્ટો નહી કરે ત્યાં સુધી આવા કિસ્સાઓ અટકવા મુશ્કેલ છે.

આવી બાબતો મૂળથી જ જો અટકાવવી હોય તો કન્યાકેળવણી તરફ લક્ષ્ય આપવું પડશે. ત્હેને જરૂર પુરતું શિક્ષણ આપી ત્હેનામાં સામાજીક સંસ્કારોનું સિંચન કરવું પડશે અને ત્હેમ કરી ત્હેના સ્ત્રીત્વને જાગૃત કરી આર્થિક સમાનતા આપવી પડશે. આમ થશે તો જ આવા કિસ્સાઓ બનતા અટકી જશે.

અત્યાર સુધી આપણે એમ માનતા હતા કે વિધવાઓમાંથી જ આવાં અનિષ્ટો જન્મે છે, પણ ઉપરોકત કિસ્સાઓથી સ્હમજાય છે કે સધવાઓમાં પણ અનિષ્ટો છે પણ પતિદેવની છાયામાં એ અનિષ્ટો બહાર આવતા નથી. પતિ જયારે સ્ત્રી તરફ ક્રૂર બને છે ત્યારેજ આવા કિસ્સાઓ પ્રકાશિત થાય છે.

આમ આવી ત્યકતા બ્હેનોનો પ્રશ્ન પણ આપણે ઉકેલવો જ પડશે. આપણે વિધવાશ્રમો સ્થાપીએ છીએ તેમ આવી બ્હેનો માટે પણ એકાદ આશ્રમ સ્થપાય તો તે આશિર્વાદ રૂપ થઇ પડશે અને જે આવી ત્યકતા બ્હેનો સમાજ નહિ સ્વીકારવાના કારણે અન્ય ધર્મી બની જાય છે ત્હેને ત્હેમ કરતાં બચાવી શકશું.

# સમાજ પરિસ્થિતિ અને યુવાનો.

લેખક : રા. રમણિક ધીઆ.

અમદાવાદને આંગણે યુવક પરિષદ ભરાઇ; અને યુવાનોના પૂર ઉલટયાં સમાજ સુધારણાના અનેક ઠરાવોની હારમાળા ગોઠવાઇ અને સહુ વિખુટાં પડયાં. પણ હવે શું ? સમાજની સાચી પરિસ્થિતિથી વાકેફ થવા અને તેની મુશ્કેલીઓ દૂર કરવા માટે આ એક જ પ્રશ્ન આપણી પાસે ખડો છે. જ્યાં સુધી એ પ્રશ્નનો ઉકેલ નથી ત્યાં સુધી સમાજ પરિસ્થિતિનો સાચો ખ્યાલ આપણને આવી શકવાનો નથી અને જો તેમ ન થાય તો આજ સુધીની આપણી સઘળી કાર્યવાહી નિરર્થક છે.

અન્ય સમાજો કરતાં આપણી પાસે ધનસંપત્તિ વધારે છે જ્યારે અજ્ઞાનતા અને બેકારી પણ તેવી જ છે.

શિક્ષિતોની સંખ્યા ઓછી છે જ્યારે સ્ત્રી કેળવણીનું પ્રમાણ તો તદ્દન નામનું જ ગણી શકાય.

એક બાજુ દાનપ્રવાહમાં ધર્મ અને તીર્થને નામે લાખ્ખો રૂપીયા ખરચાય છે જ્યારે બીજી તરફ હજારો જૈનોને એક ટંક ખાવાના ફાંફાં મારવા પડે છે.

એક બાજુ સેંકડો સાધુ જમાતો પોષાય છે ત્યારે બીજી તરફ હજારો સ્વામી ભાઇઓ હડધૂત થાય છે.

સમાજની આ પરિસ્થિતિ તદ્દન અસહ્ય છે. આપણે ઠરાવો કરીને સંતોષ માનવાનો નથી. એનો યથાશકય અમલ કરવો ઘટે અને તે સાથે અન્યને તેમાં દોરવા રહ્યા. દાન પ્રવાહોની દિશા બદલાવવી ઘટે અને સહુ કોઇનો સાથ તેમાં મેળવવો રહ્યો.

જ્યાં સુધી સમાજની સાચી ઉન્નતિ થઇ નથી ત્યાં સુધી એની વેદી ઉપર વધુને વધુ ભોગ આપવા જ રહ્યા અને તે માટે જૈન સમાજનું ગૌરવ તાજું કરવું જ પડશે.

આજે દેશ કાળ બદલાયો છે અને તે પ્રમાણે જનતાનું માનસ બદલાય પણ તે ભાન ન ભૂલે.

આપણી નજર આગળ હિંદની આઝાદી માટે અથાગ પરિશ્રમ કરતી, અનેક યાતનાઓ વેઠતી રાષ્ટ્રીય મહાસભા મોજુદ છે. એનો ઇતિહાસ જુઓ અને અત્યાર સુધી અપાયેલા બલિદાનોનો ક્યાસ કાઢો. એ બધું તો હિંદની તેત્રીશ કરોડ જનતાને ખાતર છે. જેમાં આપણો સહુનો સમાવેશ થાય છે જ્યારે આપણી સંખ્યા તો માત્ર બાર લાખની છે. આપણે તેને માટે કમર કસવાની છે, અને છતાં આજસુધીમાં આપણે શું કર્યું ? સરવાળો કરો અને સમજાશે. યુવાનોનો પ્રાણ અને ભારત વર્ષનો આત્મા વીર જવાહરલાલ આજે દેશને ખાતર ફકીર બન્યો છે. છતાં એનો ચહેરો કેટલો ભવ્ય, સ્મિત ભર્યો અને પ્રેરણાદાયક છે ? આપણે પણ તેમની પાસેથી પ્રેરણાના અમૃત પીવા પડશે. એ ન પીએ ત્યાં સુધી આપણામાં સમાજ સેવાની સાચી તમન્ના નહિ જાગે. નવું ચેતન નહિ આવે. એ વગર સમાજ ઉન્નતિ અશકય છે. યુવાનો એને નિહાળો. એની શકિત પીછાનો. અને સમાજ પ્રત્યેની તમારી ફરજ અદા કરો.

# આજનું સડતું કલેવર.

લેખક : રમણીક ધીઆ.

કોઈ મને પૂછે કે જૈન સમાજ જીવતો છે કે મરેલો ? હું તો એમજ જવાબ આપું કે જૈન સમાજ અધમુવો છે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ નિષ્ક્રિય છે; નિરર્થક છે. અત્યારનો દેશકાળ અને દુન્યવી પ્રગતિના આ જમાનામાં જે સમાજ તેને ન અનુસરી શકે તેને માટે આથી બીજા કયા શબ્દોની જરૂર પડે ?

આજે જૈન સમાજનું કલેવર સડી રહ્યું છે. તેનો આત્મા અવનતિનાં સાગરમાં બાથડીઆ ભરી રહ્યો છે. અને ટુંકમાં સમાજની રહી સહી શકિત આજે છિન્નભિન્ન થઇ રહી છે.

આજે સમાજની કોઇપણ કાર્યવાહી એટલી ઉજ્જવળ અને ગૌરવભરી નથી જેથી તેને દુનિયાની પ્રગતિમાં ઉભા રહેવા સરખું અભિમાન લેવાની જરૂર પડે.

બ્યવહારિક બુદ્ધિનો જાણકાર વણિક આજે સાચો વણિક નથી. એનામાં વણિકપણું નથી. એ હોત તો આજે સમાજમાં જે અજ્ઞાનતા ઘુસી ગઇ છે તે ન હોત.

કેટલીક વખત ઉંધે રસ્તે દોરવાતો માનવી પશુ બને છે. તેની માનવતામાં પશુતાનો સમાવેશ થાય છે. પણ અહિ તો આખો એ સમાજ પશુ કરતાં પણ વધુ હલકો બન્યો છે. પશુ તો છેવટે પોતાની જાતને, માલિકને વફાદાર રહી શકે છે જ્યારે જૈન સમાજમાં તો બંધુ બંધુ મટી દુશ્મન બની જાય છે, અને તે એટલે સુધી કે તે પોતાના બંધુ સાથે કોઇ પણ જાતનો બ્યવહાર ન રાખી શકે. સાથે બેસી ન શકે. સાથે જમી ન શકે. અને અટકી પણ ન શકે. કદાચ ભૂલથી તેવું થાય તો શિક્ષાપાત્ર બની જાય છે.

એક સમય એવો હતો જ્યારે સ્વામીભાઇનું સગપણ સાચું ગણાતું. નવકાર મંત્ર ભણનાર કોઇ પણ બ્યકિત નવકારશીના જમણમાં ભાગ લઈ શકતી. આજે એ બધું શાસ્ત્રોના પાનામાં ઢંકાએલું છે. એનો ઉપદેશ મળે, અનુસરવાનું નહિ.

"અહિંસા પરમો ધર્મ:" એ જૈન ધર્મનું સૂત્ર કહેવાય. અહિંસા અને સત્યનો ઉપાશક સાબરમતીનો સંત એને મુકિત સંગ્રામનું મહાન શસ્ત્ર બનાવે. છતાં જૈનો એને માન્ય ન કરી શકે. કારણ ? એમના મહાવ્રતધારી મુનિઓની આજ્ઞા.

દેશકાળ અનુસાર સમાજમાં પરિવર્તન થઈ શકે. જૈન સમાજ પણ તેને વધાવી શકે પણ તેની આગળ અને પાછળ બે વિરાટ અવરોધક શકિતઓ ખડી છે.

આગળ પૂર્વજોને ડગલે અને પગલે ચાલી આવતી એક કાળે જૈનધર્મની ગૌરવવંતી સાધુની જમાત ઉભી છે. જ્યારે પાછળ એમનાં પડતો બોલ ઝીલતા પ્રાચીન પ્રણાલિકાના ભૂખ્યા લક્ષ્મીનંદનોનું લશ્કર ખડું છે. આ બેની વચ્ચે આજનો સમાજ જકડાઇ ગયો છે. રહેંસાઇ રહ્યો છે. એનું યુવક માનસ પરાધિનતાના ખપ્પરમાં નિષ્પ્રાણ બનતુ રહ્યું છે. એનો આત્મા કકળી રહ્યો છે. એના હૃદયમાંથી ધગધગતી વરાળો ભભૂકી ઉઠે છે.

આજે જગતમાં દાવાનળ સળગ્યો છે. ક્રાન્તિના દર્શન દુનિયાની પરાધીન પ્રજાને થવા લાગ્યા છે. હિન્દ તેમાંથી મુકત નથી. હિન્દની કરોડો રીબાતી પીસાતી જનતા મુકત નથી તો પછી જૈન સમાજ પણ કેવી રીતે મુકત રહી શકે ?

કરોડોમાં એનો પણ અંતરનાદ તો ખરો ને ?

# હું એ ટોળા માંહેની નથી.

'શેષ પ્રશ્ન' નામે શ્રી શરદ્‌બાબુની છેલ્લી વાર્તા કૃતિ છે. પોતાના પરિપકવ વિચારોથી એ સાહિત્ય શિરોમણિએ રચેલું આ નારી ભાવનાનું ચિત્ર નિહાળવા જેવું છે. એમ તેના અનુવાદક શ્રી સુશીલ કહે છે. અને પોતાની રસીલી ભાષામાં ગુજરાતી અનુવાદ કરી કુલછાબના તા. ૨૯ નવેમ્બરના અંકમાં પ્રગટ કરેલ છે. અહિં ત્હેનું સંપૂર્ણ અવતરણ કરેલ છે. ... ... ... ... ... **તંત્રી.**

**એકનિષ્ઠ પ્રેમ**

" આગ્રાના આ તાજમહાલના વિષયમા હું કંઇ વિશેષજ્ઞ હોવાનો દાવો નથી ધરાવતો. સૌંદર્યતત્વના મૂળાક્ષર પણ નથી જાણતો. એ દષ્ટિએ તાજમહાલ હું નથી જોતો. મને તો એમાં સમ્રાટ્ શાહજહાન દેખાય છે. શાહજહાનની અનંત વેદના જાણે કે તાજમહાલના પત્થરે પત્થર ઉપર અંકાઇ ગઇ હોય એમ મને લાગે છે. તાજમહાલના શિલ્પમાં પણ હું બીજું કંઇ નથી નીહાળતો —નીહાળું છું એનો એકનિષ્ઠ પત્નિપ્રેમ: શબ્દો વડે નહીં–પત્થરના અક્ષરો વડે એક અમર મહાકાવ્ય લખીને એ વિદાય થયો હોય એમ મને દેખાય છે." અક્ષુતોશે તાજમહાલના ઉદ્યાનમાં બેસીને તાજમહાલ તરફનો પોતાનો ભક્તિભાવ બતાવ્યો.

શ્રીમતી કમલાએ કહ્યું: પણ સાંભળવા પ્રમાણે શાહજહાનને ઘણી બેગમો હતી. મમતાજ વિષે એને જે પ્રેમ હતો એવો જ બીજી દશ બેગમ વિષે પણ હોઇ શકે છે. મમતાજનું આકર્ષણ, ધારો કે કંઇક વિશેષ હશે, પરંતુ એને એકનિષ્ઠ પ્રેમ કહેવાય જ નહી."

કમળાએ સૌને મૌન જોઇને આગળ ચલાવ્યું: "સમ્રાટ્ ભાવનાશીલ હતો, કવિ હતો; એ પોતાની શકિત, સંપતિ અને ધર્મને અંગે આવી એક વિરાટ સૌંદર્યની વસ્તુ મુકી ગયો. મમતાજ તેન એક આકસ્મિક નિમિત્ત માત્ર હતી. એ નિમિત્ત ન મળ્યુ હોત તો એ બીજા કોઇ નિમિત્ત આવી કોઇ રચના કરી જાત. ધર્મને નિમિત્ત બનાવ્યો હોત તો પણ કંઇ ખોટું ન્હોતું. જેની અંદર હજારો–લાખો માનવોનો સંહાર થાય છે એવા એક દિગ્વિજયના સ્મારકરૂપે પણ એ આવું કંઇક મુકી જાત. તાજમહાલ, એકનિષ્ઠ પ્રેમનું દાન છે એમ નહીં, બાદશાહના પોતાના આનંદ –જગતનું એક અક્ષયદાન છે, એજ માન્યતા મને તો ઠીક લાગે છે."

" નહીં, નહીં, બીલકુલ નહીં, કમલા ! આની અંદર સમ્રાટ્‌નો એકનિષ્ઠ પ્રેમ ન હોય તો પછી આ મહાન સ્મૃતિમંદિરનો કંઇ અર્થ જ નથી. એ ગમે તેવી સૌંદર્ય સૃષ્ટિ ખડી કરે પણ તે માનવ હૃદયની આંતરિક શ્રદ્ધા તો ન જ મેળવી શકે. લોકહૃદયમાં એ શ્રદ્ધાનું આસન લઇ જ ન શકે."

" તો તો એ મનુષ્યની મૂઢતા જ ગણાય, નિષ્ઠાનું મૂલ્ય નથી એમ હું નથી કહેતી. હું એમ કહેવા માગું છુ કે હજારો યુગો થયા નિષ્ટ ને લોકો જે મહત્વ આપતા આવ્યા છે તે એનું યથાર્થ મુલ્ય નથી. એકના પ્રત્યે જે અનુરાગ ઉપજ્યો તેમાં કોઇ દિવસ કોઇ પણ કારણે પરિવર્તન જ ન આવે એ અચળ–અટળ જડધર્મ છે અને તે જેમ સુખદ નથી તેમ સુંદર પણ નથી."

શ્રોતાઓને કમળાનાં આ વાકયો ન રૂચ્યાં. એક જણ બોલ્યો: "તમારે માટે એમ હશે. અમને તમારા વિચાર ગોઠતા નથી."

"ઘણા દિવસના જડમૂળ ઘાલી બેઠેલા સંસ્કારોને જ્યારે આઘાત લાગે છે ત્યારે તે અસહ્ય થઈ પડે છે. પણ તમે જે એમ કહ્યું કે મારા માટે એ બરાબર હશે તે વાતની સાથે હું સમ્મત છું મને એ સ્વાભાવિક લાગે છે. મારા દેહ અને મનમાં યૌવન ઉભરાય છે. જે દિવસે મને એમ લાગશે કે જરૂરત પડવા છતાં હું પરિવર્તન કરવાની શકિત ગુમાવી બેઠી છું તે દિવસે હું મારો અંત આવ્યો છે–હું મરી ગઇ છું એમ જ માનીશ.

**સ્મૃતિ પૂજા.**

"એક દિવસે તમે તમારી પત્નિને ચાહતા, આજે તે હૈયાત નથી. આજે તમે એને કંઇ આપી શકતા નથી. એને સુખી કરી શકતા નથી તેમ એને દુઃખ પણ દઇ શકતા નથી. કારણ કે એ પોતે જ નથી. પ્રેમનું પાત્ર માટીમાં મળી ગયું છે, માત્ર એને એક દિવસે તમે ચાહતા હતા એ ઘટના બાકી રહી ગઈ છે. માણસ નથી, એની સ્મૃતિ રહી છે. એ સ્મૃતિને જ પાળી પોષીને ઉછેરવી, વર્તમાન કરતાં ભૂતકાળને વધુ સ્થિર માની જીવન બીતાવવું એ કોઇ મહાન આદર્શ હોય એમ મને નથી લાગતું."

"પણ આપણા દેશની વિધવા પાસે તો એ સ્મૃતિ જ જીવનનું ભાતું બની રહે છે. સ્વામિના મૃત્યુ પછી એ સ્મૃતિ જ વિધવા જીવનની પવિત્રતાને અખંડિત રાખે છે. તમે એ વાત નથી સ્વીકારતા ?"

"નહીં." કમળાએ જવાબ આપ્યો; "મોટું નામ આપવાથી કોઇ વસ્તુ સાચેસાચ સંસારમાં મહાન બની જતી નથી. એના કરતાં તો તમારે એમ કહેવું જોઇતું હતું કે આ દેશમાં એ રીતે જ વૈધવ્યજીવન વીતાવી શકાય–એ જ અહિંનો વિધિ છે. હું તો એનો અર્થ એવો કરૂં છું કે મિથ્યાને સત્યનું ગૌરવ આપી લોકો એક પ્રકારની જંજાળ વધારે છે. હું એ બધામાં નથી માનતી."

**સંયમ : શબ્દમોહ–**

"વિધવાનું બ્રહ્મચર્ય તમે નથી માનતા ? બ્રહ્મચર્યની વાત જવા દો. મૃત્યુ પર્યંતના સંયમી જીવનમાં જે એક પવિત્રતાની મર્યાદા રહેલી છે તે પણ તમે નથી માનતા ?"

કમળા સ્હેજ હસી અને બોલી: "ભાઇ, એ શબ્દોનો મોહ છે. 'સંયમ' શબ્દ લાંબા સમયથી એટલો બધો સન્માન પામતો આવ્યો છે અને એને લીધે એટલો મોહક બન્યો છે કે એને કયારે. કયાં, શા માટે બેસારવો એ ભૂલી જવાયું છે. એ શબ્દો ઉચ્ચારો એટલે હજારો માણસોનાં માથાં એક સાથે નમી જાય. હું એ ટોળા પૈકીની નથી. કયારે એ શબ્દ બોદો બને છે તે કળી જઉં છું,

કાળના આરંભથી અમુક એક વાત ચાલી આવે છે માટે તે માનીજ લેવી જોઇએ એ હું પસંદ કરતી નથી. સ્વામિની સ્મતિના આધારે જીવન વીતાવવું એ સ્વતઃ સિદ્ધ પવિત્રના મનાતી હોય તો પણ હું તો પ્રમાણ સાથે એનું પૃથકકરણ કર્યાં વિના ન રહું."

**વૃદ્ધતા : દેહની ને મનની**

"મારી સ્ત્રી–ગુજરી ગઇ, તે પછી એના સ્થાને બીજી કોઇ સ્ત્રીને બેસારવાની મને તો કલ્પના સરખી પણ નથી આવતી, એમાં પવિત્રતા કે અપવિત્રતાનો કોઇ પ્રશ્ન નથી ઉઠતો. મારા માટે એ બાત સ્વાભાવિક બની ગઇ છે, એનું શું કારણ ?"

"કારણ કે હવે આપ વૃદ્ધ થયા છો."

"આજે વૃદ્ધ થયો હોઇશ. પણ તે દિવસે કાંઈ હું વૃદ્ધ નહોતો. એ વખતે પણ મને એ વાત ન્હોતી રૂચતી."

"તે દિવસે પણ આપ વૃદ્ધ હતા. દેહે નહીં તો મને. કેટલાક માણસો જ એવા હોય છે કે જે વૃદ્ધ મન લઈને જગતમાં જન્મે છે. બુઢા મનની આજ્ઞા આગળ દુર્બળ–વિકૃત યૌવનવાળાનાં માથાં ઝુકેલાં જ રહે છે. જ્યાં જરી જેટલી ગડમથલ નથી, જ્યાં નામ માત્રની પણ ધમાલ નથી ત્યાં એ લોકોને પરમ શાંતિ વિલસતી દેખાય છે. પછી તો એને જુદી જૂદી જાતનાં સુંદર વિશેષણોથી શણગારવામાં આવે છે. પણ એ કંઇ જીવનનાં જયવાદ્ય નથી".

**વૃધ્ધત્વની વ્યાખ્યા**

"તમે વૃધ્ધ મન કોને કહો છો ? જોઉં તો ખરો કે એની સાથે મારા મનનો કોઇ મેળ મળે છે કે નહીં ?"

"જે મન પોતાની સામેની દિશામાં જોઇ શકતું નથી. થાક કે કંટાળાને લીધે ભવિષ્યની સમસ્ત આશાઓને તિલાંજલી આપી માત્ર ભૂતકાળની અંદર જ પડી રહેવા માંગે છે, જગત સાથેની બધી લેણદેણ પૂરી થઇ ગઇ હોય એમ માને છે, તેને હું વૃધ્ધ મન કહું છું. એની પાસે વર્તમાન શૂન્ય અને અનઆવશ્યક બને છે, ભવિષ્ય અર્થહીન રહે છે, ભૂતકાળને જ એ સર્વસ્વ સમજે છે. ભૂતકાળના આનંદ. ભૂતકાળની વેદના એ એની મુખ્ય મુડી બને છે. એ મુડીમાંથીથોડો થોડો ખરચ કરી, જીવનના બાકીના દિવસો પૂરા કરે છે. હવે, આપ એ મનની સાથે સરખામણી કરી જુઓ, જોઇએ !"

* * *

એક યુવાન–અજિતકુમાર આ સાંખી શકયો નહીં. ગુસ્સામાં એ કંઇક બોલવા જતો હતો, પણ "મીસીસ..." એટલા શબ્દો પૂરા ન નીકળ્યા એટલામાં જ કમલા બોલી:

"મને કોઈ વિશેષણની જરૂર નથી. માત્ર કમળા કહો તો બસ છે."

**નામનો શણગાર.–**

"મા–બાપ નામ પાડે છે તે ઓળખાવવા કે બોલાવવાની જ ખાતર. મને કોઈ કમળા કહીને બોલાવે તો એમાં કંઇ જ ખોટું નથી.......પણ હા, કેટલાકોને એવી આદત પડી ગઈ હોય છે કે એમને પોતાનું કોરૂં નામ સાંભળવું નથી ગમતું. નામના શબ્દોને સરસ રીતે શણગારે ત્યારે જ એમને આનંદ થાય. રાજાઓ પોતાના નામની આગળ–પાછળ કેટલા નિરર્થક શબ્દો જોડે છે ? કેટલાકોને શ્રી વગર નામમાં મીઠાશ જ નથી લાગતી.

એ પછી વિવાહવિધિને અંગે વાર્તાલાપ આગળ ચાલ્યો. કમળાએ શિવનાથની જોડે શૈવ વિધિથી લગ્ન કર્યું હતુ એમ કહ્યું.

**વિધિના બંધન.–**

"પણ આ શૈવ વિવાહવિધિ આજે આપણા સમાજમાં પ્રચલિત નથી. આવતીકાલે તમારા સ્વામી વિવાહનો અસ્વીકાર કરે તો તમે એશૈવવિધિને શી રીતે કાયદેસર પુરવાર કરી શકો?"

"એ ખુલ્લો અસ્વીકાર કરે અને હું એમની પાસે પરાણે સ્વીકાર કરાવવા, બીજાની આગળ ન્યાય માગવા જાઉં એના કરતાં તો ગળાફાંસો શું ખોટો ?"

"આત્મહત્યા જેવું બીજું મહાપાપ કયું છે ?"

"પાપ ભલે રહ્યું. પરન્તુ હું આત્મહત્યા કરીશ એવી કલ્પના કદાચ મારા વિધાતા પુરૂષે પણ નહીં કરી હોય."

"તમારા જેવી નારીને એ જ ઉદ્દગાર શોભે છે." આશુબાબુએ કમળાને આશ્વાસન આપ્યું."

પોતાના સ્વામી તરફ જોઇને કમળા કહેવા લાગી:

"એ પોતે મને તરછોડી કાઢે અને હું એમના પગ આંસુઓથી ધોયા કરૂં–સત્ય તળીયે ડુબી જાય અને જે અનુષ્ઠાનને હું નથી માનતી તે અનુષ્ઠાનના દોરડાથી એમને બાંધી રાખું એ મારાથી બની શકે ?"

* * *

"સત્ય મહાન છે, પણ અનુષ્ઠાન–વિધિ સાવ ખોટા નથી." એના જવાબમાં કમળા બોલી:

"ખોટા છે એમ હું કયાં કહું છું ? પ્રાણ સત્ય છે તેમ દેહ પણ સત્ય છે. પરંતુ પ્રાણ ચાલ્યા જાય પછી ?"

—શ્રી સુશીલ.

# શ્રી જૈન યુવક મહામંડળ

## વર્કીંગ કમીટિની બેઠકનો હેવાલ.

મુંબઇ તા: ૧૮–૧૨–૩૬ શુક્રવારના રોજ મહામંડળની વર્કીંગ કમીટિની એક મીટિંગ સાંજના.૬॥ વાગે (સ્ટા. ટા) મુંબઇ જૈન યુવક સંઘની ઓફિસમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહના પ્રમુખ પદે મળી હતી. જેમાં નીચે મુજબ કામ કરવામાં આવ્યું.

(૧) મહામંડળનુ કાર્ય જૈન યુવક પરિષદે ઉપાડી લીધેલ હોવાથી મહામંડળને વિસર્જન કરવા માટે મહામંડળ સાથે જોડાયલી સંસ્થાઓના લેખીત અભિપ્રાયો મંગાવેલા, ઘણા અભિપ્રાયો મહામંડળને વિસર્જન કરવા માટે આવેલા હોઇ કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે મહામંડળને વિસર્જન કરવા ઠરાવ્યું.

(૨) શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ. નાશિક. બાળલગ્નને અંગે શારદા એકટના ભંગ માટે એક કેસ કરેલો તેમાં થયેલ ખર્ચ માટે રૂ. ૨૫) ની માગણી કરવાથી લોન તરીકે આપેલા રૂપીયામાંથી રૂ. ૨૫] બાકી રહ્યા હતા તે માંડી વાળવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૩) જોડાએલી સંસ્થાઓના મહામંડળની બેલેન્સ પરિષદને આપવા માટેના અભિપ્રાયો આવવાથી મહામંડળની પાસે બેલેન્સ રૂા. ૩૫૨–૧૦–૦ છે તે શ્રી જૈન યુવક પરિષદને તેના કાર્યને આગળ ધપાવવા માટે સોંપી દેવાનું ઠરાવ્યું.

(૪) સેક્રેટરીઓ તરીકે ભાઇ જમનાદાસ અમરચંદ ગાંધી અને ભાઇ મણીલાલ. એમ. શાહે કરેલા કામ માટે આભાર માનવાનો ઠરાવ કર્યો.

બાદ પ્રમુખસાહેબે મીટિંગ બરખાસ્ત કરી.

# આટલું તો જાણજો.

—છેલ્લી જગદ્વ્યાપી મંદીના શરૂઆતના પાંચ વર્ષ દરમીયાન જગત્‌ને ૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ડૉલરનું નુકશાન ગયું છે. મંદી દરમ્યાન કેટલાયે કારખાના બંધ થયા અને લાખો માણસો બેકાર બન્યા. આવી રીતે નકામી થઇ પડેલી શક્તિ અને કામના દિવસો ઉપરથી આ નુકશાનના આંકડાની ગણત્રી કરવામાં આવી છે. એટલી રકમમાંથી સહકારી ઉત્પાદક બળોની સ્થાપના થઇ શકે. જગતના બેકારોને રોજી આપી શકાય. સમાજની યોગ્ય જરૂરીયાતો સંતોષી શકે. ત્હેવો અને તેટલો માલ ઉત્પન્ન કરનારાં સહકારી કારખાનાઓ અને ઉદ્યોગોનો આટલી રકમમાંથી સુંદર રીતે નિભાવ થઇ શકે. અને સમાજનું આર્થિક ધોરણ ઉંચું લઈ જઇ શકાય.

**—આર્થિક સામ્રાજ્યવાદ જ યુદ્ધનું મૂળ કારણ છે.**

—ગત મહાયુદ્ધમાં ત્રણ કરોડ માણસોએ જાન ખોયા. અને તે ઉપરાંત ૪૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ડૉલરનો ધુમાડો થયો. જગતે આર્થિક મંદીથી જે નુકશાન સહન કર્યું તે તો યુદ્ધના નુકશાનનો ચોથો ભાગ જ છે. આટલી રકમથી શું થઈ શકે ? ત્હેનો હિસાબ મુકતા જણાય છે કે આ રકમમાંથી ૨૫૦૦ ડૉલરની કિંમતનું એક ઘર, એક હજાર ડૉલરની કિંમતનું ફરનીચર અને પાંચ એકર જમીન, અમેરિકાના સંયુક્ત રાજ્યો, કેનેડા, ઓસ્ટ્રેલિઆ, બ્રિટીશ ટાપુઓ, બેલ્જીઅમ, જર્મની અને રશીયામાં વસ્તા દરેક કુટુંબને આપી શકાય. છતાંય ત્હેમાંના નાણા વધશે એ દેશોમાં વીશ હજારથી વધુ વસ્તીવાળા દરેક શહેરોને ૫૦૦૦૦૦૦ ડૉલરની કિંમતની લાયબ્રેરીની અને ૧૦૦૦૦૦૦૦ ડૉલરની કિંમતની યુનિવર્સિટી ભેટ ધરી શકાય. હજુપણ એ રકમમાંથી વધારો બાકી રહેશે તે વડે યુદ્ધપહેલાંની ફ્રાંન્સ અને બેલ્જીઅમની બધી મિલ્કત ખરીદી શકાય. એમ કોલંબીયા યુનિવર્સિટિના પ્રમુખ નિકોલસ મુરે બટલર જણાવે છે.

—ચીન, રશીયા. જર્મન, ઓસ્ટ્રીયા, સ્પેન અને એબીસીનીયા વગેરેના શહેનશાહોએ ગાદી ગુમાવ્યા પછી નીચેના રાજાઓ હજુ પણ જુદા જુદા રાજ્યોની સત્તા ધરાવે છે.

ગ્રેટબ્રિટનમાં છઠ્ઠા જ્યોર્જ, ઇટાલીમાં વીકટર ઇમેન્યુઅલ બીજો, સ્વીડનમાં ગુસ્ટાફ પાંચમો, નોર્વેમાં હાઈકોન સાતમો, ડેન્માર્કમાં ક્રિશ્ચીયન દશમો. બેલ્જીયમમાં લીયો પોલ્ડ ત્રીજો, રૂમાનીઆમાં કેરોલ બીજો, યુગોસ્લાવીયામાં પીટર બીજો (એલેકઝાંડરના ખૂન પછી ગાદીએ આવેલો તેનો અગીયાર વર્ષનો બાળ રાજા) આલ્બેનીયામાં ઝોગ, જાપાનમાં હીરોટો. ઇજીપ્તમાં ફુઆદ બીજો, અફઘાનીસ્તાનમાં મહમદ ઝહીરખાન. ઇરાનમા મીરઝા રેઝાખાન પહેલવી, મંચુકુઓમાં રાજા તેહ, અને સીયામના બાળરાજા આનંદ મહીદળ, હિન્દના સંખ્યાબંધ તાજધારીઓનો આ નામાવળીમાં ઉમેરો કરી શકાય તેમ નથી, કારણ કે સાર્વભૌમત્વ અને સર્વોપરિપણા માટે મથતા એ રાજાઓ સ્વતંત્ર ગાદીપતિઓ નથી. પરંતુ બ્રિટિશ હકુમત તળે નિયંત્રિત અધિકારો સાથે રાજ્ય સંભાળે છે.

—ઝારની આપખૂદી અને ત્હેના અત્યાચારોના વિરોધ તરીકે દુનિયામાં સૌથી મોટી હડતાળ સન્ ૧૯૦૫ માં રશીયામાં પડી હતી. અને નિકોલસ બીજા પાસેથી આપખૂદ સત્તા છીનવી લઇને બંધારણીય સરકારની સ્થાપના કરી હતી. ફક્ત ચાર દહાડામાં જ આહડતાળ સફળ થઇ હતી.

—માજીસમ્રાટ્ આઠમા એડવર્ડ ડ્યુક ઓફ વીન્ડસર બનીને વીએના તરફ ઉપડી ગયા છે.

—અમેરિકન સરકારે યુદ્ધમાં ઉતરવાની વાતને ફગાવી દેવી જોઇએ એ જાતની માંગણી અમેરિકા ખંડના દશ લાખ માણસોએ પેન અમેરિકન સુલેહ પરિષદ સમક્ષ રજુ કરી છે.

—દેશભક્ત બેરીસ્ટર વિનાયક સાવરકરને રત્નાગીરી જિલ્લામાં રહેવાનો હુકમ કેટલાય વર્ષોથી થયેલો છે. એ હુકમની મુદત આ માશમાં પૂરી થતી હોવાથી ત્હેમને રત્નાગીરી જિલ્લામાં રહેવાના ફરમાનની મુદત બે વર્ષ વધારી છે.

જર્મન રીશ અને જર્મન પ્રજા પ્રત્યેની વફાદારીના અભાવથી જર્મનની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા બદલ ૯૩ જર્મનો જેમાં પ્રતિષ્ઠિત સાહિત્યકારો પણ છે. ત્હેમને સ્વદેશ ખાતાના એકવટ હુકમદ્વારા જર્મન શહેરીપણાના હકકમાંથી બાતલ કરવામાં આવ્યા છે. આ માણસોના નાણાં, મકાન, મીલ્કત વગેરે જપ્ત થયાં છે.

—નામદાર શહેનશાહ અને રાણી ઇલિઝાબેથ સન. ૧૯૩૮ ના જાન્યુઆરી માસમાં તાજપોષી માટે હિંદમાં પધારશે. અને બે મહીના ગાળવાનો ઇરાદો રાખે છે.

—જાપાન અને જર્મનીએ જો યુદ્ધ જાગે તો મંચુકુઓમાં જંગી પાયા પર પ્રવાહી કોલસો, પેટ્રોલ અને સ્ફોટક પદાર્થો બનાવવાની એક સંયુક્ત યોજના અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે.

—મુંબઈ સાથેનો કચ્છનો વિમાની વ્યવહાર શરૂ કરવાની કચ્છ રાજ્યની એક વિશાળ યોજનાની પ્રાથમિક તૈયારીઓ સંપૂર્ણ થઇ છે. તેના પેહલા પગલા તરીકે ટુંક સમયમાં મુંબઇથી પહેલું વિમાન ભૂજ ખાતે આવી જશે. ગોઠવણો મુજબ દર મંગળવારે સ્હવારના ભૂજનું વિમાન મુંબઇથી રવાના થશે અને લગભગ ચાર કલાકમાં જ બધો પ્રવાસ પૂરો કરશે. અને દર શુક્રવારે બપોરે ભૂજથી રવાના થઇ તે જ દિવસની સાંજે મુંબઇ પહોંચી જશે.

—મુંબઈની યુનિવર્સિટિએ આ વર્ષની મેટ્રીકની પરિક્ષાનું પરિણામ બહાર પાડ્યું છે ત્હેમાં ૨૧ ટકા વિદ્યાર્થીઓ સફળ થયા છે જ્યારે ગયે વર્ષે ૨૮ ટકા પરિણામ બહાર પડ્યું હતું.

—દિલ્લીમાં ૫૦૦ હરિજનોએ તા. ૧૭ મીના રોજ શીખધર્મનો સ્વીકાર કર્યો છે.

સ્પેનના આંતરવિગ્રહમાં બળવાખોરો હજુ સફળ થયા નથી સ્પેનનું સરકારી લશ્કર પાટનગરનું અદ્ભૂત રીતે રક્ષણ કરી રહેલ છે. અને તેથી બળવાખોરોને પીછે હઠ કરવાની ફરજ પડી છે.

—લીટારીયા ખાતે સિનોર મુસોલીનીયે આપેલ ભાષણમાં કાયમી સુલેહ શાંતિઃની કલ્પિતવાતમાં પોતાનો અવિશ્વાસ જાહેર કર્યો હતો.

જર્મનીમાં આર્થિક સ્થિરતા જાળવવા પ્રધાનમંડળે એવું ફરમાન કર્યું છે કે જે લોકો પરદેશમાં મીલ્કત રાખે અગર મોકલી આપે તેને દેહાંતદંડની સજા થશે.

# જૈન સંસ્કૃતિ.

લેખકઃ—
**ચીમનલાલ દ, શાહ**

સંસ્કૃતિ એ સંસ્કૃત શબ્દ છે અને તેનો શાબ્દિક અર્થ સંસ્કાર પામેલ યા સુધરેલ ક્રિયા યા કાર્ય થાય છે. તે તેનાં આ અર્થમાં ભાગ્યે જ વપરાય છે, પરંતુ તેના વધારે વ્યાપક અને રૂઢ અર્થમાં તે પ્રચલિત છે. તેના વ્યાપક અને રૂઢ અર્થમાં સંસ્કૃતિથી ઇતિહાસ સાહિત્ય, તત્ત્વજ્ઞાન, આચાર, વિચાર, શિલ્પ આદિનો વિકાસ સમજાવવામાં આવે છે.

દરેક પ્રજા, જાતિ, કોમ યા સંપ્રદાયની જુદી જુદી ખાસિયતો હોય છે અને તે ખાસિયતો તે તે પ્રજા જાતિ, કોમ યા સંપ્રદાયની ટેવો, જરૂરિયાતો, રૂઢિઓ આદિ નિર્માણ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. આ ટેવો, જરૂરિયાતો અને રૂઢિઓ તેના ઇતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, આચાર વિચાર અને શિલ્પ ઘડવામાં મદદ રૂપ છે. દરેકની જુદી જુદી ખાસિયતો હોવાનું કારણ સ્વભાવ અને આસપાસનું વાતાવરણ એ છે. આ ઉપરથી દરેક પ્રજા યા કોમની, જાતિ યા સંપ્રદાયની સંસ્કૃતિનું મૂળ શું છે તે કલ્પી શકાય.

આગળ કોઇ પણ લખતાં પહેલાં એટલી સ્પષ્ટતા કરવાની આવશ્યકતા છે કે આ લેખમાં દર્શાવાતા વિચારો કોઇ પણ વ્યક્તિ યા સંસ્થા પર આક્ષેપ કરવાના ઇરાદાથી લખ્યા નથી; પરંતુ આજના સમાજના મોટા ભાગનું જે ચિત્ર આપણી સમક્ષ તરવરે છે અને દેખાય છે તેનું તાદૃશ્ય નગ્ન ચિત્ર માત્ર છે. સમાજના વિચારશીલ માણસો યા તેના ગણાતા નાયકો સમાજની મૂળભૂત ન્યુનતાઓ, ભૂલો યા દોષો જૂએ, વિચારે અને તેવી ભૂલો આદિ ફરી ન થાય તે માટે વૃત્તિ કેળવે તે દૃષ્ટિએ આ વસ્તુ સમાજ સમક્ષ મૂકવામાં આવી છે.

વિશ્વમાં પ્રવાહની દૃષ્ટિએ જૈન સંસ્કૃતિ અનાદિ અનંત છે; પરંતુ ભરતક્ષેત્રની અપેક્ષાએ તે સાદિ સાંત છે. આ આપણી માન્યતા છે. ભ૦ ઋષભદેવ યા આદિનાથ એ આ સંસ્કૃતિના આદ્યદાતા પુરૂષ છે અને અમુક સમયે જૈન સંસ્કૃતિનો લોપ થશે એ શાસ્ત્ર વચનો ભરતક્ષેત્ર પૂરતા છે.

ભ૦ આદિનાથે તે કાળ અને તે સમયની પ્રજાને અનુકૂળ સમય પ્રાપ્ત થયે કુંભકાર આદિ પાંચ શિલ્પો, અસિ (તરવાર), મસિ (ખડિયો અને કલમ) અને કૃષિ (ખેતી) આદિ વ્યવહાર, રાજનીતિ, લગ્ન આદિ સંસ્કાર, સ્ત્રી પુરુષની કળાઓ, ગણિત આદિ વ્યવહારુ શાસ્ત્રો આપ્યાં, ભરતક્ષેત્રની અપેક્ષાએ સંસ્કૃતિનું આ બીજ; આ બીજને ફાલવા ફુલવા માટે તેમણે પૂરતો સમય આપી સમાજને કેળવ્યો અને અનુકૂળ સામગ્રીઓ નિપજાવી. કાળક્રમે સંસ્કૃતિને વ્યાપક રૂપે પ્રજા સન્મુખ મૂકવા તેમણે ત્યાગ માર્ગ સ્વીકાર્યો. ભ૦ આદિનાથ ત્યાગમાર્ગ સ્વીકારે છે ત્યારથી કોઇની પણ મદદ વિના નિરપેક્ષ જીવન જીવી બતાવે છે; એટલું જ નહિ પરંતુ પોતાનો ઘણો ખરો સમય ચિંતન, મનન અને નિદિધ્યાસનમાં વ્યતીત કરે છે. આના પરિપકવ ફળ તરીકે તેમના આત્માનો સંપૂર્ણ વિકાસ થાય છે. આપણી પારિભાષિક ભાષામાં કહીએ તો તેમને કેવળ-જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ વિકાસ પોતે શા માટે અને શી રીતે સાધ્યો તે સત્ય તે કાળ અને તે સમયની પ્રજા સન્મુખ મૂકવા તે પ્રચારક બને છે. આમ પોતે જે સંસ્કૃતિ પહેલાં રજૂ કરી હતી તે અપૂર્ણ હતી તે જણાતાં પોતે તે સંસ્કૃતિ પૂર્ણ કરવા અને જાણવા માટે પુરુષાર્થ કરે છે અને તે જાણ્યા અને મેળવ્યા પછી તેના પ્રચારક બને છે. પ્રચારક બની તેઓ આપણને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો, વિશ્વબંધુત્વની ભાવના, સમભાવ, આત્મબળ પર અખૂટ શ્રદ્ધા આદિ માત્ર ઉપદેશ રૂપે નહિ, પરંતુ તે ઉપદેશ વચનો જીવનમાં જીવી બતાવી સંસ્કૃતિનાં ઊંડા મૂળ તેઓ રોપે છે. જૈન સંસ્કૃતિનું હાર્દ આ છે.

આજે આપણે જૈન સંસ્કૃતિ એ શબ્દથી અજાણ રહ્યા છીએ, કારણ કે આપણે સંસ્કૃતિને ધર્મ, કોમ, સંપ્રદાય એ સાંકડા અર્થમાં ઘસડી ગયા છીએ. આજે આપણે સંપ્રદાય, કોમ, ધર્મની વૃદ્ધિની ઇચ્છા કરીએ છીએ, પરંતુ તેમાં કોઇ સમાજ ઉપર ઉપકાર કરવાની ભાવના નથી. જૈન સંસ્કૃતિનો વિકાસ તો જ થાય કે જો તેના પ્રચારકો એ સમભાવ અને વિશ્વબંધુત્વની ભાવના જીવનમાં ઉતારી શકે. અન્ય તીર્થંકરો પણ ભ૦ આદિનાથનો માર્ગ અનુસર્યાનો પરંપરાગત શ્રુતનો પૂરાવો છે. ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરના આદર્શ જીવનને લગતા કેટલાક ઐતિહાસિક પૂરાવા સાંપડી શકે છે કે જે પૂર્વ અને પશ્ચિમ એ બેય દેશોના વિદ્વાનોને સ્વીકાર્ય છે.

ભ૦ મહાવીર પછી ટૂંક જ સમયમાં આપણો હ્રાસ શરૂ થાય છે. જૈન સમાજ હ્રાસ યા વિકાર શબ્દથી ભડકે છે. જે ઇતિહાસ પરંપરાગત છે અને હરહંમેશ સાંભળીએ છીએ તેમાંથી નીતરતું જે પરિણામ એ એક શબ્દમાં આપવું હોય તો તે એક જ શબ્દ આ વાપરી શકાય તેમ છે. આપણી કોમ પોતાનો ઇતિહાસ સાંભળે છે અને ભૂલી જાય છે અથવા તો તેને લગતો વિચાર કરવાને પ્રયત્નશીલ નથી.

ભ૦ મહાવીર પછી માત્ર ૬૪ વર્ષે કેવળજ્ઞાન વિચ્છેદ ગયાનો, તે પછી લગભગ ૩૦૦ વર્ષે ચૌદપૂર્વમાંના છેલ્લાં ચારપૂર્વો વિચ્છેદ ગયાનો અને ત્યારપછી લગભગ ૬૦૦ વર્ષે પહેલા એક સિવાયના બાકીના બધા પૂર્વો વિચ્છેદ ગયાનો આપણો ઐતિહાસિક એકરાર છે. ઉપરોક્ત સમય દરમ્યાન જ્ઞાન સંગ્રહિત કરવાના પ્રયત્નો શ્રમણસંઘની પરિષદ દ્વારા કરાયા પણ છે; તેમાં પણ શ્રીમદ્દ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના અધ્યક્ષસ્થાન નીચે મળેલ વલ્લભીની શ્રમણસંઘ પરિષદ ઉલ્લેખનીય છે. તે પરિષદમાં પરંપરાગત ચાલી આવતા શ્રુતને વિષયવાર સૂત્રરૂપે લિપિબદ્ધ કરી વ્યવસ્થિત રૂપે લખાણના રૂપમાં મૂકયું. તે સમય દરમિયાનના ચમકતા ગ્રહો સમાન આ૦ સિદ્ધસેન, આ૦ હરિભદ્ર, આ૦ અભયદેવ મુખ્ય છે, ત્યારપછીના કાળમાં આ૦ હેમચંદ્ર, આ૦ હીરવિજય, ઉ૦ યશોવિજય અને વિનયવિજય તેમજ છેવટના કાળમાં શ્રીમદ્ આત્મારામજી આદિ આપણી સંસ્કૃતિના ઝગહળતા તારલાઓ છે તે નિર્વિવાદ છે.

ઉપરોક્ત આપણી સંસ્કૃતિના સંક્ષિપ્ત ઇતિહાસને જરા સૂક્ષ્મ રીતે અવલોકીએ. આજસુધી આપણે તેના હાર્દને જરાપણ સ્પર્શ્યા નથી; પરિણામે આપણે એ વિચાર નથી કર્યો કે આપણે આપણી સંસ્કૃતિના પ્રાણને સાચવ્યો છે કે માત્ર તેના જડ દેહને. —ચાલુ.

# ગ્રામ્યજનતાના સંપર્કમાં—

## મહાસભાની અસાધારણ ફતેહ.

લગભગ બે લાખ માનવમેદિનીથી ગાજી રહેલી ફૈઝપુર મહાસભાની ૫૦ મી બેઠકે આમ જનતાનામાં અપૂર્વ ચમત્કાર કરી બતાવ્યો છે. પં. જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં અને મહાત્માજીની છાયામાં એ મહાસભાને કોઈ અનેરૂં જોમ મળ્યું હતું તા. ૨૭ મી ડિસેંબરના દિને સાંજના સાડાચારવાગ્યે મહાસભાની બેઠક શરૂ થઇ હતી. શરૂઆતમાં 'વન્દે માતરમ્' ગવાયા બાદ શુભેચ્છાના સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા. ત્યાર બાદ સ્વાગતાધ્યક્ષ શ્રી શંકરરાવ દેવે પોતાનું સ્વાગત ભાષણ કરતાં ચલીશ મીનિટ લીધી હતી. અને પં. જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં વિશ્વાસ જાહેર કર્યો હતો. રાષ્ટ્રપતિએ પોતાનું ભાષણ હિન્દીમાં કર્યું હતું અને પોણા બે કલાકનો સમય લીધો હતો. ત્હેમના ભાષણમાં દુનિયાની પરિસ્થિતિ, શાહીવાદ અને ફેસીઝમ સ્પેનની પરિસ્થિતિ, આગામી ફેડરેશન વગેરે બાબતો તરફ દષ્ટિ ખેંચી ભારતવર્ષ માટે માર્ગ સૂચન કર્યું હતું. મહાત્માજીએ પણ ભાષણ કર્યું હતું અને જણાવ્યું કે આપણા દેશમાં આપણી સરકાર જ જોઇએ. આપણે આપણી રાજકીય સ્થિતિ સુધારવાની સાથે આર્થિક સ્થિતિ પણ સુધારવી જોઈએ. મહાસભા ગામડામાં મળે એ ઇચ્છનીય છે. હિંદુ-મુસ્લીમ એકતા સંબંધી બોલતાં ત્હેમણે જણાવ્યું કે મેં હિંદુ-મુસ્લીમ એકતાનો કાર્યક્રમ આપ્યો પણ તે સંપૂર્ણ પળાયો છે ? મ્હે તમોને અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમ આપ્યો પણ તેનો ત્હમે અમલ કર્યો છે ? અલબત્ત, ત્રાવણકોરના યુવાન નરેશે હરિજનો પરનો પ્રતિબંધ ખેંચ્યો છે પણ દેશભરના સંવર્ણોનું શું ? મ્હેં વિદ્યાર્થીઓને શાળાઓ અને કોલેજો છોડવાનો, વકીલોને કોર્ટો છોડવાનો અને કાઉન્સિલરોને ધારાસભા છોડવાનો આગ્રહ કર્યો હતો તમે ત્હેનો અમલ કર્યો છે ? છતાં પણ મ્હેં એક વ્યવહારૂ માણસ તરીકે ધારાસભા પ્રવેશના કાર્યક્રમને આશિષ આપી છે. મહાત્માજીના ભાષણ પછી બીન ચર્ચાસ્પદ પાંચ ઠરાવો કે જે જગતશાંતિ પરિષદ્, બર્મા, સ્પેન, બાકાતપ્રદેશો અને કુદરતી આફતોને લાગતા હતા. તે સર્વાનુમતે પસાર થયા હતા. મહાસભા રાત્રે નવવાગે મુલ્તવી રહી હતી. અને આવતી કાલે સાંજે ચાર કલાકે ફરી મળશે. અત્રે ભરાયેલ સ્વદેશી પ્રદર્શનમાં મહાત્માજીએ બોલતાં જણાવ્યું હતું કે અહિં જે સભા રાખી છે ત્હેમાં હેતુ એ છે કે ત્હમે આ પ્રદર્શનને ખટાવો. અને ત્હમારી દ્રષ્ટિમાં ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગોના ઉત્પાદનના મૂલ્ય વધે. ગામડામાં આપણે મહાસભા ભરવાનું બળ કેળવ્યું છે અને આશા છે કે આવતા વર્ષમાં આપણું બળ વધી જશે. ધાર્યા કરતાં આ ગ્રામ્ય મહાસભામાં લોકોનો ધસારો એટલો બધો વધી ગયો છે કે સ્વાગતસમિતિ લોકોને પાછા ફરવાનું વિનવી રહી છે. પણ ઇશ્વરકૃપાથી એ ત્રણ દિવસમાં બધી પૂરતી વ્યવસ્થા થઇ જશે. ત્યારપછી છેલ્લા વીશ વર્ષમાં ખાદી હિલચાલે દેશમાં જે સ્થાન જમાવ્યું છે ત્હેનું વર્ણન કરી ગ્રામ્ય ઉદ્યોગોને ઉત્તેજન આપી ગામડાંઓ પ્રત્યેનું પોતાની ફરજોનું લોકોને ભાન કરાવ્યું હતું-તિલકનગરમાં સરહદના ગાંધી ખાનસાહેબ અબ્દુલગફારખાનને તા. ૨૯ મી નવેમ્બર ૧૯૩૭ સુધી સરહદના વાયવ્ય પ્રાંતમાં દાખલ થવાની અથવા રહેવાની મનાઈ કરનારો હુકમ સરહદ પ્રાંતની સરકાર તરફથી પહોંચાડવામાં આવતાં ભારે સનસનાટી ફેલાઈ ગઈ હતી.

**વડોદરા:**—વડોદરા જૈન યુવક સંઘના આમંત્રણને માન આપી બીજી જૈન શ્વે, મૂ. યુવક પરિષદના પ્રમુખ શ્રી પરમાનંદ કાપડીઆ તા. ૨૦-૧૨-૩૬ના રોજ વડોદરા પધાર્યા હતા. તેઓશ્રીનું ત્યાંના યુવક સંઘે અને સંભાવિત ગૃહસ્થોએ ભાવભીનું સન્માન કર્યું હતું. બપોરના બારથી ત્રણ વાગ્યા સુધી યુવક સંઘની ઓફિસમાં સંઘના સભ્યો અને અન્ય ગૃહસ્થો સાથે વાર્તાલાપ રખાયો હતો. તેમાં ખાસ કરીને અમદાવાદ ખાતેના શ્રીયુત કાપડીઆના ભાષણ સંબંધી ચર્ચા થઈ હતી. શ્રી કાપડીયાએ તેના સંતોષકારક ખુલાસાઓ કર્યા હતા. સાંજના પાંચ વાગ્યે એક પ્રિતિભોજનનો મેળાવડો યોજાયો હતો. તેમાં સંઘના સભ્યો ઉપરાંત આમંત્રીત ગૃહસ્થોએ હાજરી આપી હતી. સાંજના સાડા સાતવાગ્યે 'સમાજની ચાલુ પરિસ્થિતિ' એ વિષય ઉપર ડો. પ્રાણલાલ નાણાવટીના પ્રમુખપદે શ્રી કાપડિયાએ ભાષણ આપ્યું હતું. સભા હોલ સ્ત્રી પુરૂષોથી ચીકાર ભરાઇ ગયો હતો. કાપડીયાનું ભાષણ બહુજ મનન કરવા યોગ્ય હતું અને મોડી રાત્રે સભા વિર્સજન થઇ હતી. અત્રે સ્થળસંકોચને લઇને શ્રી કાપડીયાનું ભાષણ લઇ શકાયું નથી. આવતા અંકે ત્હે જરૂર આવશે.

**વૃધ્ધ લગ્ન અટકાવો:**—પાલણપુર ખાતે થતું વૃધ્ધ લગ્ન અટકાવવા માટે પ્રયત્ન કરવા અહિંથી યુવક સંઘના સભ્યો શ્રી તારાચંદ કોઠારી, શ્રી રતિલાલ કોઠારી અને શ્રી ડાહ્યાલાલ મહેતા તા. ૨૫-૧૨-૩૬ શુક્રવારની રાત્રે મેલદ્વારા પાલણપુર વિદાય થયા છે. વૃધ્ધ લગ્નની ચિતામાં હોમાતી બાળાને બચાવવા ફતેહમંદ બનો.

**સોલાપુર:**—જૈન સમાજમાં જાણીતા દાનવીર શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઈ. નું બાવલું ખુલ્લું મુકવાનો મેળાવડો શ્રી જીવદયા મંડળીના પ્રમુખ શેઠ લલ્લુભાઇ દીપચંદના પ્રમુખપણા નીચે થયો હતો. અને શેઠ લલ્લુભાઇએ શેઠ વીરચંદ દીપચંદનું બાવલુ ખુલ્લુ મુકવાની ક્રિયા કરી હતી,

**અવધાનના પ્રયોગ:**—શ્રી ઘાટકોપર જૈન યુવક સંઘ તરફથી તા. ૧૬-૧૨-૧૯૩૬ બુધવારના રોજ "જૈન જ્યોતિ"ના અધિપતિ શ્રી ધીરજલાલ ટોકરશી શાહના અવધાનના પ્રયોગનો મેળાવડો મુંબઇના મેયર શ્રી જમનાદાસ મહેતાના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

પુસ્તકાલયોની આવશ્યકતા.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક બારમો
શુક્રવાર તા. ૧૫-૧-૩૭.

## પ્રગતિ વાંછતા જુવાન ભાઈઓને સૂચના.

### ધારાસભામાં મહાસભાના પ્રતિનિધિને જ મોકલો.

આવતી ચુંટણીમાં રાષ્ટ્રિય મહાસભાએ પોતાના પ્રતિનિધિઓને ધારાસભામાં મોકલવાનો નિશ્ચય કર્યો છે અને પ્રજાનું માનસ બતાવવાને ખાતર પ્રાંતે પ્રાંતમાં ઉમેદવારો જાહેર કર્યા છે. આપણા દેશનાં રાજકીય ક્ષેત્રમાં કોઇપણ સંસ્થા કામ કરતી હોય તો તે એક માત્ર રાષ્ટ્રીય મહાસભા જ છે. મહાસભા દ્વારા જ આપણે આપણી રાષ્ટ્રીય પ્રગતિ સાધી શકીશું એ નિર્વિવાદ છે. એટલે આપણે આપણી ફરજ વિચારવી ઘટે છે.

આવતી ચુંટણીમાં મહાસભાના ઉમેદવારો સામે મવાળદળ તેમજ સ્વતંત્ર રીતે બીજી વ્યકિતઓએ પણ પોતાની ઉમેદવારી જાહેર કરી છે. મહાસભા સિવાયના ઉમેદવારો ધારાસભામાં જાય તો તે રાષ્ટ્રને ઉપયોગી નિવડશે કે કેમ એ પ્રજાએ વિચારી લેવાની જરૂર છે. અત્યારસુધીનું ધારાસભાનું તેમનું કાર્ય નિહાળતાં રાષ્ટ્રને તેમાં કંઇ પણ ખાસ ફાયદો થયો હોય તેમ જણાયું નથી, બલ્કે પ્રજાવિરોધી કાયદા પસાર કરવા આડકત્રી મદદ આપી અને રાષ્ટ્રહિતને નુકશાન પહોચાડયું છે, એ બાબત હવે છુપી નથી. જ્યારે રાષ્ટ્રિય મહાસભા તરફથી ગયેલા ઉમેદવારોએ રાષ્ટ્રની પ્રગતિને દૃષ્ટિ-પથમાંરાખી આમજનતાનાં હિતોનું રક્ષણ કરી પ્રજાના માનસનો પડઘો પાડયો છે અને ધારાસભાની બહાર પણ રાષ્ટ્રિય સ્વતંત્રતાની વેદી ઉપર મહાન બલીદાન આપ્યું છે, કે જે બલીદાનથી આપણી લડત ગૌરવવંતી અને પવિત્ર બની છે.

ફૈઝપુરની મહાસભાએ રાષ્ટ્રિય દૃષ્ટિએ મજુર વર્ગ, કિશાન અને મધ્યમવર્ગ તરફથી લડવાનો નિશ્ચય કરી તેના ઉદ્ધાર માટે દરેક પ્રયત્ન કરવાનું નકકી કર્યું છે. આપણે જૈનો પણ ઉપરોકત વર્ગમાં આવી જઇએ છીએ. એટલે રાષ્ટ્રિય ઉદ્ધારને માટે પ્રયત્ન કરતી મહાસભાના ઉમેદવારોને જ મત આપવાનો આપણો ધર્મ થઇ પડે છે. ભારત-વર્ષની આઝાદીને ખાતર જેના ભેખધારીઓ અહર્નિશ પ્રયત્નશીલ રહે છે એવા મહાસભાના ઉમેદવારોને જ ધારાસ-ભામાં મોકલવા માટે આપણે આપણી બધીએ શકિત લગાડી દેવી જોઇએ.

મહાત્માજી જેવા પુરૂષોત્તમના આશિર્વાદ મેળવી ધારાસભામાં જનારા પ્રજાના સાચા પ્રતિનિધિઓ છે અને તેઓ રાષ્ટ્ર માટે જે ભોગ અને સેવા આપે છે તે અજોડ છે.

જૈન સમાજ અને ખાસ કરીને તેના નવલોહીયા યુવાનભાઈઓને આગ્રહપૂર્વક ભલામણ છે કે પોતાના મતનો ઉપયોગ મહાસભાના પ્રતિનિધિ માટે જ કરે. તદુપરાંત સ્નેહિ, સજ્જનો, પડોશીયો, મિત્રો અને ધંધાદારી વર્ગોને સમજાવી તેમના મતો મહાસભાના ઉમેદવારોને જ મળે એ જાતનો સંપૂર્ણ પ્રયત્ન કરે. આપણો એકપણ મત મહા-સભાના ઉમેદવાર સીવાયનાને ન મળે એ જાતની સખ્ત તકેદારી રાખી પોતાની ફરજ અદા કરે. મને આશા છે કે રાષ્ટ્રીય કાર્યમાં યુવાનોએ કદિપણ પાછી પાની કરી નથી. તેમ આ બાબતમાં પણ પોતાની ગંભીર જવાબદારી સમજી રાષ્ટ્રના પુનર્વિધાનમાં પોતાનો ફાળો જરૂર આપશે.

લી૦

મણિલાલ એમ. શાહ.

તરુણ જૈન.
તા. ૧૫-૧-૩૭

# પુસ્તકાલયોની આવશ્યકતા.

દહાડો ઉગે છે અને વિજ્ઞાન નૂતન શોધખોળોમાં કુદકે અને ભુસકે આગળ વધે છે. અને એ રીતે જગત્ પ્રગતિ કરતું જ જાય છે. પાશ્ચાત્ય દેશો કે જે અર્વાચીન સંસ્કૃતિના ધામ ગણાય છે, ત્યાં આર્થીક, સામાજીક, રાષ્ટ્રિય અને શારિરિક જે પ્રગતિ થઇ રહી છે ત્હેનાં મૂળમાં વ્યવહારૂ કેળવણીનો જબ્બર ફાળો છે, અને તે વ્યવહારૂ કેળવણી, શિષ્ટ સાહિત્ય અને વર્તમાનપત્રો દ્વારા આપવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય યુગને અનુરૂપ શિક્ષણ આપે છે. આર્થીક સામાજીક, રાષ્ટ્રિય અને શારીરિક પરિસ્થિતિનું ત્હેમાં મુખ્યત્વે કરીને નિરૂપણ હોય છે, અને તેને વ્યવહારૂ રૂપે સ્હમજાવવાંમાં વર્તમાન પત્રો ખુબ ભાગ ભજવે છે. તે શિવાય જગતના તમામ સમાચારોથી તે પ્રજા વાકેફ રહે છે અને પોતાની પ્રગતિકુચને સરળ બનાવે છે. આ શિષ્ટ સાહિત્ય અને વર્ત્તમાન પત્રો પ્રત્યેકને સુલભ બને તે માટે પુસ્તકાલયો અને વાંચનાલયોની હરેક સ્થળે સ્થાનિક સરકારો તરફથી ગોઠવણો કરવામાં આવી હોય છે. અને જનતા ત્હેનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે. પ્રાતઃકાળમાં ઉઠે અને પહેલું કર્તવ્ય ત્હેનું વર્તમાન પત્રો જોવાનું હોય છે. આમ સુધરેલા અને પ્રગતિમાન ગણાતા રાષ્ટ્રો ગ્રામ્ય જનતાને પણ જગતનો સંપર્ક સધાવે છે.

આપણા સમાજ માટે પણ ઉપરોક્ત બાબતની બહુજ આવશ્યકતા છે, કારણ કે આપણે હજું વર્તમાનપત્રોની કિંમત સ્હમજ્યા નથી, વાંચનનો શોખ બહુજ ઓછો છે અને વ્યવહારૂ કેળવણી આપનારાં સાહિત્યનો પણ આપણામાં અભાવ છે. આપણે જો આપણું બળ વધારવા માંગતા હોઇએ, આપણી ઉન્નતિ કરવા માંગતા હોઇએ, તો લોકોને શિષ્ટ સાહિત્ય પૂરૂં પાડવું જ જોઇએ. અત્યાર સુધી આપણે ધાર્મિક સાહિત્ય ઉપર વધારે મુસ્તાક રહ્યા છીએ અને એજ સાહિત્ય ઉપલબ્ધ છે. પરંતુ અત્યારના યુગને અનુરૂપ વ્યવહારૂ સાહિત્ય આપણે હજુ ઉપજાવી શક્યા નથી, કે કે જેની ખાસ અત્યારે આવશ્યકતા છે. શક્તિશાળી લેખકો જો આ તરફ લક્ષ્ય આપે તો ઘણું કરી શકે તેમ છે,

વર્તમાનપત્રો પણ બહુ જ પરિમિત સંખ્યામાં નિકળે છે. અને જે નિકળે છે તેના ભાગ્યે જ હજાર ઉપર ગ્રાહકો જોવામાં આવશે. બાર લાખ જેવી સંસ્કારી કોમમાં વર્તમાન પત્રોની આ હાલત આપણી અવનતિ સૂચવે છે. ત્હેમાં આર્થિક કારણની પણ સંભવના છે. અને બીજું ગ્રામ્ય જનતાની ઉદાસીનતા છે. આ બે બાબતોને ટાળવા માટે આપણે સ્થળે સ્થળે પુસ્તકાલયો અને વાંચનાલયો ખોલવાની જરૂર છે. જ્યાં જ્યાં આપણી કોમનું અસ્તિત્વ હોય ત્યાં ત્યાં પુસ્તકાલયો અને વાંચનાલયો હોવાંજ જોઈએ. એ સ્થિતિ આપણે ઉત્પન્ન નહિ કરીએ ત્યાંસુધી વાંચનમાં રસ ઉત્પન્ન થશે નહિ. અને અજ્ઞાનતાની જડ ઉંડીને ઉંડી ઉતરતી જશે અને જે રીતે સમાજનો હ્રાસ થતો જાય છે તે રીતે થતો જ રહેશે. તેમ થતું અટકાવવા આપણે પુસ્તકાલયો અને વાંચનાલયોની આવશ્યકતા માટે પ્રચાર કરવો પડશે. અને તે માટે સ્થાનિક યુવકો જો આ કાર્ય ઉઠાવી લે અને પોતાના ગામમાં તથા પોતાની આજુબાજુના ગામમાં ફરીને પ્રચાર કાર્ય કરે તો ઘણું થઇ શકે તેમ છે. ત્હેમાં કાંઇ શરૂઆતમાં લાંબો ખર્ચ નથી, એકાદ દૈનિક, ત્રણ ચાર સાપ્તાહિક અને છ સાત માસિક મંગાવે અને એકાદ રૂમ ભાડે લેવામાં આવે તો ગામડામાં બહુમાં બહુ તો વાંચનાલયનો વાર્ષિક પચાસ રૂપીયાનો ખર્ચ આવે એમ અમે માનીએ છીએ અને ત્હેની આવક તો લગ્નાદિ અને બીજા અનેક પ્રસંગોમાં લાગા રૂપે થઇ શકે છે. માર્ગ બતાવવામાં આવે તો કાર્ય કરનારા ઉત્સાહી ભાઇઓ પણ મળી આવે. આમ માત્ર પ્રચારની આવશ્યકતા છે. અને વાચનાલયની સાથે એક પુસ્તકાલય કે જેમાં છેલ્લામાં છેલ્લું આજના યુગને અનુરૂપ શિષ્ટ સાહિત્ય પ્રતિષ્ઠિત લેખકો દ્વારા બહાર પડ્યું હોય તેવાં સો એક પુસ્તકો ખરીદ કરી સ્થાપન કરવું જોઇએ કે જેથી ગ્રામ્યજનતાનું માનસ વિશાળ અને વ્યાપક બની શકે. આ બન્ને બાબતો કંઇ મુશ્કેલ નથી. આપણે કેળવણી સંસ્થાઓ પાછળ દર વર્ષે લાખો રૂપીઆ ખર્ચીને પણ જે ફળ મેળવી શકતા નથી, તે આ થોડા ખર્ચમાં મેળવી શકીશું. જો કે શહેરોમાં પુસ્તકાલયો અને વાંચનાલયોની સગવડ છે છતાં શહેરીજીવન એ પ્રવૃત્તિમય જીવન હોવાથી ત્હેનો પૂરતો લાભ લેવાતો નથી. પરંતુ ગ્રામ્ય જનતાનું જીવન ત્હેવું પ્રવૃત્તિમય નહિ હોવાથી તે ત્હેનો પૂરાપૂરો લાભ લેશે ત્હેમાં જરાયે શંકા નથી.

પારસી, આર્યસમાજ અને બીજા પ્રગતિમાન સમાજો આજે જે પ્રગતિ કરી રહ્યા છે ત્હેમાં યુગાનુરૂપ કેળવણી મુખ્ય ભાગ ભજવી રહી છે. આપણે પણ આપણી પ્રગતિ સાધવા માંગતા હોઇએ તો યુગાનુરૂપ કેળવણી આપવી જ પડશે. અને તે વાંચનાલયો ને પુસ્તકાલયો દ્વારા સુલભ થશે.

આપણે યુવકોએ અત્યાર સુધી ઘણી ઘણી વાતો કરી છે, ઉંચ ધ્યેયની કાલ્પનિક ગગનચુંબી ઇમારતો ખડી કરી છે પરંતુ તે તરફ એક ડગલું પણ આગળ વધી શક્યા નથી. એ મીટાવવા ખાતર રચનાત્મક કાર્યક્રમની આવશ્યકતા છે, અને ત્હેમાં જો વાંચનાલયો અને પુસ્તકાલયોને સ્થાન આપવામાં આવે તો યુવકો જે સામાજીક પરિવર્તનનો આદર્શ સેવે છે તેઓ ત્હેની સમીપ પહોંચી શકશે.

# વડોદરા મુકામે શ્રી. પરમાનંદ કાપડીયાનું ભાષણ.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાએ "સમાજની ચાલુ પરિસ્થિતિ" વિષે લગભગ એક કલાક સુધી વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ પ્રથમ વડોદરા જૈન યુવક સંઘ અને સામાજીક ક્ષેત્રમાં વડોદરા રાજ્યની પ્રગતિ સૂચક પ્રવૃત્તિઓ વિષે વિગતવાર ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે જ્યારે જ્યારે જ્યાં જ્યાં મારૂં સન્માન થાય છે. ત્યારે ત્યારે આજની જનતા આવતી, જતી, ઉગતી ઉત્ક્રાન્તિ અને પરિવર્તનને માન આપી રહી છે એમ હું સમજું છું, અહિંના યુવક સંઘની પ્રવૃત્તિ જાણી મને ખુબ આનંદ થયો છે. સૌથી અગત્યનો પ્રશ્ન દીક્ષાનો કાયદો કરાવવામાં અહિંના યુવક સંઘે જે કાર્ય કર્યું છે તે માટે હું અહિંના યુવક સંઘને ખુબ ધન્યવાદ આપું છું. જ્યારે જ્યારે તેવા પ્રસંગો સાંપડે ત્યારે ત્યારે બીજા યુવક સંઘો પણ ધડો લે એમ હું ઇચ્છું છું. સામાજીક સુધારામાં વડોદરા રાજ્ય બહુજ આગળ છે. જૈન સમાજમાં આ સંબંધમાં ખુબ કોલાહલ છતાં દીક્ષાનો કાયદો પસાર કરવામાં આ રાજ્યે જે દૃઢતા દાખવી છે તેને માટે આ તકે હું યુવક વર્ગ તરફથી જેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો છે.

**સમાજની પરિસ્થિતિ.**

ત્યારબાદ વર્તમાન સમાજની પરિસ્થિતિ પર વિવેચન કરતાં તેમણે જણાવ્યું કે જૈન સમાજની કેટલીક પરિસ્થિતિ સમસ્ત દેશની પરિસ્થિતિને લગભગ મળતી છે. તેમજ દેશની પરિસ્થિતિનો વિચાર બાતલ કરીને જૈન સમાજની પરિસ્થિતિનો વિચાર કરવો શકય જ નથી. દેશની સ્થિતિનું સામાન્ય અવલોકન કરતાં સમસ્ત દેશ ઉપર આક્રમણ કરી રહેલી પરદેશી સત્તાનું અસ્તિત્વ આપણું સૌથી પ્રથમ ધ્યાન ખેંચે છે. આપણી અવનતિનું કેટલેક અંશે તે ભારે બળવાન કારણ છે. આ ઉપરાંત સામાન્ય પ્રજાની નિર્બળતા, દરિદ્રતા, નિરક્ષરતા પણ એટલાંજ ધ્યાન ખેંચે તેવા તત્ત્વો છે. વળી આપણો સ્ત્રી સમાજ પુરૂષવર્ગથી પણ ઘણો પછાત છે એ પણ આપણને બીજા દેશની હરોળમાં પાછળને પાછળ રહેવામાં મદદરૂપ બને છે. સૌથી વિષમ તત્ત્વ તે આપણા પ્રજા માનસમાં ઘર ઘાલી બેઠેલી કોમી ભાવના છે. દરેક માણસ પોતાની જ્ઞાતિનો અને પોતાના ધર્મનો જ વિચાર કરે છે પણ પોતાના દેશનો ભાગ્યેજ વિચાર કરતો જણાય છે. આથી દેશની સ્થિતિ છિન્નભિન્ન બની રહી છે અને પર પ્રજાઓ દેશનું અનેક રીતે શોષણ કરી રહી છે. આવી દેશની દુર્દશા થવાનાં કેટલાંક કારણોમાં જાતિ અને જ્ઞાતિના દેશભરમાં જે જે જટિલ જાળાંઓ પથરાઇ પડયાં છે અને ઉચ્ચ અને નીચની જે ચિત્રવિચિત્ર કલ્પનાઓ પ્રજાના ચિત્તને ઘેરી રહેલ છે તે મુખ્ય કારણ છે. આ ઉપરાંત આપણી પ્રજામાં જે બાયલાપણું આવી ગયું છે અને જે ભીરૂતા વ્યાપેલી છે તે પણ આપણને પતિત રાખવામાં મોટો ભાગ ભજવે છે. જેને ચારિત્ર કહેવામાં આવે છે તેનો પણ આપણામાં અભાવ છે. કોઇપણ વ્રત, નિયમ કે સિદ્ધાંતને એક સરખી ટેકથી આપણે વળગી રહી શકતા નથી. અને પ્રસંગ આવ્યે કોઇપણ સિદ્ધાંતનો ત્યાગ કરતાં વિલંબ કરતા નથી. સ્ત્રી જાતિ વિષે પણ આપણા ખ્યાલો બહુ જ વિચિત્ર પ્રકારના હોય છે. કેટલાય કાળથી આપણે સ્ત્રીઓને બધી રીતે ઉતરતી કોટિમાં મૂકતાં આવ્યા છીએ અને તેનું પરિણામ આખી પ્રજાની શકિતનો ખુબ હ્રાસ કરવામાં આવ્યું છે. લગ્ન વિષેના વર્ષો થયાં દેશભરમાં વ્યાપેલા ખોટા અને હાનિકારક ખ્યાલોએ પણ આપણી અવનતિની ગતિ વધારી છે. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યા વિક્રય, વિધવા વિવાહ પ્રતિબંધ—આ બધાય લગ્નને લગતી ખોટી પ્રથાના દૃષ્ટાંતો છે. આવા કેટલાંય કારણોમાં ઉત્તરોત્તર આપણે દુર્દશા તરફ ઘસડાઇ જતા હતા એવામાં પરદેશી રાજ્યતંત્ર સાથે જે નવાં વિજ્ઞાનિક બળો દુનિયામાં ઉભાં થયાં તેને પહોંચી વળવાની આપણે તાકાત દાખવી શકયા નહિ. પરિણામ એ આવ્યું કે આજે આપણે આગળ ગણાતી પ્રજાનાં ઉપહાસને પાત્ર બની રહ્યા છીએ. અને આપણી દુર્દશા પારવિનાની દેખાય છે. આ સ્થિતિમાંથી ઉંચે આવવા માટે શું કરવું જોઇએ એ પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહે છે.

સૌથી પ્રથથ આપણે આપણું ધ્યેય નકકી કરવું જોઇએ. કારણ કે ધ્યેય નિર્ણય વિના ઇષ્ટ પ્રગતિના સિમા ચિન્હો આપણે નકકી કરી શકીએ નહિ આજે સર્વ સ્વીકૃત ધ્યેય સ્વરાજ્યનું છે. તે સ્વરાજ્યની ભાવનાને આપણા હૃદયમાં ઉતારવી જોઇએ અને આપણને દેશની આઝાદીની ખુબ તમન્ના લાગવી જોઇએ. કેટલેક સ્થળે ધાર્મિક વિરૂદ્ધ રાષ્ટ્રીય ભાવનાનો પ્રશ્ન ચર્ચવામાં આવે છે. જાણે કે ધર્મના સ્વાર્થો રાષ્ટ્રના સ્વાર્થથી ભિન્ન હોય! ધર્મને વિશાળ અર્થમાં સમજીએ તો ધર્મ અને રાષ્ટ્રનો વિરોધ કોઇ કાળે સંભવી શકે નહિ. એટલું જ નહિ પણ ધર્મબુદ્ધિ રાષ્ટ્રપ્રત્યે બને તેટલા વફાદાર અને સેવા પરાયણ બનવાનું જ આપણને કહે. પણ ધર્મ શબ્દ ઘણુખરૂ એવા વિશાળ અર્થમાં વપરાતો નથી પણ અમુક માન્યતાના સમૂહને સુચવતાં સંપ્રદાયના અર્થમાં વપરાય છે. આવા સંપ્રદાયના અનુયાયીઓ સમગ્ર દેશના વિચારને ગૌણ બનાવે છે અને તેમની દુનિયા માત્ર પોતાના સંપ્રદાયના અનુયાયીઓ પૂરતી જ મર્યાદિત બની જાય છે. અને પોતે જે સંપ્રદાય કે સમાજનો હોય તેનો ઉત્કર્ષ કેમ વધે અને બીજો સંપ્રદાય કે સમાજ કેમ પાછળ પડે એવી એવી સાંકડી દૃષ્ટિ તેનામાં ઉભી થાય છે. આ જાતની સંકીર્ણતાથી આખા દેશને ભારેમાં ભારે નુકશાન પહોંચ્યું છે.

સૌથી પ્રથમ મારો દેશ અને પછી મારો ધર્મ, સંપ્રદાય કે મારી જ્ઞાતિ, આ જાતનું દૃષ્ટિ કોણ આપણા ચિત્તમાં સ્થિર થવું જોઇએ. બીજું ધર્મ કે સંપ્રદાયને નામે આપણે ત્યાં સમાજની પ્રગતિને રોધ કરનારી જે અનેક રૂઢીઓ અને રીતિઓ પ્રસરી રહેલી છે અને જેના ગુણ દોષનો વિચાર કરવાની આપણે કોઇ દિન તકલીફ જ લેતા નથી તેને લગતી જડ ઉખડવી જોઇએ. કોઇ પણ રૂઢી કે વ્હેમ આપણને સંગત નથી અને સમાજની પ્રગતિના રોધક છે કે તરતજ આપણે તેનો ઉચ્છેદ કરવાને તત્પર રહેવું જોઇએ.

**વ્યકિત સ્વાતંત્ર્ય.**

આજના સમયમાં વ્યકિત સ્વાતંત્ર્યને બને તેટલો અવકાશ મળવો જોઇએ. આજની પરિસ્થિતિમાં વ્યકિત સ્વાતંત્ર્ય ઉપર અનેક કારણોને લીધે આક્રમણ થાય છે અને પરિણામે અનેક વ્યકિતઓ પોતાનામાં રહેલી અસાધારણ શકિતઓનો પોતાની જાતને, સમાજને કે દેશને લાભ આપ્યા સિવાય અકાળે કરમાઈ જાય છે. વ્યકિતને કુટુંબ રોધે છે, સમાજ રૂંધે છે, જ્ઞાતિ રૂંધે છે. આ ચોતરફનું રૂંધન જ્યાં સુધી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ વ્યકિત યોગ્ય વિકાસ કોઈપણ કાળે સાધી શકે નહિ. આવી જ રીતે દેશભરમાં જે નિરક્ષરતા વ્યાપી રહી છે તેનું પણ તાત્કાળિક નિવારણ થવાની જરૂર છે. કોમી ભાવના, રૂઢીની ગુલામી કે વ્હેમના બંધનો આ આપણી પ્રજાની નિરક્ષરતાને જ આભારી છે. દેશમાં જે કોમી રમખાણ થાય છે તેનું મૂળ ધર્માંધતામાં જ રહેલું છે. અને ધર્માંધતા તે નિરક્ષરતાનું જ પરિણામ છે.

# જૈન સંસ્કૃતિ.

લેખકઃ—
**ચીમનલાલ ૬, શાહ**

( ગતાંકથી ચાલુ )

ભ૦ મહાવીરના ગૃહસ્થ અને ત્યાગી જીવન સાથે; તેમના સમયના સામાન્ય ગૃહસ્થ અને સામાન્ય સાધુના જીવન સાથે; મધ્યયુગના ગૃહસ્થ અને સાધુજીવન સાથે આપણે આજના ગૃહસ્થ અને ત્યાગી જીવન મૂકી જુઓ. જરા સરખાવી જુઓ. તેમાં કયાંય મેળ છે ? છે તો તે કયાં અને કેટલા પ્રમાણમાં છે ? નથી તો તે કયાં અને કેટલા પ્રમાણમાં નથી ? મેળ છે તે આત્મિકગુણના વિકાસની બાબતમાં છે કે કેમ ? મેળ નથી તો તેનાં કારણો શાં છે ? તે સમયના બાહ્ય આડંબરની પ્રવૃત્તિઓ સાથે મેળ છે ? તે બાહ્ય આડંબર કેવો અને કેવા પ્રકારનો હતો ? આજના ગૃહસ્થ અને ત્યાગી જીવનની દિનચર્યા કેવી છે ? તેમાં કાંઇ મેળ છે ? તેવો કાંઇ મેળ ન હોવાનાં કારણો શાં છે ? મેળ ન હોય તો ફેરફાર સ્વીકારવા ઇષ્ટ છે કે કેમ ? પરિસ્થિતિ અને સંજોગો બદલાતાં તે બાબતમાં મૌન રહી સ્વેચ્છાચાર ચલાવી લેવા કરતાં જરૂરી ફેરફાર સ્વીકારી લઇ તદનુસાર જીવન પોષણ અને ત્યાગી જીવનની પ્રવૃતિઓ સ્વીકારાય તો કાંઇક ગુણ વિકાસ થઇ શકે ખરો ? આજે તો શાસ્ત્રમાં આપેલ ત્યાગી જીવનનાં સ્વરૂપો રજુ કરી પોતે તે પ્રમાણે ચાલતા હોવાનો અન્ય અજ્ઞ જનો પાસે દાવો કરી દંભ સેવાય છે. આવો દંભ ત્યાગી વધુ શકય અને પાળી શકાય તેવા આચાર વિચાર પર વિચાર કરી તદનુસાર પ્રાચીન શાસ્ત્રોને કયાં મેળ છે તે વિચારી લઇ કાંઇક નવું સર્જન કરવામાં બાધ છે ખરો ? આજનાં અમે ગૃહસ્થ તો બધા ગુણવિકાસના વિષય અને તેના સાધનોથી હાથ ધોઇ બેસી ગયા છીએ; અમારે તો તેની સાથે જરા પણ લેવા દેવા રહી નથી. ગુણ વિકાસને મહત્તા આપનાર ગૃહસ્થ ભોળો, અવિચારી, અવ્યવહારુ, નાલાયક ગણાય છે; જ્યારે ગુણ વિકાસના બદલે ગુણ વિકારને મહત્તા આપનાર ગૃહસ્થ હોંશિયાર, ડાહ્યો, વ્યવહારુ અને સલાહ લેવા લાયક ગણાય છે. આ આપણા સમાજની આજની સ્થિતિનું સ્થૂળ ચિત્ર છે.

ભ૦ મહાવીરના ગૃહસ્થ અને ત્યાગી જીવનમાં સ્વાશ્રય દેખાય છે ખરો ? આત્માની અનંત શકિતમાં શ્રદ્ધા તરવરે છે ખરી ? પ્રમાદ દેખાય છે ખરો ? આપણે તો તેમના ચરિત્રમાં સ્વાશ્રયથી કર્મ ક્ષય કરી સર્વોત્કૃષ્ટ વિકાસ સાધવાની–કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાની કેટલી તમન્ના છે તે તેમજ આત્માની અનંત શકિત પરની અનંત શ્રદ્ધા જીવનમાં જીવી બતાવવાની ભાવના અને પ્રમાદને દૂર ને દૂર રહેતો નિહાળીએ છીએ. આટલું જ બસ નથી પોતાના અર્થે અન્ય જીવને કલેશ ન થાય તે માટે પણ તેઓ કેટલા અને કેવા જાગૃત છે; ઉપસર્ગ અને પરિષહ પોતે સમભાવે સહન કરે છે એટલું જ નહિ, પણ તેને આમંત્રણ પણ આપે છે. આમ છતાં ઉપસર્ગ કે પરિષહ કરનાર પ્રતિ જરા પણ ક્રોધ નથી, પરંતુ તેના પર ભાવ દયાની તરે છે. આવા પ્રસંગોમાં મદદ આપવાની માગણી કરવા છતાં તેવી મદદ–દેવદેવીની, નરનારીની કે અન્ય લોકગણની–ધીરતા પૂર્વક નકારવામાં આવે છે. વાસ્તવિકરીતે બધું સમજવા પ્રયત્ન કરવામાં આવે તો તેમાંથી એક જ વસ્તુ તરી આવે છે કે આત્માની શકિતમાં અનંત શ્રદ્ધા તેમના સમગ્ર વિકાસમાં કેટલો અગત્યનો ભાગ ભજવે છે અને તે પોતે તે વસ્તુ જીવનમાં કેવી રીતે જીવી બતાવે છે.

તેમના શ્રાવક અને શ્રાવિકાગણનું સ્વરુપ ઉપાસક દશાંગમાં વર્ણવેલું છે; તેમાંથી પણ તેજ વસ્તુ નીતરી આવે છે. આપણે આ બધુંય સાંભળીએ છીએ, તે પ્રાચીન ભૂતકાળ અને મહાનપુરુષોથી માત્ર રાચીએ છીએ તે વાત સાચી; પરંતુ તે તો મોટા મોટા પુરુષ અને આપણે તો સામાન્ય પામર પ્રાણી એમ કહી આપણે આપણો પોતાનો આત્મિક વિકાસમાં છેદ જ ઉડાવી દઇએ છીએ અને પરિણામ એ આવ્યું છે કે આજે આપણા સમાજમાં આત્માની શકિતનો વિકાસ થવાને બદલે, અનેક ગુણોનો વિકાસ થવાને બદલે તે બધામાં વિકાર પેઠો છે અર્થાત્ આપણો હ્રાસ થતો જાય છે.

ભ૦ મહાવીર પછીના બસો વર્ષના ગાળામાં આપણે શું જોઇએ છીએ, ભ૦ મહાવીરે પોતાના ઉપસર્ગ પરિષહ દૂર કરવા દેવ દેવીની જે મદદ નકારી તે જ દેવદેવીની મદદ મંત્રો દ્વારા સંઘના, તીર્થના ઉપસર્ગો દૂર કરવા આપણે લીધાના પૂરાવા આપણે નોંધ્યા છે. આત્મિક બળમાં અનંતશ્રદ્ધાનો થતા ઓટનો તે પૂરાવો તો છે જ; તેમ છતાં તેટલા પૂરતી શકિતનો સદુપયોગ પણ છે. આવા શકિતના સદુપયોગના કારણે તે પ્રભાવના ગણાઇ, હોય તે સંભવિત છે. આમ પ્રભાવનાને ગૌણ બનાવવાને બદલે મુખ્ય બનાવી દીધી, જ્યારે આત્મિક બળમાં અનંત શ્રદ્ધાના થતા ઓટ ને મુખ્ય બનાવવાના બદલે ગૌણ બનાવી દીધું તેણે જ આપણી આજની સ્થિતિ ઉત્પન્ન કરી છે એમ લાગ્યા વિના રહેતું નથી.

મને તો એમ પણ લાગે છે કે આપણા ઉપરોકત એ કરારને આચ્છાદિત કરી માત્ર આ શબ્દ અને આડંબર પ્રિયતા આપણામાં ઘૂસ્યા હોય.

ભ૦ મહાવીર પછી લગભગ પાંચસો વર્ષે આપણે બીજા તબક્કામાં પહોંચીએ છીએ. આત્મબળ અને દેવદેવીની મદદના અભાવે રાજ્ય મદદ યા રાજ્યમાન્ય વ્યકિતઓની મદદ દ્વારા આપણે જૈન ધર્મની પ્રભાવના સાધવી શરુ કરીએ છીએ. લૌકિક દષ્ટિએ આ પ્રસંગોદ્ભૂત, ઉજ્જવળ અને અલ્હાદજનક જરૂર છે; તે સમયના સંજોગો જોતાં તે પ્રભાવના પણ જરૂર છે, પરંતુ સ્વાશ્રયના બદલે પરાશ્રય દાખલ થયાનો તે સ્વાભાવિક એકરાર છે તે વસ્તુ ગૌણ ન થવી જોઇએ.

આજ પ્રસંગે આપણે સમાજમાં પક્ષભેદ પણ દાખલ કરીએ છીએ. આ પક્ષભેદ સાધુઓના મતભેદના કારણે ઉભા થયા હતા; તેમ છતાં તે જુદા જુદા સંપ્રદાયરૂપમાં વ્હેંચાયા અને તેને સિંચન કરતાં તેમાં અનેક કટુ અને મધુર ફળ સંપ્રદાયના અનુગામીઓને સહેવાં પડયાં. આ ભૂલ સ્વીકારવામાં ન આવી; પણ ફરી પણ તેવા પ્રસંગો ઉભા થતાં પણ આપણે તે જ રીતે વર્ત્યા. આજે પણ આપણે તે જ રીતે વર્તી રહ્યા છીએ તે વિષે કહેવાપણું હોય જ નહિ.

ચાલુ

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

આપણા સમાજમાં જેટલો દાનનો મહિમા ગવાયો છે તેટલો બીજે સ્થળે ભાગ્યેજ જોવાશે. પરંતુ તે દાનનો પ્રવાહ મોટે ભાગે નવાં નવાં મંદિરો, સંઘો કાઢવામાં, ઉજમણા કરવામાં અને સાધુઓને પોષવા તરફ જ વહ્યો છે. માનવ સમાજના આર્થિક હિતો કે સમાજને ઉપયોગી નૂતન શોધખોળો તરફ એ દાનનો જરાયે ઉપયોગ થયો નથી. પાશ્ચાત્ય દેશોમાં ધનપતિઓ જેમ લક્ષ્મી ઉપાર્જન કરી જાણે છે ત્હેમ ત્હેનો સમાજના કલ્યાણમાં કઇ રીતે ઉપયોગ કરવો એ પણ સારી રીતે સમજે છે. એન્ડ્રુકાર્નેગીનું જીવન એ એક એવા કુબેરભંડારીનું જીવન છે કે જેણે જુદે જુદે સ્થળે મળીને પોતાના જીવનમાં અબજ ઉપરાત રૂપીયાની સખાવત કરી છે, આવી સખાવત આપણે હજારો વર્ષ પહેલાં થઇ ગયેલા તીર્થંકરોના વાર્ષિક દાનમાં માનીએ છીએ; પણ આ તો વીસમી સદીનો દાનેશ્વરી છે. તેના જીવનમાંથી આપણા ધનપતિઓ કંઇક માર્ગદર્શન કરે એ હેતુથી શ્રી મૂળચંદભાઇએ આ લેખ લખ્યો છે. અમે વાંચકોને ભલામણ કરીએ છીએ કે તેઓ આ લેખને વાંચે, વિચારે અને મનન કરે. ... ... ... ... ...તંત્રી

જૈન ધર્મ દાનપ્રધાન ધર્મ હોવા છતાં, જૈનધર્મને માનનાર શ્રીમંતોના જીવનમાંથી, દાનના ઝરણાં સૂકાતાં જાય છે. તેવા પ્રસંગે કાર્નેગીનું જીવન જૈન શ્રીમંતોને પ્રેરણા આપનારૂં નિવડે એ દૃષ્ટિએ આ લેખ લખું છું.

મૃત્યુ કયારે આવશે તેની ખબર નહિ હોવા છતાં; જેઓ દ્રવ્યોપાર્જન કરવાની ગડમથલમાં જ જીંદગીની છેલ્લી ક્ષણો પૂરી કરે છે અને જેમની પાસે પોતાના કુટુંબના નિર્વાહ માટે જોઇએ તે કરતાં ઘણું વધારે દ્રવ્ય હોવા છતાં, જેઓ એથી વધારે દ્રવ્ય પેદા કરવામાં ખર્ચ્યા કરે છે, અને જેમની પાસે ખર્ચવા માટે સોંપાયેલા ટ્રસ્ટના લાખો રૂપીયા હોવા છતાં જેઓ તેનો ઉપયોગ કરતા નથી તેવા મનુષ્યોને 'કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા'વાળો આ લેખ કઇંક માર્ગ દર્શન કરાવશે. એમ સમજી આ લેખ લખવા પ્રેરાયો છું: ઇ. સ. ૧૮૩૫ના નવેમ્બર માસની ૧૫મી તારીખે 'સ્કોટલેન્ડના ડન્ફર્મલાઇન'' શહેરમાં; ગરીબ પણ પ્રમાણિક વણકર કુટુંબમાં જન્મેલો 'એન્ડ્રુ–કાર્નેગી' ગરીબમાંથી શ્રીમંત કેવી રીતે થયો અથવા સામાન્ય સ્થિતિમાંથી કોટયાધિપતિ કેમ બન્યો; તે બતાવવાનો કે સમજાવવાનો આ લેખનો હેતુ નથી. પરંતુ તેણે પેદા કરેલા દ્રવ્યની કેવી સુવ્યવસ્થા કરી, કરોડોની કમાણી આપતા ધીકતા ધંધામાંથી તે કેવી રીતે નિવૃત્ત થયો અને વૃદ્ધાવસ્થાના પાછલા ૧૯ વર્ષો તેણે પેદા કરેલું દ્રવ્ય કેવી સુવ્યવસ્થિત રીતે પ્રજાના ચરણે ધર્યું તે જ સમજાવવાનો આ લેખનો હેતુ છે.

**ધીકતા ધંધાઓનો ત્યાગઃ–**

કાર્નેગીએ 'ગીસ્પેલ ઓફ વેલ્થ' નામનું પુસ્તક લખ્યું: ત્યાર પછી દ્રવ્યોપાર્જનની ઉપાધિમાંથી નિવૃત્ત થઇ, એ પુસ્તકમાં પ્રતિપાદન કરેલા સિદ્ધાંતો અનુસાર એણે પોતાનું જીવન બનાવવાનો નિશ્ચય કર્યો. ઇ. સ. ૧૯૦૧ માં જ્યારે કાર્નેગી વધુ પૈસા પેદા કરવાનું બંધ કરી, પેદા કરેલા દ્રવ્યની સમાજ હિતાર્થે ડહાપણ ભરેલી વ્હેંચણી કરવાનો નિશ્ચય કરે છે તે વખતે તેની વાર્ષિક આવકનો આંકડો ચાર કરોડ ડોલરનો થતો હતો; અને એણે રચેલી યોજના અનુસાર તેણે પોતાના ધંધાની ખીલવણીનું કામ ચાલુ રાખ્યું હોત તો આવતા વર્ષમાં તેની કમાણી સાત કરોડ ડોલરની થાત; એમ કાર્નેગી માનતો હતો. કારણ એના કારખાનાઓ ખરીદી લેનાર 'યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટીલ કોરપોરેશન' કંપનીએ એ વર્ષમાં છ કરોડ ડોલરનો નફો કર્યો હતો. કાર્નેગી જાણતો હતો કે સટોરીયાઓ જુના કારખાનાએ ખરીદી, તેના શેરોના ભાવો ચઢાવી, નિર્દોષ ખરીદદારોને ફસાવતા હતા. એટલે તેણે પોતાના કારખાનાના શેરો ઉપર કોઈ પણ જાતનો નફો લેવાની ના પાડી! તેના ખરીદનાર 'મી. માર્ગને' તે શેરોની જે કિંમત આપવાની ઇચ્છા જણાવી હતી; તે હિસાબે કાર્નેગીને દશ કરોડ ડોલર વેચાણની કિંમતના વધારે ઉપજતા હતા, પણ તેણે તે લેવાની ના પાડી! આમ કરોડોની કમાણી આપતા ધીકતા ધંધાઓ અને કારખાનાની કિંમતના વધારે ઉપજતા દશ કરોડ ડોલરનો ત્યાગ કરી તેણે પેદા કરેલા દ્રવ્યનો લોકોપયોગી કામમાં કેવી રીતે સદુપયોગ કરવો તે તરફ તેણે પોતાની બધી શકિતઓને વહેવા દીધી!

**સૌથી પહેલું મજુરોને દાનઃ–**

અને આમ કરતાં સૌથી પહેલું દાન તેણે પોતાના કારખાનાના મજુરો; કે જેઓએ પોતાના ધંધાના સાફલ્યમાં સારો હિસ્સો આપ્યો હતો તેમના હિતાર્થે સને ૧૯૦૧ ની તા. ૧૮ મી માર્ચે 'પાંચ ટકા વ્યાજના ચાલીશ લાખ ડોલરના બોન્ડ' તેણે અર્પણ કર્યા. અને જણાવ્યું કે–જે મજુરો અકસ્માતના ભોગ થયા હોય તેમના કુટુંબના સંકટ નિવારણ અર્થે અને વૃદ્ધાવસ્થાના અંગે જેમને મદદની જરૂર હોય તેઓને મદદ કરવામાં આ ફંડનો ઉપયોગ કરવો. એ સિવાય એણે જાહેર કર્યું કે–મજુરો માટે મેં જે લાઇબ્રેરીઓ બંધાવી આપી છે તેના નિભાવ અર્થે તેણે બીજા દશ લાખ ડોલરના બોન્ડ અર્પણ કર્યા. આમ તેણે પોતાના મજુરોના હિતાર્થે સૌથી પહેલી સખાવત પચાસ લાખ ડોલરની કરી. આ 'એન્ડ્રુકાર્નેગી રીલીફ ફંડ'થી તેમના મજુરોને જે જે લાભ થયા તે માટે મજુરો તરફથી અપાયેલા માનપત્રમાં મજુરો લખે છે કેઃ "જે ઘરોમાં મજુરોનું ભાવિ અંધકારમય અને નિરાશમય જણાતું હતું ત્યાં આ ફંડની મદદથી ઉદ્વેગ નાબુદ થયાના અને આશા તથા સામર્થ્ય જાગૃત થયાના અમને અંગત અનુભવો થયા છે" વિશેષમાં તેઓ જણાવે છે કેઃ મજુરોના હિતાર્થે થયેલા અનેકવિધ પ્રયત્નોમાં "એન્ડ્રુકાર્નેગી રીલીફ ફંડ" પ્રથમ નંબરે આવે છે. આમ કાર્નેગીની પ્રથમ સખાવત તરફ મજુરો આભારની લાગણી પ્રદર્શિત કરે છે. આ માનપત્ર લીધા બાદ તે યુરોપની મુસાફરીએ ગયો અને થોડા વખત પછી તે ન્યુયોર્ક આવ્યો ત્યારે સ્ટીમર ઉપર તેને લેવા જુના ભાગીદારો અને બીજાઓને જોઇ તે બોલી ઉઠયો કેઃ 'મેં ભાગીદારો ગુમાવ્યા છે પરંતુ મેં મિત્રો ગુમાવ્યા નથી'.

(વધુ માટે જુઓ પાછળ પાને)

# ફરજીઆત વૈધવ્ય.

જૈન સમાજની ચારે બાજુ અગ્નિ ભભૂકી રહ્યો છે. અનેક કુરૂઢિઓ અને પ્રણાલિકાઓથી ત્હેનો આત્મા ગ્રસ્ત થઇ રહ્યો છે, ફરજીયાત વૈધવ્યની પ્રણાલિકા સામે બાળ વિધવાઓનાં ઉન્હાં અશ્રુ ! નિઃશ્વાસ સમાજનું નિકંદન કરી રહ્યા છે છતાં તે તરફ આપણી આંખ ઉઘડતી નથી. સમાજમાં એક પુરૂષ વૃદ્ધ હોય છતાં પરણે ત્હેમાં શાસ્ત્ર અને ધર્મ સંમતિની મહોર મારવામાં આપણને વાંધો નથી પરંતુ કોઇ બાળવિધવાનો પુનર્લગ્ન કરવાનો પ્રશ્ન આવે ત્યાં આપણે છેડાઇ પડીએ છીએ અને ત્હેને પાપી ને અધમ કહેવા સુધીની હદ ઉપર પણ આપણે ઉતરી પડીએ છીએ. નીતિ સંયમ અને સદાચારની વાતો કરનારા આપણે પુરૂષો પૂનર્લગ્ન કરીએ તેમાં વાંધો નથી પણ કોઇ વિધવા ગુપ્ત પાપાચારોથી બચવા પુનર્લગ્નની વાત કરે તેમાં આપણા સમાજ ઉપર કોઇ ભયંકર વજ્રપાત થયો હોય તેટલો કોલાહળ કરવાને આપણે મંડી જઇએ છીએ. શું આ બાબત ન્યાય યુકત છે ?

આપણે આપણી જાતને ભલે સંસ્કારી અને સુધરેલી માનતા હોઇએ પરંતુ જ્યાં સુધી આવી ( ફરજીઆત વૈધવ્ય ) પ્રથાઓ આપણા સમાજમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાંસુધી આપણે દુનીયાની દૃષ્ટિમાં કદિ સંસ્કારી કોમ તરીકે છાપ પાડી શકીશું નહિ. આવા બળતા પ્રશ્નોનો ઉકેલ કર્યા સિવાય આપણે જરા પણ આગળ વધી શકીશું નહિ.

વિધવા વિવાહના વિરોધીઓ મુખ્યત્વે કરીને ચાર દલીલો કરે છે, ત્હેમાંની પ્રથમ એ છે કે પ્રારબ્ધ અને પૂર્વકર્મની વાત લાવે છે અને વિધવા થયેલી રંકબાળાનું કોઇ પૂર્વ જન્મનું પાપ ઉદયમાં આવ્યું છે માટે ત્હેણે શાંતિથી એ ભોગવવું જોઇએ. પણ આ દલીલ બરાબર નથી. કારણ કે પુરૂષો જ્યારે વિધુર બને છે ત્યારે એ પૂર્વકર્મનું પાપ નડતું નથી અને સ્ત્રીઓ જ્યારે વિધવા બને છે ત્યારે ત્યાં પૂર્વકર્મના પાપનો ઉદય માનવામાં આવે છે. આ બાબત ઇન્સાનીયતથી વિરૂદ્ધ છે, ત્હેમાં ન્યાયને સ્થાન નથી. સમાજ કેવળ એક અજ્ઞાન બાળાને દંડે છે અને પુરૂષ માટે કંઇજ નથી એટલે સમન્યાય ન હોય ત્યાં આ દલીલ ટકી શકતી નથી.

બીજી દલીલ એ કરવામાં આવે છે કે સ્ત્રીઓને પુનર્લગ્નની છુટ આપવામાં આવશે તો સ્ત્રીપુરૂષના સ્નેહનો વિનાશ થશે અને સંસાર કલહરૂપ બની જશે. આ દલીલ પણ બ્યાજબી નથી કારણ સમસ્ત સંસારમાં પુરૂષો સ્ત્રીઓ કરતાં સ્વાર્થી અને વિષયલોલુપી વધારે જણાશે. એકંદરે જોતાં જેટલાં પ્રમાણમાં પુરૂષો બેવફા નિવડે છે તેટલા પ્રમાણમાં સ્ત્રીઓ બેવફા નિવડતી નથી. સ્ત્રીઓને પુરૂષો જ અવળે માર્ગે દોરવે છે. જે સમાજમાં ફરજીઆત વૈધવ્યની પ્રથા નથી એ સમાજના સ્ત્રીપુરૂષના સ્નેહનો વિનાશ થયો નથી, પરંતુ વધુ દૃઢતર થઇ રહ્યો છે.

ત્રીજી દલીલ એ છે કે બાળલગ્ન અને વૃદ્ધલગ્ન અટકાવીએ તો વિધવાવિવાહનો પ્રશ્ન આપોઆપ ઉકેલાઇ જશે. એ દલીલ ખોટી તો નથી પરંતું વિચારણીય જરૂર છે. બાળ અને વૃદ્ધલગ્ન જરૂર અટકી જવા જોઇએ એ સવાલ વગરની વાત છે છતાં ફરજીયાત વૈધવ્યની પ્રથા તો નાબુદ થવી જ જોઇએ.

આત્રણે દલીલોને ઓતપ્રોત થયેલી ચોથી એક સબળ દલીલ ધર્મશાસ્ત્રો અને નીતિની કરવામાં આવે છે, કહે છે કે ધર્મ સ્ત્રીઓને પુનર્લગ્ન કરવાની છૂટ આપતો નથી અને સમાજની નીતિ પણ એ પરિસ્થિતિની બાધક છે. અહિં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જે ધર્મશાસ્ત્રો પુરૂષો અને સ્ત્રીઓ માટે જુદા જુદા નિયમો બતાવતાં હોય, સ્ત્રી પુરૂષની સમાનતા ન સ્વીકારતા હોય ત્હેને ધર્મશાસ્ત્રો કહેવા કે નહિ ? આજના યુગમાં આવા ધર્મશાસ્ત્રોની જરાયે કિંમત નથી. આજનો યુગ તો જેટલા પુરૂષોના હક્કો સ્વીકારે છે તેટલા જ સ્ત્રીઓના અધિકારો પણ સ્વીકારે છે. હવે રહી નીતિની વાત. સમાજ પોતાના સુલભ વ્યવહાર માટે અમુક પ્રકારની નીતિ મુકરર કરે છે. એ નીતિમાં પરિવર્તન લાવી શકાય છે. તે શિવાય એ નીતિ જ્યારે મુકરર કરવામાં આવી ત્યારે ત્હેમાં સ્ત્રીઓનો સાથ લેવામાં આવ્યો નથી. એટલે સ્ત્રીઓને એ નીતિ બાધક હોવી જોઇએ નહિ.

વિધવા પણ એક મનુષ્ય છે, ત્હેને દુઃખ અને લાગણી છે. આપણે જે ખોરાક લઇએ છીએ એ જ ખોરાક એ પણ લે છે, એટલે ત્હેની વૃત્તિઓ પણ આપણા જેવી જ છે. આજે મંદિરોમાં અને માર્ગમાં વ્યાખ્યાનકારો અને સાધુતાની પછેડીને ઓથે રહેલા કુસાધુઓ પાછળ અનેક વિધવાઓ ધર્મને બ્હાને ભટકે છે અને એ બ્હેનોના ભોળપણનો લાભ લેવાઇ રહ્યો છે. અનેક જાતના ગુપ્ત પાપાચારો વધી રહ્યા છે અને પાપાચારો જ્યારે પ્રકાશિત થાય છે ત્યારે સમાજ ત્હેને સંઘરતો નથી અને ત્હેને વિધર્મીઓનો આશ્રય શોધવો પડે છે, આ પરિસ્થિતિ મિટાવ્યે જ છૂટકો છે.

---

**ન્યુયોર્કને ૬૮ લાયબ્રેરીઓઃ-**

એક વખતે તે "અમેરિકન સ્ટોકીસ્ટ" નામનું પત્ર વાંચતો હતો તેમાં તેણે વાંચ્યું કેઃ વણવા શરૂ કરેલા થાન માટે દેવતાઓ શુતર પૂરૂં પાડે છે; અથવા આરંભેલું કાર્ય પૂરૂં કરવામાં ઇશ્વર મદદ કરે છે. આ વાકય જાણે પોતાના માટે જ લખાયું હોય તેમ તે વિચારતો હતો તેટલામાં જ ન્યુયોર્ક પબ્લીક લાયબ્રરીવાળા ડો. જે. એસ. બિલિંગ્સ તેની પાસે આવી પહોંચ્યા અને તેણે તરત જ ન્યુયોર્ક શહેર માટે જુદા જુદા લત્તાઓમાં ૬૮. લાયબ્રેરીઓ બાંધી આપવા માટે સાડી બાવંન લાખ ડોલર અર્પણ કર્યા અને બ્રુકલીન શહેર માટે બીજી ૨૦ લાયબ્રેરીઓ બાંધી આપવા તેણે વચન આપ્યું.

**ડન્ફરલાઇનને લાઇબ્રેરીની ભેટઃ-**

તેની જન્મભૂમિ 'ડન્ફરલાઇન' શહેર કે જેમાં આગળના વખતમાં પાંચ વણકર મિત્રોએ એકઠા થઇ, પોતાના ગરીબ પાડોશીઓને વાંચનની અનુકુળતા કરી આપવા, પોતાના પુસ્તકો એકઠા કરી વાંચવા આપતા હતા. કે જે પાંચમા એક ગૃહસ્થ કાર્નેગીના પિતા હતા. પોતાની ગરીબ અવસ્થામાં પણ પોતાના પાડોશીઓને વાંચનની અનુકુળતા કરી આપવા પોતાના પિતાએ જે કામ કર્યું હતું. તે પોતાની જન્મભૂમિને કાર્નેગીએ એક સારી લાયબ્રેરી બંધાવી આપી અને તે લાયબ્રેરીનો પાયા નાખવાની ક્રિયા કાર્નેગીએ પોતાના માતાના હાથે કરાવી! કાર્નેગી કહે છે કેઃ ધંધામાંથી નિવૃત્ત થયા પહેલાં આ લાયબ્રેરી એ મારી પહેલી સાર્વજનિક બક્ષીસ હતી. એણે અમેરિકામાંના તેના સૌથી પહેલા નિવાસ સ્થાન 'એલિધની' શહેરને એક લાયબ્રેરી બંધાવી આપી અને એક સાર્વજનિક હોલ બંધાવી અર્પણ કર્યો; અને 'વોશિંગ્ટન'ના પ્રેસિડેન્ટ હેરીસને આવી આ મકાનો ખુલ્લાં મૂકવાની ક્રિયા કરી. —ચાલુ.

# જગતના ચોગાનમાં

—શ્રીમતિ કુમારી હઠીસિંહ, રવીન્દ્રનાથ ટાગોરના ભત્રીજા શ્રી સૌમેન્દ્રનાથ ટાગોર સાથે લગ્નગ્રન્થીથી જોડાશે.

—યુરોપની પાંચ મહાસત્તાઓ ઇગ્લાંડ, ફ્રાંસ, જર્મની, ઇટાલી અને રશીયા પાસે એકંદરે બાવીશ હજાર હવાઈ જહાજો. કોઈપણ સ્થળે યુદ્ધની ભેરી સંભળાનાં આપસઆપસમાં બાખડવાને તૈયાર છે. આવતા યુદ્ધમાં આ બાવીશ હજાર વિમાનોમાંથી શાંત શહેરીઓ ઉપર એક સામટા બોમ્બો પડશે આ હવાઇ બોમ્બબાજીનું કેવું ભયંકર પરિણામ આવશે? તે સ્વાર્થાંધ બનેલા માંધાતાઓને વિચારવાનો સમય નથી.

—જાપાનને રશીયા સાથેનો સંબંધ બગડેલો હોઇ હવેથી જાપાને રશિયામાંથી કાચું લોઢું લેવાનું માંડી વાળ્યું છે. અને હિંદમાંથી કાચા લોઢાંની ખરીદી કરવા માંડેલ છે. ચાલુ સાલમાં હિંદમાંથી જાપાને આઠ લાખ ટન કાચુ લોઢું ખરીદ કરેલ છે.

—ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયાની ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી તા. ૬-૧-૩૭ થી કાશીમાં શરૂ થઇ છે અને હિંદમાં જુદે જુદે અનેક સ્થળે તે ધામધૂમ પૂર્વક ઉજવાઇ ગઇ છે.

—રાષ્ટ્રપતિ પં. જવાહરલાલ નેહરૂએ બિહાર પ્રાંતમાં પ્રવાસ શરૂ કર્યો છે. બકસાર સ્ટેશને જ્યારે પાછલી રાત્રે પહોંચ્યા ત્યારે અસાધારણ ઠંડી હતી છતાં લોકોનો ધસારો જબરજસ્ત હતો. બિહારના પાટનગર પટણાની નગરસભાએ ત્હેમને માનપત્ર આપવાનો ઠરાવ કર્યો છે.

—એબીસીનીયા હજુ ઇટાલીને સંપૂર્ણ તાબે થયું હોય તેમ જણાતું નથી. ખુદ એડીસઅબાબાની આસપાસ હજૂ ખુનખાર જંગ ચાલુ રહ્યો છે અને તે માટે હજારો ઇટાલીઅન સિપાહીઓને મોકલવા પડે છે, જીબુટી ને મસાવામાં ઘવાએલા ઇટાલીઅન સૈનિકોની ગાડીઓ ઉપર ગાડીઓ ભરાઇને આવે છે, ઇમરૂ પકડાયો નથી પરંતુ આઝાદીના જંગમાં તે ઝુઝી રહ્યો છે. એબીસીનીઆની સમસ્ત મુસ્લીમ પ્રજા ત્હેની સાથમાં છે, એમ એક ઇંગ્લાંડના સાપ્તાહિક પત્ર જોન લંડનનો ખાસ ખબરપત્રી જણાવે છે.

—સ્પેનનું ભાવી અચોક્કસ છે. નાઝીઝમ અને ફેસીઝમના ભરડામાં દબાયલું સ્પેન આજે આંતરવિગ્રહના દાવાનળમાં ભસ્મિભૂત થઈ રહ્યું છે, અનેક નિર્દોષ સ્ત્રીઓ, બચ્ચાઓ અને નાગરિકો ભયંકર બોમ્બના ભોગ બની મૃત્યુને શરણ થઇ રહ્યા છે. ત્યારે પ્રજાસંઘ અને મહાસત્તાઓ તટસ્થતાનું ભૂત ઉભું કરી વિચાર વિનિમયમાં સમય પસાર કરી રહી છે અને તેનો લાભ લઇ સ્વાર્થ પિપાસુઓ યુરોપમાં યાદવાસ્થળી જામે એ જાતના વધુને વધુ કારણો ઉત્પન્ન કરતા જાય છે, આ પરિસ્થિતિ કયાં અટકશે એ કહેવું મુશ્કેલ છે.

—પેથાપુર જૈન પરિષદનું અધિવશન તા. ૨-૩ જાનેવારીના દિવસોમાં પાનસર મુકામે શ્રીયુત હીરાલાલ. એમ. શાહ બાર-એટ લોના પ્રમુખપણા નીચે ભરાયું હતું. પેથાપુરના તેમજ બહારના ઘણા સજ્જનોએ આ અધિવેશનમાં હાજરી આપી તેને સફળ બનાવ્યું હતું. એકંદરે દશ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. ત્હેમાં ખાસ કરીને સાગર-વિમળ ઝઘડાનો નિકાલ, બેકારોને રાહત, કેળવણી, ઉદ્યોગ, ધર્માદામીલ્કતની વ્યવસ્થા વગેરે મુખ્ય હતા.

—ઇંગ્લાંડમાં લોર્ડ ન્યુફીલ્ડે ઓક્ષફોર્ડ યુનિવર્સિટિને વિજ્ઞાનની શોધખોળ માટે બધી મળી કુલ ૮૭૦૦૦૦૦ પાઉંડની સખાવત કરી છે અને ૨૦ લાખ પાઉંડ મજુરોના ડીવીડન્ડ માટે અનામત રાખ્યા છે. બ્રિટન માટે આ સખાવત સૌથી જંગી અને અદ્વિતીય છે.

—જૈન કન્યાગુરૂકુળ નીમચ પછી મંદસોર (માળવા) જૈન કન્યાગુરૂકુળની સ્થાપના થવાના વર્તમાન મળ્યા છે. મંદસોરના શેઠ ઓંકારમલ બાફનાએ તેમાં રૂ. ૨૫૦૦૦)ની સખાવત કરી છે.

—પાલણપુર ખાતે કુંભલમેરના શાહ બાદરમલ ગુમાનમલની ૧૬ વર્ષની બ્હેન દીવાળીનું લગ્ન ચંડીસરના છોટાલાલ હાથીભાઇ સાથે થનાર હતું. તે અટકાવવા શ્રી. તારાચંદ કોઠારી, શ્રી રતિલાલ કોઠારી અને ડાહ્યાલાલ એમ. મહેતાની પ્રેરણાથી શ્રી મણીલાલ ખુશાલચંદ પારીખના નામથી એડવોકેટ રસીકલાલ દ્વારા પાલણપુરની કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. બ્હેન દીવાળીને કોર્ટમાં હાજર કરી તેની જુબાની લેવામાં આવી હતી અને પરણનાર અતિ વૃદ્ધ એવા છોટાલાલને મનાઇ હુકમ આપવામાં આવ્યો હતો.

—એમ ઈ. હેસર નામના એક ઓસ્ટ્રેલીયન ઇજનેરે અમેરિકા અને આયર્લેન્ડ વચ્ચેનો વિમાની વ્યવહાર સુગમ બને તે માટે અમેરિકા અને આયર્લેન્ડ વચ્ચે તરતાં એરોડ્રોમ્સ બાંધવાનું નક્કી કર્યું છે. આવા પ્રત્યેક એરોડ્રોમ પાછળ ૩૦ લાખ પાઉંડનો ખર્ચ થવાનો અડસટ્ટો કાઢવામાં આવ્યો છે.

—રશીયામાં લગભગ દશહજાર પત્રો જુદી જુદી પચાસ ભાષાઓમાં છપાય છે અને તેનો ફેલાવો ૩૭૦૦૦૦૦૦૦ નકલોનો થવા જાય છે.

## સ્વીકાર અને સમાલોચના.

**પૂર્ણિમા**:-(લગ્નાંક) માસિક, તંત્રી અને પ્રકાશક: શ્રી અમૃતલાલ શાહ, રેવડી બજાર ક્રોસ લેઇન, અમદાવાદ-૨. વાર્ષિક લવાજમ રૂ. ૧-૮-૦ હિન્દબહાર સાત શિલિંગ.

ઉપરોક્ત માસિક દર પૂર્ણિમાએ બહાર પડે છે, આજે જ્યારે લગ્ન જીવન સંબંધી ઉહાપોહ થઇ રહયો છે અને એ પ્રશ્ન જ્યારે કસોટી ઉપર ચઢયો છે ત્યારે આ લગ્નાંક કંઇક એ પ્રશ્નની અચ્છી રીતે મિમાંસા કરે છે, લગ્ન સંબંધી ધટસ્ફોટ કરે છે, ત્હેમાં તંત્રીએ જુદા જુદા લેખકોનો સાથ મેળવ્યો છે અને આર્યપ્રથાને અનુલક્ષીને લખાયેલા લેખોને સ્થાન આપ્યું છે. પ્રસંગાનુસાર નૂતન સર્જીત સુંદર કાવ્યો પણ મૂકયા છે કે જે લગ્નાંકની શોભા વધારે છે. એકંદરે અંક વાંચવા જેવો છે.

# શ્રી પ્રથમ જૈન યુવક પરિષદ.

(સરકયુલર)

ભાઈશ્રી, મુંબઈ, તા. ૯-૧-૧૯૩૭

વિ૦માં ઈ. સ. ૧૯૩૧ના ડીસેમ્બર માસમાં શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે શ્રી જૈન યુવક પરિષદ મળી હતી, તે પરિષદની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે આપને જણાવવાનું કે એ પરિષદની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૧૭-૧-૩૭ રવિવારના રોજ બપોરે ૩ વાગે (સ્ટા. ટા.) ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાં આવેલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓફીસમાં બોલાવવામાં આવી છે. જે વખતે નીચે જણાવેલ બાબતો ઉપર નિર્ણય કરવામાં આવશે.

(૧) અત્યાર સુધીનો હિસાબ રજુ કરવામાં આવશે.

(૨) અત્યારે બાકી રહેલ રકમનો ઉપયોગ અને પરિષદની ભાવિ પ્રવૃતિ.

આ સભામાં પધારવા આપ જરૂર કૃપા કરશો.

લી૦ સેવકો,

**મણિલાલ એમ શાહ.**
**ડાહ્યાલાલ મ. મહેતા.**
મંત્રીઓ.

## તા. ૨૨-૧-૧૯૩૨ થી તા. ૩૦-૧૧-૧૯૩૨ સુધીનો આવક જાવકનો હિસાબ.

**જ**

| | |
|---|---|
| ૧૧૬૦-૧૩-૦ | શ્રી ભેટ ખાતે જમે. |
| | ૯૫-૪-૦ યુવક પ. વખતના સીલિક હતા તે. |
| | ૯૬૮-૧૧-૦ પરિષદ વખતે ખર્ચ જતાં વધેલા તે. |
| | ૯૬-૧૪-૦ જુદા જુદા ગૃહસ્થોના ભેટ આવ્યા. |
| | ૧૧૬૦-૧૩-૦ |
| ૨-૧૨-૦ | શ્રી સભ્યોના લવાજમ ખાતે જમે. ૧૧ મેમ્બરોના. |
| ૪૨-૧૨-૦ | શાહ મણીલાલ મહોકમચંદ ખાતે જમે. |
| ૨—૩-૦ | શ્રી પ્રબુધ્ધ જૈન ખાતે જમે. ટીકીટો લેવા લીધેલા. |
| | ૧૨૦૮-૮-૦ |

**ઉ**

| | |
|---|---|
| ૨૨૨-૧૨-૩ | શ્રી પ્રચાર ખાતે ઉધાર. |
| | ૧૭૩—૦-૦ પત્રિકા ૧ થી ૫ ની છપાઇના. |
| | ૨૮—૦-૦ પહોંચબુકોની છપામણી. |
| | ૨૧-૧૨-૩ પોસ્ટેજ ખર્ચના. |
| | ૨૨૨-૧૨-૩ |
| ૧૦—૬-૯ | શ્રી મીટિંગ ખાતે ઉધાર. |
| | ૫-૦-૦ ડો. શાહના અવસાનની દીલગીરી દર્શાવવા હીરાબાગમાં સભા ભરી તેના ભાડાના. |
| | ૫-૬-૯ મહાવીરજયંતિના મેળાવડાના હીરાબાગના |
| ૬—૫-૯ | શ્રી ખર્ચ ખાતે ઉધાર. પરચુરણ ખર્ચના. |
| ૯૬૮-૧૧-૦ | ધી બેન્ક ઓફ ઇન્ડિઆ લી૦ ખાતે ઉધાર. |
| | ૧૨૦૮-૩-૯ |
| ૦—૪-૩ | શ્રી પુરાંત બાકી. |
| | ૧૨૦૮-૮-૦ |

## સરવૈયું.

**જ**

| | |
|---|---|
| ૧૧૬૦-૧૩-૦ | શ્રી ભેટ ખાતે જમે |
| ૨-૧૨-૦ | શ્રી સભ્યોના લવાજમ ખાતે જમે |
| ૪૨-૧૨-૦ | શાહ મણિલાલ મહોકમચંદ ખાતે જમે |
| ૨—૩-૦ | શ્રી પ્રબુધ્ધ જૈન ખાતે જમે |
| ૧૨૦૮-૮-૦ | |

**ઉ**

| | |
|---|---|
| ૯૬૮-૧૧-૦ | ધી બેન્ક ઓફ ઇન્ડિઆ લી૦ ખાતે ઉધાર |
| ૧૦—૬-૯ | શ્રી મીટિંગ ખાતે ઉધાર |
| ૨૨૨-૧૨-૩ | શ્રી પ્રચાર ખાતે ઉધાર |
| ૬—૫-૯ | શ્રી ખર્ચ ખાતે ઉધાર |
| ૧૨૦૮-૩-૯ | |
| ૦—૪-૩ | શ્રી પુરાંત બાકી. |
| ૧૨૦૮-૮-૦ | |

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

પુસ્તકાલયોની આવશ્યકતા. (૨)
Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક તેરમો
સોમવાર તા. ૧-૨-૩૭.

## જૈન યુવક જનતાને નમ્ર નિવેદન.

### સુજ્ઞ જૈન યુવક બંધુઓ તથા બહેનો.

આપ સર્વ જાણો છો કે નવી પ્રાન્તિક ધારાસભાની ચુંટણી થોડા વખતમાં થવાની છે તેમાં આપણી રાષ્ટ્રીય મહાસભા તરફથી ભિન્ન ભિન્ન મતદાર વિભાગોમાંથી ચોકકસ ઉમેદવારો બહાર પાડવામાં આવ્યા છે. આ ઉમેદવારોની હરિફાઈમાં બીજા પણ કેટલાક ઉમેદવારો બહાર પડયા છે અને તેઓ આપણી સમાજમાં ઠીક ઠીક લાગવગ ધરાવતા હોય છે. આપણા દેશમાં રાષ્ટ્રીય મહાસભા એક જ એવી સંસ્થા છે કે જેનું અંતિમ ધ્યેય પ્રજાને સાચું સ્વરાજ્ય પ્રાપ્ત કરાવવાનું છે અને સર્વ વર્ગોની સાચી પ્રતિનિધિ છે. કહેવાતું નવું રાજ્ય બંધારણ આપણને સ્વરાજ્યને માર્ગે આગળ લઇ જવાને બદલે પાછળ ધકકેલે છે અને આપણી પરાધીનતાની બેડીઓને વધારે મજબુત બનાવે છે એ વિષે હવે બેમત રહ્યા નથી. આ બંધારણનો જેમ બને તેમ જલ્દીથી અંત લાવવો અને સમસ્ત દેશનું સાચું પ્રજા પ્રતિનિધિ મંડળ ઉભું કરીને તે મારફત દેશની પરિસ્થિતિને અનુકુળ રાજ્યબંધારણ ઉપસ્થિત કરવું એવા આશયથી આ વખતે રાષ્ટ્રીય મહાસભાએ પોતાના ઉમેદવારોને આવતી ચુંટણીમાં બહાર પાડયા છે. આ ઉમેદવારોને સખ્ત હરિફાઇ સામે કામ કરવાનું છે. આપણી પરિષદના ઠરાવ અને ધ્યેય અનુસાર આ ઉમેદવારોને ચુંટણીના કાર્યમાં બને તેટલી મદદ કરવી દરેક જૈન યુવક બંધુ તથા બહેનની ખાસ ફરજ બને છે. એવો કોઇ પણ જૈન યુવક હોઇ ન શકે કે જેને દેશની આઝાદી પ્રિય ન હોય અને જે દેશની આઝાદી આગળ સર્વ કોઈ સ્વાર્થોને ગૌણ સમજતો ન હોય. આપણી રાષ્ટ્રીય મહાસભાએ બહાર પાડેલ દરેકે દરેક ઉમેદવાર ચુંટાય અને જે કાર્યક્રમ આજે રાષ્ટ્રીય મહાસભાએ પ્રજા સમક્ષ મૂકયો છે તે પાર પડે એવું પરિણામ લાવવામાં બને તેટલા મદદરૂપ બનવા સમસ્ત જૈન યુવક જનતાને મારી આગ્રહ પૂર્વક વિનંતિ છે. આ મદદ નીચેની રીતે થઈ શકે છે.

(૧) પોતાને મળતા મતો તેમજ પોતાની લાગવગવાળા મતદારોના મતો માત્ર રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવારોને જ મળવા જોઇએ.

(૨) રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવારોને લગતી પ્રચાર સભાઓ યોજવી જોઇએ અને આવી પ્રચાર સભાઓ જ્યાં યોજાતી હોય ત્યાં બને તેટલો સહકાર આપવો જોઇએ.

(૩) ચુંટણીનું કાર્ય આર્થિક મદદની સારા પ્રમાણમાં અપેક્ષા રાખે છે. રાષ્ટ્રીય મહાસભાનો ઉમેદવાર અપેક્ષિત દ્રવ્યના અભાવે ઉડી ન જાય એ ખાતર જોઇતું દ્રવ્ય મેળવી આપવાની દિશાએ બને તેટલો પ્રયત્ન કરવો જોઇએ.

મને આશા છે કે મારી પ્રત્યે જૈન યુવક જનતાએ જે અસાધારણ સદ્‌ભાવ અને આદરભાવ દર્શાવ્યો છે તેને આગામી ચુંટણીના જંગમાં રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવારોને બને તેટલા મદદરૂપ બનીને તેઓ સાચું વ્યવહારૂ સ્વરૂપ આપશે અને દેશની આઝાદીના જંગમાં જૈનસમાજ પુરોગામી છે એમ જરૂર પુરવાર કરી આપશે.

લે૦ પરમાનંદ કુંવરજી
પ્રમુખ–શ્રી જૈન યુવક પરિષદ.

# તરુણ જૈન.

તા. ૧-૨-૩૭

## પુસ્તકાલયોની આવશ્યકતા.

(૨)

કોઇ કોઈ જગ્યાએ વાંચનાલયો હોય છે પરંતુ એના કાર્યવાહકો ઘણીવેળા આદર્શહિન હોય છે એટલે પ્રજા પાસે તન્દુરસ્ત વાંચન પ્હોંચતું નથી. સંસ્કાર ઘડાય અને જીવન વિકાસ સુલભ બને એવા વાંચનને બદલે સંસ્કાર વેડફે અને જીવનમાં કશાય ઉપયોગનું ના બને એવું વાંચન પ્રસરતું જાય છે. આવા સંજોગોમાં આપણા યુવક મંડળો આ કાર્ય સેવા ભાવે ઉપાડી લે તો જનતાને નિરોગી વાંચન પુરૂ પાડીને સેવા સાધી શકાય.

ગઇ યુવક પરિષદે એ વેળાની વિષય વિચારીણી સમિતિ માંના એક લડાયક સુરની ઉપરવટ થઈ એક રચનાત્મક ઠરાવ પસાર કર્યો હતો. જુવાનોની લડાયક વૃત્તિને સુમેળ ન્હોતો એમ એ ઠરાવ પરત્વે એક મત હતો અને આજે સાવ નિષ્ક્રીય પરિષદ એ ઠરાવની દિશામાં રહી છે એજ એની બીન જરૂરીઆત સિદ્ધ કરે છે. પરંતુ રચનાત્મક કાર્ય કંઇએ નજ કરી શકીએ એ આપણે માટે દુઃખની વાત છે. વાંચનાલયોના ઉત્પાદનમાં આપણે શકિત ખરચીએ તો એળે નહિ જાય.

વળી પરિષદને આપણે કાયમી સ્વરૂપ આપવાનું ધાર્યું છે. ત્યારે તો એની જોડે જોડાતા મંડળો વચ્ચે કાર્ય દોરતી ગુંથણી થાય અને પરસ્પર મંડળો સંગઠિત રહે એ માટે પણ કંઈક વ્યવહારૂ કાર્યક્રમ યોજવો રહ્યો છે. પરિષદ સાથે જોડાનાર મંડળોના ચાલકો લાભાલાભની ગણત્રી કરતા હોય છે. પરિષદ સાથે જોડાવાથી, એનું લવાજમ ભર્યા કરવાથી સ્થાનિક મંડળોને લાભ શો એ એક એમનો પ્રશ્ન છે. ભાવના માત્રથી નહિ પણ નક્કર હકિકતના રૂપે આ પ્રશ્નનો જવાબ આપવો જોઇએ.

ગતાંકમાં અમે જણાવ્યું હતું તેમ વાર્ષિક પચ્ચાસ રૂપીયાના ખર્ચે એક વાંચનાલય શરૂ કરી શકાય. આ માટે સ્થાનિક મંડળો પોતપોતાના પ્રદેશમાંથી વાર્ષિક મદદનાં વચન મેળવે અને પરિષદના ભંડોળમાંથી જ્યાં જ્યાં યુવક મંડળોના હસ્તક વાંચનાલયો ચાલતા હોય ત્યાં ત્યાં વાર્ષિક ચોકકસ રકમની મદદ આપવામાં આવે. સેવા ભાવે જ્ઞાનની આવી પરબો મંડાતી હોય તો જ્ઞાનદાન દેવા ઇચ્છતા સજ્જનો જરૂર મળી આવશે. આમ પોત પોતાના ક્ષેત્રની વધતી જતી જ્ઞાન ભૂખ જૈન યુવક મંડળો દ્વારા સંતોષી શકાય.

પરિષદ પોતાના ચાલુ ફંડમાંથી આજે આ યોજના ન નભાવી શકે એમ હોય તો આ અંગે એક નવુંજ ફંડ ઉભું કરવામાં પરિષદને જરાય મુશ્કેલી નહિ પડે.

પરિષદનું જે મુખ્ય કાર્ય પ્રચારનું ને સમાજને ધાર્મિક સુધારણાનું છે તે પણ આવા વાંચનાલયોદ્વારા સ્હેજે સિદ્ધ થઇ શકે. વાંચનાલયોની મુલાકાતે આવતા સજ્જનોમાંથી એક એવો વર્ગ પણ મળી આવે કે જે પરિષદના કાર્યોમાં સક્રિય રસ લ્યે.

આર્યસમાજે પ્રસર્યો આવા વાંચનાલયો-ગુરૂકુળોદ્વારા અને જ્ઞાનની નિકોદ્વારાજ નવા મતો પ્રચારી શકાય છે. કે જુનવણી સડાઓનો વિધ્વંસ પોકારી શકાય. આ દૃષ્ટિએ પરિષદે આ પ્રવૃત્તિ ઉપાડવી જોઇએ.

પરિષદ સાથે જોડાનારા મંડળોને પણ પરિષદ સાથે જોડાવામાં આથી લાભ થશે. પોતાને ગામે, સાર્વજનિક કે મંડળના લાભાર્થે એ મંડળ પરિષદની સહાયથી એક વાંચનાલય ઉભું કરી શકશે. અને વાંચનાલયની દરરોજની જરૂરીઆતને લીધે વારંવાર યુવાનો મળતા રહેશે. વિચારોની આપલે થયા કરશે. અને એ વાટાઘાટો, એ સજીવતા નવા પ્રશ્નોને નવા વિકાસની શોધમાં આથડતાં જશે ને જે મેળવશે ત્હેથી પોતાના ક્ષેત્રને નવપલ્લવિત કર્યા કરશે.

પરિષદના ચાલકો આવી યોજના પાડી લ્યે તો વિચાર પ્રચારનું એક સરસ ક્ષેત્ર આપણે મેળવ્યું મનાશે. અને એ દ્વારા લોકોની શક્તિ વિકસાવીને, સારાસાર એમને સમજતા કરીને આપણે પરલોકની ભ્રામક જાળ, સાધુઓની સ્વાર્થ લીલામાંથી એમને ઉગારી શકીશું.

## ત્હમે ઓળખો છો?

### રૂડોલ્ફ વેલેન્ટીનો

રૂડોલ્ફ વેલેન્ટીનો વીસમી સદીનો સૌથી મહાન એકટર અને અદભૂત પ્રેમી મનાતો, જન્મે ઈટાલીયન હતો અને અમેરિકાનો નાગરીક બન્યો હતો. ઈ. સ. ૧૮૯૫ ના મેની છઠ્ઠી તારીખે ઈટલીમાં એનો જન્મ થયો. એ અઢાર વર્ષની ઉમ્મરે અમેરિકા આવ્યો ત્રેવીશ વર્ષની વયે એ સિનેમાં કંપનીમાં એકટર બન્યો. 'ચાર ઘોડેસ્વાર'માં એણે પ્હેલું કામ કર્યું અને દુનિયાના સરસ એકટર તરીકેની કીર્તિ એણે મેળવી. એ પછી એણે ઉપરા ઉપરી નામના મેળવી અને સિનેમા શોખીન સ્ત્રીઓનો એ લાડકો 'કામદેવ મનાવા લાગ્યો. એના પ્રેમાભિનયથી આકર્ષાઇ હજારો સ્ત્રીઓ એને પ્રેમપત્રો લખતી. દરરોજ એને સરેરાશ ચાર હજાર પત્રો મળતા. 'સર્પ' 'ગુરૂ' એના સરસ પીકચર ગણાય છે. ૩૧ વર્ષની ઉંમ્મરે ૨૩ મી ઓગસ્ટ ૧૯૨૬ માં એ માંદગી ભોગવી મૃત્યુ પામ્યો ત્યારે હજારો સ્ત્રી-પુરૂષોએ એની સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો. સિનેમા જગતમાં એનું સ્થાન હજુ ખાલી જણાય છે, અને યુરપની સિનેમા શોખીન સ્ત્રીઓના ઘરમાં હજૂ આ વીસમી સદીના 'કામદેવ'ની તસ્વીરો દેખા દે છે.

# જૈન સંસ્કૃતિ.

લેખકઃ—
ચીમનલાલ દ, શાહ

( ગતાંકથી શરૂ )

આજે તો જરા વાંચતા, લખતાં અને બોલતાં આવડે, સાચાં ખોટાં દ્દષ્ટાંતો કે દલીલો આપતાં આવડે, વાક્પટુ હોય તે વકતા કે ઉપ–દેષ્ટા બની શકે છે. જરા વધારે હોંશિયારી હોય તો તે પૂજનીય પણ બને છે, આટલું બસ નથી. ઉપરછલ્લાં જ્ઞાનવાળા, ઉછાંછળી વૃત્તિઓવાળાં, જરૂરી ગુણોનો અભાવ છતાં, પુરેપુરી કસોટી અને ગુણ વિકાસ વિના અનેક પ્રકારના બિરુદોથી શણગારાવાનો આપણને મોહ લાગ્યો છે. કોઇ વકતા ન બની શકે તો લેખક બનવાનો તેને અભરખો રહે છે. અને તે પૂરો પણ કરે છે. આમાં ઘણી ખરી બાબતોમાં પ્રામાણિકતાને પણ સ્થાન હોતું નથી. લેખક તરીકે ગમે તે હોય છતાં કોઇ બીજાનું જ નામ લેખક તરીકે બિરાજતું આપણે અનેક પ્રસંગે જોઇએ છીએ. આ બધાં આપણાં લક્ષણો આપણે કયાં ઉતરી પડયા છીએ અને આપણા જીવનમાં સત્યનુ સ્થાન કયાં રહ્યું છે તે શોધવા માટે પ્રયત્નશીલ બનવા વિચાર કરવા પ્રેરે તેવા છે.

આપણો ઇતિહાસ ઉપર મુજબ હોવા છતાં તેમાં કેટલાંક ઉજ્જવળ પ્રસંગો પણ છે અને તે વડે તે અધિક પ્રતિભાવંત છે. આજે પણ આપણે માત્ર આટલે સુધી સરકયા છીએ અને વધુ સરકયા નથી તે તેમનો પ્રભાવ છે. જુદા જુદા પ્રસંગે જુદા જુદા યુગ દૃષ્ટા આપણને મળ્યા છે અને તેમણે આપણને સમયોચિત ફેરફાર કરી યોગ્ય રાહે મૂકયા છે. તેમણે પોતાની શકિત અને પુરૂષાર્થ આત્મિક ગુણની ઓળખ અને તેના વિકાસ અર્થે વાપર્યાં છે. જૈન સંસ્કૃતિના હાર્દ સમા ગુણો–આત્મિક બળ પર અખૂટ શ્રદ્ધા, સમભાવ –આત્માનંદી સ્વભાવ, સ્વાશ્રય, વિશ્વબંધુત્વ આદિ તત્વો પ્રજા સન્મુખ મૂકવા તેમણે પ્રયાસો કર્યા છે. આવા મહાન પુરૂષોનાં નામો, તેમનાં જીવન, તેમના ગુણો આદિ અને તેનો ઇતિહાસ જે પ્રકારે જાળવાવો જોઇએ, જે પ્રકારે જનતા સમક્ષ રજુ થવો જોઇએ, જે આદર્શ તરીકે નિત્ય આપણી સન્મુખ તરવરવો જોઇએ, તેમ કાંઇ બન્યું નથી. અને તેજ આપણું દુર્ભાગ્ય છે.

એક સમય એવો હતો કે જ્યારે અન્ય દર્શનીઓના હુમલા સામે ટકવા અડગ ઐકય જાળવતા. આજે આપણે આપસના પક્ષ–ભેદ ટકાવવા તેજ અન્યદર્શનીઓનો સહકાર લેવામાં પણ પ્રસંગે અચકાતા નથી.

આપણા ભૂતકાળનો આ નિષ્કર્ષ, આ ઇતિહાસના રંગે આપણું સાહિત્ય, તત્વજ્ઞાન, શિલ્પ, આચારવિચાર આદિ રંગાયા છે એટલે તે દરેકનો જુદો ઇતિહાસ આપવાની આવશ્યકતા રહેતી નથી.

આત્મ વિકાસ માટે જે શ્રદ્ધા અને આત્મબળ જરૂરી છે તે કાલે હતાં અને આજે નથી તેમ પણ નથી, પરંતુ આજે આપણા વિકાસ માટેની સામગ્રી હોવા છતાં વિકાર માટેની વિપુલ સામગ્રી આપણી સન્મુખ હોવાથી આપણે પડતા જઇએ છીએ. ટૂંકમાં કહું તો આપણે આપણા સમય અને શકિતનો સદુપયોગ કરી જે ગુણ વૃદ્ધિ કરતા તે આજે તેનો દુરૂપયોગ કરી ગુણમાં વિકાર વધારીએ છીએ. આમ જે વિકાસનાં સાધન હતાં તે જ આજે વિકારનાં સાધન બન્યાં છે, અને છતાં પણ આ બધા માટે આપણે આપણી પોતાની જાતને અભિનંદન આપીએ છીએ.

દરેક જણ સમાજનો વિકાસ ઇચ્છે છે તેની તો ના નથી, તે વિકાસ શું તેમાં જ મતભેદ છે. અને તે મતભેદ હોવાથી તેના સાધનો બાબત મતભેદ ચાલ્યા જ કરે છે. કેટલાક શ્રમણસંઘની વૃદ્ધિ, ગૃહસ્થસંઘની વૃધ્ધિ, ચૈત્યોની અને ગુરૂ મંદિરોની વૃધ્ધિ, મૂર્ત્તિ–ઓની વૃદ્ધિ, પ્રતિષ્ઠા અને ઉદ્યાપન તેમજ વરઘોડા અને અષ્ટા-ન્હિકા મહોત્સવ આદિમાં ખૂબ ઠાઠમાઠ અને આડંબર એમાં વિકાસ માને છે. કેટલાક આજની ગૃહસ્થસંઘની પરિસ્થિતિનો વિચાર કરીને ગૃહસ્થ સંઘ ટકી શકે તેનાં સાધનો યોજવામાં વિકાસ માને છે. સાચુ ધ્યેય તો એ હોઇ શકે કે શ્રમણ સાચો શ્રમણ બને, ગૃહસ્થ સાચો ગૃહસ્થ બને, બંને આત્માની અનંત શકિતમાં વધારે ને વધારે શ્રદ્ધા રાખતા બને, સ્વાશ્રયી બને, વિશ્વબંધુત્વની ભાવના અમલમાં મૂકતા બને, સમભાવી બને, અહિંસા આદિ પાંચ વ્રત પ્રામાણિકપણે આચરણમાં જીવી બતાવે, સાચી જૈન સંસ્કૃતિ છે તો આ; બાકી બધાં ખોખાં માત્ર છે. ખોખાંની રચના પાછળ રાચવાથી સાચું નાશ પામતાં ખોખાં જે નાશવંત છે અને નાશ પામવાનાં; પરતુ સંસ્કૃતિનો આત્મા નાશ પામશે તો ટૂંકજ સમયમાં સંસ્કૃતિ પણ દટાઇ જવાની જ છે.

આ રીતે સંસ્કૃતિ અને વિકાસના ધ્યેય બાબત જે મતભેદ -દૃષ્ટિભેદ છે તેનો નિકાલ લાવવાની આવશ્યકતા છે. આનો નિકાલ થયા વિના વિકાસના સાધનોની બાબતોમાં અનેક ગણા ભેદ વધતા રહેશે. સાચું ધ્યેય હાથ લાગી જાય તો સાચાં સાધનો પ્રાપ્ત થવાનાં જ છે. આજ કારણે જો આપણે સાચુ ધ્યેય મેળવવા પ્રયત્ન કરી શકીએ તો બસ છે.

આ વસ્તુ ફરી વધુ સ્પષ્ટ શબ્દોમાં મૂકવામાં આવે તો કહી શકાય કે શ્રમણોની કે ગૃહસ્થોની સંખ્યા વધારવા કરતાં જે શ્રમણો અને ગૃહસ્થો છે તેમને વધુ પ્રામાણિક જીવન જીવી તેમની પવિત્રતા ટકા-વવા અને વધારવામાં જૈનસંસ્કૃતિ છે. આ જૈન સંસ્કૃતિ હશે, ટકી હશે, વિકસી હશે તો આપોઆપ શ્રમણ અને ગૃહસ્થ સંઘ વૃધ્ધિને પામશે. આના વિકાસ સાથેજ તેનાં બાહ્ય સ્વરૂપ એવા આચાર–વિચાર, ઇતિહાસ, તત્વજ્ઞાન, સાહિત્ય અને શિલ્પ આદી ફાલ્યાફુલ્યાં બનશે.

આજનો યુગ શ્રદ્ધા પ્રધાનનો નથી જ્ઞાનપ્રધાનનો આ યુગ છે. આમ છતાં જ્ઞાનપ્રધાન વ્યકિતઓ આપણી આ સંસ્કૃતિથી કેમ ભાગે છે ? જ્ઞાનપ્રધાન વ્યકિતઓને આ સંસ્કૃતિ પ્રતિ કેમ જરા પણ પ્રેમ નથી ઉદ્ભવતો ? આ એક કોયડો છે. કોયડો ઉકેલવા ખૂબ વિચાર અને ઉહાપોહની આવશ્યકતા છે. યુગ પ્રધાન કોઈ હોય યા થાય તો તેના માટે આ કોયડો ઉકેલવાની જવાબદારી છે. જૈન સંસ્કૃતિ તેના વિશાળ અને ભાવ આદર્શમાં જીવી બતાવી જ્ઞાન પ્રધાનવર્ગમાં સાચી જૈન સંસ્કૃતિ પ્રતિ જીજ્ઞાસા ઉત્પન્ન કરી માન ઉત્પન્ન કરવું તે આજના

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૧૦૫ મું. )

# સ્ત્રી અને પુરૂષ વચ્ચેની સમાનતા.

સ્વરાજ્ય અને વાણી સ્વાતંત્ર્ય જેમ જન્મસિદ્ધ હકક છે, તેમ વ્યક્તિગત સ્વાતંત્ર્યનો પણ દરેક માનવીને હકક છે–અધિકાર છે એમ આપણે જાહેર બોલીએ છીએ અને કલમ લઇ કાગળ પર લખીએ પણ છીએ. છતાં પુરૂષ અને સ્ત્રી વ્યક્તિગત કેવા હકકો ભોગવે છે તે આપણે વિચારશું તો દીવા જેવું દેખાઇ આવશે કે પુરૂષ અને સ્ત્રીના હકકોમાં સ્ત્રીઓની વ્યક્તિગત સ્વતંત્રતા પુરૂષની ઇચ્છા ઉપર જ અવલંબે છે: જ્યારે પુરૂષ પૂરેપૂરી વ્યક્તિગત સ્વતંત્રતા ભોગવે છે સાથે ભૂતકાળમાં થએલા પુરૂષોના નામે જે શાસ્ત્રો લખ્યાનું કહેવાય છે તે શાસ્ત્રોને જાણ્યા શિવાય, વાંચ્યા સિવાય, આંધળી શ્રદ્ધાને આગળ કરી, વહેવારની ડાહી ડમરી વાતો કરી, સ્ત્રી જાત ઉપર માલિકી હકકનો દાવો કરતા પણ નથી અચકાતા.

પુરૂષવર્ગના મોટા ભાગનો એવો સ્વભાવ ઘડાઇ ગયો છે કે રાજદ્વારી, ધાર્મિક કે સામાજીક, જ્યાં જ્યાં એની સત્તાના માલિકીના હક્ક હોય ત્યાં ત્યાં એનું રક્ષણ કરવા શામ, દામ ને હામની અનેક તરકીબો ઉભી કરશે, શાસ્ત્રોના ખોટાં ઓઠાં આપશે, લોકાચારની વાતો કરશે, વહેવારનો રદીયો આપશે. એ બધું સ્ત્રી ઉપરની માલિકશાહી કાયમ રાખવાના કાવત્રાં નથી તો બીજું છે શું ?

સ્ત્રી ઉપરની માલિકશાહી એ ભયંકર રોગ છે. એમાં દેશની ને સમાજની પાયમાલી છે એવું સમજતો હોય એટલે સારો દેખાવ કરવા કોઇ કોઇવાર જીભને પણ નચાવે, છતાં અંતરમાં માલિકશાહી છોડવી એને ન ગમે; અને એ મનોવૃત્તિએ લાખો ને કરોડો બહેનોને પડદા રૂપી જેલખાનામાં રૂંધી રાખી છે. કોઇ સમાજે તો માલિકશાહીમાં ધર્મના નામે જીવતી કુટી બાળવાનો ઘાતકી રિવાજ પણ વર્ષો સુધી ચલાવ્યો. આખરે રાજા રામમોહનરાય જેવા ભડવીરે સામનો કરી તે ઘાતકી પ્રથા બંધ કરાવી, છતાં માલિકશાહીનો દોર તો ન જ તૂટ્યો.

આપણી જૈન સમાજમાં જૈન ધર્મના સ્થાપક અને જગતને પાંચ શિલ્પનું જ્ઞાન આપનાર ભગવાન આદિનાથ તેમ જૈન શાસનના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર ભગવાને પોતાના શાસનમાં સ્ત્રી વર્ગની લેશ પણ મહત્તા ઓછી આંકી નથી. કોઈ કોઇ સ્થળે તો વધારે પણ આંકી છે. ટુંકમાં સ્ત્રી અને પુરૂષોના સરખા અધિકારના જ દૃષ્ટાંતો છે. થોડાક દાખલા તપાસીએ;–

–જેમ પુરૂષ તીર્થંકર થઇ શકે છે તેમ સ્ત્રી પણ તીર્થંકર થઇ શકે છે.
–જેમ પુરૂષ સાધુપણામાં કે સંસારીપણામાં મોક્ષે જઇ શકે છે તેમ સ્ત્રી પણ જઇ શકે છે.
–જેમ પ્રભુના શ્રીસંઘમાં શ્રાવક સમુદાયના પુરૂષો આગેવાન; તેવી જ રીતે શ્રાવિકા સમુદાયની શ્રાવિકા આગેવાન.

જે સમાજ સ્ત્રી જાતિનો તીર્થંકર થવા સુધીનો હક્ક સ્વીકારે તે સમાજમાં સ્ત્રી જાતિ સંપૂર્ણ આઝાદ હશે ! તેના ઉપર કોઇની માલિકશાહી નહિ હોય ! અને જો માલિકશાહી હોય તો જરૂર મૂળ આગમોમાં એનો ઉલ્લેખ હોત. પરંતુ જૈનધર્મે તો તેનો ધર્મમાં સમાન હક્કનો સ્વીકાર કર્યો છે પછી સામાજીક રચનામાં તેને સમાન હક્ક હોય જ. એમાં શંકાને સ્થાન જ નથી. છતાં દુઃખની સાથે કહેવું પડે છે કે અન્ય સમાજોની દેખાદેખીથી આપણી સમાજે પણ માલિકશાહીનો દોર જમાવી સમાજના અડધા અંગને પાંગળું બનાવ્યું છે.

જેઓના હક્ક ઉપર બીજાઓ સત્તા જમાવીને બેઠા છે તેઓ પાસે કાકલુદીઓ કરવાથી સમાન હક્ક નથી મળતાં; કે કોઇ બીજાની આશા ઉપર જીવવાથી નથી મળતા, પરંતુ પોતાના જ પગો ઉપર ઉભા રહી જે માગણી કરે છે, જહેમત ઉઠાવે છે, પરિશ્રમ વેઠે છે, અનેક દુઃખ સહન કરે છે અને હક્ક માટે ટટાર ઉભા છે તેણે જ હક્ક મેળવ્યા છે, અને માલિકશાહીને નમતું આપવું પડ્યું છે. ગાઢ નિદ્રામાં નાખેલો સ્ત્રી વર્ગ જાગવા માંડ્યો છે, તેને તેના હકકોનું ભાન થવા માંડ્યું છે. છતાં બીજાની દેખાદેખીથી ખોટા રસ્તે ચડેલો પુરૂષવર્ગ સમાનહક્કની વાત થતાં એનું મ્હોં દીવેલ પીધા જેવું થઇ જાય છે; સાથે અનેક કલ્પનાઓના ઘોડા દોડાવે છે.

આપણા સમાજમાં જ્યારથી નજીવી વાતોમાં હુંસાતુંસી દાખલ થઈ મતભેદો પેઠા, જ્ઞાતિઓ ને ઘોળોનાં મંડાણ મંડાયા, પુરૂષોએ એક હથ્થુ કાયદા ઘડ્યા ત્યારથી કે આજ દિન સુધી પ્રણાલિકાને રીતરિવાજોના બ્હાના નીચે સ્ત્રીઓનો વિકાસ સદા માટે દબાવી રાખ્યો છે; અને કોઇ કોઇ સ્થળે તો સ્ત્રીઓને પોતાના કુટુંબોની બહાર હરવા ફરવા દેવામાં પણ આવતી નથી, સ્વતંત્ર હવાથી બચાવવા જેલખાના રૂપી ઓઝલ પડદામાં પૂરી રાખવામાં આવે છે. જો એ ઓઝલ પડદારૂપી જેલની દિવાલ ખસેડવામાં આવે અને એ માતાઓ દુનિયાની અવનવિ પ્રગતિ અને ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓમાં રસ લે તો સમાન હકક સમજે ને માગણી કરે ને ?

સંસારરૂપી રથના બે ચક્રોમાં સ્ત્રી અને પુરૂષ સરખા હકકદાર ન હોય, માલિક ને ચાકરની સ્થિતિમાં હોય તો એ રથમાં બેઠેલાની શી સ્થિતિ ? પુરૂષના જીવનભરનો જે સ્ત્રી સાથી છે તેને સામાજીક, આર્થિક કે રાજદ્વારી પ્રશ્નોથી દૂર રાખી, રસોડાની રસોયણ તરીકે, બાળકો ઉત્પન્ન કરવાના મશીન તરીકે કે સમાજમાં પોતાની ઇજ્જતનો વધારો કરવા જર–ઝવેરાત, સોના ચાંદી ને લુગડાં લત્તાથી શણગારેલી પૂતળી તરીકે તેને રાખવામાં સમાજની પ્રગતિ છે ?

માલિકશાહીના માનસેજ કુમાર અને કુમારિકામાં કેળવણીના ભેદભાવ રાખ્યા છે, એ ભેદભાવના લીધે સ્ત્રીઓને અજ્ઞાન રૂપી

(5)



અંધકારમાં રાખવામાં આવે ત્યારે એવી અભણ, ડરપોક, ડગલે ને પગલે વ્હેમ અને રીતરિવાજોથી ભડકતી માતાના ખોળામાં ઉછળતાં બાળકો માટે મોટી મોટી આશાઓ બાંધવી નકામી છે. દુનિયાના મહાન શિક્ષણકારોનું માનવું છે કે બાળકોના મોટામાં મોટા ગુરૂ તેની માતા છે એટલે તેને ઘરની ચાર દિવાલોમાં પૂરી રાખવા કરતાં આઝાદ હશે, અશિક્ષિત કરતા શિક્ષિત હશે તો જ ગુરૂ તરીકે પોતાની ફરજ બરાબર બજાવશે અને પુરૂષોની હારોહાર ખભો મિલાવી દેશ ને સમાજની ઉન્નતિમાં સાથ આપશે. બાકી તેની સ્વતંત્રતા વિના ઉન્નતિ–પ્રગતિ દૂરની દૂર જ રહેવાની. દરેક દેશની ને સમાજની સુધારણા સ્ત્રીઓના સાથ વિના થઇ શકવી અસંભવિત છે. ટર્કી ને રશિયાની મુકિત મેળવવામાં સ્ત્રીઓએ મહત્વના પાઠ ભજવ્યા છે. એ સૌ જાણે છે છતાં સ્ત્રી કેળવણી અંગે આપણો પક્ષપાત, બેદરકારી ને મૂર્ખાઇ ભરેલી દલીલો કયાં અજાણી છે ?

પુરૂષ અને સ્ત્રીઓના હકકોમાં આપણે ભેદભાવ રાખતા હોવાથી આપણે આપણી જાતને તેનાથી વધારે લાયક સમજીએ છીએ, સમાજનું સુકાન આપણા હાથમાં હોવાથી ન્યાયનું ચેળીઉં પુરૂષ માટે વધારે નમતું રહે છે, જયારે સ્ત્રીઓ માટે ઇન્સાફ તો બાજુએ રહ્યો. પણ આર્થિક, સામાજીક ને રાજદ્વારી પ્રશ્નોમાં સરખા હકકની માગણી થાય છે ત્યારે આપણે એની કોમળતા, એનું શરીર બંધારણ, બિન આવડત, કમ અક્કલ, ભીરૂતા વિગેરે દોષારોપણ કરી એને નિંદીએ છીએ. એ નિંદનારાઓ ભૂતકાળ તરફ દૃષ્ટિ ફેરવશે તો એને સમજાશે કે સ્ત્રીઓએ આંટીઘુંટીના રાજતંત્રો ચલાવ્યાં છે, અનેક ભલભલા મૂછાળા રાજવીઓને–સેનાપતિઓને રણમાં હંફાવ્યા છે, અનેક શિલ્પ ને સાહિત્યમાં યશ પ્રાપ્ત કર્યા છે. અને વર્તમાનકાળમાં તો યુરોપ ને અમેરિકામાં સ્ત્રીઓ પુરૂષ સમોવડી જ ગણાય છે. તેના દાખલા દલીલ ટાંકવા જતાં લેખ લાંબો થવાની ધાસ્તીએ ફકત સોવિયેટ રાજ્યમાં સ્ત્રીઓની થયેલ પ્રગતિના થોડાક આંકડા જોશુ તો ત્યાં ઉદ્યોગખાતામાં ૬૬૦૦૦થી વધારે ઇજનેરો છે, ડોકટરી લાઇનમાં ૪૨૦૦૦ હજાર એટલે ૫૦ ટકા, પ્રાથમિક શાળાઓમાં શિક્ષિકા તરીકે ૯૦ ટકા, માધ્યમિકશાળામાં ૫૯ ટકા ને યુનિવર્સિટિઓમાં ૩૮ ટકા શિક્ષક તરીકે, ૨૦૦૦૦ વિમાની શિક્ષણમાં, ૪૬૦૦૦૦ લશ્કરી તાલીમમાં, આ સિવાય તત્ત્વજ્ઞાન, વિજ્ઞાનિક જ્ઞાન, સાહિત્ય, કળા વિગેરે જ્ઞાનમાં સેંકડો સ્ત્રીઓ અગ્રસ્થાન ભોગવે છે, સાથે રાજકીય જીવનમાં પુરૂષ જેટલા જ અધિકાર ભોગવે છે, ને આપણા ભારતવર્ષમાં અનેક રીત રીવાજો ને પ્રણાલિકાઓના બંધનથી સ્ત્રીઓને જકડી લેવામાં આવી છે. છતાં કોઈ કોઇ સ્થળે શિક્ષણક્ષેત્રમાં, કોલેજોના પ્રોફેસરો તરીકે, સ્કુલોના પ્રિન્સિપાલ તરીકે, વિજ્ઞાનમાં ઉંચી પદવી મેળવનાર તરીકે, ફીલ્સુફીમાં નિષ્ણાત અધ્યાપિકાઓ તરીકે આગળ આવીને બુદ્ધિનો પડઘો બતાવ્યો છે અને નિર્ભયતામાં બહુ દુર જવા કરતાં પૂજ્ય મહાત્માજીની સરદારી નીચે ભારત આઝાદીના અહિંસક યુધ્ધમાં લાઠીનો માર ખાવામાં, જેલના દુઃખો સહન કરવામાં ઓછું શૌર્ય નથી બતાવ્યું.

આ ઉપરથી કોમળતા, બીન આવડત, કમઅક્કલ, ભીરૂતા વિગેરે દોષો જોનાર ને મૂકનાર સમજે કે પુરૂષ કરતાં સ્ત્રી લગારે ઉતરતી નથી પરંતુ સમોવડી–ચડીઆતી છે. એટલે સરખા હક્કની અધિકારી છે. જ્યાં છુટછાટ જેવું હોય જ નહિ, સામાજીક પ્રગતિમાં સ્ત્રીઓના હક્કને પુરૂષોએ છીનવી લઇ સ્ત્રી જાતને દબાયેલી રાખી છે. તેના હક્કોની લુંટ કરી છે.

જેઓ પોતાની બુદ્ધિ ને વિચારશકિત ઉપર મદાર બાંધવા કરતાં બીજાની જ દોરવણી ઉપર દોરવાય છે. પ્રણાલિકા ને રૂઢિ બંધનોના જ હિમાયતી છે તેવાઓ સમાનહક્ક કે કોઈ પણ સુધારાની વાત સાંભળતાં સ્પષ્ટ ના સુણાવે છે એટલે તેને માટે શું કહેવાનું હોય ! પણ જેઓ સુધારક તરીકે ખપવામાં માન સમજે છે તેવાઓ પણ જ્યારે કોઈ સમાન હક્કની ઘોષણા કરે કે ઠરાવ થતો સાંભળે ત્યારે થરથરી ઉઠે છે અને જાણે પોતાનું સર્વસ્વ લુંટાઇ ન જતું હોય, તેમ વગર વિચારે અનેક બખાળા કાઢી પોતાની બુદ્ધિનું પ્રદર્શન ભરી સુધારક તરીકેનો તેમનો દંભ ખૂલ્લો કરે છે. આવા દુધ દહીયાઓ–સગવડપંથીઓ બિચારા દયાને પાત્ર છે.

બીજાની મોરલીએ થનથનાટ કરનારા હોય કે દુધદહીઆ હોય, સૌને સમજી લેવાની જરૂર છે કે આપણે સ્ત્રીજાતની અજ્ઞાનતાનો લાભ લઈ માલિકશાહીનો દોર ચલાવ્યો છે–ચલાવી રહ્યા છીએ તે દોરદમામ છોડી દઇ તેમને સમાન માની, તેમની તમામ શકિતઓ ખીલવવા માટે દરેક સાધનો ઉભાં કરી તેમને આગળ વધવા દઇશું ત્યારે જ આપણો વિકાસ અને ઉન્નતિ થશે.

---

('જૈન સંસ્કૃતિ' પૃષ્ઠ ૧૦૩ નું ચાલુ)

યા ભાવિ યુગપ્રધાનનું લક્ષ્ય બનશે. અને તે પ્રમાણે એકાદ સૈકામાં ન બને તો જૈન સંસ્કૃતિનાં ઉતરતાં પાણી છે તે પણ તેટલું જ ચોકકસ છે.

આપણી પ્રાચીન સંસ્કૃતિનાં માત્ર ગુણગાન કરવાથી, તેની વાહવાહ બોલવાથી અને મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો માત્ર પોપટની માફક પઢવા માત્રથી આપણો ઉદ્ધાર નથી; ઊદ્ધાર તો છે જે સમયવર્તી પરિસ્થિતિ અનુસાર આચાર વિચારમાં જરૂરી ફેરફાર કરી તે મુજબ જીવન જીવી બતાવનારનો; પોતે જે મુજબ ઉપદેશ આપે છે, જે રીતે જીવન ગાળવાની સલાહ આપે છે તે મુજબ પોતે પોતાના જીવનમાં વર્તી શકે છે તેનો, આના માટે નિર્ભયતા અને પ્રાભાવિકતા એ બે ખાસ ગુણ હોવાની આવશ્યતા છે. જે નાયક સમાજથી બ્હીને વર્તશે તેનાથી કાંઇ થવાનું નથી; જે નાયક સમાજને એક વખત તો ઠોકરે મારી પોતાનું ધાર્યું કરી લેશે ત્યારે તેના પગલાંથી જે ઉજળામણ આવશે તેના પ્રતાપે આખો જનસમાજ તેને અનુસરવા પ્રયત્ન કરશે. ભાવિમાં કાંઈ પણ વિજય વરવાનો હોય તો તે આવી નિર્ભય અને પ્રાભાવિક વ્યકિતને જ વરશે.

ઉપરોકત આપણી ભૂત અને વર્તમાન પરિસ્થિનિ પર વિચાર કરી યોગ્ય રાહ લેવાની ગૃહસ્થ અને શ્રમણસંઘ તૈયારી કરે તો આપણો ઉત્કર્ષ તેટલો વહેલો આવી શકે; તેમ ન બને તો જે ઉત્કર્ષ કરવા આવશે તેને પણ તેટલી પ્રાથમિક તૈયારી કરી માર્ગ સાફ કરવાનો રહેશે અને ત્યારબાદ તે પર નવીન રચના કરી શકશે. સમાજ આ વસ્તુ સારી પેઠે વિચારી લે.

—સંપૂર્ણ.

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– **ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

ગતાંકથી ચાલુ.

**પિટ્સબર્ગને દાન.**

ત્યારપછી પિટ્સબર્ગ શહેરની માગણી ઉપરથી તે શહેરમાં પણ એક લાયબ્રેરી બાંધી આપવામાં આવી. અને પાછળથી તે શહેર માટે 'સંગ્રહસ્થાન' ચિત્રસંગ્રહસ્થાન' 'ઔદ્યોગિક શાળાઓ' અને જુવાન સ્ત્રીઓ માટે 'માર્ગારેટ મોરીસન સ્કુલ' એ બધી સંસ્થાઓના મકાનો બંધાવી તેને ઇ. સ. ૧૮૯૫ ના નવેમ્બર માસની ૫ મી તારીખે ખૂલ્લાં મૂકયાં, અને એ મકાનો પાછળ કાર્નેગીએ બે કરોડ એંશીલાખ ડોલરનો ખર્ચ કર્યો. કાર્નેગી માનતો કે જે શહેરમાં રહીને હું તવંગર થયો તે શહેરે મને આપેલી મીલ્કતનો આ નાનકડો ભાગ જ હતો.

**કાર્નેગી ઇન્સ્ટીટ્યુટ.**

ત્યારબાદ ઈ. સ. ૧૯૦૨ના જાન્યુઆરીની ૨૮ મી તારીખે પ્રે૦ રૂઝવેલ્ટની સલાહ મુજબ; 'કાર્નેગી ઇન્સ્ટીટ્યુટ' સ્થાપવાને પાંચ ટકાના વ્યાજવાળા એક કરોડ ડોલરના બોન્ડ તેણે અર્પણ કર્યા. આ ઇન્સ્ટીટ્યુટના ચેરમેન તરીકે પરદેશખાતાના પ્રધાન મી. જોન-હેને થવાનું કબુલ કર્યું અને તેની સુવ્યવસ્થાની ખાતરી તેને થતાં બીજાં દોઢ કરોડ ડોલર આપી એ બક્ષીસ અઢીકરોડ ડોલરની કરી આપી. ઇ. સ, ૧૯૦૪ના એપ્રીલની ૨૮ મી તારીખે આ સંસ્થાનું કામ શરૂ થયું. આ સંસ્થાનો ઉદ્દેશ એવો હતો કે–શોધખોળના કાર્યને, નવી શોધો કરનારને, તેમ જ પ્રાપ્ત જ્ઞાનનો મનુષ્યમાત્રની સ્થિતિ સુધારવાના કામમાં ઉપયોગમાં લેવાના કાર્યને, વિશાળ દૃષ્ટિથી ઉદારતા પૂર્વક ઉત્તેજન આપવું. વિજ્ઞાન, સાહિત્ય અને કળાના પ્રત્યેક પ્રદેશોમાં શોધખોળો કરાવવી, અને તેને દરેક રીતની મદદો આપવી. આ સંસ્થા તરફથી થતા કામકાજોમાં દરિયાના માર્ગો દરિયાઇ સાધનોના સંબંધની ઘણી ભૂલો સુધરવા પામી છે. અને તેથી કરીને દરિયામાં મુસાફરી કરતી પ્રજાઓ આ સંસ્થાની ઘણી પ્રશંસા કરે છે. આ સંસ્થાની બક્ષીસના દસ્તાવેજમાં કાર્નેગીએ એક સૂચના કરી છે કે, આપણા પ્રજાસત્તાક રાજ્ય ઉપર જુની દુનિયાનું જે મોટું ઋણ ચઢેલું છે તે કંઇક અંશે પણ ફિટાડી શકાય તો સારૂ. આ તેની સૂચનાઓનો અમલ શરૂ થયો અને ધીરે ધીરે દેશ તે ઋણમાંથી મૂકત થયો.

**હીરો ફંડ.**

એક વખતે પિટ્સબર્ગ પાસેની કોલસાની ખાણમાં ગંભીર અકસ્માત થયો. તે સાંભળી બીજા જરૂરી કામમાં રોકાયેલો કાર્નેગીનો માણસ એ અકસ્માતની જગ્યાએ પોતાના સ્વયંસેવક મિત્રોને લઇ દોડી ગયો અને લોકોના જાન બચાવવાના કામમાં તે લાગી ગયો. આમ કરતાં તેણે અકસ્માતના ભોગ બની પોતાનો જાન ગુમાવ્યો, આ પ્રસંગે કાર્નેગીના હૃદય ઉપર ઉંડી અસર કરી, અને તેણે આવી રીતે પરોપકારનું કાર્ય કરતાં જે જે વીરપુરૂષોએ પોતાના જાન ગુમાવ્યા હોય અથવા શારીરિક નુકશાન વેઠયું હોય તેવા વીર પુરૂષોને ઇનામો આપવા, અથવા તેમના કુટુંબોના ભરણપોષણ માટે વ્યવસ્થા કરી આપવા એક "હીરોફંડ" ઇ. સ. ૧૯૦૪ના એપ્રીલની ૧૫ મી તારીખે સ્થાપવામાં આવ્યું. અને કાર્નેગીએ આ હીરોફંડને પચાસ લાખ ડોલરની બક્ષીસ કરી. આ હીરોફંડનો લાભ દુનિયાના ઘણા ખરા દેશોમાં પહોંચે છે. આ ફંડની પ્રશંસા કરનારો એક પત્ર 'જર્મન શહેનશાહ કૈસર' તરફથી કાર્નેગીને મળ્યો હતો. અને 'નામદાર સાતમા એડવર્ડે' પણ આ ફંડની પ્રસંશા કરનારો એક પત્ર તથા તેની યાદગીરી બતાવવા તેમણે પોતાનો એક ફોટો કાર્નેગીને મોકલી આપ્યો હતો. આ "હીરો ફંડ" હવે તો પેન્સન ફંડનું રૂપ લઇ રહ્યું છે. અને થોડાંજ વર્ષોમાં તે ફંડમાંથી પેન્સન મેળવનારાઓની સંખ્યા ૧૪૩૦ સુધી પહોંચી છે.

આ ફંડના પ્રેસીડેન્ટ તરીકે કાર્નેગીએ પોતાના જુના મિત્ર ચાર્લી ટેલરને પ્રસંદ કર્યો હતો. કારણ એ ઘણો પ્રમાણિક અને નિઃસ્વાર્થ સેવા કરનારો વફાદાર મિત્ર હતો. કાર્નેગીએ આ સિવાય "કાર્નેગી રીલીફ ફંડ" અને 'પિટ્સબર્ગ રેલ્વે રીલીફ ફંડ"નો વહીવટ પણ તેને જ સોંપ્યો હતો.

**લેહિવ યુનિવર્સિટી અને ચાર્લી.**

કાર્નેગી લખે છે કે ચાર્લી હંમેશા મને બીજાના ભલા માટે કાંઇને કાંઇ કરવાનો ઉપદેશ આપતો, પણ તે સામાન્ય સ્થિતિના માણસને પોતાની મહેનત બદલ કંઇક મહેનતાણું લેવાનો જ્યારે હું આગ્રહ કરતો ત્યારે તે નારાજ થતો. એ લેધિવ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ હતો. અને એ યુનિવર્સિટિના ભલા માટે ખુબ મહેનત કરતો. સ્ત્રી યુનિવર્સિટિને એક મકાનની જરૂર હતી. પણ એ માટે હું કાંઈ બોલ્યો નહિ. પરંતુ મેં એક વખત પ્રેસિડેન્ટ ડ્રિન્કરને કાગળ લખ્યો કે, એ યુનિવર્સિટિના મકાનને મારી મરજી મુજબનું નામ આપવાની શરતે મકાન બાંધવા માટે જોઇતાં નાણાં આપવા હું તૈયાર છું. પ્રેસિડેન્ટ ડ્રિન્કરે મારી શરત કબુલ રાખી. એટલે મેં એ મકાનનું નામ "ટેલર હોલ" પાડવાની શરતે તેને જોઇતાં નાણાં આપવાનું કબુલ કર્યું. આ વાતની ચાર્લી ટેલરને જ્યારે ખબર પડી ત્યારે તેણે તે નામ આપવા સામે વાંધો ઉઠાવ્યો. અને મને તેમ ન કરવા માટે ઘણું સમજાવવા લાગ્યો કે હું એક સામાન્ય ગ્રેજ્યુએટ છું. આવા જાહેર માનને પાત્ર હું નથી. એની આવી સ્થિતિ જોઇ મને ઘણી ગમ્મત પડી. અને એ જ્યારે બોલતો બંધ થયો ત્યારે મેં જણાવ્યું કે; ટેલર નામ કંઇ બહુ મહત્વનું નથી. તારી વ્હાલી યુનિવર્સિટિ માટે તારે ટેલર નામનો ભોગ આપવો જોઇએ. આમ ઘણી રીતે સમજાવવા છતાં તે જ્યારે પોતાનું નામ તે સાથે જોડવાને ના કહેવા લાગ્યો ત્યારે મેં છેવટના નિર્ણય તરીકે જણાવ્યું કેઃ આ વાતનો નિર્ણય તારા જ હાથમાં છે. ગમે તો ટેલર નામનો ભોગ આપ ! અથવા લેધિવનો ભોગ આપ ! તારી મરજી પડે તેમ કર. ટેલર નહિ તો હોલ પણ નહિ. છેવટે મેં તેને મહાત્ કર્યો. અને વ્હાલી યુનિવર્સિટી માટે તેણે પોતાનું નામ આપવાનું કબુલ કર્યું. અને મેં કહ્યું કેઃ ભવિષ્યમાં જે મુસાફરો એ હોલ ઉપર નજર નાખશે અને પૂછશે કે ટેલર કોણ છે ? તેને એ હોલ જવાબ આપશે કેઃ ટેલર એ લેધિવનો વ્હાલો પુત્ર હતો. અને જાતભાઇઓની સેવા કરનારો, ઉપદેશ આપનારો ઉપદેશક નહિ પણ તેને અનુરૂપ વર્તન રાખનારો ફીરસ્તો હતો. —ચાલુ.

# આપ જાણો છો ?

—કે શ્રી. સાગરાનંદસૂરિ આપણા જુજવા શાસ્ત્રગ્રમાંના એક છે ને જૈન–જૈનેતર શાસ્ત્રોનો અભ્યાસ વિપુલ છે ?

—કે અહંતાના ગુમાનમાં રા. નેમવિજયે અભ્યાસ જતો કર્યો છે અને શાસ્ત્રો સાથેનો એમનો સંસર્ગ ઓછો થવાથી જ્ઞાન કટાવા લાગ્યું છે ?

કે–ગુજરાત–મુંબઇના જૈનોની યુવક પ્રવૃતિનું પડદા પાછળનું બળ શ્રી. મણિલાલ મહોકમચંદ શાહ છે ?

—કે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ અવધાનના પ્રયોગો શ્રી સંતબાળ પાસેથી શિખ્યા છે ?

—કે લાલા લજપતરાય આર્યસમાજીસ્ટ બન્યા પ્હેલાં જૈન હતા?

—કે પોતાને 'બાળ બ્રહ્મચારી'નું બિરુદ લટકાવતા શ્રી રામવિજયજીનાં ચક્ષુ ચોપાસની કાળી છાંય વિષે શરીરશાસ્ત્રની દષ્ટિએ કૈં જુદુંજ જણાય છે?

—કે આચાર્ય વિજયવલ્લભસૂરિ પણ Chipq' the old block —જૂના વિચારવાળાઓમાંના જ એક છે ?

—કે શ્રી પરમાનંદ કાપડીયા વકિલ બનીને, વકિલાત નહિ કરતા ઝવેરી થયા છે?

—કે 'જૈન'ના અગ્રલેખો અને નોંધો મુખ્યત્વે શ્રી ભીમજીભાઇ સુશિલ લખે છે.

—કે 'His holliness' શાંતિવિજયજી બહુજ તળપદાવર્ગની ઉત્પન્ન છે અને બહુ ઓછું ભણેલા હોઇ કેવળ ચમત્કારોની વાતોથી સેંકડો નર–નારને ભુરકી નાખે છે?

—કે શ્રીમદ્દ રાજચંદ્રજીને ગાંધીજી ગુરૂ માને છે?

—કે સૌમેન્દ્રનાથ ટાગોર જોડે પરણનાર કુ. શ્રીમતી હઠીસિંગ જૈન છે અને જહે કુટુંબે હઠીસિંગના દેહરાં બનાવ્યાં તેજ કુટુંબના એ બ્હેન સરસ નૃત્તિકા પણ છે ?

—કે ઉપવાસ આયંબીલ એકટાણા—આ તમામ શરીર શુધ્ધિ અર્થે અને શરીરપર કાબુ કેળવવા માટેજ જૈન ધર્મમાં મહત્વ પામ્યાં છે?

—કે પ્રતિક્રમણ એ વિશુધ્ધિવાંચ્છુજનની રોજનિશિ લખી ભૂલ સુધારવાની ક્રિયાનુંજ એક જૂનું સ્વરૂપ છે?

—કેGuids [દોરનારા] મટીને આજના સાધુઓ Gardians (વાલી) બન્યા ત્યારથી જ નથી તો પોતે વિકસી શકતા ને નથી કોઇનો વિકાસ કરી શકતા?

—કે જૈનોની આજની સાધ્વી સંસ્થા સાવ નિરૂપયોગી અને દારિદ્રય પ્રચારક જ મનાઇ છે ?

—કે સાધુઓની જમાતમાં સુધારક તરીકેની કૈંયે કીર્તિ કોઇને આપવાની હોય તો એને માટે સૌથી વધુ લાયકાત વિજયધર્મસૂરિના સંઘાડાના સાધુઓ ધરાવે છે ?

# શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ અંગે

## મુંબઇ જૈન યુવક સંઘે નીમેલ સમિતિનું

## વૃતાન્ત.

શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ અંગે કાર્યવાહક સમિતિની સુચનાનુસાર અમો તા. ૧૫–૧૨–૩૬ ના રોજ શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને મળ્યા હતા, તેઓએ શેઠ દેવકરણ મુળજીના ટ્રસ્ટ બાબત અમારી સાથે નિખાલસથી વાત કરી હતી. ટ્રસ્ટનો સં. ૧૯૯૦ સુધીનો ઓડીટ કરેલો હિસાબ હાઇકોર્ટમાં તેઓએ ફાઇલ કરાવ્યો છે. સં. ૧૯૯૧ નો હિસાબ ઓડીટ કરાવ્યો છે. સં. ૧૯૯૨ નો હિસાબ ઓડીટ કરાવવા માટે ઓડીટરને ત્યાં મોકલ્યો છે. તેઓ તરફથી અમને કહેવામાં આવ્યું છે. કે કોઇ પણ જૈનને હિસાબ જોવો હોય તો અમો તેમને બતાવવા અને તેમને જોઇતા ખુલાસા અમોને રૂબરૂમાં મળ્યેથી કરવા તૈયાર છીએ જેથી તેમની શંકાનું નિરાકરણ થઇ શકે:

હિસાબ છપાવી જાહેર પેપરોમાં બહાર પાડવાની અમારી માગણીને તેઓએ એવા કારણસર ના પાડી કે જ્યાં સુધી ટ્રસ્ટનો વહીવટ સંપૂર્ણ ન થાય અને હાલના ટ્રસ્ટીઓ રીટાયર થઇ વીલ મુજબ જુદા જુદા ખાતાના ટ્રસ્ટીઓ નીમી તેને રીતસર સોંપણી ન કરે ત્યાં સુધી હિસાબ છપાવી બહાર પાડવા તેઓ ઇચ્છના નથી કારણ તેઓને એવી સલાહ મળી છે.

વીલમાં જણાવવા મુજબ ઘણા ખાતાઓની રકમો અપાઈ ગઈ છે. રૂા. ૧૫૨૦૦૦) એક લાખ બાવન હજાર આપવાના બાકી છે. દેવકરણ મેન્સનના ભાડાની ચોકખી આવક વાર્ષિક રૂપીયા સાઠ હજાર આશરેની હાલ થાય છે. એ હિસાબે બે વર્ષમાં એટલે સં. ૧૯૯૪ ની સાલ સુધીમાં દેવું અપાઇ જશે એમ ટ્રસ્ટીઓનું માનવું છે. પછી શ્રી મહાવીર જૈન વિદ્યાલય, હોસ્પિટાલ અને સસ્તા ભાડાની ચાલને માટે આપવાની રકમ સામે દેવકરણ મેન્સનના વેચાણની રકમ અથવા ભાડાની રકમ ઉભી રહેશે. એટલે સં. ૧૯૯૪ પછીજ ઉપરની ત્રણે યોજનઓ અમલમાં મૂકાશે. અમને ટ્રસ્ટીઓ તરફથી પ્રેમપૂર્વક સાંભળવામાં આવ્યા હતા અને અમોને સંતોષ ઉપજે તેમ દરેક ખુલાસા કરવામાં આવ્યા હતા. જેને માટે તેમના આભારી છીએ.

અમારી કમીટિને ટ્રસ્ટીઓ સાથે થયેલ વાટાઘાટ ઉપરથી અમને એમ લાગે છે કે સં, ૧૯૯૪ પછી ત્રણે યોજનાઓ અમલમાં મૂકશે તેથી આ બાબત મુલત્વી રાખવાનું વ્યાજબી લાગે છે.

લી૦ સેવકો,

**મણીલાલ એમ. શાહ**
**નાનચંદ શામજી શાહ**
**અમીચંદ ખેમચંદ શાહ**

કમીટિના સભ્યો.

# જૈન જગત્.

**મ્હેસાણાઃ**—અત્રે શ્રી પરમાનંદ પ્રકરણે નવીજ પલટો લીધો છે. અમદાવાદના જુનવાણી ઠરાવને સંઘના નામે અનુમોદન આપવાની શ્રી લક્ષણવિજયજીની ચાલબાજી ખૂલ્લી પડી ગઈ છે, શ્રી પરમાનંદને સંઘ બહાર કરવા થયેલ પ્રયત્નની સ્હામે મી. ભાખરીયા અને બીજા કેટલાક ભાઇઓ થયા હતા. ત્હેના બદલામાં ત્હેમનો પણ સંઘ સાથેનો વ્યવહાર કાપી નાખવાનું જાહેર થયું હતું. શ્રી ભાખરીયા અને બીજાં ભાઇઓએ તેથી અત્રેની ન્યાયાધિશની કોર્ટમાં બદનક્ષી અને ઠગાઇની ફરીયાદ નોંધાવી વારંટ મેળવી જડતીઓ લેતાં કાંઇપણ મળી આવ્યું નથી. એથી એમ જણાય છે કે મહાજનને ચોપડે આ સંબંધી કંઇ લખેલ નહિ હોવાંથી એ લક્ષણવિજયજીના કારસ્થાન હતાં એમ મનાય છે. અને તેથી આ વિષયની જુબાની ન લેવાય ત્યાં સુધી લક્ષણવિજયજી વિહાર ન કરી જાય તે માટે લાયક જામીન લેવરાવ્યા છે. આમ એક સાધુની ખટપટે બહારનો કલેશ ઘરમાં પેઠો છે. લક્ષણવિજયજીએ સમજવું જોઇએ કે આવી રીતે સંઘમાં વિખવાદ ઉભો કરવાથી ત્હેના આસન સલામત નથી. દિન પ્રતિદિન સાધુઓનાં કર્તવ્યથી ત્હેમના તરફથી શ્રદ્ધા ઘટતી જાય છે. ત્હેમાં આ પ્રકરણથી ઉમેરો થાય છે, અને સ્થાનિક સંઘોએ પણ સમજવું ઘટે કે આવા સાધુઓના વર્તનપર અંકુશ મૂકવામાં નહિ આવે તો સંગઠન અને સ્નેહનો નાશ થશે.

**શ્રી મુંબઇ જૈન માંગરોળ સભા**નોઃ—૪૫ મો વાર્ષિકોત્સવ તા. ૯–૧–૩૭ ને શનિવારના બપોરના ૩–૩૦ વાગે અત્રે સર કાવસજી જહાંગીર હોલમાં શ્રીમાનૂ શેઠ મેઘજી સોજપાળના પ્રમુખપદે ઉજવાયો હતો. પ્રારંભમાં શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદે આમંત્રણ પત્રિકા વાંચી કાર્યનો આરંભ કર્યો હતો. ત્યારબાદ ઉપરોકત સભા હસ્તક ચાલતી કન્યાશાળા અને શિક્ષણશાળાની બ્હેનોએ પ્રાર્થના ગીત ગાઇ દાંડીઆરસ લીધા હતા. ત્યારબાદ સંસ્થાના બીજા મંત્રી શ્રી રમણિકલાલ ઝવેરીએ શાળાની વર્તમાન પરિસ્થિતિ પર ઉલ્લેખ કર્યો હતો, ત્યારબાદ શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ અને શ્રી મકનજી જે. મહેતાએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં. શ્રી હીરાકોર બ્હેને પણ સંસ્થાને મદદ કરવા અપીલ કરી હતી. ત્યારબાદ પ્રમુખ શ્રી મેઘજી સોજપાળે પોતાના ભાષણમાં સંસ્થાના કાર્ય બદલ સંતોષ જાહેર કર્યો હતો અને શાળાની બ્હેનને ઇનામો વ્હેંચ્યાં હતાં. શેઠ ધીરજલાલ વાડીલાલ પુનમચંદ તરફથી ઉત્સવમાં સરસ કાર્ય કરનાર કન્યાશાળાની બ્હેનોને ચાંદીના સુંદર ખડીઆની ભેટ આપવામાં આવી હતી. ત્યારબાદ ગરબા, વ્યાયામ આદિ કાર્યક્રમ રજુ કરાયો હતો.

# સ્વ. ડો. નગીનદાસ જગજીવનદાસ શાહ

## સ્મારક ફંડની યોજના.

ડો. નગીનદાસ શાહ સ્મારક ફંડમાં આજસુધી રૂ. ૬૬૭–૮–૦ ની રકમ ભરાઇ છે, જેમાંથી રૂ. ૫૦) તેમનાં બે તૈલ ચિત્રો બનાવવા પાછળ વાપર્યા છે. આ ચિત્રો યોગ્ય સ્થળે મુકાવવા વગેરેમાં જે કાંઇ ખર્ચ કરવો પડે તે ધ્યાનમાં લેતાં અને બીજા આવશ્યક ખર્ચ જતાં, બાકી રૂપીઆ ૬૦૦) આશરે રહેશે તેમ ધારી તેની નીચે મુજબ વ્યવસ્થા કરવા સ્મારક ફંડ સમિતિએ નિર્ણય કર્યો છેઃ—

ડો. નગીનદાસ શાહ સ્મારક ફંડની સીલીક રહેલી રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને, તેમની મેનેજીંગ કમીટી દ્વારા નીચે મુજબ વ્યવસ્થા કરવા સારૂ સોંપવી.

'મજકુર રકમની વ્યાજની રકમ દર વરસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં તેમના અભ્યાસના પરિણામની દ્રષ્ટિએ વાપરવી. વિદ્યાલયમાં રહી અગર વિદ્યાલય દ્વારા મુંબઇ બહાર રહી જુદી જુદી લાઇનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી યુનિવર્સિટીની તેમની છેલ્લી પરીક્ષામાં ઉંચામાં ઉંચા નંબરે ફતેહમંદ નીવડે તેવા વિદ્યાર્થીઓને વારા ફરતી 'ડોકટર નગીનદાસ શાહ પ્રાઇઝ' અથવા 'ડોકટર નગીનદાસ શાહ ચંદ્રક' વિદ્યાર્થીની ઇચ્છા અનુસાર એમ બેમાંથી એક વસ્તુ આપવી અને આ પ્રમાણે વ્યાજની રકમ પ્રતિવરસે આપે જવી.

ફંડની રકમનો ઉપયોગ ઉપરોકત રીતે કરવાનો મુખ્ય આશય એ છે કે વિદ્યાલયનો લાભ લેનાર વિદ્યાર્થીઓ, ડો. નગીનદાસ શાહનો તે સંસ્થા સાથેનો તેમનો વિવિધ ક્ષેત્રોમાં સંબંધ યાદ કરી, તેઓ તે સંસ્થા તથા તેના કાર્ય તરફ સક્રિય હીત ધરાવવાની પ્રેરણા લે.

ડો. નગીનદાસ શાહના જે બે તૈલ ચિત્રો તૈયાર કરાવ્યા છે તેમાંનું એક ચિત્ર શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ડો. નગીનદાસે ૧૯૨૬ થી ૧૯૨૯ સુધી તે સંસ્થાના ઓનરરી સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે જે અનન્ય ભાવથી સેવા બજાવી છે તેની યાદગીરી બદલ વિદ્યાલયને ભેટ આપવું અને એ ચિત્ર વિદ્યાલયના હોલમાં યોગ્ય મેળાવડો કરી મેનેજીંગ કમીટી ખુલ્લું મુકશે. બીજું ચિત્ર ડોકટર નગીનદાસે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપનામાં અને તેને પગભર કરવા જે ખંત અને પ્રશસ્ત પ્રયાસ સેવ્યો છે તેના સ્મરણ ચિન્હ તરીકે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ કરવું અને તે તેઓ યોગ્ય મેળાવડો કરી સંઘની ઓફીસમાં ખુલ્લું મુકશે.

મંત્રીઓ,

**સ્મારક ફંડ સમિતિ.**

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

નવજુવાનોનું કર્તવ્ય. Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ચૌદમો
સોમવાર તા. ૧૫-૨-૩૭.

## મં × થ × ન.

—પરિષદો અને અધિવેશનો વાતાવરણ જરૂર શુદ્ધ કરે છે પરંતુ એ વાતાવરણની પાછળ રચનાત્મક કાર્યક્રમ ન હોય તો ક્ષણિક ચમકારાની માફક નષ્ટ થાય છે.

* * *

—વેશપરિવર્તન કરવાથી સાધુતા આવી જતી નથી. પરંતુ ક્રોધ, મોહ, મમત્વ વગેરે આંતરશત્રુઓને દૂર કરવામાં જ સાચી સાધુતા આવે છે. આવા સાધુઓ હંમેશાં વંદનીય અને પૂજનીય હોય છે.

—જગતમાં ધર્મને નામે માનવીઓની જેટલી કત્લેઆમ ચાલી છે. તેટલી બીજા કોઇ પણ કારણથી કત્લેઆમ થઇ નથી. અને ત્હેમાં મુખ્યભાગ ધર્મગુરૂઓંએ ભજવ્યો છે.

—ભારતવર્ષમાં જેટલા તત્ત્વજ્ઞાનીઓ પાકયા છે તેટલા બીજા કોઇ પણ દેશે ઉત્પન્ન કર્યા નથી અને તેમના આપસના ઘર્ષણના પરિણામ રૂપ અનેક ધર્મો, જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ અને વાડાના સ્વરૂપમાં ભારતવર્ષ વિભકતદશાને પામ્યો છે.

—તલ્વારના બળથી ફેલાતી સંસ્કૃતિ કદિ જનતામાં વ્યાપક ત્હેમ જ કલ્યાણરૂપ થતી નથી. પરંતુ પરસ્પરના આઘાત પ્રત્યાઘાતથી નાશને નોતરે છે.

—'મૂડીવાદ' એ સમાજનો મોટામાં મોટો દુશ્મન છે એમ હવે સિદ્ધ થઇ ચૂકયું છે. જ્યાં જ્યાં મૂડીવાદના પગલાં હશે ત્યાં માનવજાતની ઉન્નતિ અશકય છે.

—'વ્યકિતપૂજા' એ માનવીઓના વિકાસ માટેનો મોટામાં મોટો અંતરાય છે કારણ કે તેમાં વ્યકિતત્વને ભૂલી વ્યકિતની જ પૂજા આચરાય છે.

—આજના યુગમાં પ્રારબ્ધવાદીનું કામ નથી, પરૂષાર્થવાદીઓજ પોતાની પ્રગતિ સાધી શકે છે. કપાળ ઉપર હાથ મકનારાની દશા આજે પશુ કરતાં પણ નપાવટ બની છે.

## પવિત્ર ફરજ.

આ દેશમાં આઝાદીની હવા પેદા કરનાર પોષનાર: અને મુકિતના માર્ગે દેશ-પ્રજા ને દોરવણી આપનાર મહાસભા એ એકજ સંસ્થા છે. તેણે સાધેલી સાધના અને સેવા વિરલ છે. તેનાં ત્યાગ અને તપશ્ચર્યા અજોડ છે. એ જ મહાસભાએ આજે દેશ-પ્રજા સમક્ષ એક પ્રશ્ન મુકયો છે:

ત્હમો શું ચાહો છો: 'આઝાદી કે ગુલામી ?'

મહાસભાને સંપૂર્ણ વિશ્વાસ છે કે દેશ-પ્રજા આઝાદીને ચાહે છે. અને તેથી જ તેણે પ્રાન્તિક સ્વરાજ્યને નામે ઠોકી બેસાડેલી ભ્રમ-જાળને તોડવા નવા બંધારણ હેઠળ રચાવાની પ્રાન્તિક ધારાસભાઓની બેઠકો કબજે કરવાનો નિર્ણય કરી ચુંટણી જંગમાં ઝુકાવ્યું છે.

પ્રત્યેક મતદારને મળેલો 'મતાધિકાર' મહાસભાની વર્ષો સુધીની જહેમત: તેણે વેઠેલા અનેક કષ્ટો: અને ઇતિહાસમાં અજોડ એવી અહિંસક લડતદ્વારા અપાએલા અનેક ભોગોને આભારી છે. એટલે દેશના સાડાત્રણ કરોડ મતદારોને મળેલો એ 'મતાધિકાર' મહાસભાએ સોંપેલી મુલ્કની મીલ્કત છે. મતદાર તેનો ટ્રસ્ટી છે. અને સરદાર કહે છે તેમ 'મુલ્કની એ મિલ્કત' મહાસભા જ્યારે માગે ત્યારે તેને ચરણે ધરી દેવાની મતદારોની પવિત્ર ફરજ છે.

એ પવિત્ર ફરજ બજાવવાનો ઉત્સવ દીન મુંબઇ, મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક માટે તા. ૧૭મીનો દિવસ નકકી થયેલો છે. એ જાહેર હકીકત હોઈ તે દિવસે પ્રત્યેક મતદાર પોતાની ફરજ બજાવવા પોલીંગબુથ તરફ પગલાં માંડે તેમાં અમારા જૈન ભાઇ બ્હેનો કે જેઓને એ 'મતાધિકાર' મળેલો છે. તેઓ મોખરે હોય એ અમારી ઉમેદ છે.

જૈન સમાજે કોઇ પણ પ્રકારના પ્રજાકીય પ્રશ્નોમાં આજ સુધી 'કોમીવાદ'નું શરણ શોધ્યું નથી. તેણે તો નિર્ભેળ રીત 'હીન્દી' માનસ કેળવવાનો જ પ્રયત્ન કર્યો છે. અને તેને કોઇપણ પ્રત્યાઘાતીનો-પછી તે કો મુડીવાદી હો કે પંથ ભૂલેલો કો ઝનુની આચાર્ય હો તેનો-પડછાયો તેને અપવિત્ર નહિ કરી શકે એટલો અમને વિશ્વાસ છે.

તા. ૧૭ મીએ પ્રત્યેક જૈન મતદાર ભાઇ બ્હેન પોતાની પવિત્ર ફરજ ન ચુકે. એજ અભ્યર્થના !

# તરુણ જૈન.

તા. ૧૫–૨–૩૭

## નવજવાનોનું કર્તવ્ય.

પ્રત્યેક સમાજો જ્યારે કુદરતની સાનુકુળતાનો લાભ લઈ પ્રગતિ સાધી રહ્યા છે ત્યારે આપણો સમાજ ઘોર નિદ્રામાં પડયો છે, ત્હેના લોહીમાં આળશે પગપેસારો કરી યુવાનીના થનગનાટને ઝેબ આપી છે. નવજવાનોએ એ નિદ્રા અને તંદ્રા બન્નેને દૂર હડસેલી સત્તાશાહીના ચરણમાં કચડાતા સમાજને બચાવવાની જરૂર છે. સાધુશાહીના ઉન્માદમાં ખેંચાઈને આપણે આપણો નાશ નોતરવો જોઇએ નહિ. અંધશ્રદ્ધાના પડલો અને ગુલામી માનસ આપણે દૂર કર્યે જ છુટકો છે.

સાધુ પ્રત્યેની અંધશ્રધ્ધાના પરિણામે જ્ઞાન કે સાચા વૈરાગ્ય વિનાના નવદીક્ષિતો આપણને લાધ્યા, તેઓને આપણે પૂજ્ય માની આપણી શ્રદ્ધા તેઓને ચરણે ધરી, ત્હેનો ઉપયોગ ત્હેમણે પોતાની સત્તા અને લાગવગ કરાવવા પૂરતો કર્યો. સમાજને છિન્નભિન્ન કરી શાસન કરવાની ઘેલછા કરી. ત્હેનું પરિણામ કેવું ભયંકર આવ્યું છે એ જણાવવાની ભાગ્યે જ જરૂર છે.

જ્હેમ સાધુઓએ આપણી શ્રદ્ધાનો દુરૂપયોગ કર્યો છે તેમ શ્રીમંતોએ પણ એજ માર્ગે ગમન કરવાનું પસંદ કર્યું છે. આપણી ધાર્મિક મીલકત મંદિરો વિગેરેની વ્યવસ્થા માટે શ્રીમંતોને આપણે ટ્રસ્ટી બનાવ્યા. ત્હેમણે એ મંદિરોની ભગવાનના નામે પેઢીઓ ચલાવી, ભૈયાઓ અને મુનિમોનો કાફલો જમાવ્યો. ત્હેનો ઉપયોગ સમાજને દબાવવામાં અને પોતાની લાગવગ વધારવામાં કર્યો, 'દેવદ્રવ્ય'ના નામે લાખો રૂપીયા એકત્રિત કર્યા. એ પૈસા ન તો જીર્ણોદ્ધાર માટે વપરાયા કે ન ધાર્મિક કે સામાજીક બાબતો માટે ત્હેનો ઉપયોગ થયો. આમ એકત્રિત થતા દ્રવ્યની શી વ્યવસ્થા થાય છે ત્હેની પણ સમાજને જાણ હોતી નથી. વરસોથી ચાલી આવતી આવી પેઢીઓની લાખો રૂપીયાની આવકના હિસાબે જમા થવા જોઇતાં નાણાંની વ્યવસ્થા કયાં અને કેવી રીતે થાય છે ત્હેની સમાજને જાણ કરવા પૂરતી પણ ટ્રસ્ટીઓ જવાબદારી અદા કરતા નથી.

આમ આવા સંચય થયેલા દ્રવ્યનો ઉપયોગ જો જીર્ણોદ્ધારમાં થયો હોત તો આપણા પૂર્વજોએ જે કળાનો બેનમુન વારસો આપણને સોંપ્યો છે ત્હેની આજે બેહાલી ન હોત. પ્રભુ મહાવીરના વિશ્વવ્યાપી અમૂલ્ય સિદ્ધાંતોના પ્રચાર માટે ઉપયોગ કર્યો હોત તો જૈન ધર્મની કોઇ જુદી જ જાહોજલાલી હોત. સામાજીક ઉદ્યોગોમાં એ મૂડી રોકાયેલી હોત તો સમાજની જે કંગાળ દશા નજરે પડે છે ત્હેને સ્થળે કોઇ જુદી જ પરિસ્થિતિ ઉભી થાત. પણ એ દિવસો કયાં છે ?

આજે તો આપણે ઉપાશ્રયમાં જઈએ છીએ અને આત્મશ્લાઘાના સૂરો કાને અથડાય છે. મતભેદોના બ્હાને એક બીજાને ઉતારી પાડવાની બાજી ગોઠવાય છે. વિદ્વતાના આડંબરો દાખવાય છે અને ઉપાશ્રયની ચાર દિવાલોમાં આત્મસંતોષ અનુભવાય છે, એટલું જ નહિ પણ એક દેશીય ઉપદેશનો લાભ અપાતો હોઈ સમાજની ઘોર ખોદાઇ રહી છે.

મંદિરોમાં જઇએ છીએ અને વિતરાગતાનું નામનિશાન દેખાતું નથી. કેવળ ઘેલછાનું જાણે પ્રદર્શન ભરાયું હોય તેમ મૂર્ત્તિઓને કળાવિહિન રીતે શણગારાય છે. શાંતિમય અને નિર્મળ વાતાવરણને બદલે ધમાધમ અને અશાંતિના પડછંદા અથડાય છે.

ઉપરોકત અને તેવી બીજી પરિસ્થિતિ આપણે નહિ નભાવવી જોઈએ અને તે માટે સંકુચિત માનસને દૂર કરી આપણે વ્યવહારૂ કાર્યસાધક પગલાં લેવાં જોઇએ અને તે માટે નિચેની સૂચનાઓ ઉપયોગી નિવડશે.

(૧) ધર્માચાર્યોમાં પેઠેલો સડો પહેલામાં પહેલી તકે દૂર કરવો અને નવદીક્ષિતો થતાં પહેલાં તેની આકરામાં આકરી કસોટી કરવી ત્હેમાં પસાર થાય તોજ તે દીક્ષિત થઇ શકે એ પ્રકારની ઝુંબેશ ઉપાડવી.

(૨) જે જે ધાર્મિક કે સામાજીક ખાતાઓ હોય તેને વ્યવસ્થિત કાર્ય કરવાની ગતિમાં મૂકવાં અને તે તે ખાતાંઓની ખર્ચ જેટલી જ આવક રાખી તેમાં દ્રવ્યનો સંચય ન થાય એ રીતે ઉપાયો યોજવા માટે પ્રયત્ન કરવો.

(૩) ધાર્મિક કે સામાજીક ખાતાંઓના ટ્રસ્ટીઓ તેમના હસ્તક ચાલતાં ખાતાંઓ વ્યવસ્થિત બનાવવા માટે દાદ ન આપતા હોય તેવા ટ્રસ્ટીઓને દૂર કરવા માટે જહેમત ઉઠાવવી અને જ્યાં સુધી તે દૂર ન થાય ત્યાંસુધી તે તે ખાતાંઓમાં એક પૈસો પણ ન નાખવો એ જાતનું પ્રચાર કાર્ય કરવું જોઈએ. અને જનતાને સંમજાવવું જોઇએ કે ધાર્મિક અને સામાજીક ખાતાંઓમાં આપેલા દ્રવ્યનો ઉપયોગ ઉદ્દેશ અનુસાર અને વ્યવસ્થાપૂર્વક થાય છે કે નહિ તે જોવાની અને જાણવાની તેની ફરજ છે.

(૪) સમયને અનુસરીને દાનનો પ્રવાહ બદલે એ જાતના પ્રચારની આવશ્યકતા છે. જે સમાજ શારીરિક દૃષ્ટિએ સુદૃઢ, સંસ્કારી અને ચારિત્રવાન હોય તેજ સમાજ પ્રગતિ સાધી શકે એ બાબતનો સ્થળે સ્થળે પ્રચાર કરવો.

આવા અને બીજા યોગ્ય ઉપાયોથી સમાજના થતા દ્રવ્યની બરબાદી દૂર કરી ત્હેનો સમાજ પ્રગતિમાં વ્યવસ્થિત ઉપયોગ થાય એ રીતે સમાજને તૈયાર કરવાની ફરજ આજના નવજુવાનો ઉપર આવી પડે છે. એ ફરજ જો આપણે અદા નહિ કરીએ તો સમાજનો આપણે દ્રોહ કર્યો ગણાશે. નવજુવાન દોસ્તો એ દ્રોહ નહિ કરે અને પોતાની ફરજ અદા કરશે. એ આશા વધારે પડતી નથી.

# પરિવર્તન કાળ.

આજનો સમય એ પરિવર્તન કાળ છે, સમાજના જુના બંધનો તૂટી રહ્યાં છે. નાતજાતનો ભેદભાવ ભૂલાઇ રહ્યો છે. સ્ત્રીઓ પરતંત્રતાની બેડી તોડી સ્વાધીનતા માટે મથી રહી છે. વિધવાઓ ઉપરના અત્યાચારો સામે જેહાદ પોકારાઇ રહી છે અને જે પરિસ્થિતિ આજથી દશ વરસ પહેલાં વિધવાઓની હતી તેમાં ખૂબ પરિવર્તન થયું છે. સ્ત્રીઓ માટે પુરૂષોની જે માન્યતાઓ હતી તેમાં પણ ખૂબ ફેરફાર જણાય છે. ખાનપાન અને એવી બીજી અનેક બાબતોમાં મૂળભૂત પરિવર્તન થઈ રહ્યું છે. ધાર્મિક માન્યતાઓના વ્હેણ પણ એક સરખાં વહ્યાં નથી. તેમાં પણ સમયે સમયે પરિવર્તને પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે. ઉપદેષ્ટાઓ પણ અનેક પરિસ્થિતિમાં પસાર થયા છે અને થઇ રહ્યા છે. મંદિરો અને ઉપાશ્રયો પણ તેનાથી અલિપ્ત નથી. આમ સમાજના પ્રત્યેક અંગ ઉપાંગ ઉપર પરિવર્તન કાળે પોતાનો પંજો પ્રસાર્યો છે.

પરિવર્તન એ સંસારનો અબાધિત નિયમ છે. બાળક જન્મતી વખતે જેવા સ્વરૂપમાં હોય છે ત્હેવું સ્વરૂપ તેનું કાયમ રહેતુ નથી. દિન પ્રતિદિન તેમાં ફેરફાર થયા જ કરે છે. માનવપ્રકૃતિમાં જ કંઇક નૂતનતા હોય છે અને તેટલા ખાતર એમાં જ્યાંસુધી પ્રકૃતિ સજીવ છે ત્યાં સુધી તેની માનેલી પ્રગતિ તરફ કુચ કર્યા જ કરે છે અને આ પ્રગતિ અટકે નહિ તેટલા ખાતર સામાજીક બંધનો અસ્તિત્વમાં આવે છે. માનવીઓના વ્યવહારો સમુચિત રીતે ચાલે અને કોઇનેયે અન્યાય ન થાય તેટલા ખાતર કાનુનો ઘડાય છે અને એ સામાજીક બંધારણના રૂપમાં ફેરવાય જાય છે, આવી રૂઢીઓ અને કાનુનો જ્યારે ઘડાય છે ત્યારે સમાજને ખૂબ ઉપયોગી હોય છે. પરંતુ તેમાં માનવીઓની સ્વાર્થી પ્રકૃતિને અંગે ધીમે ધીમે સડો પેસે છે. એજ રૂઢિઓ અને કાનુનોદ્વારા એકના સ્વાર્થના ભોગે બીજા તાગડ ધીન્ના કરે છે. એ જ્યાંસુધી સમાજ ચલાવી લે ત્યાંસુધી તો કંઇ અશાંતિ દેખાતી નથી. પરંતુ જ્યારે તે સામે સમાજની લાલ આંખ થાય ત્યારે જાણે કે અશાંતિનો અગ્નિ ભભૂકી ઉઠયો હોય તેમ લાગવા મંડી જાય છે અને એ અગ્નિને સ્થાપિત હિતોવાળા દબાવવાનો ખૂબ પ્રયત્ન કરે છે છતા એ અગ્નિ કદિ હોલવાતો નથી. આજની પરિસ્થિતિ પણ એવીજ છે. વર્ષો સુધી ધર્મના નામે સાધુઓએ સમાજમાં એક છત્ર રાજ્ય કર્યું છે. સમાજના ભોગે આહાર વિહાર માનપાન પ્રતિષ્ઠા માટે અંધશ્રદ્ધાનાં આવરણો ઉભા કર્યાં છે. શ્રીમંતોને હાથમાં લઇ આમ જનતાને લોખંડી એડી તળે દબાવી છે એટલું જ નહિ પણ પોતાના સ્વાર્થની પૂરતી માટે તપશ્ચર્યાઓની વિધિમાં પણ તીર્થોના પંડયાઓની માફક લુંટણનીતિ અખત્યાર કરી છે. સ્વર્ગ અને નરકની ટીકીટો કાઢી જનતાને છેતરી છે. ઉપધાન જેવી ક્રિયા અને ઉજમણાં જેવાં ઉત્સવોને નામે હજારો રૂપીયા પોતાના નામ ઉપર જમા કરાવ્યા છે અને તે પૈસાનો પોતાના અંગત સ્વાર્થમાં ઉપયોગ કર્યો છે—કરે છે. જુની રીતિનીતિમાં જ તેમનું જીવન હોઈ તેમના જ તે આગ્રહી બન્યા છે. તે સામે સમાજે હુંકાર કર્યો છે. આજની અશાંતિનું મૂળ ઉપરોકત બાબત છે. સમાજ સમજે છે કે જ્યાંસુધી સાધુઓની સત્તા ઉપર કાતર નહિં પડે, તેની પ્રતિષ્ઠા નહિ તૂટે અને જ્યાંસુધી એ સામાજીક બાબતોમાં માથું માર્યા કરશે ત્યાંસુધી સમાજનો અભ્યુદય નથી. એટલે જ યુવકોએ પ્રથમ લડત સાધુઓ સામે જાહેર કરી છે. તેમની પોલો ખોલી ખોલીને સમાજ સમક્ષ રજુ કરી છે. તેમના કારસ્થાનોને ભેદી જનતા સમક્ષ ઉઘાડા કર્યાં છે. પ્રભુ મહાવીરના ભેખના નામે ચાલતી પોપશાહીને દૂર કરવા જહેમત ઉઠાવી છે અને આજે આપણે જોઈ શકીએ છીએ કે દશ વરસ પહેલાં સાધુઓનું જે સ્થાન હતું એ આજે નથી. લોકોમાં અંધશ્રદ્ધા ઝડપભેર અદૃશ્ય થતી જાય છે અને જુનવાણીના એ અજેય કિલ્લામાં જબરજસ્ત ગાબડું પડયું છે બાકીનું કામ કાળ ખુદ કરી લેશે.

સમાજ પટેલો સામે પણ એટલો જ ઉકળાટ છે. કારણ કે તેમણે અન્યાયમાં સાથ આપી સમાજનો દ્રોહ કર્યો છે. સમાજના સાધનો દ્વારાજ આમવર્ગને દબાવવામાં મોટો ભાગ ભજવ્યો છે એટલું જ નહિ પણ સમાજોન્નતિના નામે આમવર્ગને ચુસીને તેનો ઉપયોગ પોતાની શ્રીમંતાઈ અને લાગવગ વધારવામાં કર્યો છે. આમ વર્ગે જ્યારે આમાં પોતાનો નાશ જોયો. જહેનામાં વિશ્વાસ મૂકી સમાજની લગામ સુપ્રત કરી છે તે લોકોને જ જ્યારે આમવર્ગના કલેવરને ચુંથતા જોયા ત્યારે તેને કમકમા આવ્યાં અને એ સ્થિતિને મીટાવવા આંધળીયાં કર્યા. લોકોની સુષુપ્ત દશાને મટાડી જાગૃતિ આણી. સ્થળે સ્થળે સમાજ પટેલો સ્હામે બંડ જાગ્યું. હિસાબો મંગાયા. અદાલતે ચઢવાની પણ નોબત આવી, આમ પત્યેક બાબતોમાં જ્યારે વિકાર દાખલ થાય છે ત્યારે ત્યારે એ વિકારને દૂર કરનારી શકિત પણ જાગૃત બને છે. એ રીતે નવાને સ્થળે જુનું અને જુનાને સ્થળે નવું એમ ચાલ્યા જ કરે છે, કુદરત પણ જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ એમ બનાવી મૂકે છે આપણે કેટલાયે ટાપુઓને દરીયામાં અદૃશ્ય થતાં સાંસળ્યા છે અને નવા ટાપુઓ નિકળતા જોયા છે, શહેરોને સ્થળે સ્મશાન અને સ્મશાનની જગ્યાએ શહેરો વસતાં નિહાળ્યા છે. એ બધાં પરિવર્તનનાં સ્વરૂપો છે. કોઇપણ માનવીએ મને કે કમને ભાવે કે કભાવે ઇચ્છાએ કે અનિચ્છાએ તેને તાબે થવું જ પડે છે. જગતમાં એવી કોઇ વસ્તુ નથી, કોઈ શકિત નથી, કે જે તેનાથી અલિપ્ત રહે. યુવકોએ આ કાળને અપનાવી, શકિતઓને એકત્ર કરી સામાજીક પ્રગતિને વેગ આપવો જોઇએ.

**અનુકરણીય પ્રથાઃ**—રાધનપુરમાં શેઠ હીરાલાલ બકોરદાસના ચી. શ્રી એવંતિલાલ હીરાલાલના લગ્નની ખુશાલીમાં શેઠ શ્રી કાંતિલાલ બકોરદાસે શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ (શિવપુરી)ને રૂ. ૫૦૧) અને તેવી બીજી કેળવણી સંસ્થાઓને અમુક રકમો અને સ્થા. પાંજરાપોળમાં રૂ. ૩૫૧) આપ્યા હતા. જયારે તેમના વેવાઇ સકરચંદ મોતીલાલ મુળજીએ પણ પોતાની પુત્રી શ્રીમતી પુષ્પાના લગ્નની ખુશાલીમાં જુદી જુદી કેળવણી સંસ્થાઓમાં લગભગ હજાર રૂપીયા આપવાનું જાહેર કર્યું હતું. તદુપરાંત શંખેશ્વરજીની ધર્મશાળામાં રૂ. ૧૦૦૧)નું દાન કર્યું હતું. લગ્ન પ્રસંગે આમ શિક્ષણ સંસ્થાઓ તરફ ધ્યાન અપાય એ બહુ ઉપયોગી છે. આવી અનુકરણીય પ્રથા દાખલ કરવા માટે અભિનંદન.

# ચુંટણી અંગે સરદારનું પ્રવચન.

મુંબઇ, તા. ૨–"જે ધર્મ કજીયા કરાવે ને વિક્ષેપ પાડે, જે ધર્મ મનુષ્યમાં રહેલી હિંસાને જાગૃત કરે તો નક્કી જાણવું કે તેમાં ક્યાંક ખામી છે. જૈન જાગૃત ધર્મ છે, અહિંસા, સંયમ ને ઇદ્રિયંના પરિગ્રહ પર રચાયેલો જૈન ધર્મ તલવારની ધાર જેવો છે. જીવ દયા પણ કરી જાણો છો પણ દેશમાં કરોડો ભુખે મરે છે તેનું શું થાય ? એવા પુરૂષો આજે ભૂખે મરે છે કે જેને બહાર લાવીએ તો બીજા ગૌતમ જેવા બને પણ શું કરીએ ?

**તમારા ધર્મના સિધ્ધાંતો.**

કોંગ્રેસનો પ્રમુખ બોલે છે. એ બળતો બોલે છે. એનાથી નથી રહેવાતું ત્યારે જ એ બોલે છે. ઠાકોરજી જમતા નથી એને થાળ ધરે ને જીવતા જાગતા ભુખે મરે છે એને કાંઇ નહીં ? કોંગ્રેસમાં તમારા ધર્મના સિદ્ધાંતો છે એટલા બીજાના નથી.

કોંગ્રેસની બહુમતી ન થાય તો આપણો ઢંઢેરો પીટાશે. સ્વતંત્રતાની આડે આવે એને બહાર જ કાઢવો જોઇએ. એટલે તમારો ધર્મ તમે વિચારજો. દેવળ ને દહેરામાં જ ધર્મ નથી આવી જતો. ધર્મ સંકુચિત નથી.

પ્રત્યેક પોલીંગ સ્ટેશન આજે દહેરૂં છે, વાહનની અપેક્ષા રાખશો તો પૈસા તમારેજ આપવા પડશે, પેઢીઓમાં મતદારો હોય એને પણ લેતા આવજો. દરેક જૈનનો એ ધર્મ છે કે મહાસભાને જ મત આપે."

જૈન કોમની શહેરની જુદી જુદી દસ સંસ્થાઓના આશ્રયે કાલે રાત્રે સી. પી. ટેંક હીરાબાગમાં મળેલી જૈનોની જાહેર સભાને સરદારે પ્રેરક વાણીમાં જૈન ધર્મનું સાચુ રહસ્ય સમજાવીને મહાસભાને મત આપવાની હાકલ કરી હતી. સભામાં જૈન કાર્યકરો હાજર રહયા હતા.

શરૂઆતમાં શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆએ જણાવ્યું કે દશ જુદા જુદા જૈન મંડળોના આશ્રયે આ સભા બોલાવી છે. ચુંટણીમાં મહાસભાના ઉમેદવારોની ફતેહ થાય એ આપણી મહત્વાકાંક્ષા છે. કારણ કે એ એક જ સર્વ પ્રતિનીધી સંસ્થા છે. દરેક જૈનભાઇ કોંગ્રેસને જ મત આપશે એ વિશે મને શંકા નથી.

**સરદારનું પ્રવચન.**

ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલે જણાવ્યું કે આજે દેશમાં લગભગ બે ત્રણ માસથી એક જ સવાલ ચર્ચાય છે. આખા દેશનુ ધ્યાન એક જ પ્રશ્ન તરફ ખેંચાયું છે. એ સવાલ અગત્યનો છે. એને જોઇએ તેટલું મહત્વ ન આપીયે તો હરકત આવે ને પાંચ વર્ષ પસ્તાવાનું થાય એ સહુને સમજાઇ ગયું છે. ચુંટણીમાં મહત્વ કેમ સમાયું તે તમે પુછી શકો. પંદર વર્ષથી બહીષ્કાર પોકાર્યો તે માટે સબળ કારણ હતું. આજે પણ સક્રીય રીતે કહી શકાય તો કારણ તો છેજ. ત્યાંથી રાજ મળી જાય એવું તો કાંઇ નથી. નવું વિધાન તો પહેલાં કરતાં પણ બગાડવામાં આવ્યું છે પણ એક છે કે ત્રણ કરોડને મતાધીકાર છે. પરદેશી રાજ્ય આ દેશમાં આવ્યું હોત તો તો ઠીક પણ એવો દાવો કર્યો કે હિંદમાં કોંગ્રેસ ખલાસ થઈ ગઇ છે. મહાત્મા ગાંધી સાથે કોઇ છે નહીં. ધર્મને રાજકારણ સાથે સબંધ નથી ત્યારે તે વખતે જેઓ જેલની બહાર હતા તેઓ એવા નિર્ણય પર આવ્યા છે કે ધારાસભાઓમાં જે બેઠા છે તેને બહાર કાઢવા, એટલે જ ધારાસભાનો કબજો લેવાનો નિશ્ચય કર્યો.

સરકારે નિશ્ચય કર્યો કે કોંગ્રેસની બહુમતી ન થાય એમ કરવું. કોંગ્રેસને મત મળે તો કહી શકાય કે જે પ્રકારનું રાજ કોંગ્રેસ માગે છે તેજ લોકોને જોઈએ છે. કોગ્રેસ કંઇ રીતનું રાજ માંગે છે તે સહુ જાણે છે. મિત્ર ભાવે રહી શકાશે. શેઠાઈ કરવા આવે એને અહીં સ્થાન નથી. એ પ્રકારના રાજ્યનું સમર્થન કરનારા અને બાકીના અત્યારે ચાલતા રાજનું સમર્થન કરનારા ગણાશે. પર્દા પાછળ આ તો કરવાનું છે. ખુલ્લુ કહેતા ડર લાગે પણ આ તો તેમ પણ નથી. પર્દા પાછળ રહીને પણ સ્વરાજ્ય ચાહનારા છે કે નહીં તેનું માપ નીકળશે નહી તો કોંગ્રેસનો ઢંઢેરો દેશમાં પીટાશે. સગવડતાથી કઇ રીતે રહી શકે એ રચના છે છતાં ધારાસભાનો કબજો લેવાનો નિર્ણય કર્યો તેનું શું કારણ ?

**અહિંસાનો પાયો.**

એનો જવાબ એકજ છે કે લાહોરમાં પ્રતિજ્ઞા કરી કે દરેક દેશો જેવું સ્વતંત્ર રાજ્ય તે હીંદને પણ હોવું જોઇએ એ પ્રતિજ્ઞા પછી સરકાર સાથે દારૂણ યુધ્ધ કર્યું. નખથી શીખ સુધી શસ્ત્રબળથી સજ્જ થએલી સલ્તનત અને બીજી બાજુ દેખીતી નિર્બળ ને નિઃશસ્ત્ર પ્રજા. મહાત્મા ગાંધીએ એ લડતની સરદારી લીધી. એ લડતનો પાયો અહિંસા પર રચાયો. કોઇપણ દેશમાં ન થયો એવો એ એક મહાન સામુદાયિક પ્રયોગ હતો. તેથી જગતનું ધ્યાન હિંદ તરફ ખેંચાયું. જગતને હિંદ પ્રત્યે પ્રેમ ને માન પેદા થયાં ને લાગ્યું કે જગતનો છુટકારો પણ કદાચ આ પ્રયોગથી હોય. એ લડતમાં લાખો કુરબાની કરી રહયા હતા. ત્યારે આ કમનસીબ દેશમાં કેટલાક એવા નીકળ્યા કે જગતના બીજા દેશો આપણી તારીફ કરતા ત્યારે આપણા જ યજ્ઞમાં ધુળ નાંખતા હતા ને લડતને તોડી પાડવાને કાયદામાં સાથ આપવાનું કામ કર્યું. આ સાથ તો વ્યકિત તરીકે.

દેશમાં આજે બીજો બલવાન પક્ષ બીજો કોઈ નથી. લીબરલ પક્ષનું તો નીકંદન નીકળી ગયું. એના વારસદાર કોઇ નથી. લોકશાહી પક્ષ છે. પુનામાં પણ પુનાની છાયા પડે ત્યાં સુધી જ છે. બીજે એને સ્થાન નથી.

વેપારીઓ સમજી ગયા છે કે વેપાર જો સલામત હોય તો કોગ્રેસનાં હાથમાં છે. કેમકે આ બંધારણની રચના તો એવી છે કે વાંદરાઓને મુઠી ચણા નાખીને એક બીજા સામે દાંતીયા કરાવા

# જગતના ચોગાનમાં

—અમેરિકામાં મીસીસીપ્રના જળપ્રલયથી દશ લાખ માણસો ઘરબાર વગરના બન્યા છે અને એ પ્રદેશના પુનરોધ્ધાર પાછળનો દશ કરોડ ડોલરનો અંદાજ છે.

—મીલાનના વિખ્યાત પ્રોફેસર મેન્શિનીએ હમણાં એક અદ્ભુત યંત્રનો આવિષ્કાર કર્યો છે. એમાંથી ઉત્પન્ન થતાં કિરણોના સંસર્ગમાં આવનાર માણસો તરતજ અદશ્ય બની જાય છે.

—એક સાત વરસનો પીટર નામનો છોકરો માનવપંખી બનતો જાય છે, આથી લંડનની મીડલસેક્સ હોસ્પીટલના ડોકટરો ભારે વિમાસણમાં પડી ગયા છે.

—કેંટ ખાતેના ઇસ્ટ મોલીંગ સસ સ્ટેશનમાંનું એક પેરનું ઝાડ સૂકાવા માંડ્યું હતું એને ઇંજેકશન આપીને ફરી નવપલ્લવિત કરવામાં આવ્યું છે.

—'તીર્થજ્ઞાન સંબંન્દર' નામની રેકર્ડો સંબંધમાં હીઝ માસ્ટર્સ વોઇસની કલકત્તાની હેડ ઓફીસ તરફના એક પત્રમાં જણાવવામાં આવ્યું છે કે "જૈનોનો વિરોધ ધ્યાનમાં લઇ અને મજકુર રેકર્ડો પાછી ખેંચી લેવા અને લીસ્ટમાંથી તે રદ કરવા નિર્ણય કર્યો છે."

—સોવીયેટ રશીયાની શસ્ત્ર સરંજામ લઇને ક્રેટેલોનીયા જતી એક સ્ટીમર ઉપર ટોરપીડોથી હુમલો કરી ત્હેને સ્પેનના બળવાખોરોના નૌકાસૈન્યે ભુમધ્ય સમુદ્રમાં ડુબાડી દીધી છે.

—બીહાર લેજસ્લેટીવ એસેંબલીની કુલ એકસો બાવન બેઠકોમાંથી પંચાણું બેઠકો મહાસભાએ કબ્જે કરી છે.

—ઓરીસાની ધારાસભામાં પણ ૭૦ બેઠકોમાંથી લગભગ પોણા ભાગની બેઠકો મહાસભાએ કબ્જે કરી છે.

—માનવી વિનાશક યંત્રોમાં એક નવીન યંત્રનું સંશોધન થયું છે લડાયક બારકસ સાથે ઇલેકટ્રો મેગ્નેટસ લગાડવામાં આવે છે એ લોહચુંબકને લીધે આજુબાજુના વિસ્તારમાં ફરતું દુશ્મનનું વ્હાણ ખેંચાઇને આવે છે. જેવું દુશ્મન બારકસ આવે કે તરતજ ત્હેમાં બેઠેલા માનવીઓને ઇલેકટ્રીક આંચકો લાગે છે.

—સ્ત્રીઓ અને પુરૂષો સાયકલ ચલાવી શકે છે, સરકસોમાં પોપટો પણ સાયકલ ચલાવે છે પણ વેનીસમાં તો કુતરાઓને સાયકલ શીખવી ત્હેની પાસેથી જુદી જુદી રીતે કામ લેવાય છે.

—શહેનશાહ છઠ્ઠા જ્યોર્જની તાજપોષીની ક્રિયામાં ભાગ લેવા શ્રી ભુલાભાઇ દેશાઇ અને શ્રી મહમદઅલી ઝીણાને આમત્રંણો મળ્યા છે. પણ તેમણે એ આમત્રંણનો અસ્વીકાર કરેલ છે, એટલે તેમને સ્થાને સર કાવસજી જહાંગીર અને શ્રી અણેને ચુંટવામાં આવ્યા છે.

—જર્મનીની પાર્લામેંટે બીજા ચાર વરસ સુધી હીટલરને સરમુખત્યાર તરીકે ચુંટી કાઢ્યો છે.

—સ્પેનીશ પાર્લામેંટે જનરલ કેમેલેરોને કુલ સરમુખત્યારી સોંપી છે અને પાર્લામેંટની બેઠક અચોકકસ મુદત સુધી વિખેરી નાંખી છે.

—જાપાનમાં લશ્કરી સરકારની સ્થાપના થઇ છે.

—મશહુર વીમાની લીન્ડબર્ગ ન્યુયોર્કથી ઇજીપ્ત સુધીની વિમાની મુસાફરી કરતાં રસ્તામાં કયાંક ગૂમ થયેલ છે.

—રાષ્ટ્રપતિ જવાહરલાલ નહેરૂએ મહારાષ્ટ્રનો પ્રવાસ લગભગ ફેબ્રુઆરીની આઠમી તારીખથી જળગામથી શરૂ કર્યો હતો અને લગભગ ત્રીસ ગામોની મુલાકાત લઇ તા. ૧૫મીએ પુના પહોંચશે.

---

જેવું કર્યું છે. એટલે મહાસભાએ જે કર્યું છે તે સમજીનેજ કર્યું છે.

ઓરિસા પ્રાંત સહુથી ગરીબ છે. ત્યાં પણ કોંગ્રેસની બહુમતી થઇ. ગરીબોના મતો માટે પૈસા આપવામાં આવે છે. ગરીબો પણ જાણે છે કે પૈસા લઇ લેવા પણ મત તો કોંગ્રેસનેજ આપવાના છે. એટલે મુંગા મુંગા પૈસા મુકે છે. ખીસામાં જે કરવાનું છે તે તો પર્દા પાછળ કરવાનું છે એ ગરીબો પણ સમજી ગયા છે. જો એ મતનો આપૂર્ણે ઉપયોગ ન કરીએ તો આ ગુલામી કાયમ રહે.

**કોંગ્રેસમાં જૈન ધર્મના સિધ્ધાંતો.**

"અહિંસા પરમો ધર્મ" એ જૈન ધર્મનું મહાન સૂત્ર છે. વ્યકિતગત ધર્મ પાળનારા જગતમાં અનેક છે. પણ ધર્મ સંકુચીત નથી કે પોતે પાળ્યો એટલે બસ તો એમ જાણવું કે એ ભુલ છે. દેવળ ને દહેરાથી જ ધર્મ પળાતો નથી. જે ધર્મ કજીયા અને વિક્ષેપ કરાવે, જે ધર્મ મનુષ્યમાં રહેલી હિંસા ભાવનાને જાગૃત કરે ત્યારે જાણવું કે એમાં કયાંક ખામી છે. નક્કી જાણવું કે કયાંક વાદળ ઘેરાયું છે તે પ્રકાશ પડવા દેતું નથી. જૈન એ જાગૃત ધર્મ છે. બાપના કુવામાં બુડી ન મરવું. સાધુની સાધુતા પારખવી, નહીં તો પાખંડનો પાર નથી. હીસાબ વગરના પડયા છે.

વ્યવહારમાં અહિંસાનું પાલન, ઇંદ્રીઓનો પરીગ્રહ, આંખમાં અમી હોય, વાણી એવી હોય કે બીજાની હિંસાને શાંત પાડી દે, મનથી મેલું કામ ન થાય, એવો તલવારની ધાર જેવો તમારો ધર્મ છે. જીવદયા જૈન કરી જાણે છે. પણ હીંદમાં કરોડો ભુખે મરે છે તેનું શું થાય ? એવા એવા ભુખે મરે છે કે જેને બહાર લાવીએ તો બીજા ગૌતમ જેવા નીકળે પણ શું કરીએ ? કોંગ્રેસ કહે છે કે હીંદનો મહાન પ્રશ્ન આર્થીક છે. કોંગ્રેસનો પ્રમુખ બોલે છે એ બળતો બોલે છે. એ જુએ છે કે આ શું ? એક બાજુ મહેલો ને બીજી બાજુ ઝુંપડામાં ભુખમરો.

ઠાકોરજી જમતા નથી તેની પાસે થાળ ધરે છે અને ભૂખે મરે છે તેને કાંઇ નહી.

કોંગ્રેસમાં જૈન ધર્મના જેટલા સિદ્ધાંતો છે એટલા બીજા કોઇના નથી. મત આપવો એટલે પોતાના મનનો ભાવ બતાવવો. દરેક જૈનનો ધર્મ છે કે મહાસભાનેજ મત આપે.

દરેક પોલીંગ સ્ટેશન દહેરૂં છે. વાહનની અપેક્ષા રાખશો તો એના પૈસા તમારે જ આપવા પડશે. પેઢીઓમાં હોય તેટલાને લેતા આવજો. આ તમારો આજનો ધર્મ છે. જ્યાં સંયમને મહત્વ આપ્યું છે ત્યાં વળી ઝઘડા, કડવી વાણી કેવી ?

અંતમાં શ્રી મોતીચંદ કાપડીયાએ ટુંક વીવેચન કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

# આચાર્યનું માનસ.

## એક ચિત્ર.

રાજકોટનો એક યુવક જાણીતા આચાર્ય પાસે કંઇક જિજ્ઞાસાથી જાય છે, આચાર્યને વંદન કરી બેસે છે. એ યુવકને જોઇને આચાર્ય તેને પોતાના ફાંસલામાં લઈ દીક્ષા આપવાનો મનસુબો ઘડે છે. એ દષ્ટિએ જ આચાર્ય ત્હેની જોડે વાત છેડે છે. અને નામ, રહેવું, ધંધો વગેરે પૂછે છે. ત્યારબાદ જાણે કે તે યુવકને ખૂબ ઓળખતા હોય તેમ કહે છે કે હું રાજકોટ આવ્યો હતો ત્યારે ત્હમારા બાપ મ્હારા ભકત હતા. રોજ સાંજે આવે, ધર્મચર્ચા કરે, બહુજ ધર્મીષ્ઠ હતા વગેરે કહી યુવકને વિશ્વાસમાં લ્યે છે અને ધીરે રહીને સંસારની અનિત્યતાનો ઉપદેશ આપે છે.

આચાર્ય–ભાઇ સંસારમાં કાંઇ નથી, બધું અનિત્ય છે, સગાં કોનાં ને વ્હાલાં કોનાં ? બધા સ્વાર્થી છે. સ્વાર્થ સર્યા પછી કોઇ કોઇનું નથી, માટે જ શાસ્ત્રકારો મનુષ્યને સંસારથી વિમુકત થવાનો ઉપદેશ આપે છે. યુવક ઉપરોકત ઉપદેશથી ચોંકી ઉઠે છે અને પૂછે છે.

યુવક–આપ કહો છો કે સંસારમાં કંઇ નથી તો પછી આપ આપઘાત શા માટે નથી કરતા. બધું જો અનિત્ય છે તો પછી આપે જે વેશ ધારણ કર્યો છે એ પણ અનિત્ય છે. એવી અનિત્ય વસ્તુઓને શા માટે ઉઠાવો છો ? સગાં અને વહાલાં કોઈના નથી તો પછી એક સગા વ્હાલાંનું સર્કલ છોડી શિષ્યો અને ભકતોનું સરકલ વધારી બીજા સગાવ્હાલાં શા માટે ઉભા કરો છો ? સ્વાર્થ સર્યા પછી કોઈ કોઇનું નથી તો આપ શિષ્યો વધારો છો એ કેવળ આપના સ્વાર્થ માટે તો ખરા ને ?

આચાર્ય–(મનમાં ચોંકીને) ભાઈ, આપઘાત કરવો એ મહા પાપ છે. સાંસારીક જીવન જીવવા કરતાં મહાવીરનું ઉપદેશેલ સાધુ-જીવન જીવવું એ આત્મોન્નતિ માટે સરસ છે. આ વેશ ધારણ કર્યો છે એ જરૂર અનિત્ય છે પણ તેથી જેમ એક કિલ્લામાં માણસ હોય તે જેમ નિર્ભય બને છે તેમ આ વેશમાં રહીને અમે પણ સંસારથી નિર્ભય બનીએ છીએ. શિષ્યો વધારીએ છીએ એ અમારા સ્વાર્થ માટે નહિ પણ તેના આત્માના કલ્યાણ માટે તેને દીક્ષા આપીએ છીએ અને પ્રભુ મહાવીરના સિદ્ધાંતોનો અભ્યાસ કરાવી પ્રચારક બનાવીએ છીએ. તેમાં અમારી દષ્ટિ તો પરોપકારની જ હોય છે.

યુવક–આપ કહો છો કે સાંસારિક જીવન જીવવા કરતાં સાધુ જીવન જીવવું આત્મોન્નતિ માટે સરસ છે એટલે આપ સાધુ જીવન જ જીવતા હશો ?

આચાર્ય–હા.

યુવક–મને તેમાં જરાયે સાધુજીવન લાગતું નથી. એક જંજાળ છોડીને બીજી જંજાળમાં પડો છો. એક સંસારને ત્યાગી બીજો સંસાર ઉભો કરો છો. આપ જે સંસારમાં રહી કરીને કરતા હતા એજ બાબત અહિં કરી રહ્યા છો. હા, એક બાબત જરૂર ઓછી થાય છે અને તે આજીવિકાની ચિંતાની. કારણ કે એ ભાર આપ સંસાર છોડો એટલે સમાજ ઉપર પડે છે. બાકી તો ત્યાંમાં ને અહિંમાં મને ફેર જણાતો નથી.

આચાર્ય–ભાઈ, એ તમારો દષ્ટિ વિભ્રમ છે. જો ત્યાં અનેક પ્રકારની હિંસા થવાનો સંભવ હતો. અહિં એ બિલ્કુલ છે જ નહિ. અસત્ય બોલવાનું નહિ, ચોરી કરવાની નહિ, બ્રહ્મચર્યનું પાલન કરવાનું અને પરિગ્રહ રાખવાનો નહિ. આખો દહાડો જ્ઞાન ધ્યાન, પરમાત્માના સિદ્ધાંતોનો પ્રચાર વગેરે કરીએ છીએ અને આત્મોન્નતિ સાધીએ છીએ.

યુવક–જરૂર, બાહ્ય દૃષ્ટિએ આપ જરૂર એ કોઇ પણ માણસને કહી શકો પણ આંતરિક દષ્ટિએ મને એ બધો દંભ જણાય છે. કારણ કે આપ જે જાતે હિંસા કરતા હતા એ બીજા કોઇની પાસે કરાવો છો. આપને શિષ્યની લાલસામાં સ્વાર્થવૃત્તિને પોષવામાં અને એવા બીજા અનેક કારણોસર અસત્ય બોલવું પડે છે. છોકરાંઓને ભગાડી આપ ચોરી પણ કરો છો. આપનો ઇંગીત આકાર આપ બ્રહ્મચારી હો એ માનવાની સાફ ના પાડે છે. પરિગ્રહ નહિ રાખવાનું આપ મૌખિક જ કહો છો, કારણ કે આપના નામના અને આપે તાળા કુંચી લગાવેલા અનેક કબાટો ભર્યા પડેલા મેં જોયા છે. એટલે આપના આ વેશ પાછળ દંભ શિવાય મ્હને કશું જ દેખાતું નથી.

યુવકના મોઢેથી ઉપરોકત નકકર હકીકત સાંભળી આચાર્ય ચીઢાય છે અને કહે છે કે તમે બધા નાસ્તિક છો. જડવાદમાં તમને કશી ગતાગમ નથી. અને મુખમાં જેમ આવે તેમ બોલો છો. તમારી સાથે વાત કરવી એમાંય પાપ છે. એમ કહી આચાર્ય ઉઠીને બીજા રૂમમાં ચાલ્યા જાય છે. અને યુવક આચાર્યનું માનસ જોઇ ખિન્ન થાય છે અને ત્યાંથી વિદાય લે છે.

---

**આપણી શરમ કથા**—અમદાવાદમાં અપર ચેમ્બરની ચુંટણી પ્રસંગે મહાસભાની સામે લીંબડીના કુમાર શ્રી ફત્તેહસિંહજીએ પોતાની ઉમેદવારી બહાર પાડી હતી. તે વખતે એમ સંભળાય છે કે શ્રી નેમિસૂરિજી અને અમદાવાદના નગરશેઠે પોતાની લાગવગ મહાસભાના હરીફ ઉમેદવાર માટે વાપરી હતી. જો આ બાબત્ત સત્ય હોય તો જૈન સમાજ માટે એ શરમાવનારી છે. મહાસભાની સ્હામે પોતાની લાગવગ વાપરનાર ગમે તેવો માણસ હોય તેને અમારો સાથ નથી, અમે તેને સ્વાર્થ માટે દેશને ગીરો મૂકનારા માનીએ છીએ. એટલે તેવા વ્યક્તિગત પ્રયાસો માટે જૈન સમાજ જવાબદાર નથી. જૈન કોમ પૂરેપૂરી રીતે રાષ્ટ્રભકત છે અને રહેશે.

---

**તિરૂજ્ઞાન સબન્દર** નામનું મદ્રાસના નારાયણ આયરના તામીલ ભાષામાં લખાયેલા પુસ્તકની બધી પ્રતો જે જે જગ્યાએથી મળી આવે તે તે જગ્યાએથી જપ્ત કરવાની મદ્રાસ સરકારે જાહેરાત કરી છે. તેમજ એ પુસ્તકની લેવામાં આવેલી ડબલ બાજુની ગ્રામોફોન રેકર્ડો કે જે હીઝ માસ્ટર્સ વોઇસે લીધી હતી તે પણ જપ્ત કરવાનો મદ્રાસ સરકારે નિર્ણય કર્યો છે, આ પુસ્તકમાં લખેલી બાબત પ્રજાના જુદા જુદા વર્ગમાં તિરસ્કાર અને દુશ્મનાવટની લાગણીને પ્રોત્સાહન આપે છે. એ કારણથી ઉપલો નિર્ણય મદ્રાસ સરકારે કર્યો છે.

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

(ગતાંકથી ચાલુ)

**ધી કાર્નેગી ફાઉન્ડેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ ટીચીંગ.**

કોર્નેલ યુનિવર્સિટીના ટ્રસ્ટી તરીકે જ્યારે કાર્નેગીની નિમણુંક થઇ ત્યારે પ્રોફેસરોને મળતાં હલકા પગારો જોઇ તેને ઘણો ખેદ થયો હતો. કારણ તેના સામાન્ય કારકુનો કરતા પણ તેમના પગારો ઓછા હતા. તે કહેતો કે શિક્ષણના ધંધામાં પડેલા વિદ્વાનોને બીજા લાભકારક ધંધાઓમાં પડેલા માણસો કરતાં ઘણા જ ઓછા પગારો મળે છે. આ સ્થિતિના નિવારણાર્થે એણે "ધી કાર્નેગી ફાઉન્ડેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ ટીચીંગ" નામના ફંડને દોઢ કરોડ ડોલરની બક્ષીસ કરી અને તેમાં વધારો થતાં, ઇ. સ. ૧૯૧૯ માં આ ફંડની રકમ ૨,૯૨,૫૦૦૦૦ ડોલર સુધી પહોંચી. આ ફંડનો હેતુ એ હતો કે, જે યુનિવર્સિટીઓમાં પેન્સન ફંડની વ્યવસ્થા ન હોય તેવા વિદ્વાનોને તથા શિક્ષણના ધંધામાં પડેલા ગૃહસ્થોને વૃદ્ધાવસ્થામાં તથા તેમના મૃત્યુ બાદ, તેમની વિધવાઓને પેન્સનો આપવા. આ પેન્સનો મેળવનારા એવા એવા માણસોના નામો મળી આવ્યા હતા કે માણસ જાતની જ્ઞાન વૃદ્ધિ કરવા માટેની સેવાઓથી તેમનાં નામો આખી દુનિયામાં મશહુર થયા હતા. કાર્નેગી કહે છે કે–એવા ઘણા વિદ્વાનો તથા તેમની વિધવાઓ તરફથી મને હૃદયદ્રાવક પત્રો મળ્યા છે ! કે એ કાગળોનો મારાથી નાશ કરી શકાય તેમ નથી. કારણ જ્યારે હું ગમગીન બન્યો હોઉં છું ત્યારે એ પત્રો વાંચવાંથી મારી ગમગીનીનો નાશ થાય છે.

**સ્કોટલેન્ડ યુનિવર્સિટી ફંડ.**

એક વખતે કાર્નેગીના એક મિત્ર મિ૦ થોમ્સન શો એ ઇંગ્લંડના એક માસિકમાં લેખ લખ્યો હતો કે; સ્કોટલેન્ડના ઘણા માબાપોએ પોતાના ઘણા ખર્ચમાં કાપકુપ કરવા છતાં યુનિવર્સિટીની ફી ભરવામાં નિષ્ફળ જવાથી પોતાના બાળકોનો અભ્યાસ અટકાવવો પડયો છે. આ લેખ વાંચી મેં સ્કોટલેન્ડના યુનિવર્સિટી ફંડને એક કરોડ ડોલરના, પાંચ ટકા વાળા બોન્ડ અર્પણ કર્યા હતા. જેના વ્યાજની અડધી રકમ લાયક વિદ્યાર્થીઓને ફી આપવા પાછળ ખર્ચવા માટે ઠરાવ્યું હતું. દેશકાળ અનુસાર આ ફંડની વ્યવસ્થામાં ફેરફાર કરવાની સત્તા ટ્રસ્ટીઓને આપવામાં આવી હતી. કાર્નેગીએ પોતાના ઘણા ખરા ફંડોના ટ્રસ્ટીઓને આવી સત્તાઓ આપી છે.

**ધી રૂટફંન્ડ ઓફ હેમીલ્ટન.**

હેમીલ્ટન કોલેજને કાર્નેગીએ બક્ષીસ કરેલી રકમ સાથે પોતાના મિત્ર મી. ઉબિટુરૂટનું નામ જોડવાનો ઇરાદો રાખેલો પરંતુ તેના એ મિત્રે એ વખતે તેનો એ ઇરાદો બર લાવવા ન દીધો પરંતુ કાર્નેગીએ તે માટે બીજી બક્ષીસ કરી અને તેનું નામ "ધી રૂટફન્ડ ઓફ હેમીલ્ટન" રાખ્યું અને પોતાના મિત્ર ઉપર તેણે વિજય મેળવ્યો અને તે નામ ન બદલી શકાય તેવી વ્યવસ્થા તેણે કરી. આ ફંડ પચીસ લાખ ડોલરનું છે. ઇ.સ. ૧૯૨૦ના એપ્રીલની ૨૫ મી તારીખે એન્ડ્રુકાર્નેગીની યાદગીરી કાયમ રાખવા ન્યુયોર્ક ઇન્જીનીઅરીંગ સોસાયટીના મકાનમાં જ્યારે જાહેર સભા ભરાઇ હતી ત્યારે મી. રૂટે કાર્નેગીના સબંધમાં બોલતાં જણાવ્યું કેઃ જે લોકોએ અમેરિકા દેસને આબાદ અને સમૃધ્ધિવાન બનાવીને તેને દુનિયાની અજાયબીના વર્ગમાં મૂકયો છે, તે બધામાં કાર્નેગીનું સ્થાન ઉંચું છે. કાર્નેગી એ માયાળુ હતો ! સમૃદ્ધિએ એના હૈયાને કઠોર કર્યું નહોતું ! તેમ તેને બચપણના તરંગોનું વિસ્મરણ પણ બનાવ્યું નહોતું ! બીજાના વિષે અભિપ્રાય બાંધવામાં તે ઘણો ઉદાર રહેતો. એની ભૂતદયા અમર્યાદિત હતી અને તેના ઉદ્દેશો ઉમદા હતા. દુનિયાને ખબર ન પડે એવા ઘણા દયાના અને માયાળુપણાના કામ એણે કર્યા છે કે જેની તપાસ થવી ઘટે છે.

**ટેસ્કેગી ઇન્સ્ટીટયુટ.**

કાર્નેગી કહેતો કેઃ બુકર વોશિંગ્ટનના પરિચયમાં આવવું એ તો ઇશ્વરનો ઉપકાર ગણાય. જેણે લાખો માણસોનો ઉધ્ધાર કર્યો અને ગુલામગીરીના બંધનોથી મુકત કરી સુધારાના માર્ગે ચઢાવ્યા. તેવા પુરૂષની આગળ આપણે આપણું શીર ઝુકાવવું જોઇએ. હબ્સી લોકોને ગુલામગીરીની બેડીઓમાંથી મુકત કરવાના "ટેસ્કેગી ઇન્સ્ટીટયુટ'ને કાર્નેગીએ સાહ લાખ ડોલર બક્ષીસ કર્યા. આ ફંડમાંથી અમુક સારી જેવી રકમ પ્રતિ વર્ષે વોશિંગ્ટન અને તેની પત્નિને હૈયાતી સુધી મળે તેમ જણાવ્યું હતું. આ હકીકતની જ્યારે વોશિંગ્ટનને ખબર પડી ત્યારે તે કાર્નેગી પાસે આવ્યો; અને તે રકમ ટ્રસ્ટડીડમાંથી છેકી નાંખવા એને વિનંતિ કરવા લાગ્યો અને તેને બદલે મને તથા મારી પત્નિને જરૂર પુરતી રકમ, એ શબ્દો લખવા જણાવ્યું. તે દરખાસ્ત તેણે સ્વીકારી અને સુધારેલા કાગળો આપી અસલ કાગળ તેના ટ્રસ્ટી મી. લોલ્ડિવ પાસે પાછો માંગ્યો. ત્યારે તેણે જણાવ્યું કેઃ તે કાગળ તો ભવિષ્યની સંતતિને વારસમાં આપવામાં આવશે.

**વાજિંત્રો.**

કાર્નેગીએ દેવળોને વાજિંત્રો પૂરૂં પાડનારૂં એક ખાતું ખોલ્યું હતું જેથી ઘણા વાજિંત્રો ધરાવનારા દેવળના વહીવટદારો પણ વાજિંત્રો માટેના પૈસા મંગાવી ગોલખમાં મૂકતા, આથી તેણે અર્ધા પૈસા વાજિંત્રોના દેવળના ફંડમાંથી જે લઈ કોઇ આવે તેને નવું વાજિંત્ર લઇ આપવાનું નક્કી કર્યું. તેથી તે ખાતું બરાબર વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યું. અને ઇ. સ. ૧૯૧૯ સુધીમાં ૭૬૮૯ દેવળોને વાજિંત્રો પૂરા પાડવામાં આવ્યા હતા. અને તેની પાછળ કાર્નેગીએ આઠ લાખ ડોલર ખર્ચ્યા હતા.

એ માનતો કે પ્રાર્થના દરમ્યાન થોડે થોડે અંતરે પવિત્ર સંગીત સાંભળવાંથી ભકિતભાવમાં વધારો થાય છે.

આની વિરૂધ્ધ કેટલાએક સ્થિતિચુસ્ત લોકો એવા અવાજ ઉઠાવતા કે વાજિંત્રો દેવળોને પૂરા પાડીને કાર્નેગી પ્રાર્થનાને હલકી પાયરીએ લઇ જવાનું પાપ કરે છે. આ સાંભળી કાર્નેગીએ પોતાના પાપના ભાગીદાર બનાવવાને તેણે અર્ધી કિમ્મત દેવળો પાસેથી લેવાનો નિર્ણય કર્યો. છતાં આ સ્થિતિચુસ્ત લોકોની વાતોને નહિ ગણકારતાં દેવળના વહીવટદારોએ તેની અર્ધી કિંમત આપીને પણ કાર્નેગી પાસેથી વાજિંત્રો મેળવવા ચુકયા નહિ. અને એ વાજિંત્રો આપનારૂં ખાતું ધમધોકાર ચાલુ રહ્યું.

–ચાલુ.

# ઐક્યતાના આદર્શ.

હવે સમાજની આધુનિક પરિસ્થિતિ પર વિચાર કરીએ. સૌથી મહત્વનો પ્રશ્ન તે સંગઠ્ઠનનો છે. એ સંગઠ્ઠન એ સમાજોદ્ધારનું મુખ્ય અંગ છે. એ જેટલે અંશે શક્ય થાય તેટલે અંશે આપણે વહેલી સફળતા પ્રાપ્ત કરી શકીશું.

આ દિશામાં યુવક પરિષદે સુંદર યોજના ઘડી છે છતાં જ્યાં સુધી તેનો સક્રિય અમલ ન થાય ત્યાંસુધી એની કાર્યવાહી અધુરી જ ગણાય. "મહાવીર જૈન સમાજ" એ નામની સંસ્થાએ એમાં સુંદર પહેલ કરી છે, છતાં તેને જૈન જનતાનો જોઇએ તેટલો ટેકો હજુ સુધી મળ્યો નથી જણાતો. સમાજ હિતની જાહેર કોઇ પણ પ્રવૃત્તિ મુશ્કેલીઓનો સામનો કર્યા વગર સફળતા પ્રાપ્ત કરી શકતી નથી. ઉપરોક્ત સંસ્થાના ઉચ્ચ આદર્શોથી જૈન સમાજનો મોટો વર્ગ અજ્ઞાત જણાય છે અથવા તો તેના દુશ્મનો જૈન જનતામાં ગેર સમજુતી ફેલાવતા હોય.

હું માનું છું ત્યાંસુધી તેનો સતત પ્રચાર કરવાની જરૂર છે અને તે માટે વિશાળ કાર્યક્રમ યોજાય તે ઇચ્છવા યોગ્ય છે. આ સિવાય જૈનપુરીઓમાં અનેક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે પણ તે બધી મુખ્યત્વે જ્ઞાતિવાડામાં વ્હેંચાયેલી હોવાથી અને અન્યોન્ય સંપર્ક સાધવાને બદલે અલગ રહેલી છે. અત્યારના યુવાનોનું મુખ્ય કાર્ય આ સંગઠ્ઠનનું છે. એમણે જ્યાં જ્યાં શક્ય બને ત્યાં ત્યાં અથાગ પરિશ્રમો વેઠીને પણ એ દરેક સંસ્થાઓને યુવક પરિષદ અથવા તો મહાવીર જૈન સમાજની છત્રછાયા નીચે લાવવાની જરૂર છે અને તે પછી જ્યાં સંસ્થાઓ ન હોય ત્યાં નવી સંસ્થાઓ ઉભી કરી ઐક્યબળનો પ્રચાર કરવો ઘટે.

આજ વર્ષો થયા જૈન સમાજ જ્ઞાતિ, ગચ્છ અને વાડામાં વ્હેંચાઈ ગયેલો છે અને તેને પરિણામે કજીયા-કલેશ અને દુર્દશાના દાવાનળ કેટલાય વખતથી ભભૂકી ઉઠયા છે. સમાજની રહી સહી શક્તિનો વિનાશ થવા માંડયો છે. અંધશ્રધ્ધા અને ધર્મઝનૂનને નામે આજે જે ખટપટો ચાલી રહી છે એથી સમાજનું કદિ હિત થયુંજ નથી. આ સ્થિતિ વધુ વખત સહી લેવાય નહિ. જૈન સમાજે પરસ્પરના ઝઘડામાં બહુ ગુમાવ્યું છે. તેના કરોડો રૂપીયા અદાલતને આંગણે વેર્યા છે, ભાઇ ભાઇના ખૂન રેડયા છે એટલું જ નહિ પણ લાખો જૈનોને ધર્મભ્રષ્ટ અને પરધર્મી બનાવી દીધા છે. આ બધું ક્યા જૈનથી અજાણ્યું છે ? છતાંયે આજે ધર્મી હોવાનો દાવો કરતાં એ સેવાધારીનુ તાંડવનૃત્ય શા માટે ? શું એમના હૃદયમાં સંગઠ્ઠનના સુરો કાંટા માફક ખૂંચે છે ? આજે જગત પ્રતિષ્ઠાનું ભૂખ્યું છે. અને પ્રતિષ્ઠાને સમાજ હિતની પરવા ઓછી રહે છે. જો કે પ્રયત્નો કરે તોપણ સમાજ સંગઠ્ઠનની આડખીલી વ્યક્તિગત પ્રતિષ્ઠા છે. યુવાનો આ જાતની મુશ્કેલીઓથી અજ્ઞાત ન રહી શકે અને ત્યારે જ તે પોતાનું કાર્ય સુંદર રીતે પાર પાડી શકશે. સંગઠ્ઠનની ભાવના ઘણાના હૃદયમાં રમતી હોય છે પણ તે પોતાના હેતુ પાર પાડવા પૂરતી જ. આજે સંગઠ્ઠનની અનેક પ્રવૃત્તિઓ નિષ્ફળ જવાના કારણોમાં વ્યક્તિગતહિત તેમજ કાર્યકર્ત્તાઓમાં યોગ્યતાનો અભાવ ગણી શકાય. સમાજનો સેવક સત્તાધીશ થવાની મહત્વાકાંક્ષા ન રાખે.

—રમણિક ઘીઆ.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

## વાર્ષિક સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભાની એક મીટિંગ તા. ૩૧-૧-૩૭ રવિવારના રોજ બપોરના ૩ વાગે (સ્ટા.ટા) સંઘની ઓફિસમાં શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં નીચે મુજબ કામકાજ થયું હતું.

ગઇ મીટિંગની મીનિટ વંચાયા બાદ પ્રમુખશ્રીની સહી થયા પછી નીચે મુજબ ઠરાવો થયા હતા.

૧. મંત્રીએ ગઇ સાલનો રીપોર્ટ અને ઓડીટ થયેલો હીસાબ રજુ કર્યો, બાદ માધવલાલ હીરાલાલ શાહની દરખાસ્ત અને અંબાલાલ એલ. પરીખના ટેકાથી સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

૨. ઉમેદવાર પત્ર. ૨૧ આવેલ હોવાથી વોટીંગથી સં. ૧૯૯૩ ની સાલની કાર્યવાહક સમિતિની નીચે મુજબ વરણી કરવામાં આવી.

**સભ્યો તરીકે:-**

| | |
|---|---|
| તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી. | જમનાદાસ અમરચંદ ગાંધી. |
| માધવલાલ હીરાલાલ શાહ. | રમણલાલ ચંદુલાલ શાહ. |
| મણીલાલાલ. એમ શાહ. | મનસુખલાલ હીરાલાલ લાલન |
| અમીચંદ ખેમચંદ શાહ. | અંબાલાલ લલ્લુભાઇ પરીખ. |
| ચન્દ્રકાન્ત વી સુતરીયા. | વલ્લભદાસ ફુલચંદ મહેતા. |
| પરમાનંદ કુંવરજી કાપડીયા. | મોહનલાલ પાનાચંદ શાહ. |
| નીનચંદ શામજી શાહ. | રતિલાલ સી. કોઠારી. |
| માણેકલાલ એ. ભટેવરા. | જગુભાઇ વી. શાહ. |

૩. બે મંત્રીઓ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

૪. તારાચંદ એલ. કોઠારીની દરખાસ્ત, માણેકલાલ એ. ભટેવરાનો ટેકો અને અંબાલાલ પરીખના અનુમોદનથી બંને જુના મંત્રીઓ-મણીલાલ એમ. શાહ અને અમીચંદ ખેમચંદ શાહને કાયમ રાખવાનો વધુ મતે નિર્ણય કરવામાં આવ્યો.

૫. **ખજાનચી તરીકે**-જમનાદાસ અમરચંદ ગાંધીને સર્વાનુમતે નીમવામાં આવ્યા.

૬. **ઓડીટર તરીકે**-ચીમનલાલ પી. શાહ અને રમણલાલ હીરાલાલ શાહને સર્વાનુમતે નીમવામાં આવ્યા.

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

'ક્રાન્તિ'ધારીઓ કેવા જોઇએ ?

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક પંદરમો
સોમવાર તા. ૧-૩-૩૭.

## ઘેલછાના પ્રતિબિંબ.

ચાલ ભાઇ ચાલ
હવે જલ્દી તું ચાલ—
મુક્તિના દ્વાર જો ! જો !
ખુલે તત્કાલ—ચાલ.

પાઠ શીખ્યા નવકાર તણા ને
લીધી બહુ બહુ બાધા
ઉપાશ્રયને આંગણ ઘુમ્યા
તોયે દુઃખના દહાડા—ચાલ.

ધર્મ તણા છે શિક્ષણ મ્હોટા
તત્ત્વજ્ઞાનના દરીયા
જીવનની જંજાળો છોડી
ચાલો જઈએ તરવા—ચાલ.

મા પૂછે તો કહીશું જુઠું
મિત્રને મળવા જઈએ
પાંચ પચીસ દિન વીતિ જાતા
એ પણ થાકી જાશે—ચાલ.

તપ તપતા દુઃખ ગળતી કાયા
દુર્બળ બનતો દેહ
સુખ દુઃખ એવા સ્હેવા કરતાં
ઉત્તમ સાધુ વેશ—ચાલ.

જૈન જગતની ભૂમિ માંહી
પડતા સાધુ પાય
ધર્મી ઘેલા મેલા સહુના
પાપ હટે તત્કાળ—ચાલ.

શાસ્ત્ર વચનને નામે રાચી
કરશું જગ ઉપકાર
ધનિક ભગતના ભાન ભૂલાવી
ધાર્યું કરશું કામ—ચાલ

દેવું મ્હોટું છોને માથે
એની શી પંચાત
લોચની સાથે એ લોચાના
ખુડદો થાશે ત્યાંજ—ચાલ.

સામે ચાલ્યું લશ્કર જો જો
જીતવા ચાલ્યું જંગ
ભવભવની આ ભાવટ ભાંગે
એનો કરીએ સંગ—ચાલ.

વેળા ચૂકયો જગ તું ચૂકયો
નિરર્થક તુજ વૈરાગ્ય
વાત બધી આ ભૂલી જાતા
નાહક તું પસ્તાય—ચાલ.

—મંજુલકુમાર.

# તરુણ જૈન.

તા. ૧-૩-૩૭


## ‘ક્રાન્તિ’ધારીઓ કેવા જોઇએ ?

### ક્રાન્તિનું બીજું નામ ફેરફારઃ પરિવર્તનઃ ઉથલપાથલ.

અને એ સ્થિતિ ધર્મ, રાજ્ય કે સમાજશાસનના પુનર્વિધાન પહેલાં અનિવાર્ય છે. કારણ કે પ્રગતિશીલ વિચારો કે યોજનાઓ રજુ કરવામાં આવતાં પ્રત્યાઘાતીઓ ત્હેની સ્હામે મરણીયો પ્રયત્ન આદરવાના જ. અને એ પ્રયત્નોને તોડી પાડવા માટે નવવિધાયકોને જે ઉદ્દામ કાર્યક્રમ અમલમાં મુકવાની ફરજ પડે તેમાં તો કેવળ અશાન્તિને જ આમંત્રવાની હોય. એ સ્પષ્ટ હકીકત છે.

અને એ પણ નિર્વિવાદ છે કેઃ ક્રાન્તિની ચીનગારીઓ ઉડીઉડીને બીજાને દઝાડતી હોય ત્યારે ‘ક્રાન્તિ અમર રહો’ ના પોકારો પાડનાર નવસર્જકો જ્યારે એ ચીનગારીઓના પ્રતાપે દાવાનળ સળગે ત્યારે તેમનાં કપડાં દાઝી જાય કે તેમાંથી ઉડતા તણખા તેમના દેહને ડામી દેતો પણ ‘ક્રાન્તિ અમર રહો’ ના પોકાર સાથે ધ્યેય તરફ ધસ્યે જાય તો જ ‘ક્રાન્તિ’ને શકય બનાવી શકે. ‘ક્રાન્તિ’ની હવા પેદા કરવા માગનારે સ્વયં ફનાગીરી માટે તત્પર રહેવું પડે છે.

જૈન સમાજના ઉદ્ધાર અર્થે વર્ષો થયાં પ્રયત્ન કરતા આગેવાનો કે તેમના નેતૃત્વ નીચે ચાલતી સંસ્થાઓની પ્રવૃત્તિ સંબંધી કોઈપણ જાતની ટીકા કે ચર્ચા કર્યા શિવાય મૌન સેવવું એ ભલે ઉચિત હોય ! પરંતુ જેઓએ વર્ષો થયાં જાહેર કર્યું છે કેઃ ‘યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.’ અને અત્યારના ‘ધર્મશાસન કે સમાજશાસનમાં પરિવર્તન થવું આવશ્યક છે’ એવા યુવાન વર્ગે કે યુવક સંસ્થાઓએ તેમણે આદરેલી પ્રવૃત્તિઓનું સિંહાવલોકન કરી લેવું જરૂરી છે એમ કહેવું જરાય વધારે પડતું ન ગણાય.

યુવક પરિષદો અને સંમેલનો ભરાયાંઃ ખૂબ ખૂબ ભાષણો થયાઃ સમાજના વિકટ પ્રશ્નો છણયાઃ અને ઠરાવો પણ કર્યા. છતાં આપણે પ્રગતિ માર્ગે કેટલાં ડગલાં આગળ ગયા એ પ્રશ્નનો જવાબ આપણી પાસે છે ખરો ?

આપણી પાસે જવાબ ન હોય તેથી આજસુધીની પ્રવૃત્તિ અફળ ગઇ છે એમ કહેવાની મતલબ નથી. રંતુ સમાજના ‘અંધશ્રધ્ધાળુ’ અને ‘ગુલામ’ માનસમાં લટો નથી થયો એમ તો જરૂર કહી શકાય. જ્યાંસુધી સાજ માનસમાં વિચાર ક્રાન્તિ ન થાય ત્યાંસુધી સમાજનાનવસર્જનની ભૂમિકા તૈયાર થઈ છે એમ કહી શકાય ખ ?

સમાજનું નવઘડતર કરતાં પહેલાં જીર્ણ દિવાને જમીનદોસ્ત કરવાનું અને તેવાં બાઝી ગયેલાં જાળાં ખરોને સાફ કરવાનું કાર્ય પણ નવસર્જકોએ જ કરવાનું હોય છે અને તેના માટે આગની ઉષ્ણતાઃ અને વંટોળીાની ગતીઃ એ બંને જરૂરી છે. આપણો ભાવિ કાર્યક્રમ જે હો તે આ બાળ સમાજની પ્રત્યેક વ્યકિતને સ્પર્શી શકે તેમાં ભરવાનું અને તેને સચેત બનાવી શકે તેટલી મા અને તેને વેગ આપવાનું કાર્ય યુવાન જગતને દોર આગેવાનોનું છે. એટલું યાદ રહે કેઃ સ્વયં ફનાગીની તૈયારી જ ક્રાન્તિને શકય બનાવશે. અન્યથા નહિ. સ્તુ !

## સમાચાર.

—મહેસાણામાં શ્રી અમથાલાલ નગીનદાસ ભાખરીયા તરફથી નવકારસી થયેલી તેમાં મ્હેસાણાના સંઘના તમામ સભ્યોએ ાતા સંઘબહારના ભાઇઓ સાથે ઉત્સાહપૂર્વક જમણમાં ભાગ લીધો તો. વિરોધપક્ષની વિરોધતા તદ્દન નિષ્ફળ નિવડી હતી.

—શ્રી નગીનદાસ સ્મારક ફંડ કમીટિ તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘને ડો. નગીનદાસનું તૈલચિત્ર સંઘની ઓફિસમાં લ્લુ મુકવા સારૂ ભેટ આપવા માંગણી કરેલી તેનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમિટીએ સહર્ષ સ્વીકાર કર્યો છે.

—શ્રી અમદાવાદ રાજા મહેતાની પોળમાં રહેતા એક તની પુત્રીએ તેના માતપિતાની વિરૂદ્ધ જઇને પાડાપોળમાં રહેતા એક જૈન યુવક સાથે લગ્ન કર્યા છે, કન્યાના પિતાએ લગ્ન ાર યુવક સામે અપહરણનો કેસ કર્યાની ખબર મળી છે. અમદાના રૂઢિચૂસ્ત જૈનભાઈઓ કંઇક સમજે !

—ખંભાત આંગણે શ્રી નેમિસૂરિ અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ ભેગા મળ્યા છે. સમાજની સળગતી સમસ્યાઓનોકલ કરવા તેઓ કાંઇ વિચારશે ખરા કે ?

—શ્રી મુંબઈ મહાસભા તરફની ટીકીટ ઉપર શ્રી ભવજી અરજણ ખીમજી ધી ઇન્ડિયા કોટન મરચન્ટ તરફથી મુંબી ધારાસભામાં વગર હરિફાઇએ ચુંટાયા તે બદલ તેમને શ્રી છી દશા ઓશવાળ જ્ઞાતિ તરફથી સરદાર વલ્લભભાઇના પ્રમુખપણા નીચે માનપત્ર આપ્યું હતું. એ મેળાવડામાં લગભગ ત્રણ હર પુરૂષો અને સન્નારીઓએ ભાગ લીધો હતો.

—શ્રી ચંદુલાલ સારાભાઇ મોદીએ બાઇ ગીરીના સ્મરણે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને રૂ. ૧૦૦૧)નું દાન આપ્યું છે અને ડોનર તરીકે પોતાનું નામ નોંધાવ્યું છે,

## આપણું

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

આજથી કેટલાંક વર્ષ પહેલાં આપણી સમાજમાં કેળવણીની મહત્તા ઓછી અંકાતી એટલે શિક્ષણનું મહત્ત્વ વિસરાઇ ગયું હતું. જીવનની જરૂરીયાત માત્ર પૈસા કમાવવામાં અને જીવનના સામાજીક વહેવારમાં જ સમાઇ ગયેલી જણાતી. આવી સ્થિતિમાં આપણી સમાજ પ્રગતિના પંથે ધપતી અન્ય સમાજો સાથે પોતાનું સ્થાન ટકાવી શકશે કે નહિ એ પ્રશ્ન સમાજના કેટલાક આગેવાનોના મનમાં રટણ કરી રહ્યો હતો.

આ જ અરસામાં મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી (હાલમાં આચાર્ય)નું ચાતુર્માસ મુંબઇ શહેરમાં થયું. એઓને દેશ પરદેશની હવા સ્પર્શેલ એટલે કેળવણીના હિતાહિતનો આંક મૂકી શકતા. તેમણે ચાતુર્માસ દરમ્યાન ઉચ્ચ પ્રકારની કેળવણી લઇને ધર્મના દૃઢ સંસ્કાર સાથે કોમનું ને દેશનું હિત હૈડે ધરે એવા યુવાનો ઉત્પન્ન કરવાની યોજનાનો પ્રચાર કર્યો તેની જૈન સમાજ પર સુંદર અસર થઇ, અને કેટલાક ગૃહસ્થોએ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' એ નામની એક સંસ્થા સંવત્ ૧૯૭૦ના ફાગણ શુદ ૫ ના રોજ સ્થાપી. આ દિવસ મુંબઇના જૈન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે. પહેલાં તો વિદ્યાલયને પુના જેવા સ્થળે રાખવાનું નક્કી કરવામાં આવેલું પરંતુ પાછળથી મુંબઈ રાખવાનો જ નિશ્ચય થયો,

સં. ૧૯૭૦ના ફાગણ શુદ ૫ ના રોજ આ સંસ્થાએ પ્રકાશ નિહાળ્યો. એનું કાર્ય ચલાવવા કામચલાઉ નવ સભ્યોની સમિતિ નિમાઇ. સંસ્થા દરેકનો પૂર્ણ સહકાર મેળવી શકે, સૌ લાભ લઇ શકે એથી દરવર્ષે દશવર્ષ સુધી ઓછામાં ઓછા વાર્ષિક રૂા. ૫૧) આપનારને સભ્ય બનાવવા એવું નક્કી કર્યું. પહેલે વર્ષે યોજના મુજબ રૂા. ૮૬૪૬) વસુલ થયા ને તા. ૧૮–૬–૧૯૧૫ ના રોજ ભાયખલા લવલેનમાં સસ્થાની સ્થાપના થઈ ને શરૂઆતમાં ૧૮ વિદ્યાર્થી દાખલ થયા.

જુનું મકાન વધુ સગવડભર્યું ન જણાવાથી સંસ્થાને લેમિંગ્ટન રોડ પર લઇ જવામાં આવી હતી. આજ મકાનમાં એક ન્હાના દહેરાસરની સ્થાપના કરવામાં આવી કે જેથી કરીને વિદ્યાર્થીઓમાં ધર્મ પ્રત્યેનું ગૌરવ આવે, સાથે સાથે ઉચ્ચ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપવાનો પણ પ્રબંધ કરવામાં આવ્યો, અને હજી આજે પણ એ સંસ્થામાં ધાર્મિક શિક્ષાણ આપવામાં આવે છે.

સંસ્થાની મહત્તા જૈન સમાજને સમજાઇ, વિદ્યાર્થીઓની સંખ્યા ને લવાજમની આવક વધી એટલે સંસ્થાને વધુ પ્રગતિમાન બનાવવા માટે તેમજ તેની વ્યવસ્થા મોટા પાયા પર લઇ જવા માટે એને ઘરના મકાનની જરૂર જણાઇ ને મકાનફંડની યોજના નક્કી કરવામાં આવી. તે અરસામાં મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી. પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજીનું ચાતુર્માસ મુંબઇમાં હોવાથી તેમના ને શેઠ દેવકરણ મુળજીના સતત પરિશ્રમે મકાન ફંડમાં રૂ. ૧૩૩૦૦૦) ભરાયા ને તેમાંથી લગભગ લાખ વસુલ થયા.

આવી સુંદર શરૂઆતના પરિણામે ગોવાલીયા ટેન્ક પર રૂ. ૧૪૮૦૦૦) માં ચાર મકાનો ખરીદવામાં આવ્યા. એ પછી સંસ્થાએ ચોથા વર્ષમાં એજ સ્થળે પાંચમા મકાનની રૂ. ૪૨૦૦૦)માં ખરીદ કરી પાંચ મકાનનું જુમખું મેળવ્યું. આ વર્ષનો વધારે નોંધવા લાયક બનાવ એ પણ હતો કે સંસ્થાએ પહેલીજ વાર એક વિદ્યાર્થીને યુરોપ ફોરેસ્ટ્રીન અભ્યાસ અર્થે મોકલ્યો.

ઘરનાં મકાન થતાં સંસ્થા લેમિંગ્ટનરોડ પરથી ગોવાળીયા ટેન્ક પર મંગળ ચોઘડીએ દાખલ થઇ. એણે એની પ્રગતિનો પંથ કાપવા માંડયો. વિદ્યાર્થીઓની સંખ્યા વધવા માંડી. પરદેશ પણ વિદ્યાર્થીઓને લોન આપી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું અને કેટલાકને મોકલ્યા પણ ખરા જેને પહોંચી વળવા શ્રી મહાવીર લોન ફંડ સ્થપાયું. અને તેમાં બાબુસાહેબ જીવણલાલ પન્નાલાલે રૂ. ૯૦૦૦) ભરી શુભ શરૂઆત કરી. આજે એ ફંડ રૂ. ૮૪૪૯૮)નું થવા જાય છે. જેના પરિણામે આજસુધી અભ્યાસ અંગે ૭–૮ વિદ્યાર્થીઓને પરદેશ મોકલવામાં આવ્યા છે.

જુના મકાનોમાંથી ભવ્ય મકાન સરજાવવા ફંડની શરૂઆત થઇ ને તા. ૧૩–૧૧–૨૨ના રોજ શેઠ દેવકરણ મુળજીના શુભહસ્તે નવા મકાનનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું ને બાંધકામના ખર્ચ માટે શેઠ દેવકરણ મુળજી તેમજ શેઠ મોતીલાલ મુળજી તરફથી લોન ધીરવામાં આવી અને વિદ્યાર્થીઓની જરૂરીયાતને પહોંચી વળે તેવું ભવ્ય મકાન, કુશાદે હોલ અને અલાયદા જિનાલય સાથે મકાન તૈયાર થયું. જે તા. ૩–૧૦–૨૫ ના રોજ ખુલ્લુ મુકાયું.

સંસ્થાનું કામ ફૂદકે ને ભૂસ્કે આગળ વધવા માંડયું. તેને નવી નવી મદદો મળવા લાગી. વિદ્યાર્થીઓ ધાર્મિક ને યુનિવર્સિટીના અભ્યાસમાં પ્રગતિ કરવા લાગ્યા. તેની પ્રગતિ રૂપી કુચ આગળ ધપાવવા કાર્યવાહકો ખંતથી કાર્ય કરી રહ્યા હતા. સંસ્થાની પ્રતિષ્ઠા સમાજમાં વધી રહી હતી તે અરસામાં વિઘ્ન સંતોષીઓના પેટમાં કંઇક થયું ને સંસ્થાને ઉખેડી નાખવા કાવત્રું ગોઠવાયું. તેના મુખ્યપાત્ર તરીકે તે વખતે ગોડીજીના ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલ મુનિ ખાંતિવિજયે આગેવાની લીધી. નિમિત્ત ડોકટરી લાઈન આગળ કરી દેડકા પ્રકરણ ઉપાડયું. જડસુઓએ સંસ્થાને તોડવા અનેક મોરચા બાંધ્યા; છેવટે મહાવીર નામ બદલવાની વાયડી વાતો આદરી છતાં આખરે પાછા પડયા ને સંસ્થાને વધુ મજબુત કરવા શેઠ વાડીલાલ સારાભાઇએ રૂપીયા એક લાખ જેવી ઉમદા રકમ સંસ્થાને ચરણે ધરી સંસ્થાને મજબુત બનાવી . આથી સંસ્થા કે જે દેવામાં હતી તે ઋણમાંથી મુકત થઇ અને વિદ્યાર્થીગૃહ સાથે તે સખી ગૃહસ્થનું નામ જોડયું.

આજે સંસ્થાનું ૨૨ મું વર્ષ ચાલે છે. તેણે અત્યારસુધીમાં ૧૮૨ ગ્રેજ્યુએટો ઉત્પન્ન કર્યા છે. અનેકને વધુ શિક્ષણ માટે લોનો

આપી ઇંગ્લંડ, જર્મની ને અમેરિકા મોકલ્યા છે, તે ઉપરાંત ધાર્મિક શિક્ષણ આપી કલકત્તા બનારસ વિગેરેની ગવર્નમેન્ટ સંસ્કૃત પરીક્ષા માટે પણ મોકલવામાં આવ્યા છે. ગત વર્ષની આખર સુધી લગભગ ૬૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. આજે સંસ્થામાં ૧૧૧ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે.

આ ઉપરથી એમ કહેવું પડશે કે સંસ્થાએ સુંદર પ્રગતિ કરી સમાજની કિંમતી સેવા બજાવી છે.

સમાજ ને દેશની ઉન્નતિનો મુખ્ય આધાર કેળવણી છે. કેળવાયેલ યુવાન ને યુવતિઓ જ સમાજને ઉજાળી શકશે. તેના સાચા રાહબર તરીકે પણ એજ કામ લાગશે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આપણી સમાજને સમૃદ્ધ બનાવવા માટે, તેના કુરિવાજોને ટાળવા માટે, સમાજની બદીઓનો નાશ કરી તેમાં સારા તત્ત્વો આમેજ કરવા માટે અનેક રીતે સીધો કે આડકતરો ફાળો આપ્યો છે. ને સમાજે સંસ્થાને અપનાવી પોતાની બનાવી લીધી છે.

સંસ્થાના મંત્રીઓ તરીકે શ્રીયુત મોતીચંદ ગીરધર કાપડીઆ અને શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી પ્રશંસનીય સેવા કરી રહ્યા છે. શ્રી કાપડીયાએ પ્રથમથીજ આ સંસ્થાને માતબર, ઉપયોગી ને કિંમતી બનાવવા પોતાની બનતી મદદો આપી સેવાભાવનો જે ઉમદો દાખલો બેસાડયો છે તે બીજાઓને ઉપયોગી થઇ પડશે.

શ્રી વિદ્યાલયને સોસાયટીના કાયદા મુજબ રજીસ્ટર પણ કરવામાં આવી છે. સંસ્થાએ પુસ્તકાલયમાં સુંદર સંગ્રહ કર્યો છે તેમાં ધાર્મિક સાહિત્યનો પણ વિપુલ સંગ્રહ છે. આ સિવાય અન્ય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ તરફથી 'સ્ટુડન્ટ્સ યુનિયન' સ્થાપવામાં આવ્યું છે. આ યુનિયનના આશ્રય નીચે અવાર નવાર ચર્ચાઓ, પ્રસંગોચિત ઇતર વિદ્વાનોના ભાષણો, દેશનેતાઓના વ્યાખ્યાનો, રમત ગમત, વ્યાયામ, મુસાફરી વગેરે ગોઠવણ પણ સંસ્થામાં કરવામાં આવે છે.

વિદ્યાર્થી માત્ર અભ્યાસનો કીડો જ ન રહે પરંતુ સમાજ અને દેશને પણ લાભકર્ત્તા થઇ પડે એવી જાતનું વાતાવરણ સરજાવવા આ સંસ્થાએ પ્રયત્નો આદર્યા છે. ગઇ લડતમાં પણ જે વિદ્યાર્થીઓ જોડાવવા માગતા હતા તેમને સંસ્થાએ સગવડો પણ કરી આપી છે. સ્વદેશી વસ્ત્રો તેમજ રાજકીય વિષયને ચર્ચતા વ્યાખ્યાનો ને ચર્ચાઓ ગોઠવી વિદ્યાર્થીઓમાં દેશ પ્રેમ વધુ ખીલે એવા શુભ પ્રયત્નો પણ ચાલુ જ છે.

આ સંસ્થાને અંગે અનેક વિદ્યાપ્રેમી જૈનગૃહસ્થોએ જુદા જુદા ખાતાઓમાં હજારોની શરતી રકમોથી એકત્ર થયેલાં ફંડોમાં શ્રી સારાભાઇ મગનભાઇ મોદી લોન ફંડ, શ્રી મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ, શ્રી ઉત્તમભાઇ રણછોડભાઇ ટ્રસ્ટ ફંડ વિગેરે મળી લગભગ તેર ફંડો છે. આ ફંડોની વ્યવસ્થા દાન આપનાર ગૃહસ્થની યોજના મુજબ કરાય છે.

સંસ્થા પાસે પોતાની માલિકીના મકાન, જુદા જુદા ખાતાનાં ટ્રસ્ટ ફંડો વિગેરે મિલ્કત ગણીએ તો ગણાય. પણ આવી ઉપયોગી કલ્પવૃક્ષ સમાન સંસ્થાનું સ્થાયી ફંડ જોશું તો નિરાશ થવું પડશે. આવી ઉપયોગી સંસ્થા પાસે જ્યારે લાખોનું સ્થાયી ફંડ હોય તો ? કન્યા વિદ્યાલય સ્થપાય. કોલેજ સ્થપાય. કેળવણીને લગતી અનેક પ્રવૃત્તિઓ પોષાય. આખરે આ સંસ્થાને જૈનકોમની કેળવણીનું કેન્દ્રસ્થાન બનાવવા જૈન સમાજના ધનિકો વિચાર કરશે અને સંસ્થાને છુટે હાથે નાણાની મદદ કરી ફરજ અદા કરશે.

# ભિતરનું માનસ.

જૈન સમાજની પુનર્ઘટનામાં કયા પ્રશ્નો સમાઇ શકે? એનો સ્વાભાવિક વિચાર કરવામાં આવે તો પણ આપણા મગજમાં અનેક પ્રશ્નો ઉદ્ભવ પામે, સમાજની સાચી પરિસ્થિતિથી વાકેફ થનાર કોઇપણ હૃદય એટલું તો કબુલ કરશે જ કે અત્યારનો દેશકાળ જોતાં સમાજમાં અનેક સુધારાની જરૂર છે. વડીલોની ગરેડમાં સમાજ લાંબો વખત હવે નભી શકે તેમ નથી. તો પછી તેમાં વિલંબ કરવાથી ફાયદો શો હશે? પણ ખરી વાત તદ્દન જુદીજ છે. સુધારાને અવકાશ છે એમ સૌ કોઇ સ્વીકારે છે પણ તે પોતાને ત્યાં નહિ પારકે ઘેર. અને કોકડું વધુ ગુંચવાય છે તેનું મુખ્ય કારણ આ છે. "નવયુગનો જૈન" ના કર્ત્તાએ સમાજની ગુંચ ઉકેલવાને માટે એવી સુંદર યોજના બતાવી છે કે જેનો સત્વર અમલ થાય તો જૈન જગત આજે પ્રગતિવાદી રાષ્ટ્રોની હરોલમાં મોખરે સ્થાન ભોગવે. સમાજ ક્રાન્તિના મૌલિક, પ્રખર અભ્યાસી અને યુવાનોના આદર્શ પ્રિય નેતા શ્રી પરમાનંદભાઇના વિચારો પણ તેટલા જ જવલંત છે. રાષ્ટ્રવાદના નેજા નીચે ભારતવર્ષના પ્રત્યેક ધર્મો ઐકયતા સાધી શકે છે, તો પછી જૈન જગત તેમાંથી શાને અલગ રહે? વંશપરંપરા ચાલ્યા આવતા વારસાઇ હક્કો જો આજે સુરક્ષિત નથી તો પછી પ્રાચીન પ્રણાલિકાઓ કે જેનું મહત્વ આજે જણાતું નથી તેમાં પરિવર્તન શા માટે ન થાય? પણ વસ્તુસ્થિતિ જે પ્રકારે છે તેથી જુદુંજ આપણા અધિકારીઓ આપણને સમજાવી રહ્યા છે અને આપણી પ્રગતિની પીછે હઠ પણ તેનેજ આભારી છે.

—રમણિક ઘીઆ.

(**એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા**—પૃષ્ઠ. ૧૨૪ નું ચાલુ)

| | |
|---|---|
| ૬ પિટ્સબર્ગ ખાતેનું કાર્નેગી ઈન્સ્ટીટયુટ (કાર્નેગી ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી માટેના ૧૩૫૩૧૪૩૪ ડોલર સાથે.) | ૨૬,૭૧૯,૩૮૦ |
| ૭ વોશિંગ્ટન ખાતેનું કાર્નેગી ઇન્સ્ટીટયુશન. | ૨૨,૩૦૦,૦૦૦ |
| ૮ કાર્નેગી હીરો ફંડ. | ૧૦,૫૪૦,૦૦૦ |
| ૯ કાર્નેગી એન્ડાઉમેંટ ફોર ઇન્ટર નેશનલ પીસ (સુલેહના કાય માટેનું ફંડ) | ૧૦,૦૦૦,૦૦૦ |
| ૧૦ સ્કોટિશ યુનિવર્સિટી ટ્રસ્ટ ફંડ | ૧૦,૦૦૦,૦૦૦ |
| ૧૧ યુનાઇટેડ કિંગ્ડમ ટ્રસ્ટ ફંડ | ૧૦,૦૦૦,૦૦૦ |
| ૧૨ સ્ટીલ વર્કસ પેન્સન્સ | ૪,૦૦૦,૦૦૦ |
| ૧૩ ડન્ફર્મ લાઇન ટ્રસ્ટ | ૩,૭૫૦,૦૦૦ |
| ૧૪ ચર્ચપીસ યુનિયન | ૨.૦૨૫,૦૦૦ |
| ૧૫ હેગપીસ પેલેસ (સુલેહ મંદિર) | ૧,૫૦૦,૦૦૦ |
| ૧૬ બ્રેડોક, હોમસ્ટેડ અને ડુકેસ્ની ખાતેના ઇન્સ્ટીટયુટ માટેની રકમો. | ૧,૦૦૦,૦૦૦ |
| ૧૭ ઇન્ટરનેશનલ બ્યુરો ઓફ અમેરિકન રિપબ્લિક્સ | ૮૫૦,૦૦૦ |
| ૧૮ એન્જીનીઅરીંગ બિલ્ડીંગ. | ૫૦૦,૦૦૦ |

—ચાલુ.

# તરુણ પ્રજા અને ધર્મ મંદિર.

: લેખક :
શ્રી ધૂમકેતુ.

જગતનો ઇતિહાસ એ વારંવાર બનતી ઘટનાનો પુન; પુનઃ લખાતો, સત્ય વિષેનો અમર લેખ છે. આર્ય સંસ્કૃતિની એક વિશેષ ખૂબી એ ગણી શકાય કે એમાં વાતાવરણને સ્થાન છે. એટલે કે એને જેટલી શ્રદ્ધા દૃશ્ય પર છે તેટલી જ અદૃશ્ય પર પણ છે. તે વાતાવરણ પર રચાયેલી છે. પ્રજાના એ જાતના નૈસર્ગિક ગુણ પર ટકેલી છે. એ કેળવણી નથી, કલા છે. આપેલ નથી, જન્મેલ છે. લીધેલ નથી, વંશપરંપરા ઉતરેલ છે. પ્રજામાં એ ઔષધ રૂપે નથી, લોહી રૂપે છે. પરંતુ સંસ્કૃનિ એટલે અસાધારણ પ્રતિભાશાળી પુરૂષોની નૈસર્ગિક અને તેથી સાદી, છતાં ભવ્ય, અને સત્ય છતાં પ્રિય, રસમય જીવનકલા. સંસ્થા પોતે જડ વસ્તુ છે. એમાં અદ્ભુત વ્યક્તિ દ્વારા ચૈતન્ય પ્રગટ થાય છે, અને એટલા માટે, સંસ્થા વ્યક્તિના મૃત્યુ સાથે મૃત્યુ પામે છે.

પણ આર્યસંસ્કૃતિ એ પ્રજાકીય સંસ્થા નહિ પણ પ્રજાકીય વ્યક્તિ હતીઃ પ્રજાએ સમજીને નસેનસમાં ઉતારેલી જીવનકલા હતી. છતાં જ્યારે એ સંસ્કૃતિને હમેશનો પ્રકાશ આપે તેવી જ્વલંત મૂર્તિઓ, એક પછી એક અદૃશ્ય થઇ, ત્યારે પ્રજાની રગરગમાં ઉતરેલ આ જીવનકલા રહી ખરી, પરંતુ સ્ફુલિંગ રૂપે ક્યારેક પ્રકાશતા તણખા પેઠે લોહીમાં ઉતરેલ હોવાથી, આર્ય સંસ્કૃતિનું પરિણામ વર્ષો ગયાં છતાં, ક્યારેય સંપૂર્ણ નાશ ન જ પામ્યું અને પુનઃ પુનઃ નવેચતન પામી ફરી ઉદય પામ્યું. સંસ્કૃતિની સમૃદ્ધિ કોઇ પણ પ્રજાએ આટલા વૈજ્ઞાનિક બળથી જાળવેલી ધ્યાનમાં નથી. કાલીદાસ પછી આજ હજાર વર્ષે હિંદુસ્તાને બીજો કાલીદાસ મેળવ્યો છે, હજી બીજો શેક્સપિયર જન્મ્યો નથીઃ હજી બીજો ગેટી નથીઃ હજી બીજો ડાન્ટે નથી. આ ઘટના શું દર્શાવે છે? સંસ્કૃતિ જાળવી રાખવાની આર્યપ્રણાલિકા, બીજા વધારે સારા શબ્દને અભાવે કહીએ કે આ 'વૈજ્ઞાનિક' છે. ને તેથી જ્યારે આજે વર્ષો થયાં હિંદ દુનિયાને ચરવાનો વાડો બન્યું છે, છતાં એ ગરીબીમાં આ લોહીનો જ્વલંત સ્ફુલિંગ, જ્વાળામુખી તોડી અગ્નિ ઉડી નીકળે તેમ, આટલી પરાધિનતા વચ્ચે ભભૂકી ઉઠે છે. પરંતુ આ વ્યવસ્થા છતાં, આર્ય સંસ્કૃતિના અનેક રૂપો મૂળ પંથમાંથી દૂર ખસ્યાં છે, આજે આપણે ધર્મમંદિરની તપાસ કરવી છે. કલામંદિર, સાહિત્યમંદિર, અને રસમંદિર સર્વ વિભાગો જો કે વ્યાધિથી ઘેરાયલા છે, છતાં આર્યસંસ્કૃતિનો મૂળ મહત્ત્વનો પ્રદેશ ધર્મમંદિર છે. સંસ્થા, વ્યક્તિના મૃત્યુ પછી. ચાલતા પ્રવાહને બદલે ખાબોચિયું બને છે. અને તેથી એનામા અનેક વિકારી તત્ત્વો આવે છે. ધર્મમંદિરની આજે એ અવસ્થા છે. જે જ્વલંત પ્રાચીન મૂર્તિઓએ ધાર્મિક વાતાવરણને પવિત્ર અને શાંત બનાવી રાખ્યું હતું, તે મૂર્તિઓ અદૃશ્ય થઇ. જે ધાર્મિક વાતાવરણથી હિંદ પ્રકાશ્યું હતું, તે જ વાતાવરણથી એનો નાશ થયો. વાતાવરણ બરાબર ન હતું અને એનો મૂળ ઉદ્દેશ ચુકાઇ ગયો હતો અને એટલા માટે હાલનું આપણું ધર્મમંદિર એ વિચાર વિનાનો આચાર છે, જાણે આત્મ વિનાનો દેહ. આપણે એમ કહી શકીએ કે આપણા ધર્મમાં હવે વાતાવરણ નથીઃ શ્રદ્ધા નથીઃ લાગણી નથી. દંભ છે; અનુકરણ છેઃ મોહ છે. અત્યારનો ધર્મ જેટલી વહેલી પરિશુદ્ધિ પામે તેટલી વહેલી આપણી પ્રગતિ થાય. અત્યારનાં 'વેવલાં વેવલી' સૂર્યોદય પહેલાં 'જે જે' કરતાં દોડે છે, એ શ્રદ્ધા નથી. એ ધર્મ નથીઃ આળસને ધર્મ માનવાની ફેશન છે અથવા ગાડરિયો પ્રવાહ છે.

ધર્મના આ સ્વરૂપની પાછળ સમાજે પોતાનું સર્વથી મહત્ત્વનું અંગ 'સ્ત્રી' હોમી છે! આ ધાર્મિક આચારમાં સ્ત્રીઓએ પોતાનો કલારસિક સ્વભાવ ગુમાવ્યો છેઃ પુરૂષોએ સ્ત્રીસમાજ તરફનું માન ગુમાવ્યું છે અને બાળકોએ ધર્મ માટેનાં સાચાં આંસુ ગુમાવ્યા છે! જ્યાં દરેક ગૃહ મંદિર હતું ત્યાં આજે ઘણાં મંદિરો વેશ્યાગૃહ પોષે છે! જ્યાં દરેક ઘરનો ખૂણો સાચી પવિત્રતાથી ભર્યો હતો કે, જે ખૂણામાં ઘરનું દરેક માણસ સાચાં આંસુ પાડી શ્રદ્ધાથી આકાશ સામે જોઇ આશ્વાસન મેળવી શકતું, ત્યાં સમાજે આચારની પાછળ ધર્મને હોમી, માત્ર દરેક ઘરને જ નહિ પરંતુ દરેક મનુષ્યને પણ ધર્મની મશ્કરી કરતો બનાવ્યો છે! શ્રદ્ધા માટે મનુષ્ય મરે છેઃ લાગણીથી મનુષ્ય રડે છેઃ અને આશાથી મનુષ્ય આશ્વાસન પામે છે. ધર્મનાં આ ત્રણે મૂળતત્ત્વો આજે નાશ પામ્યાં છે આજે મૂળમાંથી સડેલું ધર્મવૃક્ષ પાને પાન ખોટા આચારથી ભર્યું છે.

અને આનો ઉપાય ?

એક જ. તરૂણ પ્રજાએ આ ધાર્મિક સ્તંભો પર અવશ્ય હલ્લો કરવો રહ્યો. શાસ્ત્રીબાવાઓ પુકારશે કે સનાતન ધર્મ નાશ પામે છેઃ પરંતુ સનાતન ધર્મ કોઇ પણ દિવસ માત્ર રૂઢિમય વાતાવરણમાં જન્મ્યો નથી અને જન્મી શકે નહિ. સનાતન ધર્મના બહાના નીચે આપણે ત્યાં ત્રણ સંસ્થાઓ નભી રહી છે. બાળલગ્નની સંસ્થા, વિધવામંદિર અને જાતીય દ્વેષ. એ ત્રણ સ્તંભો પર જે ધર્મ ટકે તે ધર્મ જા સનાતન હોય તો બહેતર છે કે એ સનાતન ધર્મને તિલાંજલિ દેવી! સમાજે બાળલગ્ન એટલાં જ માટે ટકાવ્યાં છે કે, ધાર્મિક આચાર સ્ત્રીની ઉમ્મર બાર વર્ષથી ન વધવાની આજ્ઞા કરે છે. આ બાળલગ્ન સંસ્થા દરવર્ષે સંખ્યાબંધ વિધવાઓને વિધવામંદિરમાં મોકલે છેઃ એ વિધવાઓ સમાજને ભ્રષ્ટ કરે છેઃ પોતે ભ્રષ્ટ થાય છે. અને વસ્તુતઃ આપણે ત્યાં આ વિધવાઓ જે પુરૂષવર્ગને પોષે છે તે પુરૂષવર્ગ—આપણા સાધુ બાવા આચાર્યો ને પદવાક્યપ્રમાણજ્ઞ સદ્ગુરુ યોગીઓ છે. યુરોપમાં વેશ્યાભવન છે; આપણે ત્યાં પુરૂષભવન છે. સ્ત્રીઓએ પોષેલી એ સંસ્થાને ધાર્મિક નામે ઓળખાવાય છેઃ ત્યાં ધર્મનાં બધા બાહ્યાડંબર જળવાય છે, અને છતાં મનુષ્ય ત્યાં પોતાનો ધર્મ છે, એમ કહીને જેટલો દુષ્ટ બને છે, તેટલો દારૂ પીવાથી બનતો નથીઃ તેટલો વેશ્યા વિહારથી બનતો નથી. કારણ કે ત્યાં તે અધર્મ તરફ દોડે છેઃ એ જાણે છેઃ ત્યાં પશ્ચાત્તાપનો માર્ગ છે, જ્યારે અહીંયા એ અંધશ્રદ્ધામાં ડૂબેલ આત્મઘાતી છે!

હવે તરૂણ પ્રજાની સમક્ષ આં ધર્મમંદિરનો ગૂઢ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ વિષયમાં તરૂણ પ્રજાનું સાહસ એ કર્તવ્ય છે. આપણે યુવાન હશું–પરંતુ ધર્મના આચારવિચારનો ભેદ ન સમજીએ એટલા નહિ. આપણે ધર્મના નામે રાષ્ટ્રિયવિકાસ ચૂકયા છીએ; જાતીય દ્વેષ ઉત્પન્ન કર્યો છે, વિવિધતાને નામે કલહ પેદા કર્યો છે. મંદિરોને નામે પ્રગતિ અટકાવી છે. ધર્મને બહાને અધર્મ ચલાવ્યો છે, આ બધા પાપથી મુકત થવા, એક જ ઘાએ અને પહેલે જ સપાટે આપણા જૂના ઝાડને ધૂળ ચાટતું કરવાની જરૂર છે; યાદ રાખવું કે ધાર્મિક સિદ્ધાંતો જાળવવા છે, ધર્મશ્રધ્ધા જાળવવી છે, માત્ર ધર્માંધતા ફિટાડવી છે, તત્ત્વજ્ઞાન રાખવું છે, શબ્દની વ્યર્થ મારામારી ફેંકી દેવી છે. આપણે ધાર્મિક પુનર્વિધાન કરવું છે. એમાં પવિત્ર યાત્રાનાં સ્થળો રહેશે, પરંતુ સામાજિક કલંક છુપાવવા માટે નહિ. એમાં પવિત્રમંદિરોને સ્થાન છે, પરંતુ દરેક ઘર પોતે પવિત્રમંદિર બન્યા પછી, આ પુનર્વિધાન તરૂણ પ્રજાની સમક્ષ મહત્ત્વનો પ્રશ્ન છે. એ પ્રશ્ન આખા સમાજ જેટલો વ્યાપક છે. એ ભયંકર પ્રશ્ન છેડતાં સમાજ વિક્રાળ બનશે. પરંતુ સત્યની ખાતર જો તરૂણો પોતાનો પ્રિયમાં પ્રિય સંબંધ પણ હોમે તો આ સંસારસુધારો તરત બને. ધર્મ આપણો પાયો છે ને તેથી જો સમાજને ખરેખર નમૂનેદાર ધાર્મિક સંસ્થા બનાવવી હોય તો રૂઢિ અને ધર્મનો ભેદ સમજવો જોઇએ.

યુવાન નસેમાં શુધ્ધ લોહી વહેતું હોય તેનું જ આ કામ છે. એમાં અવિચાર હશે પરંતુ અસત્ય નથી. એમાં સાહસ હશે પણ પાપ નથી. જ્યાં સુધી ધાર્મિક ક્રિયામાં રૂઢિને ભેળવી દેવામાં આવે ત્યાં સુધી ધર્મની પણ શુધ્ધિ નથી. તરૂણ પ્રજાએ ધર્મને એવા સત્યસ્વરૂપમાં જ પિછાનવો ને જ્યાં જ્યાં દંભ હોય ત્યાં ધાર્મિક સંસ્થામાં પ્રજાકીય ચૂંટણીનું તત્ત્વ દાખલ કરવું. અલબત્ત આ નમૂનેદાર ધાર્મિક સંસ્થા નહિ બને, પરંતુ એમાંથી ધર્મનો દંભ જશે; જે દંભ રહેશે તે ખુલ્લો બની જશેઃ અપ્રગટ દંભ નીચે માનવસમાજને લજાવે તેવાં કુકર્મ નહિ હોય.

અને તરૂણ પ્રજા આ પ્રશ્ન શી રીતે ઉઠાવી શકે? દરેક તરૂણ જો પોતાના ઘર આગળથી આ પ્રશ્ન શરૂ કરે તો દેખીતા કલહમાં સમાજ સુધારાનું બીજ રોપાય. અજ્ઞાન એ દુશ્મન છે. અને તેથી, આપણા મુરબ્બીઓ આપણને પ્રિય છે, પણ તેઓમાં રહેલું અજ્ઞાન અપ્રિય છે. દરેક ઘરમાં તરૂણ માણસ આ ધાર્મિક પ્રશ્ન ચર્ચી શકેઃ શુધ્ધ ધર્મ પોતે પાળે ને બીજાને પળાવે. કેટલાંક એવાં કુટુંબો હશે કે જે માત્ર અનુકરણ કરતાં હશે. તરૂણોની પ્રથમ ફરજ સ્ત્રીઓને ધાર્મિક સંસ્થાનો અર્થ સમજાવવાની છે. ધર્મ દંભ નથીઃ ધર્મ ગુરૂદેવની ચાંજડીમાં નથીઃ ધર્મ ગુરૂદેવના આત્મામાં અને આપણા હ્રદયમાં છે. જો ગુરૂદેવનો આત્મા ન હોય ને આપણે હ્રદય ન હોય તો 'સદ્ગુરુવિજયતે' એવી ગમે તેટલી શબ્દપરંપરાથી ધર્મનું કાવ્ય બનતું નથી. ધર્મ કાવ્ય છે. રસની પરંપરા છે. લાગણીનો પ્રવાહ છે. જ્ઞાનનું સંગીત છે. એ આચારે નથીઃ યંત્ર નથીઃ નવેણ નથીઃ સ્પર્શ્યાસ્પર્શ્યમાં નથી. એ પોથીમાં નથીઃ જીવનવિકાસમાં છે. એ 'જે જે' માં નથીઃ દોડવામાં નથીઃ ભીની આંખે ઉભા રહેવામાં છે. આચાર એ ધર્મમંદિરનું સોપાન છે. એ પોતે મંદિર નથી.

તરૂણો આ સાહસ ઉઠાવે તો જરૂર રાષ્ટ્રિયવિકાસનું એક અગત્યનું અંગ ખિલાવી શકાય, આપણે સર્વદેશી પ્રગતિની જરૂર છે. એક જ આપણું કેન્દ્ર હોઇ શકે, પરંતુ આપણા માર્ગો અનેક હોય. આ પ્રશ્નમાં ધાર્મિક બધા પ્રશ્નો સમાઇ જશે. વિધવાવિવાહનો ભયંકર પ્રશ્ન, અત્યંજનો સવાલ, ધાર્મિક સંસ્થાના વિલાસનો કૂટ પ્રશ્ન, ધાર્મિક કરોની યોગ્યાયોગ્યતા, ધાર્મિક ખર્ચોની વ્યવસ્થા, ધાર્મિક શિક્ષણની સંસ્થા, મંદિરોના બ્રહ્મચારીઓની તૃષ્ણા, ગુરુ-મહારાજોની સહેલગાહ, આ અને આવા અનેક પ્રશ્નોથી ધાર્મિક વાતા-વરણ શુધ્ધ બનાવી શકાય. અલબત્ત ધાર્મિક સંસ્થા ઉત્પન્ન કરી શકાતી નથી. એ શ્રધ્ધાનો વિષય છે. પણ તે પછી આવી અંધશ્રધ્ધામાં સમાજે શા માટે વધારે વખત સડવું?

સમાજસુધારણાનો જો હાલ સમય ન હોય, તો સમાજ સુધરશે એ વ્યર્થ આશા શા માટે?

અને તેથી ધર્મમંદિરના પુનર્વિધાનનો આ પ્રશ્ન તરૂણ પ્રજાની સમક્ષ ડોળા ધુરકાવી ઉભો છે. સમાજ, જેમ છે તેમ જ જો ધાર્મિક સંસ્થા ચલાવે તો પોતાનું પ્રજાતત્ત્વ ગુમાવી બેસશે. આપણી સ્ત્રીઓમાંથી નૈસર્ગિક રમ્યતા ને કલારસિકતા ગયાં છેઃ વિધવા સ્ત્રીઓએ પોતાના શરીરને સંતોષવા ધાર્મિક સંસ્થાઓ પોષી છે ને જો તરૂણ પ્રજા એ ઘટના એમજ રહેવા દેશે, તો પચીસ વર્ષ પછીની પ્રજાને શુધ્ધ માતાના સ્વરૂપની શંકા પડવાથી જીવન અકારૂં થઇ પડશે. આપણે જ્યારે વેશ્યામંદિર બાતલ કરવાની ચર્ચા કરીએ છીએ ત્યારે આ ભયંકર ચર્ચા પણ શા માટે જ નહિ? સમાજ જે ખુલ્લા મેદાનમાંથી કાઢવા માગે છે તે સમાજના ઘરમાં જ છે. ધાર્મિક મંદિરમાં જ છે. અલબત્ત એનું સ્વરૂપ વીસમી સદી જેવું વધારે છે!

તરૂણ પ્રજાની સમક્ષ આ ધાર્મિક વાતાવરણનો ભયંકર પ્રશ્ન છે. જેટલું આપણું સાહસ, મક્કમતા અને ઉત્સાહ એટલો જ આપણો વિજય. આ પ્રશ્ન જો આજે ભૂલી જવાશે તો કાલે ઉભો રહેશે. એ માનવ જીવનનો પ્રશ્ન છે, ને તેથી અમર છે. જ્યાં સુધી આ સડો દૂર ન કરાય ત્યાં સુધી, સામાજિક કલંકથી આપણો સમાજ વિષમય વાતાવરણમાં રહેશે, એ ઝેરભર્યું વાતાવરણ, પ્રજાતન્ત્વ જાળવવા, રાષ્ટ્રીય ભાવના ખીલવવા કે આર્યસંસ્કૃતિનું પુનરુત્થાન કરવા માટે તદ્દન અશક્ત છે. આપણે ભવિષ્યનો જે પ્રશ્ન ઉકેલવો છે, તેમાં આ વર્તમાન સ્થિતિ પર વજ્રપ્રહારની જરૂર છેઃ વર્તમાનમાંથી જ ભવિષ્ય જન્મે છે. માટે તરૂણ પ્રજાએ આ વર્તમાન પરિસ્થિતિ પર દુર્લક્ષ્ય આપવું યોગ્ય નથી. એક વખત વિચાર ચાલતો કરો, બળ ત્યાં સંગ્રહિત થશે જ. એક વખત આ પ્રશ્ન ઉઠાવો, પ્રશ્નને ઝીલનાર ને સમજનાર મળશે જ. એક વખત પુનર્વિધાન શરૂ કરો, ભાર ઉપાડનાર નવજુવાનો ચોક્કસ આગળ આવવાના.

# સાચું શિક્ષણ.

સંગઠ્ઠન પછી સમાજ ઉન્નતિનું બીજું પગથીઉ સાચી કેળવણી છે. આધુનિક શિક્ષણ એ સાચું શિક્ષણ નથી. એથી જીવનના ઉચ્ચ સંસ્કારો પોષાતા નથી. અથવા તો એ શિક્ષણ આપણને માણસની સાચી ફરજનું ભાન કરાવતું નથી દોઢસો વર્ષના બ્રિટીશ અમલ દરમ્યાન પણ આપણા દેશની કરોડ જનતા તેવીજ અજ્ઞાન છે.જૈનોની થોડી સંખ્યામાં પણ તેનું પ્રમાણ અતિશય છે. એથી શોચભરી સ્થિતિ આપણી કઇ હશે ? બાળક જ્યાં જરા સમજતો થાય એટલે આપણે એને ધર્મના સંસ્કારો આપીએ, દેહરૂં દર્શન બતાવીએ, ઉપાશ્રયના પગથીએ ચઢાવીએ અને બાકી રહ્યું હોય તેમ સાધુઓના પગ દાબતા શીખવાડીએ. આ આપણા ધાર્મિક સંસ્કાર અને આ આપણું જીવન. જરા યુવાવસ્થાએ પહોંચે એટલે ગુજરાતી બેચાર ચોપડીનું શિક્ષણ આપીએ અને પેલી કહેવત પ્રમાણે " સોળે સાન અને વીશે વાન " નો અમલ થવો જ ઘટે એ વખત હતો જ્યારે સત્તર અને વીશ વરસની ઉંમરે પગ માંડતો યુવાન દરીયાપાર જતો, જીંદગીમાં મહાનૂ સાહસ ખેડતો અને સમૃધ્ધિ તેમજ સફળતા બન્ને પ્રાપ્ત કરતો. એને આવા શિક્ષણની જરૂર નહોતી પડતી એ મેળવવાને યત્ન પણ નહિ કરતો અને કદાચ આ જાતનું શિક્ષણ મળ્યું હોત તો—એ ગૌરવભર્યો ઇતિહાસ આજે ન હોત. આજે તો જાતજાતના શિક્ષકો, જાતજાતના એમના સંસ્કાર અને જાતજાતનું શિક્ષણ જીપનને ઉપયોગી હોય કે નહિ પણ શીખવું તો પડે જ. એમાંથી સંસ્કાર મેળવી ભાવિ વારસામાં સિંચવા. તે ઉપરાંત આપણા ગુરૂદેવોના મહામૂલાં વચનો ગળે ઉતારવાં; જેમાં નહિ વૈરાગ્યરસની છોળ ઉડતી હોય.

આતો સામાન્ય શિક્ષણની વાત થઈ પણ તેની આસપાસનું વાતાવરણ પણ તેટલું જ દુ:ખદ હોય છે તેનો ખ્યાલ બહુ થોડાને હશે. આંગળીને ટેરવં ગણાય તેવા ધનાઢ્ય કુટુંબોની વાત અલગ કરી સામાન્ય જનતાને પિછાનવાની જરૂર પ્રથમ છે.

નાના અને મોટા કુટુંબોમાં એવું ઘણીવાર બને છે કે દૂધ, શાક અને પરચુરણ કામોની જવાબદારી એ બાળકો ઉપર નાંખવામાં આવે છે. એમાં એક લાભ છે કે એથી બાળક બજારૂ વસ્તુઓની ખરીદીમાં કંઇક હોંશિયાર થાય છતાંએ તેની પાસે કરકસર અને ધાક ધમકીથી કામ લેવામાં આવતાં એ ઉંધે રસ્તે દોરાવાનો વધારે સંભવ રહે છે. એની પાસે જેમ દબાણ કરીને પરાણે પરાણે કામ લેવામાં આવે છે તેમ એ વધુ નઠોર બનતું જાય છે. એ તો ઠીક; પણ કેટલીક વખત એને હલકટ ભાષાથી નવરાવવામાં આવે એ બિલકુલ વાસ્તવિક નથી. આજે સમાજના બાળકોનો મોટો વર્ગ ડરપોક રહે છે. એનું કારણ ઘણુંખરૂં આવુંજ હોય છે. આ સિવાય એને જોઇતી છુટછાટો ઉપર ત્રાપ મારવામાં આવે છે.

બાળક એ પણ એક માનવપંખી છે. પંખીના બચ્ચાંને જે પ્રમાણે શિક્ષણ મળે છે તે પ્રમાણે આ બાળકને મળવું ઘટે. પંખીનું બચ્ચું કલ્લોલ કરે, સ્વતંત્ર રીતે પોતાની પાંખે આમ તેમ ઉડે તેવી રીતે બાળકની બુધ્ધિનો વિકાસ થવો ઘટે. પુસ્તકીયા શિક્ષણ એ સાચું શિક્ષણ નથી. ડીગ્રીઓ મેળવ્યાથી સાચું શિક્ષણ પ્રાપ્ત થયું મનાતું નથી. એથી આપણો કે આપણા વંશવારસોના ઉધ્ધાર થતો નથી. આજનો બાળક આવતી કાલનો નાગરિક છે. આજનો પુત્ર આવતી કાલનો પિતા છે. એ સત્ય ભૂલવા જેવું નથી.

સાચું શિક્ષણ એ છે જેમાં જીવનના આદર્શો હોય, કળા હોય અને સૌથી મહત્ત્વનું તો એ આદર્શ અને કળા સિધ્ધ કરવા માટેનો અથાગ પરિશ્રમ અને ધગશ હોવા ઘટે.

સૌ કોઇ આદર્શ તરંગોમાં રમી શકે, સ્વપ્નમાં વિહરી શકે અને કલ્પનાની પાંખે ઉડી શકે. તેથી શું ? નહિ મહેનત અથવા તો કાળી મજુરી પણ એકલી કામ લાગતી નથી.

ધાન્ય પકવતો ખેડુત અને વસ્ત્ર તૈયાર કરતો કામદાર એ જીવનના આદર્શ ખરા. સાચા શિક્ષણની પ્રતિમા નહિ અને તેજ રીતે વૈભવવિલાસમાં મહાલતો શ્રીમંત અને ગરીબાઇમાં સબડતો ભિંખારી કે એકલી વિદ્વતાભર્યો પંડિત પણ એ શિક્ષણના સાધ્ય ન બની શકે.

માણસમાં બળ હોય અને કળ ન હોય તો તેનું બળ નિરર્થક છે તેમ કળ હોય પણ બળ વગર ચાલે નહિ માટે કળ અને બળ એ આ શિક્ષણના સહાધ્યાયી છે.

આપણા પૂર્વજો કહી ગયા છે કે:—" કલમ, કડછી અને બરછી " એ વણિક શૂરાના સાધ્ય લક્ષણ છે. આપણા શિક્ષણનું દષ્ટિબિંદુ આ હોવું ઘટે. એમાં ત્રણેનો સુમેળ હોય તોજ આપણા ધારેલા કાર્યમાં સાંગોપાંગ પાર ઉતરી શકીએ. જીવનનું સાચું શિક્ષણ, કેળવણી જે કહો તે આ છે. પુસ્તકીયા જ્ઞાન સાથે હુન્નર ઉદ્યોગ અને જાતિ અનુભવનું શિક્ષણ પણ હોવું જોઇએ. એ જ્યાંસુધી નહિ મેળવીએ ત્યાંસુધી આપણે ધારીએ તેટલા પ્રગતિ અને વિકાસના માર્ગમાં આગળ નહિ વધી શકીએ અને ત્યાંસુધી સમાજ ઉન્નતિની વાતો નિરર્થક છે.

રમણિક ધીઆ.

# —: વિવિધ વર્તમાન. :—

—પૂનામાં ચાલતી કર્વે વિદ્યાપીઠને પુનાથી મુંબઇ ખસેડવા માટે વડી ધારાસભાના બજેટમાં સરકારે રૂા. ૫૦) હજારની મદદ આપવા ભલામણ કરી છે.

—મુંબઇમાં મહાસભાને જ્વલંત વિજય સાંપડ્યો છે સામાન્ય મતદાર વિભાગ માટે ઉભા થયેલા નવ ઉમેદવારોમાંથી આઠ ઉમેદવારોના ફતેહ થઈ છે.

—મુંબઇ એસેમ્બલી માટેની ૧૨૪ બેઠકોનાં પરિણામો જોતાં મહાસભાને ચોખ્ખી બહુમતિ મળવાનો સંભવ દેખાય છે અત્યાર સુધીમાં મહાસભાએ કુલ્લે ૫૫ બેઠકો કબ્જે કરી છે.

—મુંબઇ શહેર દક્ષિણ વિભાગમાંથી શ્રી. નરીમાન, શ્રી. એસ. કે. પાટીલ અને નગીનદાસ ટી. માસ્તર ચુંટાયલા જાહેર થયા છે. તેમ બીજા વિભાગોમાંથી પણ જે મહાસભાવાદી ઉમેદવારો ઉભા હતા. તેઓ પણ બહુમતે ચુંટાયા છે રાષ્ટ્રીય મહાસભાનો દરેક સ્થળે અપૂર્વ વિજય થયો છે.

—તા. ૨૭ મીએ વર્ધા ખાતે મહસભાની કારોબારી સમિતિ મળવાની છે. તેમાં હાજરી આપવા શ્રીમતિ લક્ષ્મીપતિ, શ્રી મૃદુલાબેન સારાભાઈ વિગેરેને રાષ્ટ્રપતિએ આમંત્રણ આપ્યું છે. સમિતિ દીલ્હીમાં ભરવા રાષ્ટ્રીય સમ્મેલનની ગોઠવણ કરવા મળવાની છે.

(8)



# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ- **ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

(ગતાંકથી ચાલુ)

**ગુપ્તદાન**

કાર્નેગી કહે છે કેઃ મારા પરોપકારના તમામ કાર્યોમાં મારા "ખાનગી પેન્સન ફંડ"ની યોજનાથી મને સંપૂર્ણ સંતોષ થાય છે. જેને ભલા, માયાળુ અને લાયક પાત્રો આપણે માનતા હોઈએ છીએ, જેઓ સદ્ગુણી અને કોઇપણ પ્રકારના દોષને પાત્ર નહિ હોવા છતાં ગુજરાનના સાધનોની ચિંતામાંથી મુક્ત નથી; એટલુંજ નહિ પણ તેઓ પોતાના દિવસો આબરૂભેર કાઢવાની મુશ્કેલી ભોગવતા હોય છે તેમને વૃધ્ધાવસ્થામાંથી સંપન્નાવસ્થામાં મૂકવા જેટલી ગુંજાશ તો મારામાં નથી. પરંતુ તેમની વૃદ્ધાવસ્થા સંતોષકારક રીતે પસાર થાય અને તેમની ગુજરાનની મુશ્કેલીઓ દૂર થાય તેવી રીતે ચાલતા આ ફંડથી મને ઘણો સંતોષ ઉપજે છે. બધા સુપાત્રોના નામ મારી ડાયરીમાં નોંધાયા છે, છતાં બીજો કોઇ એ નામથી જાણકાર ન થાય એની હું કાળજી રાખું છું. મારા ઉપર ઇશ્વરે જે મહેરબાની કરી છે તેને લાયક થવાનો પ્રયત્ન આવું ફંડ ચલાવીને હું કરૂં છું. આલોકમાં કે પરલોકમાં કોઇ પણ ફળની આશા રાખ્યા સિવાય મારૂં પ્રાપ્ત કર્તવ્ય હું બજાવ્યે જઉં છું. મારૂં દાન ગ્રહણ કરનારા મિત્રો જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં હું હોઉં અને મારી સ્થિતિમાં તેઓ હોય તો મને ખાત્રી છે કે તેઓ પણ મારા અને મારા આશ્રિતો માટે તેમ જ કરે તેની મને ખાત્રી છે. આ ફંડનો લાભ લેનાર ઘણા સુપાત્રો તરફથી મારો ઉપકાર માનનારા પત્રો મને મળ્યા છે. તેમાનાં કેટલાક મને એમ જણાવવાની હિંમત કરે છે કે અમે સવારની પ્રાર્થનામાં તમારૂં નામ સાંભળીએ છીએ અને તમારા માટે ઇશ્વર પાસે આશિર્વાદ માગીએ છીએ. તેમને હું એવાજ જવાબો લખું છું કે-મહેરબાની કરીને મારા માટે કાંઇપણ વધુ માગતા નહિ, મને અત્યાર આગમચ મારા હિસ્સા કરતાં વધારે મળી ચૂક્યું છે. મારા ઉપર થયેલી ઇશ્વરી બક્ષીસોના વાસ્તવિકપણાની તપાસ કરવા નિમાએલી કોઇપણ નિષ્પક્ષપાતી કમીટી તેમાંથી અડધ ઉપરાંતની રકમ પાછી લઇ લેવાની ભલામણ કર્યા સિવાય રહે નહિ. 'રેલ્વે પેન્સન ફંડ' અને 'સ્ટીલ વર્કસ પેન્સન ફંડ' પણ મને તેટલાં જ વહાલાં છે. કારણ મારા ઘણા જુના મિત્રો અને તેમની વિધવા સ્ત્રીઓ ને બાળકો સુધી તેની મદદ પહોંચે છે.

**પીસ સોસાયટી.**

સુધરેલા દેશોના કલંકરૂપ વિગ્રહને નાબુદ કરવા "પીસ સોસાયટી'ને તેણે એક કરોડ ડોલર આપ્યા હતા અને ઘણા રાજ્યોના પ્રતિનિધિઓને તેમા એકત્ર કરવાનું અને તેના પ્રેસિડેન્ટ તરીકે ન્યુયોર્કમાં કામ કરવાનું કાર્ય તેણે કર્યું હતું. આ પુન્યના કામ બદલ ફ્રેન્ચ સરકારે તેને 'નાઇટ કમાન્ડર ઓફ ધી લીજીઅન ઓફ ઓનર'નો ઇલ્કાબ આપ્યો. એ પછી બીજા ઘણા રાજ્યો તરફથી તેને જુદા જુદા ઇલ્કાબો અને સુવર્ણચંદ્રકો મળ્યા હતાં.

**પિટનક્રીપ ગુફા.**

કાર્નેગી કહે છે કે મેં જે બક્ષીસો કરી છે તે બધામાં 'ડન્ફર્મ લાઇન'ની 'પિટનક્રીપ ગુફા'ની બક્ષીસની બરોબરી થઇ શકવાની નથી. કારણ બચપણથી તે ગુફા મને પ્રિય હતી; અને ડન્ફર્મલાઇનના રહીશો તેના ઉપર પોતાનો હક્ક સ્થાપિત કરવા પ્રયત્ન કરતા હતા; અને કાર્નેગીના વડવાઓ તે માટે લડતા હતા અને તેના વડવા મોરીસન કુટુંબના કોઇપણ માણસને તેમાં પગ મુકવા ન દેવાનો ઓર્ડર ત્યાંના જાગીરદારે કર્યો હતો. એ સાઠથી સીતેર એકર જમીનનું રમણીય સ્થાન, ગુફા અને રાજમહેલના ખંડેરો કાર્નેગીએ ચાલીશ હજાર ડોલરમાં ખરીદી લીધાં અને તેને પાંચ લાખ પાઉન્ડના ૫ ટકાના વ્યાજના બોન્ડ ડન્ફર્મલાઇનના હિતની ખાતર અર્પણ કર્યા.

તેમનું જીવન ચરિત્ર લખતાં વસ્તુની સંકલના સચવાય તેવાજ ફંડોની નોંધ તેમાં લેવાઇ છે. પરંતુ તે સિવાય ઘણા અગત્યના દાનો તેણે કર્યા છે. જેવાં કેઃ- 'ચર્ચપીસ યુનિયન'ને વીશ લાખ ડોલર. 'યુનાઇટેડ એન્જીનીઅરીંગ સોસાયટી'ને ૧૫ લાખ ડોલર, 'ઇન્ટર નેશનલ બુરો ઓફ અમેરિકન રીપબ્લિકસ'ને સાડા આઠ લાખ ડોલર, કેળવણી અને શોધખોળ તથા જુદી જુદી વીશ સંસ્થાઓને, જુદા જુદા શહેરોમાં એક લાખથી પાંચ પાંચ લાખ ડોલરના હિસાબે ૬ કરોડ કરતાં વધુ રકમ આપી છે. ૨૮૦૦ થી વધુ લાયબ્રેરીઓના મકાનો બંધાવી આપ્યા છે. સાડાબાર કરોડ ન્યુયોર્કના કાર્નેગી કોરપોરેશનને સુપ્રત કર્યાં છે અને કાર્નેગીના વીલની રૂએ વ્યવસ્થા કરતાં જે રકમ વધે તે આ કોરપોરેશનને સુપ્રત થવાની છે.

એન્ડ્રુ કાર્નેગીની એકંદર સખાવતોની નોંધ:-

| | | |
|---|---|---|
| ૧ સાર્વજનિક પુસ્તકાલયો માટેના મકાન (૨૮૧૧). | | ૬૦,૩૬૪,૮૦૯ |
| ૨ પાઠશાળાઓ ખાતે (૫૦૦ ઉપરાંત સંસ્થાઓને) | | |
| પુસ્તકાલયોના મકાનો માટે | ૪૦૬૫૬૯૯ | ૨૦,૩૬૩,૦૧૦ |
| બીજા મકાનો માટે | ૪૬૭૨૧૮૭ | |
| સ્થાયી ફંડ | ૯૯૭૭૫૮૯ | |
| બીજાં કાર્યો માટે | ૧૬૪૭૫૩૫ | |
| ૩ દેવળોમાં વાદ્યો અને વાંજિંત્રો (૭૬૮૯) | | ૬,૨૪૮,૩૦૯. |
| ૪ ન્યુયોર્કનું કાર્નેગી કોરપોરેશન | | ૧૨૫,૦૦૦,૦૦૦ |
| ૫ કાર્નેગી ફાઉન્ડેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ લર્નિંગ (અધ્યાપક વર્ગ માટેના પેન્સન અને વીમા ફંડ માટેના દશ લાખ ડોલર સાથેનું શિક્ષણ કાર્યની પ્રગતિ માટેનું ફંડ. | | ૨૯,૨૫૦,૦૦૦ |

(અનુસંધાન જુઓ પૃષ્ઠ ૧૨૦)

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

કોન્ફરંસની સ્ટેન્ડીંગ કમીટી.
Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક સોળમો
સોમવાર તા. ૧૫-૩-૩૭.

## ક્રાન્તિની હાકલ.

જાગો ! જાગો ! જાગો !
સહુ વીર સપુતો જાગો !
આગે કદમ કુચ માંડો—૧

કલેશ કુસંપની હોળી સળગે
ભાઈ બ્હેનને માતા ઝગડે
વીર ધર્મના નેજા નીચે
જ્ઞાતિઓ દફનાઓ—જાગો. ૨.

ધર્મ ધુરંધર સત્તાધારી
શાસન ના એ સૌ રખેવાળી
મસ્ત બનીને મ્હાલે
એના મદ ઉતારો—જાગો. ૩

સીતમ તણી ક્રુર ચક્કી ફરતી
બાળ યુવકના તુરને હરતી
ધરાશાયી એ કરવા
બાહુબળ અજમાવો—જાગો. ૪

અંધ શ્રદ્ધાના પૂર છે જુનાં
રૂઢી પૂરાણા વાદે ભુખ્યા
મીશાળ કરમાં ધારી
એના જીવન પથ અજવાળો—જાગો. ૫

નવયુગની આ નોબત ગગડે
જુન વાણીના પાયા લથડે
રંક જગતના અંતર બોલે
ક્રાન્તિ નાદ ગજાવો—જાગો. ૬

ચોદીશ પ્રસરે બળતી જ્વાળા
તણખા એના નભ વેરાયા
બાળ્યા વીન નહી ઠરતા
જ્યોતિ અમર જગાવો—જાગો. ૭

જુગજુગનાં એ બંધન તોડી
દેશકાળના વસ્ત્રો ઓઢી
ક્રાન્તિ ખંડ જગાવી
નુતન સમાજ રચાવો—જાગો. ૮

સેવાના સુભટ થઇ સાચે
સ્વાર્પણ હેજો દીલની દાઝે
સત્ય અહિંસા નાદ ગજવતા
વિશ્વ વિજય પામો—જાગો. ૯

—મંજુલકુમાર.

# તરુણ જૈન.

તા. ૧૫-૩-૩૭


## કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટી.

જૈન સમાજમાં સર્વમાન્ય અને સર્વવ્યાપક સામાજીક સંસ્થા કોઇપણ હોય તો તે કોન્ફરંસ જ છે. કોન્ફરંસનો ઇતિહાસ એટલે જૈન સમાજનો પ્રગતિનો ઇતિહાસ. તેણે કેટલાયે આદર્શ સમાજ સમક્ષ ધર્યા. થોડો સમય ઉત્સાહના પૂર રેલાયા, પણ સાચા બીન સ્વાર્થી સેવકોના અભાવે એ ઉત્સાહના પૂર એક ધારા ન વહ્યાં. ભરતી અને ઓટ એ કુદરતનો નિયમ છે. સમાજમાં અનેક મતભેદોએ અશાંતિ ઉત્પન્ન કરી. અને તેમાં કોન્ફરંસની શકિત નબળી પડી, ત્હેના આત્માને ગુંગળાવનારા બહિષ્કારના પ્રયત્નો થયા, અને શિથિલતા આવી પણ એ શિથિલતાએ સમાજનો કેટલો હ્રાસ કર્યો છે ? આ જાતની નાશકારક શિથિલતાને હવે તો ખંખેરી નાંખવી જોઇએ, આજના આંતર પ્રવાહો નીચેના કઇ જાતના ચક્રો ગતિમાન થયાં છે એ નહિ જાણનાર કોન્ફરંસની કિંમત નહિં આંકી શકે. આજે દેશ સમક્ષ નવી સમસ્યા ખડી થઇ છે. ફેડરલ તંત્ર આવી રહ્યું છે અને પ્રાંતિક સ્વતંત્રતા પહેલી એપ્રિલથી અમલમાં આવે છે. દેશ ભરમાં ચુંટણી જંગ ચાલ્યો અને આખાયે દેશના હિસાબે લગભગ પોણોસો ટકા મહાસભાની જીત થઇ છે. આવી પરિસ્થીતિમાં આપણે આપણા હક્કોનું સરંક્ષણ કરવું હોય તો આપણે એકત્ર થયેજ છુટકો છે. કોન્ફરંસની છત્ર છાયામાં આપણા હક્કો સુરક્ષિત છે. આપણે સંગઠિત હોઇએ, સામાજીક શકિત પ્રબળ હોય તો ત્હેના હક્કો ઉપર ત્રાપ મારવાની કોઇ હિંમત કરી શકે નહિ. આ રીતે આપણે આપણી દરેક શકિતઓને કેંદ્રિત કરવાની જરૂર છે. આપણે અંદરો અંદર ગમે તેટલા મતભેદ ધરાવતા હોઇએ પણ બહારના માટે તો આપણે એકત્રિત જ છીએ એમ સાબીત કરી આપવાની જરૂર છે કોન્ફરંસના કાર્યકર્તાઓ એ બીનાથી પૂર્ણ વાકેફ છે એટલે જ ત્હેમણે ઓલ ઇન્ડીયા સ્ટેંડીંગ કમીટીની મીટીંગ બોલાવવાનું મુનાસીફ ધાર્યું છે અને તે ચાલુ માસની તા. ૨૭-૨૮મીના રોજ મળવાના આમત્રંણો નિકળી ચૂકયાં છે. કોન્ફરંસનું પ્રથમ અધિવેશન વર્ષો પહેલાં જ્યારે ફલોધી મુકામે મળ્યું ત્યારે શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ પુષ્કળ જહેમત લઇ તેને સફળ બનાવવાનો સફળ પ્રયત્ન કર્યો હતો ત્યારબાદ બીજું અધિવેશન મુંબઇમાં મળ્યું હતું. તે વખતે મુંબઇનો ઉત્સાહ કોઇ અનેરો હતો. સમાજની પ્રગતિ સાધવાની કોઇ અજબ તમન્ના જાગી હતી. અને એ અધિવેશન ખૂબ સફળ થયું ત્યારપછી તો પાટણ, અમદાવાદ, ભાવનગર, કલકત્તાં, પૂના. જુન્નેર વિગેરે ભિન્ન ભિન્ન સ્થળે અધિવેશનો ભરાયાં, જનતા તેમાં ખૂબ રસ લેતી થઇ, સમાજ ઉન્નતિ માટે અનેક ઠરાવો ઘડાયા, પણ એ ઠરાવના પ્રચાર માટે કશા સક્રિય પ્રયત્નો આચરાયા નહિ, લોકોનો ઉત્સાહ મંદ પડતો ગયો, કોન્ફરંસના આગેવાનો થાકીને એક પછી એક દૂર થતા ચાલ્યા. અને આજે આપણી એ કોન્ફરંસનું સુકાન વગરનું નાવ ડગુમગુ ચાલી રહ્યું છે. એ આશ્ચર્યજનક ઘટના છે. કોન્ફરંસ પ્રત્યે સમાજની શ્રદ્ધા છે, ઉંડો પ્રેમ છે. પણ ત્હેના સુકાનીઓએ એ શ્રદ્ધા અને પ્રેમનો જેટલો લાભ ઉઠાવવો જોઇએ, તેટલો લાભ ઉઠાવ્યો નથી, ત્હેની સ્ટેડીંગ કમીટીના સભ્યો માત્ર મેળાવડામાં હાજર થઇ. નામ લખાવવાની મારામારી કરવામાં અને પછી ઘેરે જઇ નિરાંતે બેસવા સિવાય બીજું કંઇ કર્યું જ નથી. ત્હેના પ્રાંતિક સેક્રેટરીઓ બધા નામના જ રહ્યા છે. ન તો તેઓએ કોન્ફરંસના કાર્યને વેગ આપવા માટે વરસમાં એક કલાક પણ પ્રયત્ન કર્યો છે કે નતો કોન્ફરંસની હેડ ઓફિસના કાગળોનો જવાબ આપવાની પણ સભ્યતા દાખવી છે. ત્હેના ચીફ સેક્રેટરીઓ પણ ચાલીસ લોગસ્સનો જાણે કે કાઉસગ્ગ કર્યો હોય તેમ તદ્દન મૌનવૃત્તિ ધરી રહ્યા છે. તેમણે કોન્ફરંસમાં પ્રાણ સંચાર કરવા માટે કંઇપણ પ્રયત્ન કર્યોજ નથી. કોન્ફરંસની આ પરિસ્થિતિ તેને સબળ અને યોગ્ય સુકાની નહિ મળવાથી થઇ છે. જેમ એક આગબોટ નૂતન દષ્ટિએ છેલ્લામાં છેલ્લી ઢબના યંત્રો અને સાધનોથી સુસજ્જ થઇ હોય પણ તે યંત્રો અને સાધનોનો ઉપયોગ નહિ જાણનાર ત્હેનો સુકાની હોય તો ધારેલું પરિણામ આવી શકશે નહિ. બલ્કે ભરદરીયે ઉછળતા મોજામાં અટવાઇ પડી ભાંગીને ભૂક્કો થઈ જશે.આપણી કોન્ફરંસની એજ પરિસ્થિતિ છે. સુયોગ્ય સુકાની વગર એ સામાજીક ઉછળતા મોજામાં અટવાઇ પડી છે. આપણે તટસ્થ દ્રષ્ટિથી વિચાર કરીએ તો કોન્ફરંસની એ સ્થિતિનું આપણને જરૂર ભાન થશે, આવી નબળાઇમાં કોન્ફરંસની સ્ટેંડીંગ કમીટી મળે છે. અને તે પણ એવા સમયમાં મળે છે કે જ્યારે સ્થાનિક કમીટીને પણ પૂરતો રસ નથી. એવી પરિસ્થિતિમાં સ્ટેંડીંગ કમીટીએ નિચેના પ્રશ્નો છણવા ઘટે છે.

૧. જનતા કોન્ફરંસમાં રસ લેતી થાય તેવા પ્રશ્નો ઉપસ્થિત કરવા. દાખલા તરીકે નવાં વસ્તિપત્રકો, કેળવણી, બાળ ઉછેર, વ્યાયામ મંદિરો અને ઉદ્યોગોને વેગ આપવા માટે પ્રચાર કાર્ય આદરવું અને તે એક એક ખાતું એક એક યોગ્ય અને સબળ વ્યકિતના હાથમાં મુકવું.

૨. ધાર્મિક ખાતાઓના હિસાબોની માગણી કરવી અને જ્યાં જ્યાં ગેર વહિવટ ચાલતો હોય ત્યાં ત્યાં લોકમત કેળવી વહીવટ સુધરાવવા.

૩. પ્રત્યેક પ્રાંતોના સેક્રેટરીઓ ઉપર કોન્ફરંસના સભાસદો બનાવવોની ફરજ પાડવી.

૪. કોન્ફરંસનું સુકાન કોઇ પ્રતિષ્ઠિત યોગ્ય વ્યકિતના હાથમાં મૂકવું કે જે દરેક રીતે વ્યવસ્થા જાળવી શકે અને દરેક ખાતાઓની તપાસ રાખે.

૫. ઉપરોકત કાર્ય માટે એક પંચ વર્ષીય યોજના તૈયાર કરવી જેમાં એક એક વર્ષ માટે એક એક કાય આરંભવું. આ રીતે થશે તોજ જનતામાં ચેતન આવશે. અને સ્થંભિત થયલ કોન્ફરંસના ચક્રો પુનઃ ગતિમાન થશે. સ્ટેડીંગ કમીટીમાં આવા સેવાભાવી સભ્યો નહિ મળે એમ માનવાને કારણ નથી.

### સુચના.

ગત તરૂણ જૈનમાં પ્રગટ થયેલ શ્રી ધૂમકેતુનો તરૂણ પ્રજા અને ધર્મ મંદિરનો લેખ તાજેતરમાંજ પ્રગટ થયેલ "જીવનચક્ર" નામના તેમના પુસ્તકમાંથી લેવામાં આવેલ હતો.

# જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ અને પ્રયાણમાર્ગ

અનેક વખતે કાર્યક્ષેત્ર વિસ્તૃત અને વિશાળ હોવા છતાં, પરિસ્થિતિ તરફ જ્યારે દૃષ્ટિ નાખવામાં આવે છે, ત્યારે પ્રયાણમાર્ગ નક્કી કરવાની અગત્ય લાગ્યા વિના રહેતી નથી. જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ સહૃદયવાળા માણસને આઘાત પહોંચાડનારી છે. એક બાજુ રૂઢિ અને બીજી બાજુ ક્રાંતિ. 'જે થતું હોય તે થાય' એ માનસે પ્રગતિ અશકયજ બનાવી નથી પણ પરિસ્થિતિ ભયંકર રીતે બગાડી છે. ક્રાંતિ રૂઢિની વિરોધી નથી, પણ એમાં રહેલી ઉણપ કે ખામી સુધારવા પૂરતી છે. સમાજની નાવ આ બે વચ્ચે ઝોલા ખાય છે. તે હંકારનાર સમૂહને વારંવાર એક–બીજા સાથે અથડાવાના પ્રસંગો આવ્યા કરે છે; પરંતુ એવા પ્રસંગે વિવિધ શક્તિમાનોએ ભેગા થઇ. પોતાનું બધું જ બળ અને બધી જ કુનેહ સાર્વજનિક કાર્ય માટે વાપરી. કાર્યસિદ્ધિ કરવી જોઇએ.

વ્યક્તિગત પ્રયત્ન સમુહપ્રયત્નથી પાછળ રહી જાય છે, એ નિર્વિવાદ સ્વીકારાયેલ વાત છે. તદુપરાંત કોમ તરીકે જીવવા માટે કોન્ફરન્સ જૈન મહાસભા, પરિષદ કે પછી તેને ગમે તે નામ આપો; એવી એક કેન્દ્રિત સંસ્થાની ઉપયોગિતા અનેક કારણોને લઇને રહેલી છે જ, સરકાર કે જન સમાજ સમક્ષ, જાહેરમાં કે ઘરસમાજમાં કોમના હિતાહિતના પ્રશ્નો સામુદાયીક રીતે રજુ કરવા ધર્મ કે સમાજની વ્યક્તિ કે સમૂહની, ધાર્મિક કે વ્યવહારિક સર્વદેશીય ઉન્નતિ સાધવા એક પ્રતિનિધિત્વ ધરાવનાર મધ્યસ્થ સંસ્થા કે સભાની આવશ્યકતા વર્તમાન યુગમાં હસ્તી ધરાવતી સર્વે કોમ અને સમાજોએ નિઃસંકોચપણે સ્વીકારેલી છે. અને જૈનસમાજને માટે તો આ સમૂહપ્રગતિ કરનાર આ કોન્ફરન્સ દેવીની હસ્તી સ્વતઃસિધ્ધ વસ્તુ છે, પછી તેમાં કાર્યસિદ્ધને જ જો અવકાશ હોય, તો વ્યક્તિ કે ટોળી (પાર્ટિ) તરફ લક્ષ આપવાનું ગૌણ બને છે. સૌએ એકના માટે અને એકે સૌના માટે સર્વ શક્તિઓ એકત્ર કરી વ્યય કરવી જ જોઇએ. આજે જૈન સમાજમાં જ નહિ. પણ સર્વત્ર યુવકો ક્રાંતિના જન્મદાતા મનાય છે, તેમણે અનેકાએક દિશાઓમાં પોતાની પ્રેરણાઓદ્વારા જાગૃતિ આણી છે. કોન્ફરન્સ પણ એક પ્રેરક બળ છે; જેમાં સમાજના ભિન્ન ભિન્ન વિચારસમુહને સ્થાન છે અને એ રીતે જૈન સમાજનું ગૌરવ છે.

કોન્ફરન્સ એટલે સમુહ અને યુગપરિવર્તન સાથે આજે તેણે પ્રયાણમાર્ગ નિશ્ચત કરવાની આવશ્યકતા છે, એમ કેટલાકો કહે છે. કેટલાક આ સૂચના માટે ભય દેખાડે છે, એ સર્વથા અસ્થાને છે. લક્ષ્યબિન્દુ એક હોવા છતાં પ્રમાણિક મતભેદ હોય છે અને તેથી સમુહ તરીકે એને એકત્ર થઇ, માર્ગ ચિંધવાની આવશ્યકતા અમુક સમયે ઉપસ્થિત થતી રહી છે. એકત્ર થયા વિના કે વિચારો સ્પષ્ટ રીતે રજુ કરી, માર્ગ કાઢયા વિના સમુહમાં નિર્બળતા પ્રવેશ કરે છે અને તે અસાધ્ય રોગના રૂપમાં ન પરિણમે એ કાળજી રાખવી ઇષ્ટ છે. આજે આ પરિસ્થિતિ વચ્ચે કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ ઓલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બોલાવવા ઠરાવ કર્યો છે અને તે મુંબઇમાં આગામી તા. ૨૭–૨૮ માર્ચ ૧૯૩૭ સંવત ૧૯૯૩ ના ફાગણ વદ ૧ શની–રવીના દિવસે એકત્ર થઈ ભાવી પ્રયાણ માર્ગ સૂચવશે. આ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ વિચારણીય મહત્વના પ્રશ્નો રજુ થશે અને તેમાં હિંદના જુદા જુદા વિભાગોના બંધુઓ સક્રિય ફાળો આપે એ હાલના તબકકે જરૂરી છે.

કોન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરીઓએ પણ સ્થાયી સમિતિ મળે તે અગાઉ પોતાના પ્રાંતમાં યોગ્ય રીતે પ્રચાર અને જાગૃતિ કરવી જોઈએ. પ્રાંતને લગતી હકીકત, વિધવિધ સમાજોપયોગી બાબતો તથા કોન્ફરન્સને પુષ્ટિ આપવા માટે એક બીજા કેમ અને કેવી રીતે ભોગ આપી શકે તે વગેરે અંગે ચર્ચા, વિચાર વિનિમય કરવા અને પોતાના પ્રદેશની સૂચના કે અભિપ્રાયને સ્ટે. કમિટી સમક્ષ રજુ કરવા એક વખતે એકત્ર થવાની વ્યવસ્થા કરે. આ રીતે જુદા જુદા પ્રાંતમાં એકત્રિત થયેલા સભ્યોમાંથી વધુમાં વધુ સંખ્યા મુંબઇ આવી સમિતિમાં હાજરી આપશે તો કોન્ફરન્સને વિશેષ બળ–પુષ્ટિ મળશે અને તેનાં સર્વ પ્રાંતિય કાર્યપ્રદેશને પહોંચી વળવા દિશા–સૂચન થઇ શકશે.

આ સર્વ ઉપરથી એક વસ્તુ રહેજે સમજાય એવી છે કે કોન્ફરન્સ એક પ્રબળ શક્તિ છે. એની ગતિ અનેક જાતના વાવાઝોડા વચ્ચે ડોલા ખાતી જણાતી હોય તો તેને તેજ બનાવવાની ફરજ સમાજની છે: પણ તે આપણામાં રહી સહી શક્તિ છિન્ન ભિન્ન કરીને નહિં. આપણી વેરાયેલી શક્તિ એકત્ર થાય તો અજબ કાર્યસાધના થઇ શકે છે; તે ન બને તો આપણે અત્યારની આપણી મુડી ખોવા જેવું તો બિલ્કુલ નથી. સામાન્ય જનસમુહ કે જે સમાજ રૂપી સંસ્થામાં એક અતિ મહત્વનો ભાગ ભજવે છે તેને પણ આ મહાદેવીને ચરણે પોતાની શક્તિઓ અર્પણ કરવાની છે, વૃદ્ધ કે યુવક, ગરીબ કે ધનવાન, રૂઢિચુસ્તો કે સુધારકો ગમે તે હો તેની એકત્રિત શક્તિ શું નથી કરી શકતી ? આજે આપણા સમાજની નિર્માલ્ય દશા એ સર્વ બળ છુટા પડી જવાથી થયેલી હોઇ કોન્ફરન્સની ઓલ ઇન્ડિયા સ્ટેડિંગ કમિટીનાં પ્રાપ્ત થયેલા સુઅવસરે આપણે કોન્ફરન્સ મહાદેવીને માટે જરૂર કાંઇ સફળ કાર્ય કરી બતાવીએ એવી ઇચ્છા અને પ્રેરણા સૌમાં જન્મે એમ ઇચ્છીશું.

—જમનાદાસ અમરચંદ ગાંધી.

## શ્રી જૈન દવાખાનું પાયધુની મુંબઇ.

ઉંપરોક્ત દવાખાનામાં છેલ્લા બે માસમાં—

| | પુરૂષ દર્દી | સ્ત્રી દર્દી. | બાળક દર્દી | કુલ્લે | સરેરાશ. |
|---|---|---|---|---|---|
| જાનેવારી | ૫૧૮. | ૪૦૨. | ૬૨૮. | ૧૫૪૮. | ૫૦. |
| ફેબરઆરી | ૫૩૦. | ૩૮૦. | ૫૫૯. | ૧૪૬૯. | ૫૩. |

આ પ્રમાણે દર્દીઓએ લાભ લીધો હતો અને સરેરાશ હાજરી વધતી જાય છે, બાઇ ડોકટરે કુલ્લે ૧૮૨ દર્દી તપાસ્યા હતા, દવાખાનાને મદદ કરવા સખી જૈન ભાઇ બ્હેનોને ખાસ વિનંતી છે.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

**આમંત્રણ પત્ર.**

**ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીના સભાસદો યોગ્ય.**

**સુજ્ઞ શ્રી,**

સવિનય નિવેદન કે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની **સ્થાયી સમિતિ** (All India Standing Committee) ની એક બેઠક આવતા ઇસ્ટરના તહેવારો દરમ્યાન **તા. ૨૭ તથા ૨૮ મી માર્ચ ૧૯૩૭ (સં. ૧૯૯૩ ના ફાગણ વદ ૧) શની–રવીવારના** દિવસોએ **મુંબઇ** મુકામે કાર્યવાહી સમિતિના નિર્ણયાનુસાર બોલાવવામાં આવી છે. તદનુસાર વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે સદરહુ બેઠક પ્રસંગે આપ અવશ્ય હાજરી આપી ઉપકૃત કરશો.

## કાર્યક્રમ.

૧. સંવત ૧૯૯૦. ૯૧ અને ૧૯૯૨ની સાલના ઓડિટ થયેલા તથા કાર્યવાહી સમિતિએ મંજુર રાખેલા આવક જાવકના હિસાબ, સરવાયાં તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરફથી નિવેદન રજુ કરવામાં આવે તેની નોંધ લેવા.

૨. સંસ્થાના ચાલુ રેસીડેન્ટ સેક્રેટરીની કાર્યવાહી સમિતિ દ્વારા થયેલ નિમણુંક તથા બીજા રેસીડેન્ટ જનરલ સેક્રેટરી અને જનરલ સેક્રેટરીના ખાલી રહેલા ઓધ્ધાઓ ઉપર યોગ્ય નિમણુંકો કરવા અંગે વિચારણા કરી નિર્ણય કરવા.

૩. બંધારણાનુસાર કોન્ફરન્સનું આગામી અધિવેશન મેળવવા સંબંધે વિચાર કરી યોગ્ય નિર્ણય કરવા.

૪. જૈન કોઓપરેટીવ બેંકની સ્થાપનાર્થે ડાયરેકટરો આદિના સંબંધે વિચારણા કરી નિર્ણય કરવા.

૫. કોન્ફરન્સની આર્થિક સ્થિતિ સુદૃઢ કરવા અંગે વિચાર કરી યોગ્ય કરવા.

૬. બંધારણાનુસારે પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓની રચના કરવા, તે દ્વારા કોન્ફરન્સના ઠરાવો અમલમાં મુકાવવા વિગેરે અંગે વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવા.

૭. સમાજમાં પ્રસરી રહેલી બેકારી નિવારણાર્થે વિચાર કરી યોગ્ય નિર્ણય કરવા.

૮. પ્રમુખની પરવાનગીથી અન્ય જે બાબત રજુ થાય તે વિચારી યોગ્ય નિર્ણય કરવા.

લી. સંઘ સેવકો,

**બહાદુરસિંહ સિંઘી.**
**ગુલાબચંદ ઢઢ્ઢા.**
જનરલ સેક્રેટરીઓ.

**જમનાદાસ અમરચંદ ગાંધી.**
સેક્રેટરી,

**નોંધઃ**–(૧) આપ ખાનગી ઉતારે ઉતરવાના છો કે તે સંબંધી કોન્ફરન્સ તરફથી ગોઠવણ કરવાની છે તે અવશ્ય જણાવશો.

(૨) આપ કયારે અને કઇ ટ્રેન મારફતે મુંબઇ ઉતરશો તે જણાવશો.

(૩) આપના તરફથી કોઇ બાબત કમિટીમાં રજુ કરવાની હોય તો તુરત જણાવશો.

(૪) ઉપરની બાબતોનો પ્રત્યુતર તા. ૧૫મી માર્ચ ૧૯૩૭ પહેલાં મળે તેમ કરશો.

(૫) મુંબઇમાં કયા સ્થાને અને સમયે સભા મળશે તે હવે પછી જણાવવામાં આવશે.

# સ્ત્રી કેળવણી.

નુતન સમાજ રચનામાં સ્ત્રી કેળવણી એ મુખ્ય અંગ છે. એનો જેટલે અંશે વિકાસ થાય તેટલો સમાજ વધારે પ્રગતિ કરી શકે છે. બાળકોના ઉપર સુસંસ્કારની છાયાનું પ્રતિબિંબ પણ તેજ છે. આવતી કાલની ભાવિ સંતતિનો ઉજ્વળ પ્રકાશ પણ એમાંજ છે.

આધુનીક દુનીયાના ઇતિહાસમાં કેળવાયેલી સ્ત્રી શકિતએ અજબ પરિવર્તન આણ્યું છે. તેઓએ રાષ્ટ્રની મુકિતમાં યશસ્વી ફાળો આપ્યો છે. સાહિત્ય, કળા, હુન્નર, ઉદ્યોગ અને સમાજ ઉન્નતિના પ્રત્યેક ક્ષેત્રમાં તેઓ નવીન માર્ગદર્શક બની છે, આ બધુ શિક્ષીત સમાજથી અજાણ્યું નથી.

આપણે હજુ અજ્ઞાનતાના અંધકારમાં ફાંફા મારી રહ્યા છીએ. આપણને દુનીયાની પરિસ્થિતિનો ખ્યાલ નથી. આપણા રાષ્ટ્રના આંદોલનના મુર્ત સ્વરૂપનું ભાન નથી, અને સમાજ જેવી વસ્તુ તો પછી કયાંથી સમજીએ.

આપણે તો માની લીધું છે ઘરની ચાર દીવાલ એ આપણી દુનીયા. એમાંજ સૌનો વસવાટ, અને એજ આપણું સર્વસ્વ. એમાં કલેશ, કજીઆ, નીંદા. ચુગલી, વહેમ, વીગેરેની વાતો હોય. સૌ કોઇ એ સાંભળે, એવું શીખે, અને સંભળાવે. આનો ભોગ મોટે ભાગે આપણી બેનો. માતાઓ અને બાળકો બને. હીંદુ સંસારની ગૃહ સમસ્યામાં પુરૂષ પ્રધાન છે. સત્તાધિકારી છે. જ્યારે સ્ત્રી એ ગુલામ મનાય છે. સમયના પરિવર્તન સાથે આજે એમાં ફેરફારો થયા છે છતાંએ જૈન સમાજનો મોટો ભાગ તો એ માન્યતા સાથેજ સંકળાએલો છે, અને તેને પરિણામે સ્ત્રીઓનું સ્થાન હજુ તેવુંજ છે.

આજે અનેક સ્થળો એવા છે જ્યાં જૈનોની વસ્તી સુંદર છે. ત્યાં સ્ત્રીઓ અને બાળીકાઓને ધાર્મિક શિક્ષણ આપવાને માટે અનેક પાઠશાળાઓ છે. એકંદર તેનો લાભ ઠીક લેવાય છે, જ્યારે વ્યવહારિક અને હુન્નર ઉદ્યોગના શિક્ષણ માટે જવલ્લેજ એવી શાળાઓ આપણને માલમ પડશે. સ્ત્રીઓની ધાર્મિક વૃત્તિને માટે આપણને માન હોઇ શકે છતાં સાથે સાથે એ પણ સમજવાની જરૂર છે કે એકલા ધાર્મિક જ્ઞાનથીજ સમાજનો ઉદ્ધાર થવાનો નથી.

આપણામાં આજે અનેક કુરૂઢીઓ ઘર કરીને બેઠી છે. સ્ત્રી જાતિને અજ્ઞાન રાખીને આપણે સમાજનું સત્યાનાશ વાળ્યું છે. કેળવણી એ એક વસ્તુ છે જે પ્રાપ્ત કરવાથી વ્યકિત સત્ય વસ્તુનું દિગદર્શન કરી શકે છે. સારા નરસાના ભેદ સમજી શકે છે અને જીવન તેમજ સમાજ વિકાસનો સુમેળ સાધી શકે છે.

જૈન સમાજ ધર્મ અને મંદીરો, એની ક્રીયાઓ પાછળ લાખો રૂપીઆ દર વર્ષે ખરચે છે જ્યારે પોતાના બાળકો બેનો અને માતાઓની અજ્ઞાનતા તરફ એને જરાયે સુગ આવતી નથી.

કેળવણીની અભિરૂચી એ સુસંસ્કારની છાયા છે. મહાન પુરૂષોના ચરિત્રો એમના આદર્શો અને કાર્યવાહી ઇત્યાદિની સમજ સામાન્ય રીતે વાંચન દ્વારાજ પ્રાપ્ત થાય છે. આજનું ગુજરાતી સાહિત્ય સુંદર વીકાસ પામ્યું છે. જૈન સાહિત્યે એના સર્જનમાં

# ધર્મ પ્રચારની વિધવિધ પધ્ધતિઓ.

–નાનાલાલ દોશી.

એક વખત એવો હતો કે જ્યારે આજના આપણા મુનિવરોની જેમ ધર્મ પ્રચારકો પગે મુસાફરી કરી અગર તો મંદગતિ–વાહનો દ્વારા દેશો અને ખંડોની મુસાફરી કરતા. પુરાણા પુસ્તકો આ માહિતિનું સમર્થન કરે છે. આ મુસાફરો અને ધર્મપ્રચારકોના અપ્રસિદ્ધ કે પ્રસિદ્ધ લેખો આ રીતે ભૂતકાળનો ઘણોએ ઇતિહાસ વર્તમાન જનતા સમક્ષ રજુ કરે છે. આપણા દેશમાં પરદેશી મુસાફરો સિવાય પ્રાંતિક મિત્રતાને વજ્રલેપી કરનાર ભકતો થઇ ગયા છે. આ મહાપુરૂષોની ખ્યાતી પ્રાંતે પાંત પ્રસરેલી હતી અને તે વખતની શ્રધ્ધાળુ જનતા તેમનાં સ્વર્ગગમન બાદ પણ મુર્તિઓ બનાવી તેમને પ્રભુ પેઠે પૂજતી. રાજા મહારાજાઓ અને નગરનાં મહાજનો પણ આવા પુણ્ય પુરૂષોનું વચન માથે ચઢાવતા. આપણા જૈન મુનિવરોને આવું સન્માન મળતું તે આપણે શ્રી હીરવિજયસૂરિશ્વરજી તથા અકબર બાદશાહના મેળાપથી સમજી શકીએ છીએ. ઝડપી સાધનોનાં અભાવે તેમને એક સ્થળે સ્થીર રહી પ્રજા સેવા કરવાનું અનુકુળ ન હતું તેને લઇને તેઓ પોતાના અનુયાયીઓને આવા પ્રદેશોમાં ઉપદેશ કરવા મોકલતા અને મુખ્ય મુખ્ય સ્થળોએ પોતાના વિહારો, મઠો. કે ઉપાશ્રયો બંધાવતા. આજે પણ આજ પ્રકારની ધર્મ પ્રચાર પધ્ધતિ અને વ્યકિત–પૂજા જોઇએ છીએ પરંતુ જવા આવવાનાં ઝડપી સાધનોને લઇ તે કાર્ય આજે વધુ સરળ થઇ પડયું છે. અગાઉના સમય કરતાં આજે એક વસ્તુ વધારે સ્પષ્ટ જોઈએ છીએ તે ધર્મ અને રાજ કારણની નિકટતા. સમાજની રચનાનાં અમુક સ્વરૂપને લઇ મૂડીવાદીઓ અને ધર્મધુરંધરો વચ્ચે પ્રથમથીજ વધુ મેળ જામેલ છે અને તે મિત્રતા અનિવાર્ય પણ હતી પરંતું ઇંગ્લંડ જેવા ખ્રીસ્તી ધર્મ પાળનાર દેશોમાં ધર્મ અને રાજકારણની વધુ નિકટતાને લઈ ધર્મ પ્રચાર તે સામ્રાજ્યવાદનું મુંખ્ય અંગ બન્યું છે. ધાર્મિક ભાવનાં મનુષ્યના મન ઉપર મોટામાં મોટું સ્વામિત્વ ભોગવે છે અને એ એકજ બળ સામ્રાજ્ય વાદને ટકાવવા માટે પુરતુ છે. એ જાણી ધર્મ પ્રચારને તેઓએ પ્રથમથીજ ટેકો આપ્યો છે. નિશાળો, હોસ્પીટલો, અનાથાશ્રમો આવાં આવા જન હિતકારક કાર્યો દ્વારા તેઓ પ્રજાની સેવા કરવા ઉપરાંત તેમનું ધ્યેય પોતાના પંથની સંખ્યા વધારવાનું પણ હોય છે, શાસકોની મહેરબાનીને લઈ તેમને આર્થિક અને નૈતિક સહાય મેળવવામાં મુશ્કેલી પડતી નથી. એશીઆ અને આફ્રીકા ખંડમાં સ્થળે સ્થળે આવા મથકો છે અને તેની પાછળ જંગી રકમનું પીઠબળ છે.

શુદ્ધ હૃદયથી ધર્મ પ્રચાર થતો હોય તો તેમની કાર્ય કરવાની પધ્ધતિ ખરેખર અનુકરણીય છે. રામકૃષ્ણ અને વિવેકાનંદના અનુયાયીઓએ આવાજ હિતકાર્યો સાથે ધર્મ બાબતમાં સ્વતંત્ર વિચારણાને જ અનુમોદન આપેલું હોય તેઓ ઠેર ઠેર સત્કાર પામે છે અને વખતની અનુકુળતા મુજબ આવી રીતનું પ્રચારકાર્ય વધુ ઇચ્છનીય છે.

**આપણા મુનિવરો.**

પરંતુ આપણા મુનિવરો તો તેનાં કરતાં પણ આમ જનતાના વિશેષસંપર્કમાં આવતા હોઈ જો તેઓ ઇચ્છે તો વધુ સરસ રીતે પ્રજા સેવા કરી શકે, સામાજીક કાર્યોમાં પ્રેરણા આપી શકે અને અનેક રીતે સમાજનું નેતૃત્વ ભોગવી શકે. છેલ્લા થોડા વરસ દરમ્યાન આપણાં સાધુવર્ગમાં અનિચ્છનીય પ્રકારના કલહ, તેઓમાં પેસી ગયેલ અભિમાનની ખોટી ભાવના અને કીર્તીના ખોટા ખ્યાલ વી. ને લઇ તેઓ સમાજનો વિશ્વાસ ગુમાવી બેઠા છે. આજે તેઓને જ લાગવા માંડયું છે કે ભવિષ્યની જનતા આ વસ્તુ નહિ સાંખે. વિચાર ભેદને દરેક સ્થળે સ્થાન છે, પરંતુ આ વિચાર ભેદ સમાજના અંગમાં ઘા કરે છે ત્યારે તે વિનાશનો માર્ગ છે. આજે એક જૈન સમાજ જેવા નાનકડા સમાજમા આટલા ફાંટાઓ અને ભાગલાઓ સમાજની અવનતિજ દર્શાવે છે; અને આ બધાનો મુખ્ય દોષ આપણા અત્યારના ધર્મ પ્રચારકો ઉપર વિશેષ છે; તેમણે આત્મોન્નતિને નામે જ્યારે સમાજ હૃદયની નાડ પાડખ્યા વિના, દિક્ષા જેવી ઉચ્ચ વસ્તુને વેશ પરિવર્તનના નીચે ધોરણી મુકી ત્યારેજ યુવકો માટે તે વસ્તુ અસહ્ય બની. અત્યારે મુનિવરો કરતાંએ શ્રી પરમાણંદભાઇએ તેમના રાજકોટના ભાષણમાં સૂચવ્યું છે તેમ કેટલીક પ્રતિષ્ઠિત તેમજ વિદ્વાન વ્યકિતઓ ફકત શીલ્સુરીનો પ્રચાર અને સમાજ સેવાનું ધ્યેય દષ્ટિ સન્મુખ રાખી નીકળી પડે તો તેઓ વધારે ઉપયોગી થઇ પડશે. આપણા આજના મુનિવરો તુલનાત્મક દ્રષ્ટિએ અભ્યાસ ન કરતા હોવાને લઇ તેઓ બહારનું અજવાળું બહુ ઓછુ જોઈ શકે છે. દેશકાળને તેઓ નથી સમજી શકતા એટલે સમાજની આર્થિક પરિસ્થિતી ધ્યાનમાં રાખ્યા વિના હજારો અને લાખો રૂપીઆં ધાર્મિક ક્રીયાકાંડો પાછળ ખર્ચાવે છે, જ્યારે ખરૂં સામાજીક કાર્ય શેમાં છે તેનો તેઓ ઓછોજ ખ્યાલ રાખે છે. જૈન સિવાયની અન્ય જનતાથી આપણે જુદા છીએ તેવી ભાવનાને આજે સ્થાન હોવું ન જોઈએ. અન્ય ધર્મોમાં ઓછું સત્ય છે તેમ માની લઇ તેમની પ્રત્યે ઘૃણા ન હોવી જોઇએ. આજે ઘરઘાલી બેઠેલ ધાર્મિક "શાહીવાદ" અને "સ્થાપિત હક્કો"નું પોષણ ધર્મના મુળ ઉખેડે છે તેમ આપણા મુનિવરો સમજી દુનીયાનાં ધર્મોથી વિભકત રહેવાને બદલે ધર્મોના એકીકરણ સારૂ તે દિશામાં પોતાનો કીંમતી ફાળો આપે તો દુનીયામાં ચાલી રહેલ ધાર્મિક–તકરારોનું કેવું સરસ નિરાકરણ થાય ?

---

મહત્વનો ફાળો આપ્યો છે, અને તેથીજ ગુજરાતી સાહીત્યમાં અગત્યનું સ્થાન ભોગવનાર માત્ર જૈન સાહીત્ય એકલુંજ છે.

આપણા સમાજની રોજનિશીમાં સ્ત્રીઓ ફુરસદનો વખત ઘણો મેળવી શકે છે. એમને રાંધવા ખાવા, પીવા અને ઘરગથ્થુ કામ સીવાય ભાગ્યેજ બીજુ મહત્વનું કાર્ય હોય છે. તેઓ ધારે તો એમનો ફુરસદના વખતનો સદ્‌ઉપયોગ પોતાને અને સમાજના ભલા ખાતર ઘણી સારી રીતે કરી શકે.

સમાજના દાનવીરો અને કાર્યવાહકો રસ લે અને ઉત્સાહથી કામ કરે તો અનેક સુંદર પ્રવૃતિઓ હાથ ધરી શકાય. આ દીશામા મુંબઇનું ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળ અને અમદાવાદનો જ્યોતિ સંઘ પ્રસંશનીય કાર્ય કરી રહયા છે. આપણો જૈન સમાજ તેનું અનુકરણ કરે તો ?

–લેખક: **રમણિક ધીઆ.**

## એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– **ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

ગતાંકથી ચાલુ.

| | |
|---|---|
| ૧૯ કિંગ એડવર્ડ હોસ્પિટલ ફંડ, | ૫૦૦,૦૦૦ |
| ૨૦ ચર્ચ પેન્સન ફંડ | ૩૨૪,૭૪૫ |
| ૨૧ સિમ્પ્લી ફાઇડ, સ્પેલિંગ બોર્ડ | ૨૮૦,૦૦૦ |
| ૨૨ સેન્ટ્રલ અમેરિકન પીસ પેલેસ (ન્યાયમંદિર) | ૨૦૦,૦૦૦ |
| ૨૩ સ્ટડી ઓફ મેથડઝ્ ઓફ અમેરિકનાઇઝેશન. | ૧૯૦,૦૦૦ |
| ૨૪ કોચ ઇન્સ્ટીટયુટ (બર્લીન) | ૧૨૦,૦૦૦ |
| ૨૫ ન્યુયોર્ક ઝુઓલોજીકલ સોસાયટી | ૧૧૮,૦૦૦ |
| ૨૬ ન્યુયોર્ક એસોશીએશન ફોર ધી બ્લાઇંડ. | ૧૧૪,૦૦૦ |
| ૨૭ અમેરિકન લાયબ્રેરી એસોસીએશન | ૧૦૦,૦૦૦ |
| ૨૮ સેન્ટ એન્ડ્રુસ સોસાયટી. | ૧૦૦,૦૦૦ |
| ૨૯ આર્યન અને સ્ટીલ ઇન્સ્ટીટયુટ લંડન | ૮૯,૦૦૦ |
| ૩૦ પિટસબર્ગ કિંગ્સ્લી હાઉસ એસોશીએશન. | ૭૯,૦૦૦ |
| ૩૧ નોર્ધેમ્પટન હોમ કલ્ચર કલબ. | ૭૭,૦૦૦ |
| ૩૨ ફોરીન સ્ટુડન્ટસ ફ્રેન્ડલિ રિલેશન્સ કમીટી. | ૭૦,૦૦૦ |
| ૩૩ સો બોન (મેડમકરી ફંડ). | ૫૦.૦૦૦ |
| ૩૪ સ્કોટસ ચેરિટેબલ સોસાયટી, બોસ્ટન. | ૩૦,૦૦૦ |
| ૩૫ મહાયુધ્ધ નિમિતે, રેડક્રોસ | ૧,૫૦૦,૦૦૦ |
| ૩૬ કેન્ટમેન્ટ લાયબ્રેરીઓના મકાન. | ૩૨૦,૦૦૦ |
| ૩૭ કોલીમ્બસના નાઇટસ. | ૨૫૦,૦૦૦ |
| ૩૮ યંગમેન્સ ક્રિશ્ચિયન એસોશિએશન | ૨૫૦,૦૦૦ |
| ૩૯ નેશનલ રિસર્ચ કાઉન્સીલ | ૧૫૦,૦૦૦ |
| ૪૦ યંગ વીમેન્સ ક્રિશ્ચિયન એસોશીએશત | ૧૦૦,૦૦૦ |
| ૪૧ વોર કેમ્પ કોમ્યુનિટિ રિક્રિએશન સર્વિસ. | ૫૦,૦૦૦ |
| ૪૨ નેશનલ બોર્ડ ઓડ મેડિકલ એકઝામિનેશન. | ૨૨૫૦૦ |
| ૪૩ પરચુરણ | ૨,૭૯૨,૫૦૦ |
| એકંદર | ૧૦૫૦૬૦૦ |
| | ૩૫૦,૬૯૫,૬૫૩. |

કાર્નેગી કહેતો હતો કેઃ જે માણસ ધનના ઢગલા મૂકીને મરી જાય છે, તેનું **મરણ નામોશી ભર્યું છે.** ઉપર મુજબની દાન વ્યવસ્થા કર્યા બાદ તેણે પોતાના વસીયતનામામાં પોતાના વારસો, આપ્તજનો અને આશ્રિતોને આપવા ઠરાવેલી રકમો બાદ જતાં, જે રકમ બચે તે કાર્નેગી કોરપોરેશનને અર્પણ કરી છે. કાર્નેગી ૮૨ વરસ જીવ્યો હતો; તેણે ૩૦ કરોડ ડોલર દાન માર્ગે વાપર્યા હતા. અને સાઇકલો પીડીયા બ્રીટાનીકાના જણાવવા મુજબ કાર્નેગી ધંધામાંથી નિવૃત થયો ત્યારે તેની મિલ્કતના તેને આશરે પચાસ કરોડ ડોલર ઉપજ્યા હતા; કાર્નેગીને ૧ પુત્રી હતી, તેને તથા બીજા સગાઓને જુજ રકમ આપી બાકીની રકમ તેણે "કાર્નેગી કોરપોરેશનને" અર્પણ કરી હતી. પોતાની ઉપર આધાર રાખનાર મનુષ્યોનો સારી રીતે નિભાવ થાય તે કરતાં વધારે મિલ્કત તેમને સોંપવી એ મિલ્કતનો સાચો કે ડહાપણભર્યો ઉપયોગ કહેવાય નહિ એમ કાર્નેગી માનતો હતો. –સંપૂર્ણ

## ઉછાંછળો.

( એક ચિત્ર )

એને સહુ ઉછાછળો (!) કહેતા.

કારણ એ જુવાન હતો; જુવાનોને ઉસ્કેરતો; વળી "જુવાન–સંસ્થા"નો નેતા હતો; અને—

અને એની પ્રવૃત્તિઓ ઉછાંછળી (!) હતીઃ–

—મંદિરો મહીં, દેવને નામે, એકઠી થયેલી ને નિરૂપયોગી પડેલી, 'ટ્રસ્ટીઓ' મારફત તણાઇ જતી ને ઝગડાઓમાં વેડફાઇ જતી, મિલ્કત એણે "જુવાન–સંઘ" દ્વારા જુવાન જોડીદારોની મદદથી આપખુદી 'ટ્રસ્ટી'ઓ પાસેથી જપ્ત કરી, સુવ્યવસ્થિત કરી, અને કેળવણી, સ્કોલરશીપો, લોન–ફંડને, સસ્તા ભાડાની ચાલીઓ, સુવાવડખાનાઓ, વ્યાયામશાળાઓ, ફ્રી–વાંચનાલયો વિગેરે પ્રશ્નોના ઉકેલમાં ત્હેનો સદુપયોગ કર્યો.

—સંતતા. સાધુતા, ને પવિત્રતાના ઓઠા હેઠળ આળસુ, એદી, ને વિલાસી બની સમાજને ભાર રૂપ થતા, અને કલેશ ને કંકાસ ફેલાવી સમાજને છિન્ન ભિન્ન કરતાં, ઢોંગી ને પ્રપંચી ધર્મગુરૂઓને "જુવાન–સંઘ" દ્વારા ઉઘાડા પાડી, સ્થાન–ભ્રષ્ટ કર્યા; અને યોગ્યતા ધરાવતા બાકીના નિષ્ક્રિયને સમાજને નિરૂપયોગી થઇ પડેલાઓને શિક્ષણશાળાઓ, આરોગ્ય–મંદિરો, ગ્રામ્યોધ્ધાર, મંડળો, રાષ્ટ્રિય શાળાઓ, સેવાશ્રમો, પતિતાશ્રમો, પ્રચાર કાર્ય–સંઘો વિગેરે સંસ્થાઓમાં "સંઘ–સેવકો" તરીકે સ્થાપી, પ્રવૃત્ત ને સમાજોપયોગી બનાવ્યા.

—"સંઘ', દ્વારા રાજ્યકર્તા સમક્ષ હકીકતો, દલીલો ને પ્રમાણો રજુ કરી, કાયદા ને કાનુનો દ્વારા, મુડીવાદીઓના સ્વચ્છંદ, જુલ્મ, જોહુકમી, નીતિ ભ્રષ્ટતા, ગરીબોનાં રકત–શોષણ, અટકાવ્યા, અને અન્યાયને આપખુદીથી લૂંટેલું ધન પાછુ પડાવી, "ટુકડા રોટલા" માટે મરતા દરિદ્રનારાયણોને ધર્યું'; બેકારી–નિવારણ, હુન્નરોદ્યોગ–શાળાઓ, ફ્રી–હોસ્પીટાલો, ફ્રી–વાંચનાલયો, વિગેરેમાં ખર્ચ્યું.

—અણમેળ લગ્ન. બાળ લગ્ન, ફરજીઆત વૈધવ્ય, પુનર્લગ્ન–પ્રતિબંધ, પ્રેત–ભોજન. રડવું–કૂટવું, રૂઢ જ્ઞાતિ–રિવાજો, ન્યાત–વાડા, ફીરકાઓ, વિગેરે સ્હામે વ્યાખ્યાનો, વર્તમાન–પત્રો, પીકેટીંગ દ્વારા પ્રચાર કરી, રૂઢી ચુસ્તોને જ્ઞાતિ પટેલીયાઓને હંફાવ્યા, રાજ્ય દ્વારા એ રિવાજો નાબુદ કર્યા; નવા બંધારણ ધડયા ને નવલોહીઆ કાર્યવાહકો સ્થાપ્યા.

—સ્થળે સ્થળે "જુવાન–સંઘ"ની શાખાઓ ખોલી, ઉકત પ્રવૃત્તિઓમાં પ્રગતિ કરવા, યુવકોને જગાડયા, ને ઉશ્કેર્યા ને એકત્રિત કર્યા.

—એનું જીવન–સૂત્ર હતું. "**क्रान्ति**" **ઝી**ન્દાબાદ !

એટલે સહુ એને ઉછાંછળો (!) કહેતા !

ત્હોય કેટલાક એને **વિચારશીલ** પ્રગતિવાંચ્છુ કહેતા !

વાંચક, આ તે ઉછાંછળો કે વિચારશીલ ?

**–ભાઇલાલ બાવીશી.**

# સ્ત્રી સમાજનાં સળગતા પ્રશ્નો.

શ્રીમતી નલીની કોઠારી.

( કુમારી નલીની યૌવનનાં ઉંબરમાં પગ મુકતી એક કોડભરી બાળા છે, કૌટુંબિક જીવનમાં દબાયેલી હોવા છતાં એ ખૂબ વિચારક અને ભવિષ્યમાં આશા આપતી મુગ્ધા છે, તેની નોંધપોથીનું સુધારા વધારા સાથેનું આ અવતરણ છે... ... ...તંત્રી)

**વિધવાઓનો પ્રશ્નઃ**—આપણી સમાજમાં દિન–પ્રતિદિન વિધવાઓની સંખ્યા વધતી રહી છે, પુરૂષો સ્ત્રીઓને ફરજીઆત વૈધવ્ય પળાવે છે. એક વિધવાને બાર મહિનાનો ખુણો પળાવવામાં આવે છે. તે સ્હામી મળે અપશુકનીયાળ ગણાય, વિધવાઓને કયા અપરાધની આ શિક્ષા થાય છે તે સ્હમજાતું નથી, સ્ત્રીઓને ફરજીઆત વૈધવ્ય પાળવું પડતું હોય તો પુરૂષો તે નિયમથી શામાટે બાતલ છે ? ત્હેમણે પણ વિધુર જ રહેવું જોઇએ, સ્ત્રીની હજુ તો ચિતા જળતી હોય ત્યાં તો પુરૂષના ચાંલ્લા થાય છે. સાઠ વરસનો બુઢ્ઢો હોય, ઘરમાં દિકરી અને દિકરાની વહુ વિધવા હોય, છતાં ચૌદ પંદર વરસની બાળાનો ભવ બગાડવા એ ઘોડે ચડે છે, સમાજને તેમાં કશું અજુગતું લાગતું નથી. શુ આ ન્યાય યુકત છે ? વિધવાના જેઠ, સસરા કે કોઇ સંબંધી નિઃસહાય દશાનો લાભ લઇ છુપી રીતે અત્યાચાર આદરી ત્હેના યૌવન ધનને લુંટે, ખરાબ લાલસાને તૃપ્ત કરવા માટે આધીનં થવાની ફરજ પાડે અને ત્હેના કટુ ફળ જ્યારે બહાર આવે ત્યારે સમાજ વિધવાનેજ શામાટે અપરાધી ગણતો હશે. ખરા ગુન્હેગારોની સ્હામે આંખ મીંચામણાં કરી વિધવાને જ શામાટે દંડતો હશે ? શું આ વ્યાજબી છે ? આવી વિધવાઓને પીયરમાં કે સાસરીયામાં કોઇ સંઘરતું નથી, સમાજ પણ સંઘરવાની ના પાડે છે છેવટે ત્હેને કાંતો કૂવો પૂરવો પડે છે, અથવા તો ધર્માંતર કરી કે વેશ્યાલયમાં પોતાનો જન્મારો પૂરો કરવો પડે છે. કેટલાક કેસોમાં તો છુપી રીતે બાલહત્યા કરવામાં આવે છે. આવા છુંપા પાપો કરતાં ત્હેને પુનર્લગ્નની છુટ.આપવી એ શું પુન્યનું કાર્ય નથી ? ખાસ કરીને વિધવાઓની વધતી જતી સંખ્યાને અટકાવવા માટે વૃધ્ધલગ્ન તો અટકાવવા જ જોઇએ.

**લાજ અને પડદાનો રિવાજઃ**—ગુજરાંત કરતાં કાઠીયાવાડ અને મારવાડમાં આ રિવાજ ખુબ પ્રચલિત છે, પુરૂષો સારા હોય યા ખરાબ પણ તેને છુટથી ફરવાનું હરવાનું હોય છે, જ્યારે સ્ત્રીઓને ગળા સુધી ઘૂમટો તણાવી ત્હેનાં વ્યકિતત્વને છુંદી નાંખવાનું શું પ્રયોજન હશે ? આ રિવાજથી અનેક સ્ટવ અકસ્માતો બને છે અને સ્ત્રીઓને જીવતાં બળી મરવું પડે છે, પણ પુરૂષોના પેટમાં પાણી પણ હાલતું નથી, શું સ્ત્રીઓના જીવનની કશી પણ કિંમત નથી ?

**સ્ત્રી કેળવણીઃ**—સ્ત્રી અને પુરૂષ સંસાર રથના બે ચક્રો છે એક ચક્રને સુધારવાનો પ્રયાસ થાય ત્યારે બીજા ચક્રને જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં રહેવા દે, છોકરાઓને ભણાવે ગણાવે, અને કન્યા બે ત્રણ ચોપડી ભણી કે પછી ત્હેને આગળ ભણવાનું બંધ. દલીલમાં કહેવામાં આવે કે કન્યાને કયાં કમાવા જવું છે ? છોકરો આવે તો રંગરાગ અને વધામણાં થાય છોકરી આવે તો કંઇ નહિ ? ગામડામાં તો કન્યાઓને બેત્રણ ચોપડીનું જ્ઞાન પણ આપવામાં આવતું નથી આ બાબત શું ઉચિત છે ? શિક્ષિત યુવાન અને અશિક્ષિત યુવતીનો સંસાર ચાલે જ કેમ ?

**રડવા કુટવાનો રિવાજઃ**—આ રિવાજ ઘણો જ ખરાબ છે, કુટવાથી છાતીમાં દુખાવો અને ક્ષય રોગ લાગુ પડી જાય છે, આમ અકાળે યુવતિઓનાં યૌવન એળે જાય છે, આવા ઘાતકી રિવાજોને તિલાંજલી આપવી ઘટે.

**કઢંગા રિવાજોઃ**—ગામડાંની કેટલીક અભણ સ્ત્રીઓ છુંદણા છુંદાવે છે, દાંત રંગાવે છે, અને દાંતે સોનાની રેખો મૂકાવે છે, સુધરેલી શહેરી સ્ત્રીઓ નખ રંગે છે, હોઠ રંગે છે, નાક કાન વિગેરે વિંધાવે છે. હાથે પગે ગળામાં વિગેરે સ્થળે દાગીનાઓ પહેરે છે. કેટલીક સ્ત્રીઓને આ પરિસ્થિતિમાં ફરજીયાત મૂકાવું પડે છે. શું એ ઉચીત છે ? નાક સુંઘવા માટે અને કાન સાંભળવા માટે છે. કંઇં વિંધાવા માટે નથી, સ્ત્રીઓ નૈસર્ગિક સૌંદર્યથી જેટલી મધુર જણાય તેટલી દાગીનાથી જણાતી નથી, લગ્ન પ્રસંગે દોઢ હાથનો ઘૂમટો તાણી કેટલીક સ્ત્રીઓ એટલા અશ્લીલ ગીતો ગાય છે કે પાસે ઉભું રહેવું પણ ન ગમે, આવી સ્ત્રીઓ સભ્યતા અને વિનયથી વર્તે તો કેવું સારૂં ?

**બાળ ઉછેરઃ**—સ્ત્રીઓને બાળ ઉછેરનું જ્ઞાન આપવાની ખાસ આવશ્યકતા છે. કેટલીક સ્ત્રીઓને બાળ ઉછેરનું બિલ્કુલ જ્ઞાન હોતું નથી. બાળક પુરૂષ કરતાં સ્ત્રી પાસે વધારે રહે છે, જ્યારે પુરૂષો વ્યાપાર અર્થે આખો દિવસ બહાર રહે છે, ત્યારે માતાના ખોળામાં બાળક સ્વતંત્રતાથી ખેલે છે, માતા જો કેળવાયેલી હોય તો ત્હેના સંતાનમાં સારા સંસ્કારો પડે છે. બાળક કેટલીક વખત કોલસા માટી વિગેરે ખાય છે રેતમાં રમે છે; એ ઠીક નથી, બાળકને રમવા માટે એક સ્વચ્છ જગ્યાની સગવડ કરી આપવી જોઇએ ત્હેને સ્વચ્છ કપડાં પહેરાવી, ખુલ્લી હવા અને તડકો આવે ત્યાં રમવા દેવું જોઈએ. સ્વચ્છ રાખવાની ટેવ કેળવવી જોઇએ, પૌષ્ટિક ખોરાક આપવો. સવારે કસરત કરાવી, નવડાવી ધોવડાવી સ્વચ્છ કરી જમાડી નિશાળે મૂકવો જોઇએ. સાંજે જમીને ફરવા લઇ જવો અને જોવા જાણવા જેવી વસ્તુ બતાવવી કે જેથી ત્હેની બુદ્ધિ ખીલે. ઉપરોકત માવજતના અભાવથી ઘણાં બાળકો માયકાંગલા અને રડકણાં જોવામાં આવે છે, ગામડામાં ઘણી સ્ત્રીઓ બાળકને હાથે મોતી અથવા સાંકળાં પહેરાવે છે પગમાં કલ્લીઓ, નાંખે છે જેથી કુંમળા બાળકનું લોહી ફરી શકતું નથી. ઘણાં બાળકો સવારમાં ઉઠી રડવા માંડે છે, આખો દિવસ ખાખા કરે છે પરિણામે માંદા પડે છે. ઘણી સ્ત્રીઓને માંદાની માવજત કેમ કરવી ત્હેનું જ્ઞાન હોતું નથી, આમ બાળ ઉછેર અને માંદાની માવજતના જ્ઞાનની સ્ત્રીઓને અનિવાર્ય આવશ્યકતા છે.

**સ્ત્રી પુરૂષની સમાનતાઃ**—હિંદ સિવાય દરેક દેશોમાં જેવા કે, ઇગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી વગેરે દેશોમાં સ્ત્રી પુરૂષની સમાનતા સ્વીકારાઇ છે ત્યારે અહિં સ્ત્રીઓને ઘરમાં ગોંધાઇ રહેવાનું

(8)



અને રસોઇ કરવાનું કાર્ય હોય છે, પુરૂષો કમાવા જાય છે આરીતે સ્ત્રીને આર્થિક પરાધીનતા ભોગવવી પડે છે અને તેનું કડુ ફળ અસમાન વર્તાવ છે. પશુ અને પંખીઓ પણ સ્વતંત્રતા ઇચ્છે છે ત્યારે સ્ત્રીઓને સ્વતંત્રતા કેમ ન ગમે ? લગ્ન એ જીવનની અણુમોલ તક છે તેને માબાપો લાકડે માકડુ વળગાડી અસમાનતા ઉત્પન્ન કરે છે, આથી ઘેર ઘેર હોળીઓ સળગે છે, અને સ્ત્રીઓના બલીદાનો લેવાય છે, આ પરિસ્થિતિ ટાળવી ઘટે છે. પુરૂષોને કલબોમાં જવું જેમ ગમે છે તેમ સ્ત્રીઓને પણ તે ગમે છે પણ ભૂલે ચુકે કોઇ કલબમાં સ્ત્રી જાય તો પુરૂષો ટીકા કરવા મંડી જાય છે. સ્ત્રીઓને વકીલ, બેરીસ્ટર, ડોકટર, ન્યાયાધીશ અને યાવત્ રાજસૂત્રો પણ હાથમાં લેવાના કોડ છે. તેને એરોપ્લેનમાં ઉડવું છે અને ઇજીનીયરીંગ શીખવું છે. દુનીયા ઘૂમી વળવાના એનો આદર્શો છે. સ્ત્રી સમાનતા માંગે છે એ દયા દાન માટે નહિ પણ હક્કથી માંગે છે. પુરૂષોએ તેની સમાનતા સ્વીકારવીજ જોઇએ. આજે જમાનો પલટાયો છે. પતિને ઇશ્વર માનવાનો કાળ વહી ગયો છે, જેમ જેમ સ્ત્રીઓ કેળવાતી જશે તેમ તેમ ગુલામીની જડ નાબુદ થતી જશે, અને એક દિવસ એવો આવશે કે મને કે કમને ભાવે કે કભાવે પણ સ્ત્રીઓની સમાનતા સ્વીકારવીજ પડશે,

**બાળ લગ્નઃ**—સ્ત્રીઓને નાની ઉંમરમાં પરણાવી દેવામાં આવે છે તેથી તેમની બુધ્ધિનો વિકાસ થતો નથી, અને નાની ઉંમરમાંજ પ્રસૂતિનો ભોગ બને છે. તેની શારીરિક શકિત તેની સામે ટક્કર ઝીલી શકતી નથી તેમાંથી જો તે બચે તો તેનો બાંધો ખરાબ થઇ જાય છે, અને નિર્બળ સંતાન પેદા થાય છે, આજના બાળકો એ આવતી કાલના નાગરિકો છે. તે જો આવા નિર્બળ પેદા થાય તો સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ કઇ રીતે કરી શકાશે ? જે પોતાનું ભલું ન કરી શકે તેની પાસેથી કઇ જાતની આશા રાખવી ? ૨૫ વરસનો યુવાન અને સોળ વરસની મુગ્ધાને લગ્ન માટે યોગ્ય માનવાં જોઇએ અને તેમના વિચારો જાણી સંમતિ લઇ પછી જ લગ્ન કરવું જોઇએ. ઘણા માબાપ પોતાના છોકરાઓને પૂછતાં પણ નથી, આપણે કોઇ ચીજ લેવા જઇએ તો બેત્રણ દુકાને જોઇ ભાવ પૂછી જ આપણે ખરીદ કરીશું ત્યારે આ તો જીવનનો સવાલ છે જેમ સ્ત્રીને પુરૂષની જરૂર છે તેમ પુરૂષને સ્ત્રીની જરૂર છે, એટલે બંનેના વિચાર જાણી પછી લગ્ન થાય તો તેમનો સંસાર સુખી નિવડે,

## સમાચાર.

દિલ્હીમાં મળેલી અખિલ હિંદ મહાસભા સમિતિએ હોદ્દા સ્વીકારવાનો નિર્ણય આપ્યો છે ને નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે.

"અખિલ હિંદ મહાસભા સમિતિ ધારાસભાએમાં જે જે પ્રાંતોમાં મહાસભા બહુમતિ ધરાવતી હોય ત્યાં ત્યાં હોદ્દા સ્વીકાર કરવાની સત્તા અને રજા આપે છે. પણ તે એટલી સરતેકે ધારાસભાના મહાસભાવાદી પક્ષના નેતાને સંતોષ થાય અને તે જાહેરમાં એવું નિવેદન કરી શકે કે ગવર્નર તેમને મળેલી દખલગીરી કરવાની ખાસ સત્તાનો ઉપયોગ કરશે નહિ અથવા તો તેમની બંધારણીય પ્રવૃત્તિઓને લગતી પ્રધાનોની સલાહની અવગણના કરશે નહિ."

—બંગાળની સરકારે સુપ્રસિધ્ધ દેશભકત બાબુસુભાષચંદ્ર બોઝને બીનસરતી મુકતી આપી છે. શ્રી બોઝને રોજ ઝીણો ઝીણો તાવ આવે છે તેમનું વજન ઘટયું છે અને ડોકટરોએ તપાસી સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી છે.

—શ્રી નરીમાનને થયેલા અન્યાય સામે વિરોધ કરવા મુંબઇની જનતાની ચોપાટી ઉપર એક પ્રચંડ સભા મળી હતી અને તેમાં જુદા જુદા વકતાઓએ કાવતરાની ઝાટકણી કાઢી હતી. હજારો સહીઓ કરાવી એક ખરીતો રાષ્ટ્રપતિ ઉપર રવાના કર્યો છે.

—સ્પેન આંતરવિગ્રહથી ભડકે બળી રહ્યું છે સાત સાત મહિના થયા તેના ઉપર કુદરતનો કોપ ઉતરી રહ્યો છે, ચાર લાખ માણસની કત્લ અને કરોડો પાઉંડના ધૂમાડાની ગણત્રી થઇ ચુકી છે.

—સરહદ પ્રાંતમાં ફરી પાછી અશાંતિ વ્યાપી રહી છે. અને તોફાન પહેલાં જે અશાંત વાતાવરણ હતું તે પુનઃ પ્રગટયું છે. ન્યુ દિલ્હીના સમાચાર જણાવે છે કે સરકાર આ બાબતમાં પૂરતી ચોકસી રાખી રહી છે અને આ અશાંત વાતાવરણ તાત્કાલિક શાંત પડશે તેમજ કશી અવ્યવસ્થા થવા દેશે નહિ.

—વડી ધારાસભામાં મહાસભાવાદી સભ્યો હાજર થતાં પાછો રસાકસીનો રંગ જામ્યો છે. શ્રી સત્યમૂર્તિ અને ભુલાભાઇની હાજરીથી વિરોધ પક્ષ સબળ બન્યો છે.

—પંજાબના શેખપુરા સ્ટેશનથી જતી ચાલું ટ્રેને બદમાસો સ્ત્રીઓના ડબ્બામાં દાખલ થયા હતા, અને તલ્વારની ધારે સ્ત્રીઓના દાગીના, ઝવેરાત, ને રોકડ રકમની લુંટ ચલાવી હતી, સાંકળ ખેંચતા ટ્રેન ઉભી રહી હતી પણ બધા નાસી છુટયા હતા. એક જણની ધરપકડ થઇ છે.

—હિંદ બ્રીટન બ્યાપારી કરારોને અંગે હવે સત્વર ચર્ચા શરૂ થશે એમ લાગે છે. બ્રીટીશ બોર્ડ ઓફ ટ્રેડે બીન સરકારી હીંદી સલાહકારોના પેનલ તરફથી યાદીમાં રજુ કરવામાં આવેલ મૂળગત સિધ્ધાંતોનો સામાન્યપણે સ્વીકાર કર્યો છે. બીનસરકારી સલાહકારોનુ મંડળ બ્રીટીશ જવાબપર વિચાર ચલાવવા માર્ચના પહેલા અઠવાડિએ મળશે અને રાજ્યાભિષેક બાદ હીંદી સલાહકારો હીંદી સરકારના નિષ્ણાતોની મદદ સાથે ઇંગ્લેંડ જવા રવાના થશે.

—જગવિખ્યાત અમેરિકન વિમાની કર્નલ લીંડબર્ગ અને તેમના પત્નિ હિંદમાં આવ્યાં છે, કરાંચીમાં અને મુંબઇમાં તેમનું સુંદર સ્વાગત થયું હતું.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક સતરમો
ગુરૂવાર તા. ૧-૪-૩૭.

## શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીની મળેલી બેઠક.

### તેમાં પસાર થએલા ઠરાવો.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની ઓલ ઇન્ડિયા સ્ટેન્ડીંગ કમીટીની તા. ૨૭, ૨૮ માર્ચ ૧૯૩૭ના રોજ મુંબઇમાં શ્રીયુત ડો. પુનશી હીરજી મહીશરી. એફ. સીઃ પી. એસ; એલ એમ. એન્ડ એસ. જે. પી.ના પ્રમુખપણા હેઠળ મળેલી બેઠકમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા છે.

**૧ શોક પ્રદર્શન.**

જૈન સમાજના આગેવાનો અને કોન્ફરન્સના કાર્યમાં પરમ સહાનુભુતિ ધરાવનાર શેઠ જીવણલાલ પનાલાલ જે.પી. મુંબઈ. શેઠ મણીલાલ મોતીલાલ મુલજી રાધનપુર, બાબુ પુરણચંદ નહાર કલકત્તા, શેઠ ગુલાબચંદ નગીનચંદ ઝવેરી, મુંબઇ વિગેરેના ખેદ-જનક દેહાવસાન થતાં આ સ્ટેન્ડીંગ કમીટી દીલગીરી જાહેર કરે છે અને તે સ્વર્ગસ્થોના આત્માને શાંતિ ઇચ્છે છે અને તેમના કુટું-બો પ્રત્યે હાર્દિક સહાનુભુતિ વ્યકત કરે છે.

**૨. શ્રી મણીલાલ નાણાવટીને અભિનંદન.**

કોન્ફરન્સની ઓલ ઇન્ડિયા સ્ટેન્ડીંગ કમીટીના એક સભાસદ શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીની રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ડેપ્યુટી ગવર્નરના હોદ્દા ઉપર થયેલી નિમણુંક બદલ આ સ્ટે-ન્ડીંગ કમીટી આનંદ પ્રદર્શીત કરે છે અને તેમને હાર્દિક અભિનંદન અર્પે છે.

**૩. હિસાબ અને રિપોર્ટપાસ.**

કોન્ફરન્સના સંવત ૧૯૯૦ થી સં. ૧૯૯૨ સુધીના ઓડીટ થયેલા હિસાબ તથા સરવઇયાં અને કાર્યવાહીનો રિપોર્ટ રજુ થતાં તે મંજુર રાખવામાં આવે છે.

**૪. જનરલ સેક્રેટરીઓની નિમણુંક.**

કોન્ફરન્સનાં રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ તથા ગુજરાત કાઠી-આવાડ વિભાગના જનરલ સેક્રેટરીનાં હોદ્દાઓ ઉપર અનુક્રમે શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટર અને શ્રીયુત કાંતિલાલ ઇશ્વરલાલ (શેર એન્ડ સ્ટોક બ્રોકર) તથા શ્રીયુત મુલચંદ આશારામ વૈરાટી (અમદાવાદ)ની નિમણુંક કરવામાં આવેલ છે.

**૫. આગામિ અધિવેશન.**

કોન્ફરન્સના આગામી અધિવેશન માટે બે માસ દરમ્યાન અન્ય કોઇ સ્થળેથી આમંત્રણ નહિ મળે તો એક વર્ષ સુધીમાં તે યોગ્ય સ્થળે બોલાવવા આમંત્રણ કરી તત્સંબંધેની સર્વ વ્યવસ્થા કરવા નીચેના બંધુઓએ સ્વીકાર્યું છે.

૧. શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી.
૨. શ્રી મણીલાલ મોકમચંદ શાહ.
૩. શ્રી અમીચંદ ખેમચંદ શાહ.
૪. શ્રી કેશવલાલ મંગળચંદ શાહ.
૫. શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન.
૬. શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા.
૭. શ્રી નાનચંદ શામજી.
૮. શ્રી રતીલાલ ચીમનલાલ કોઠારી.
૯. શ્રી મણીલાલ જેમલ શેઠ.
૧૦. શ્રી ચંદ્રકાન્ત સુતરીઆ.

**૬. જૈન કોઓપરેટીવ બેંક.**

જૈન કોઓપરેટીવ બેંકની સ્થાપના માટે ડાયરેકટરોની ગોઠવણ કરવા શેરો ભરાવવા વિગેરે ઘટતું કાર્ય કરવાની સર્વ સત્તા સાથે

(જુઓ પાનું છેલ્લું.)

# તરુણ જૈન.

તા. ૧-૪-૩૭

## કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટી.

(૨)

જૈન સમાજના જાહેર જીવનમાં સામાજીક દષ્ટિએ જરાયે ઉત્સાહ જણાતો નથી કોઇકોઈ વખત એ પરિસ્થિતિ ટાળવા માટે સફળ પ્રયત્ન કરવામાં આવે છે પણ તે ક્ષણજીવી નિવડે છે. અધિવેશનો અને પરિષદો મેળાવડાઓ અને સભાઓ ક્ષણિક ચમકારો બતાવી જાય છે. પછી જરાયે અસર રહેતી નથી, આમ થવાનું કારણ પાછળનું અમલી કાર્ય કરનાર જાહેર સેવકોનો અભાવ છે. આપણે અધિવેશનો અને પરિષદો મેળવવાની હોય છે ત્યારે મહિના પહેલાંથી તૈયારી કરવી પડે છે, રાત્રિ અને દિવસ જનતામાં આંદોલનો જગવવા માટે પ્રયત્ન કરવો પડે છે અને જાગૃતિ આવે છે, પણ પરિષદો પૂરી થયા પછી નવા કાર્યકરોના અભાવથી અને જુના કાર્યકરો શ્રમિત થયેલ હોવાથી અમલી કાર્ય થઈ શકતું નથી. અને થોડો સમય વીત્યા પછી ઉંત્સાહ પણ રહેતો નથી, આમ ચાલ્યા કરે છે આ રીતમાં પલટો આણવાની જરૂર છે. જે મહેનત ઉત્સાહ અને ખંતથી પરિષદને સફળ બનાવવા માટે મહિના પહેલાથી કરીએ છીએ એજ મહેનત જો પરિષદ પછી પણ ચાલુ રહે તો જરૂર આપણે આપણા ધ્યેય તરફ આગળ વધી શકીએ અને સમાજમાં ચેતન આણી શકીએ.

કોન્ફરન્સના સ્થંભિત થયેલા કાર્યને વેગ આપવા માટે એ. ઇ. સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગ બોલાવવામાં આવી, મૈશ્રી જેવા ઉત્સાહી પ્રમુખની રાહબરી નીચે ત્હેનુ કામકાજ શરૂ થયું. વિચારોની આપ લે થઈ, કાર્યકરોની જે ખોડ હતી તે પૂરી કરવામાં આવી. અને નવો રાહ આંકવામાં આવ્યો, હવે માત્ર પ્રશ્ન એટલોજ રહે છે કે જે રાહ સ્વીકારવામાં આવ્યો છે, એથી કોન્ફરન્સંના ચક્રો ગતિમાન થશે કે? અમને તે બાબત વિચારણીય લાગે છે અને ત્હેના કારણો છે.

તે એ કે કોઇપણ સંસ્થાની પાછળ જો જનતાનું પીઠ બળ નહોય તો તે સંસ્થા કદી ટકી શકે નહિ. અને જનતાનું પીઠબળ ત્યારેજ મળે કે જ્યારે એ સંસ્થા દ્વારા કંઈક રચનાત્મક કાર્ય થતું હોય. જનતાનો સ્વભાવજ આપ લેનો હોય છે, ત્હેને એમ જણાય કે આ સંસ્થા આપણને ઉપયોગી છે, તો જરૂર એ ત્હેને દરેક જાતની સહાય આપશે. પરંતુ એમજ જો જણાય કે આની પાછળ સમય અને પૈસાની બરબાદી છે તો તે કદિ સાથ આપશે નહિ. કોન્ફરંસની હાલની પરિસ્થિતિમાં જનતાનું જરાયે પીઠબળ નથી. અને તેનું કારણ રચનાત્મક કાર્યક્રમનો અભાવ છે. સ્ટેન્ડીંગ કમીટીમાં તે માટે કોઓપરેટીવ બેંક માટે ઠરાવ કરવામાં આવ્યો છે આપણે ઇચ્છીએ કે તેનો અમલ થાય પણ એકલા એ ઠરાવથી કોન્ફરંસ વ્યાપક નહિ બની શકે, તે માટે તો કોઇ એવો એક પ્રશ્ન ઉપાડવાની જરૂર છે કે જે જુનવાણી અને સુધારકો બંને ને ઉપયોગી હોય. આવા અનેક પ્રશ્નો મળી શકે તેમ છે, માત્ર કાર્યકરોની તૈયારી જોઈએ.

બીજી બાબત આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે જે સુચનાઓ કરવામાં આવી છે તે અમને તો અપુર્ણ લાગે છે. પ્રાંતિક સેક્રેટરીઓ અને સ્ટેન્ડીંગ કમીટીના સભ્યોને સુકૃત ભંડાર ફંડનો ફાળો ઉઘરાવવા માટે અનેક વખત કહેવામાં આવ્યું છે પણ તેનું પરિણામ કશું આવી શકયું નથી. તે માટે તો એક સારૂં ફંડ ઉભુ કરવાની જરૂર છે અને તે શ્રીમંતો કરી શકે તેમ છે. તે દ્વારા કંઈક રચનાત્મક કાર્યક્રમ યોજી જનતામાં ચેતનલાવી પછી જો આર્થિક બાબતમાં આમ વર્ગનો સહકાર માંગવામાં આવશે તો તે જરૂર આપશે.

ત્રીજું કોન્ફરન્સના કાર્યને વેગ આપવા માટે કોઇ આત્મભોગી સેવક મળ્યો નથી. જે ઓધ્ધેદારોની ચુંટણી થઇ છે, તેઓ પોતાનો અંગત સ્વાર્થ જતો કરીને કોન્ફરંસના કાર્યને વેગ આપે એમ માનવાને અમારો અનુભવ સાફ ના સૂણાવે છે. જો કે જે ઓધ્ધેદારો નિમાયા, તેની યોગ્યતાની દૃષ્ટિએજ ચુંટણી કરવામાં આવી છે. અને તેઓ ધારે તો જરૂરી ભોગ આપી શકે તેમ છે.

આમ બધી બાબતોનો વિચાર કરતાં કોન્ફરન્સના ચક્રોને ગતિમાન કરવા માટે હજુપણ વિશાળ પ્રયત્નો કરવાની જરૂર છે, તેના ચુંટાયેલા ઓધ્ધેદારો ઉપર વિશાળ જવાબદારીઓ રહેલી છે. કોન્ફરંસમાં નવું લોહી ઉત્પન્ન કરી ત્હેમાં ચેતન આણવું પડશે. નવાં નવાં કાર્યક્રમો યોજી જનતાને આકર્ષવી પડશે કોન્ફરન્સ પ્રત્યેનો જનતાનો દબાઈ ગયેલો પ્રેમ પુન: જાગ્રત કરવો પડશે. વિચાર ભેદોને સ્થાન આપી અનેક ટેકરાઓ વટાવવા પડશે. અને ત્હેના ઉદ્દેશ પ્રમાણે સારાયે સમાજના અંગો ત્હેમાં ભાગ લઈ સમાજની સર્વોપરી સંસ્થા બનાવે એ જાતના પ્રયત્નો કરવા પડશે આમ થશે તોજ કોન્ફરન્સ સર્વવ્યાપક અને સાચું પ્રતિનિધિત્વ ધરાવતી જીવંત સંસ્થા બની શકશે. હાલના કાર્યકર્તાઓ પાસે આ જાતની આશા રાખીએ એ વધારા પડતી નથી.

અમે ઈચ્છીએ છીએ કે ઓધ્ધેદારો પોતાની જવાબદારી સંપૂર્ણ અદા કરે અને કોન્ફરંસને ચેતનવંતી સજીવ સંસ્થા બનાવી તે દ્વારા સમાજ હિતના અનેક કાર્યો કરી સમાજના આશિર્વાદ મેળવે.

# "ભૂતકાળની મહત્તાના હવાઈ ખ્યાલો પર ઝઝુમવા કરતાં-કર્તવ્યપરાયણ બનીને રચનાત્મક કાર્ય કરો."

## જૈનોન્નતિ માટે જૈન સાધુઓએ ખ્રીસ્તી ધર્મોપદેશકોનું અનુકરણ કરવું જોઇએ.

## જૈન બેંક, કોલેજ, હોસ્પીટલ તથા ઉદ્યોગાલયો સ્થાપવા માટે શ્રીમંતોને હાકલ.

### યુવકો તથા વૃદ્ધોએ કંઇ કાર્ય કરી બતાવીને સમાજને વિશ્વાસમાં લેવાની જરૂર.

### શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની અ. હીં. સ્થાયી સમીતીની બેઠકમાં પ્રમુખ ડો. પુનશી મૈશ્રીનું ભાષણ.

મુંબઇ તા. ૨૭મી માર્ચ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની અખીલ હીંદ સ્થાયી સમીતીની બેઠક આજે બપોર પછી શ્રી મહાવીર જઇન વીદ્યાલયના સભામંડપમાં મળી હતી. પ્રમુખપદે જાણીતા જૈન સુધારક ડૉ. પુનશી મહીશરી બીરાજ્યા હતા.

લાંબા કાળ પછી પરીષદ મુંબઇને આંગણે સજીવ બનતી હોવાથી જૈન ભાઇ બહેનોમાં અજબ ઉત્સાહ જણાતો હતો. પરિષદમાં ભાગ લેવાને ભારતના જુદાજુદા પ્રાંતોમાંથી પ્રતીનીધીઓ પણ આવ્યા હતા બહેનો પણ પરીષદની બેઠકમાં હાજરી આપી સમાનતાના સીધ્ધાંતને અનુસરી હતી.

### ઉન્નતીના પગથીઆ પર.

બાળાઓના મંગળાચરણથી પરીષદના કામકાજની શરૂઆત થઇ હતી શરૂઆતમો શ્રી મોતીચંદ કાપડીઆએ પ્રમુખનો પરીચય આપીને રાષ્ટ્રની ભાવનાના છોડ ન કરમાય તેવી રીતે કોમને ઉન્નતિના પગથીયાં પર ચઢાવવાને જણાવ્યું હતું.

### પમુખનું ભાષણ.

પ્રમુખપદેથી ડો. પુનશી હીરજીએ ભાષણ આપતા જણાવ્યું હતું કે:—

કોન્ફરન્સની ઉપયોગીતા અને તેનું અસ્તીત્વ અહર્નીશ ટકાવી રાખવાની જરૂરીયાત સંબંધી આપ જેવા સુજ્ઞ બંધુઓને મ્હારે કંઇપણ કહેવા જરૂર હોય એમ હું માનતો નથી છતાં કોન્ફરન્સના હિસાબ તથા સરવાયાં જે આપણને હંમેશાં જોવા મળે છે તે તથા આજે રજુ થનાર હિસાબ વગેરે જોશો તપાસશો તો સહજ જણાશે કે જૈન સમાજની એકની એક અગ્રણી સંસ્થાને આર્થીક બીમારી હંમેશાં મુંઝવણ કરતી રહી છે. આ ઘટના ખરેખર ખેદજનક છે. અને તેનું નિવારણ કરવા આપણે સર્વેએ કટીબધ્ધ થવું જોઇએ. આપણે એ પણ જાણીએ છીએ કે આપણામાં શ્રીમંતોની સંખ્યા વૃધ્ધીંગત થવાને બદલે ઘટતી જાય છે, અને વ્યાપાર ઉદ્યોગની મંદીએ જગતના વાતાવરણ અને હીંદનાં ચોક્કસ સંજોગોને કારણે ભારે અસર આપણી સમાજ ઉપરે કરી છે. છતાં પણ જે સંસ્થા કોમની શોભા છે કોમનું ગૌરવ છે તેને પ્રાણવાન બનાવવી અને આર્થીક બીમારીની સતત ચિંતામાંથી મુક્ત કરવી એ પ્રત્યેક જૈનની ફરજ છે, એટલે અન્ય કાર્યોની વિચારણા કરતાં પહેલાંજ હું આપ સર્વેને એ બાબતનો ચોક્કસ માર્ગ કાઢવા આગ્રહ કરૂં છું. આપણે આ સંસ્થાદ્વારા અત્યાર અગાઉ જે કરી ચુકયા છીએ તે કરતાં અનેકગણું કાર્ય હજુ કરવું બાકી રહે છે: અને તેથી આપણી પ્રથમ દષ્ટિ કોન્ફરન્સને પુષ્ટ બનાવવા તરફ હોવી જોઇએ.

### સામાજીક માંદગી.

આપણી સામાજીક પરીસ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યાં આપણે હજુ જયાંના ત્યાં જ હોઇએ એમ મને તો જણાય છે. આપણે તેનું કારણ શોધીએ આપણી પ્રગતીને બાધક નીવડનાર એકજ વસ્તુ મને લાગે છે; તે એ છે કે આપણામાં આંતરીક કલહો, પરસ્પર વૈમનસ્ય, મતભીન્નતા અને કદાગૃહરૂપી કીડાઓ આપણા સમાજને કોરી રહ્યા છે. અને આપણે એક રીતે યા બીજી રીતે

તેને ઉખેડી નાખી આપણું આંગણું સ્વચ્છ કરવા પ્રયાસ કરવા જોઇએ. કોનો દોષ છે એ જોવાની પીડામાં પડવા કરતાં આપણે એ દોષોથી મુક્ત ન હોઇએ તો તેમાંથી છુટવા પ્રયાસ કરવો; અને બીજાઓને તેમાંથી ઉગારવા પ્રયાસો આદરવા જોઇએ. જ્યાંસુધી કલેશરૂપી સડો નષ્ટ ન થાય ત્યાંસુધી સમગ્ર સમાજનું હિત સાધવું અશકય છે. આવી પરીસ્થિતિ ચાલુ રહે તે ઇષ્ટ નથી કેમકે આપણી દરેક પ્રવૃતિ, દરેક હીલચાલ અને દરેક પ્રયાસમાં તે સંજોગો હરઘડી આડે આવ્યા કરતા હોવાથી આપણામાં એક પ્રકારની શીથીલતા આવે છે જ્યાંસુધી તે શીથીલતા આપણામાં ઘર કરી બેઠી છે ત્યાંસુધી આપણો આરો નથી. એટલે આપણે સર્વેએ આ દીશામાં પ્રયાસો કરવા જોઇએ.

## યુવકો રોગ નાબુદ કરી શકે

પુજ્ય મહાત્મા ગાંધીએ દેશની આઝાદીની લડત હસ્તગત કરી ત્યારથી યુવક પ્રવૃતિ વિશેષ સ્વરૂપે વ્યાપક બની. એની શરૂઆતતો પહેલાથીજ થતી ચાલી હતી એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય આપણા દેશ અને દુનીયાનાં અન્ય દેશોમાં દરેક પ્રવૃતિ અને દેશના ભાવીનો સર્વે આધાર ભાવી નાગરીકો અને યુવકો ઉપરજ અવલંબે એમાં શક નથી. ઉત્સાહ. સહીષ્ણુતા, સતત પરિશ્રમ અને અવીરત કાર્ય કરવાની ભાવનાથી યુક્ત એવા યુવકો દેશનું અણમોલું ધન છે, અને તેમનાદ્વારા આપણે દેશ અને સમાજની અનેક વીધ સેવા કરી શકીએ. આપણા યુવાન બંધુઓ એ છેલ્લી રાજકીય લડતમાં ઘણો ભોગ આપ્યાનાં દ્રષ્ટાંતો આપણી સમક્ષ છે. પણ આપણા સમાજને હજુ જોઇએ તેવો તેમની સેવાઓનો લાભ મળ્યો નથી એમ હું માનું છું.

હવે તો એકને એક બે થાય એ જેવી સ્પષ્ટ વાત છે તેવી યોજના દ્રષ્ટિ સમીપ રાખી રચનાત્મક પદ્ધતિએ આપણે યુવકો કે વૃધ્ધો કાંઇક કરી બતાવશું ત્યારેજ સમાજનો વિશ્વાસ મેળવી શકશું ખાલી વાતો કરે, ચર્ચા કરે દહાડા વળે તેમ નથી.

## જૈન બેંક.

મ્હારા પુરોગામી અખીલ હીંદ સ્થાયી સમીતીની બેઠકના પ્રમુખ રા. સા. શેઠ રવજી સોજપાળે પોતાના નેતૃત્વ હેઠળ જૈન બેંકની યોજનાના બીજ રોપ્યા હતા. જેને ઉછેરી નવલખાજીએ ચૌદમાં અધિવેશનમાં મુર્ત સ્વરૂપ આપવા જેવું એ વૃક્ષને પલ્લવીત બનાવ્યું તેજ વૃક્ષના હવે વધુ સિંચન અર્થેનું કાર્ય અત્રે પુનઃ વિચારણા અર્થે આવે છે જો કે તે યોજના અત્યાર અગાઉ ફલિત થઇ ચુકી હોત પરંતુ ચોક્કસ સંજોગોમાં તે બની શક્યું ન હોય એમ જણાય છે; એટલે હવે આવા પલ્લવિત થયેલા વ્રક્ષનાં મૂળ સુદઢ કરી તેને પરીણામમાં અમલમાં લાવો એ દરેક રીતે ઇષ્ટ છે.

## બેકારીનો બાહુ.

આજે સમાજમાં બેકારીએ દુશ્મનનું સ્વરૂપ પકડયું છે, અને તે સંબંધમાં દુર્લક્ષ કરવા જેવું નથી. નાના મોટા ઉદ્યોગોમાં આપણે આપણા શ્રીમંતોને પોતાની મુડી રોકી આપણાં બંધુઓને સમાવેશ કરવા–ઠેકાણે પાડવા તૈયાર થવું જોઇએ બેંક જેવી યોજનાથી તે પ્રશ્નને પણ પહોંચી વળી શકાશે. તદુપરાંત એક મોટી મુડી ઉભી કરવામાં આવે અને તેમાંથી ઉદ્યોગો ઉભા કરવાની યોજના હાથ ધરાય તો તે પણ ઇષ્ટ છે.

તીર્થ સેવાનું કંઇક રચનાત્મક કાર્ય આપણે કરી શકીએ તે હેતુથી, તીર્થોના હક્કોના સંરક્ષણ મળે નહિ તો તીર્થો જે આપણો પવિત્ર વારસો છે તેને યથા સ્વરૂપે ઉભા રાખવા માટે એક મધ્યવર્તી સમીતી–કમીટીની જરૂર હું જોઉં છું. અમારી ન્યાતના દેરાસરના એક ત્રસ્ટી તરીકેના મ્હારા અનુભવ ઉપરથી હું કહું છું કે જીર્ણોદ્ધારની દરેક સ્થળે એવી જરૂરિઆત રહ્યાં કરે છે કે સેંકડો ટીપો દર વર્ષે આવે છે. આમાં ઘણી વખત તે દેરાસરોના સંચાલકો પોતાના તરંગો ખાતર પણ ખર્ચ કરતા હોય તે બનવાજોગ છે. વળી જ્યાં પાંચ ખરચે ચાલે ત્યાં પચીસના ખરચ આદરવામાં આવે અને તે માટે સંખ્યાબંધ જગાએ તેમણે ટીપ ભરાવવા નીકળવું પડે તે કરતાં એક મધ્યવર્તી કમીટી મુંબઇ જેવા સ્થળમાં નિયુક્ત થાય કે જેને નાણાં ફાજલ પાડી શકતા દેરાસરો પોતાની સંપતી અનુસાર પ્રતીવર્ષ ચોકસ રકમ સોંપે તો ઘણું સારૂ અને એ કમીટીમાં તેવા દેરાસરોના પ્રતીનીધી–ટ્રસ્ટીઓ બીરાજે, અને બધી આવતી અરજીઓ પર સંપૂર્ણ તપાસ ચલાવી સલાહ આપે અને નાણાં આપે, આ રીતે જુદા જુદા દેરાસરોના ત્રસ્ટીઓની સત્તા ઉપર કાપ પડે છે એમ તેઓને નહિ લાગે અને પોતે પોતાના ઉપરાંત બીજી રકમોનો વહીવટ કરી શકશે.

## જૈન કોલેજ તથા હોસ્પીટલની જરૂર.

સંઘના એક અંગ સમાજને જ્યાંસુધી ભારે કેળવવામાં ન આવે ત્યાંસુધી આપણો સમાજ ઇતર સમાજની કક્ષામાં ન આવે તેમાં નવાઇ શુ ?

હિન્દુસ્થાનની અંદર જૈન કોમ એક ધનાઢય કોમ ગણાય છે. આ શ્રીમંત વર્ગ પોતાની એ લક્ષ્મીનો શું ઉપયોગ કરતો હશે તે હું સમજી શકતો નથી. આ તેમની લક્ષ્મીમાંથી હજીસુધી આપણે એક પણ આપણી જૈન કોલેજ આખા હિંદમાં ઉભી કરી શક્યા નથી. એટલું જ નહિ પણ આંગળીને વેઢે ગણાય એટલી હાઇસ્કુલો પણ અસ્તિત્વમાં નથી અને આને માટે જેટલો આપણો સમાજ દોષિત ઠરે છે. તેટલો જ બલ્કે તેથી વિશેષ આપણો સાધુ સમાજ દોષીત ઠરે છે. તેઓએ ખ્રીસ્તી મીશનરીઓનું આ બાબત અનુકરણ કરવું જોઇએ. તેઓએ ખાલી બાધાઓ આપવાથી મુક્ત થઇ જૈન ધર્મનું તથા જૈનોની ઉન્નતિનું શિક્ષણ આપતી કોલેજો તથા હાઇસ્કુલો ઉભી કરાવવાનો પ્રચાર કરવો જોઇએ. એટલુંજ નહિ પણ તેઓએ જાતે ખ્રીસ્તી ફાધરો અને પ્રોફેસરો માફક પ્રોફેસરો તથા અધ્યાપકો તરીકે શિક્ષણ આપવું જોઇએ જો શ્રીમંતો કેળવણીની સંસ્થાઓ પુરતા પ્રમાણમાં ઉભી કરશે અને સાધુ વર્ગ મ્હેં જણાવ્યા મુજબનું શિક્ષણનું અને પ્રચારનું કાર્ય ઉપાડી લેશે તો જૈન સમાજ આજે જે સ્થિતી અનુભવી રહેલ છે તેથી ઘણીજ ઉન્નત અવસ્થાએ પહોચશે તેટલા માટે મુંબઇનો શ્રીમંત વર્ગ અહીં એક કોલેજ ઉભી કરી બીજા પ્રાંતો માટે અનુકરણ કરવાનો દાખલો બેસાડે.

## જગતની સ્લેટ પરથી ભુંસાતો જૈન ધર્મ.

જૈન સમાજની ઘટતી જતી સંખ્યા તરફ આપણે જે દુર્લક્ષ

કરી રહ્યા છીએ તે ઘણું શોચનીય છે. આવી શ્રીમંત કોમને પોતાની એકાદ પણ હોસ્પીટલ મુંબઇ જેવા શહેરમાં ન હોય તો બીજે આપણે કેમ આશા રાખી શકીએ આ બાબતમાં આપણા ભાંઇઓએ પારસી, કપોળ તથા ભાટીઆ કોમનો દાખલો લઈને અનુકરણ કરવું જોઇએ. જો શ્રીમંતો પૈસા ન આપે તો આપણા સેંકડો ટ્રસ્ટફંડોના ટ્રસ્ટીઓએ એકાદ યોજના ઘડી આ ફંડોના ઇન્વેસ્ટમેન્ટમાંથી આવી હોસ્પીટલની યોજના ઉભી કરવી જોઇએ તથા આપણે આરોગ્યતા તરફ દુર્લક્ષ સેવી રહ્યાં છીએ તેના પ્રચાર માટે સાધનો ઉભા કરી આપવા જોઇએ. આટલું જો થશે તો હું નિશ્ચય માનું છું કે આપણો જૈન સમાજ દીનપ્રતિદીન ઉન્નતિના પગથીએ જરૂરજ ચઢશે.

## આત્મભોગની આવશ્યકતા.

આ બધી વાતો આપણે અવશ્ય કરી શકીએ તેવી છે. પરંતુ 'ખાટલે મોટી ખોટ' કે આપણે આત્મભોગ આપી કામ કરનાર નથી. સૌએ થોડો ઘણો પણ સમય ફાજલ પાડી આત્મભોગ આપવા તૈયાર થવું પડશે.

પ્રાંતિક અને બીજી કમીટીઓની બાબતમાં શું કરવું એ સંબંધે હું મ્હારા વિચારો જણાવું તેનાં કરતાં અત્રે હાજર થએલા ભિન્ન ભિન્ન વિભાગોના સભ્યો પોતાની મુસ્કેલીઓ રજુ કરે અને તે પર વિચાર કરી નિર્ણય કરવાનું યોગ્ય થઇ પડે છતાં પણ એટલું તો કહીશ કે આપણી રાષ્ટ્રિય મહાસભાના અધિકારીઓ અને અગ્રણી સભ્યો જેમ નીત્ય અગર જરૂર મુજબ પ્રવાસ કરી મહાસભાનું કાર્ય કરે છે તે રીતે આપણામાંના સભાસદો કે અધિકારીઓ જેઓ તેવું કાર્ય કરી શકે તે તે કાર્ય ઉપાડી હીંદનો પ્રવાસ વખતો વખત કરે તો ઘણો લાભ ઉઠાવી શકાય.

## કર્તવ્યપરાયણ બનો.

સમાજને ઉપર જણાવ્યા મુજબ ઉત્સાહી સહીષ્ણુ સેવાભાવી યુવકોની જરૂર છે ? આપણો વ્યાપારી વર્ગ જે પોતાના ધંધાની સુકમાઇમાંથી પોતે જાતે સેવા ન આપી શકે છતાં પોતાની સલાહ વ્યાપારી બુધ્ધિથી આપે અને તે ઉપરાંત આપણા સમાજની સર્વે જરૂરિઆતોને બને તે રીતે સહજ પણ ખંચાયા વિના પોષે એવી આર્થિક સહાય કરતા રહે એ રીતે તેમની પણ જરૂર છે. તદુપરાંત આપણામાંનો શીક્ષીત વર્ગ સેવા અને અર્થની સહાય એ બન્ને આપે તેણે તેમ કરવું અને બેમાંથી જે આપી શકે તે આપે એ રીતે તેમની પણ આપણે જરૂર છે. કહેવાનો હેતુ એ નથી કે જે કાંઇ ન આપે તેની જરૂર નથી, દરેક પ્રકારની કક્ષામાં મૂકાઈ શકાય તેવા આપણા દરેક બંધુની, ચાહે યુવાન હોય, વૃધ્ધ હોય, શ્રીમન્ત હોય યા ગરીબ હોય કે પદવીધર હોય કે જે હોય તે હોય કોન્ફરન્સ એવી સંસ્થા છે કે જેને દરેક વર્ગની જરૂર છે અને સૌ પોતાથી બને તે રીતે પોતાનો ફાળો આપતા રહે. આમ થાય તો કોન્ફરન્સ દ્વારા આપણે ઘણુ કરી શકીએ તેમ છીએ. માત્ર આટલા વિચારપર કેવળ રાચવા કરતાં ભુતકાળની આપણી મહત્તા હવાઇ ખ્યાલો પર જઝુમવા કરતાં કર્તવ્ય પરાયણ બનો એજ મારી એકની એક સુચના છે.

તે પછી રેસીડન્ટ જનરલ સેક્રેટરી શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ તેમનું નિવેદન રજૂ કરતાં જણાવ્યું કેઃ—

## રેસીડન્ટ જનરલ સેક્રેટરીનું નિવેદન.

આપણી મહાસભાના મુંબઇના અધિવેશન પછી આજ લાંબા ગાળે આપણે સર્વને પુનઃ એકત્ર મળવાનો શુભ અવસર પ્રાપ્ત થયો છે, તો તે પ્રસંગે શ્રીમતી કોન્ફરન્સની વતી આપ સર્વે બંધુઓને અંતઃકરણ પુર્વક આવકાર આપતાં મને અત્યંત હર્ષ થાય છે.

આજે જૈન કોમના સર્વ દેશીય પ્રશ્નો માટે એક મધ્યસ્થ સંસ્થાની આવશ્યકતા સર્વ કોઇ સ્વીકારે છે. અને એવી સંસ્થા તરીકે આપણી કોન્ફરન્સે અત્યારસુધી પોતાનું પદ અવીચ્છીન્નપણે જાળવી રાખ્યું છે. કારણ કે કોઇપણ ભેદભાવ વીના દરેક જૈન આ સંસ્થામાં આવી શકે છે, અને તેઓ પોતાના પ્રતિનીધીઓ બંધારણ અનુસાર મોકલી પોતાના વિચારો વીના સંકોચે દર્શાવી શકે છે, આ સંસ્થાની બંધારણીય રચના એટલી વીશાળ અને વ્યવહારૂ છે કે જેથી સંસ્થા પોતાની સ્થાયી સમીતી અને પ્રાંતિક સમિતિઓ દ્વારા પોતાના વિચારો અને કાર્યોને અમલમાં તુરત મુકી શકે, પરંતુ એ દિશામાં આપણે પ્રાંતિક સેક્રેટરીઓનીજ માત્ર નીમણુંક કરી શકયા છીએ. જોકે કોઇ કોઇ સ્થળે એ વિષયમાં કાંઇક વિષેશ પ્રયત્નો થયા છે પરંતુ તેમાં જોઇએ તેવી સફળતા મળી નથી, આ વિષયમાં આજની સભા સંપુર્ણપણે વિચાર કરી કોન્ફરન્સની હસ્તી અને પ્રતિષ્ઠાના અંગને વધારે વિસ્તૃત કરશે એમ હું ઇચ્છુ છું. અને આ બાબતમાં ખાસ કરીને પહેલી શરૂઆત મુંબઇથી કરવી, એટલે કે મુંબઇ કે જે પણ એક પ્રાંત છે તેની પ્રાંતિક સમીતી બનાવવી, અને તે સમીતિમાં ઓછામાં ઓછા ૫૦ થી ૫૫ સભ્યો બનાવી તેમને મુંબઇની સ્થાયી સમીતીના સભ્યો સાથે મેળવી તે દ્વારા આપણું કામ સહેલાઇથી આગળ ધપાવી શકાશે એમ મારી માન્યતા છે, આ યોજનાથી મૂંબઇની આમ પ્રજા સાથે કોન્ફરન્સનો સંસર્ગ વિશેષ બળવાન થશે.

## બેકારીની નાગચુડ

જૈન બેંકની યોજના ગત અધિવેશનમાં પસાર થયા પછી કાર્યવાહી સમીતીએ યોજના અમલમાં મૂકવા માટે એક પેટા સમીતીની નીમણુંક કરી હતી તેની મળેલી છેલ્લી મીટીંગમાં એમ જણાવાયું હતું કે જો ડાયરેકટરો આદીની તજવીજ સફળતા પુર્વક થઇ શકે તો જૈન બેંક ચાલું કરી શકાય. તો આ સંબધમાં જો તુરતજ અમલી પગલાં ભરવાનું વિચારવામાં આવે તો આપણે એક મહત્વનું કાર્ય શરૂ કર્યું ગણી શકાય.

આપ જાણો છો કે દેશમાં વ્યાપી રહેલી બેકારી આપની કોમને પણ પોતાના પાસમાં લઈ રહી છે આપણા ઘણા ભાઇઓ એના ભોગ બની રહ્યા છે. આ બેકારીનુ પ્રકરણ એટલું બધુ મહત્વનું છે કે જો તે સબંધમાં કંઈપણ આપણે કરી શકીએ તો આમવર્ગને ઘણુંજ ઉપયોગી થઇ પડયા વિના રહે નહિ અને છેવટે આપણા બાહોશ પ્રમુખસાહેબ તેમજ આપ સઘળાની સહાનુભુતિથી આપણું કાર્ય વિશેષ સરળતાથી જરૂર આગળ ધપશે એમ હું વિશ્વાસ રાખું છું.

## બે ઠરાવો.

ત્યારબાદ પ્રમુખે નીચેના બે ઠરાવો રજુ કર્યાં હતાંઃ—

જૈન સમાજના આગેવાનો અને કોન્ફરન્સના કાર્યમાં પરમ

સહાનુભુતિ ધરાવનારા શેઠ જીવણલાલ પન્નાલાલ, શેઠ મણીલાલ મોતીલાલ, શેઠ પૂર્ણચંદ્રનાહાર અને શેઠ ગુલાબચંદ નગીનદાસના ખેદજનક અવસાન થતાં આજની સ્ટેન્ડીંગ કમીટી શોક વ્યક્ત કરે છે અને તે સ્વર્ગસ્થોના આત્માને શાન્તિ ઇચ્છે છે.

કોન્ફરન્સની ઓલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમીટીના એક સભાસદ શ્રીયુત મણીલાલ બાલાભાઈ નાણાવટીની રીઝર્વ બેંક ઓફ ઇંડિયાના ડેપ્યુટી ગર્વનરના હોદ્દા ઉપર થયેલી નિમણુંક બદલ આજની સભા આનંદ પ્રદર્શીત કરે છે અને તેમને હારદીક અભિનંદન આપે છે.

આ ઠરાવો સભાજનોએ બહાલ રાખ્યાં હતા.

તે પછી કોન્ફરન્સના મદદનીશ મંત્રી શ્રી માણેકલાલ મોદીએ પરીષદનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યા હતા.

તે ઉપરાંત બીજું કેટલુંક કામકાજ બજાવીને પરીષદ આવતી કાલ પર મુલતવી રહી હતી.

## બીજા દિવસની બેઠકનું કામકાજ.

મુંબઇ તા. ૨૮મી માર્ચ

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરંસની અખીલ હીન્દ સ્થાયી સમીતીની બેઠક આજે પણ બપોરે એક વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભા ખંડમાં ડો. પુનશી હીરજીના પ્રમુખપદે મળી હતી.

આજે સ્થાયી સમીતીની બેઠકનો બીજો અને છેલ્લો દીવસ હોવાથી સભાસદો પ્રેક્ષકો પ્રતીનીધીઓ તથા કાર્યકરોમાં ઉત્સાહ વ્યાપી રહેલો દેખાતો હતો.

## સફળતાના સંદેશા

શરૂઆતમાં મંગળાચરણ થયા બાદ બેઠકને સફળ ઇચ્છતા બહારગામથી આવેલા અભિનંદનના સંદેશાઓ મંત્રીએ વાંચી સંભળાવ્યા હતા.

કોન્ફરંસના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તરીકે શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ તથા શ્રી કાન્તીલાલ ઇશ્વરલાલ મોરખીયા અને ગુજરાત કાઠિયાવાડના મંત્રી તરીકે શ્રી મુળચંદ આશારામ તથા જનરલ સેક્રેટરીઓ તરીકે શ્રી બહાદુરસીંહ સિંધી તથા શ્રી ગુલાબચંદ ઢઢાની નીમણુંક થયેલી પ્રમુખશ્રીએ જાહેર કરી હતી જે સભાજનોએ બહાલ રાખી હતી.

## આગામી અધીવેશન કયાં ભરવું ?

ત્યારબાદ આગામી અધિવેશન કયાં ભરવું તે બાબત ચર્ચવામાં આવી હતી. આ અંગે શ્રી ગુલાબચંદ ઢઢા, શ્રી મોતીચંદ કાપડીઆ તથા બીજા ભાઇઓએ અધીવેશનનો ભૂતકાળનો ઇતિહાસ રજુ કરીને અધીવેશન ભરવાના લાભાલાભ બતાવ્યા હતા.

અંતે જો બે માસમાં અધીવેશન ભરવાનું કોઇ પ્રાંતમાંથી આમંત્રણ ન મળે તો દશ સભ્યોની એક કમીટીએ બાર મહીનામાં અધીવેશન ગુજરાત અગર તો કાઠીયાવાડમાં ભરવાનો નિર્ણય કર્યો હતો.

તે પછી બેંક તથા કોન્ફરંસની આર્થીક બાબત સુદૃઢ કરવાને વીચારણા ચલાવવામાં આવી હતી. અને એ દીશામાં જુદા જુદા સભાજનોએ વીવીધ વિચારો રજુ કર્યા હતા.

## શોભાના પુતળાંઓની ઝાટકણી.

શ્રી. મોહનલાલ દેસાઇએ કોન્ફરંસની નિષ્ફળતાનાં કારણો રજુ કરતાં જણાવ્યું હતું કે કોન્ફરંસના સંચાલકો માત્ર શોભાના પુતળાં જેવાજ રહ્યા છે અને તેમણે એકેય સંગીન પ્રવૃતિ કરી નથી. વળી સમાજમાં ફાટફુટ અને પક્ષાપક્ષી પડી હોવાથી કાર્ય અમલમાં મુકી શકાતું નથી ઠેક ઠેકાણે હોળી સળગતી દેખાય છે. વકતાએ કુસંપ દુર થાય તેવા પગલાં ભરીને તથા આળસુ કાર્યકરોને જાગ્રત કરીને રચનાત્મક કાર્ય કરવાને સભાજનોને જોરદાર ભાષામાં જણાવ્યું હતું.

## શ્રી પરમાનંદ કાપડીઆ.

શ્રી પરમાનંદ કાપડીઆએ પણ આ બાબત પર બોલતા જણાવ્યું કે, કોન્ફરંસને તોડી નાખનાર કોઈપણ હોય તો તે જૈન સાધુઓજ છે. તેમણે કોન્ફરંસને વેરવિખેર કરવામાં પ્રધાન ભુમિકા ભજવી છે. તેમની સત્તા ભૂખે સમાજનું નિકંદન કાઢયું છે સાધુઓ ધારે તો કોન્ફરંસને ઉપયોગી થઈ પડે જે સમાજ તેમને પોષે છે તે સમાજની પ્રગતિ કરવાને તેઓ બંધાએલા છે.

વધુમાં શ્રો કાપડીઆએ ટ્રસ્ટીઓની નિષ્કાળજી અને દહેરાસરો નાણાંના વહીવટની વાંધાભરી નીતિ પ્રત્યે સખ્ત વિરોધ વ્યકત કરતાં તેમને વેલાસર ચેતી જવાને જણાવ્યું હતું.

ત્યારબાદ બીજા વકતાઓએ પણ તેમના દીલમાં સળગતી આગને બહાર ઠાલવી હતી.

અને બીજા બે ત્રણ ઠરાવો પસાર કર્યા બાદ બેઠકની પુર્ણાહુતી થઈ હતી.

છેવટે આભાર દર્શન તથા ફુલહાર થયા પછી સભા આનંદ અને ઉત્સાહ વચ્ચે વીસર્જન થઇ હતી.

**બાળ વિદ્યાર્થીભુવનને મદદઃ**—ભાવનગરથી શ્રી મનસુખલાલ ટી શાહ જણાવે છે કે ચાલું સાલમાં લગ્ન પ્રસંગને અંગે શહેરની જનતા તરફથી લગભગ ચારસો રૂપીઆની મદદ મળી છે. અને શેઠ ખુશાલચંદ વીરચંદના પુત્રી શ્રીમતી રંભાબ્હેન તથા વોરા વ્રજલાલ તારાચંદ ખોડીદાસ તરફથી રૂપીયા ૨૫૧) આપી કાયમી તીથિ નોંધાવી છે. આ વિદ્યાર્થીભુવનમાં તદ્દન ગરીબ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. અને ત્હેને ખાનપાન તથા કેળવણીના સાધનો પૂરા પાડવામાં આવે છે. એજ્યુકેશન બોર્ડ તરફથી જે પરીક્ષા લેવામાં આવે છે ત્હેમાં નેવું ટકા પાસ થયા છે.

**શ્રી વીરતત્વ પ્રકાશક મંડળને મદદઃ**—શેઠ ગીરધર ત્રીકમલાલના સુપુત્ર ભાઈ ધીરજલાલ ગીરધરલાલના લગ્ન પ્રસંગે શેઠ ગીરધરલાલે ૨૫૦) રૂપીયાની મદદ કરી છે. તેમજ શેઠ દેવચંદભાઇ એ ઓતમચંદ હીદજીની પેઢી તરફથી રૂપીયા ૨૦ આપ્યા છે.

1-4-37



# દેવ દ્રવ્ય

મારી સમક્ષ આજ એક મુશ્કેલી છે. આ વ્યાખ્યાન માળાના અગાઉના ત્રણ વ્યાખ્યાનોમાં મને એક સુગમતા એ હતી કે વ્યાખ્યાનના વિષયોનો અર્થ તો હું જાણતો જ હતો, પણ આજના વિષયના અર્થની મને ગમ પડતી નથી. ક્યારનોં હું વિચારી રહ્યો છું કે દેવ અને દ્રવ્યનો સંબંધ શો અને એ શબ્દનો મર્મ શો હોઇ શકે ? જૈનોના દેવ તો અંતિમ ફકિરી ધારી રહ્યા છે ને કોડી સરખીય રાખતા નથી એમની પાસે ધન અને સંપત્તિ હોવાની કલ્પના કરીને એ દ્રવ્યને દેવદ્રવ્ય કેમ કરી કહી શકાય ? શબ્દ શાસ્ત્ર કે સિદ્ધાંત અનુસાર ભલે દેવદ્રવ્ય ન બનાવી શકાય પણ મનુષ્ય નામના પ્રાણીઓ ગમે તે કરી શકે છે એમ હું આ જગતમાં જોઇ રહ્યો છું. એ માનવો એક તરફ દેવને 'વિતરાગ' કહી શકે છે અને બીજી તરફ એમના નામે દ્રવ્ય એકત્રીત કરવાની ચિંતાય કરી શકે છે ? એથી જ દેવદ્રવ્યને નામે મંદિરોમાં લાખ્ખો ને કરોડોનો માલ ભર્યો પડયો રહે છે. એના સંચાલકો કહ્યા કરે છે કે 'ભગવાનનું એ દ્રવ્ય હોઇ સમાજ હિતાર્થે ન વાપરી શકાય' આ રીતે 'વિતરાગ' ને શેઠજી બનાવીને આવા લોકો એના મુનિમ બની બેશીને મજા કરવા લાગે છે.

આપણે એ ભૂલી બેઠા છીએ કે જે વિતરાગદેવ પોતાને ખાતર બનાવેલું ભોજન પણ સ્પર્ષતા નથી તે વિતરાગદેવ આવડી મોટી સંપત્તિનું શું કરે ? જે દ્રવ્ય જગતના લાભાર્થે અને ગરીબોના કલ્યાણાર્થે વપરાઇ શકે તેજ દેવદ્રવ્ય કહી શકાય. ભગવાન જો ક્યાંયે હોય તો તે મંદિરોમાં કે મહંતો પાસે તો નથી જ પણ એનું નિવાસસ્થાન ગરીબોના ઝુંપડામાં છે, અને એથી જ જો આપણે દેવદ્રવ્ય એકત્રીત કરવું જ હોય તો તે ગરીબોના લાભાર્થે જ ખરચાવું જોઇએ.

લાક્ષણીક ભાષામાં કહીએ તો વ્યકિતના વપરાસ માટે નહિ પણ સાર્વજનિક ઉપયોગમાં લઇ શકાતું હોય તે જ દેવદ્રવ્ય ગણી શકાય. એના પર કોઇ વ્યકિતની નહિ પણ સમસ્તની માલિકી હોઇ શકે. સમાજના ઉપયોગનું ન હોય એ દેવદ્રવ્ય કોઇ લાભનું નથી સંપત્તીના બે પ્રકાર છે—એક વ્યકિતની, બીજી સમાજની, જે સંપત્તિ સમાજની હોવા છતાં સમાજના કામમાં નથી આવતી તે કોઇ વ્યકિતના કામમાં આવે છે અને એના દ્વારા જ ચવાઇને લુપ્ત થાય છે.

ઘણા કહે છે કે દેવદ્રવ્યનો સ્પર્ષ પણ ન કરવો જોઇએ. એમ કહેનારા જ રોજબરોજ દેવદ્રવ્યનો ભોગોપભોગ કરી રહ્યા છે એ હકિકત ભૂલી જવા માગે છે. મોટા મોટા મંદિરો કોને બેસવા બનાવાય છે ? ને એ મંદિરો જોઇને ચક્ષુ કોના તૃપ્ત થાય છે ? આપણા કે ભગવાનનાં ? જમિનપર જડેલા સુંવાળા સંગેમરમર પર ભગવાન ચાલે છે કે આપણે ચાલીએ છીએ ? મંદિરમાં મ્હેકતા ધુપની સૌરભ ભગવાન માટે છે કે આપણા સારૂ ? શી ચીજ એવી મદિરમાં છે જેનો ઉપયોગ આપણે નથી કરતાં ? હા, એમાં મૂકાતા મેવા મિઠાઇ આપણે નથી ખાતા, પણ પૂજારીને કે માળીને તો આપીએ જ છીએ. એ બધું એમને આપવાનું છે એ સમજણ પૂર્વક એમને પગાર ઓછો આપીને પૈસા બચાવીએ છીએ. આમ પરોક્ષ ઉપયોગ તો આપણે કરીએ જ છીએ. આપણે નહિ ખાવાનો નિર્ણય તો એટલા માટે કર્યો છે કે બિચારા નોકરને ખાદ્ય વસ્તુઓ પર ચોકી ન કરવી પડે ! એવી ચોકી કરવામાં જ એની શકિતઓ ખરચાઇ જાય તો દેવ સેવા એ ક્યારે કરી શકે ? મારા કહેવાનો મતલબ એ છે કે મંદિરની તમામ વસ્તુઓનો ઉપયોગ આપણે કરીએજ છીએ છતાં એ દેવદ્રવ્ય છે, કારણ કે એનો ઉપયોગ સમાજની કોઇપણ વ્યકિત કરી શકે છે. એના પર કોઇ વ્યકિતની માલિકી થથી. પ્હેલાં જે પરિભાષા મેં બતાવી છે તે પ્રમાણે આને જ દેવદ્રવ્ય ગણી શકાય.

આમ દરરોજ દેવ દ્રવ્ય વાપરતા છતાં મને સમજાતું નથી કે કઇ હિમ્મત પર આ લોકો એમ કહી શકે છે કે 'દેવદ્રવ્યનો ઉપયોગ સામાજીક હિતોમાં નહિ થઇ શકે !' એક તરફ કેળવણી પ્રચારની સંસ્થાઓ પાઇ પાઇ માટે તલસે છે, અજ્ઞાનના અંધકારથી સમાજ ઘેરાયલો છે, અનાથ બાળકો ને વિધવાઓ મુંઝાય છે, ગરીબોને ખાવા નથી મળતુ ત્યારે બીજી તરફ અમારાં મંદિરોમાં લક્ષ્મીનાં પૂરદમામથી નૃત્ય—ગાન ચાલે છે. કેટલી વિચિત્રતા ? વિશ્વપ્રેમી વિતરાગદેવની આ કેવી અવગણના છે ? હું એમ કહેવા માંગુ છું કે વિતરાગ દેવની મૂર્તિ પર સોનાચાંદીના મુગટો ધરાવવા કરતાં ગરીબના ઉપર રોટલાનો ટુકડો ધરવો તે લાખ ગણું ઉત્તમ કાર્ય છે. આપણે વિવેકનું કેવું દેવાળું કાઢી રહ્યા છીએ—કે જે દેવને કશી ચીજની ખપ નથી, જે પરિગ્રહને ત્યાજ્ય માને છે એના મસ્તકને સંપત્તિના બોજાથી આપણે ભ્રષ્ટ કરી રહયા છીએ અને ભુખથી જેનું પેટ પીઠ સાથે ચોંટી રહ્યું છે, જે પેટે પત્થર બાંધી રાત વિતાવે છે, બેસતાં જેની કમ્મર લળી પડે છે, ને જેને સારૂ વિતરાગ ભગવાને સર્વસ્વ ત્યાગ્યું તે ભૂખ્યાં ભાંડુઓને સારૂં આપણે રોટલાનો ટુકડો પણ નથી આપતા ને ઘૃણા દર્શાવી તિરસ્કારીએ છીએ ? શું આવા પ્રકારના આચરણથી આપણે આપણને વિતરાગના સુપુત્ર કહેવડાવવા માગીએ છીએ ? આમ વિતરાગદેવની જે અવગણના આપણે કરી રહયા છીએ એટલી તો એમના ઉપદેશને નહિ માનનારા પણ નહિ કરતા હોય. સાચી વાત તો એ છે કે વિતરાગને ઢાલ બનાવી આપણે હલકા સ્વાર્થની સાધના કરી રહ્યા છીએ. અને વિતરાગના અનુયાયી કહેવડાવવા છતાં વિતરાગ દેવથી ઘણે દુર છીએ.

એક વાત હુ ઘણા સમયથી વિચારી રહ્યો છું કે જૈનોએ માત્ર એકજ આરામાં તિર્થંકરો બનાવવા શરૂ કરીને એક બે નહિ પણ ચોવીસ તિર્થંકરો બનાવી દઇને ચોથા આરાના અંતમાં પૂર્ણ વિરામ કેમ મૂકી દીધું ? એમ કહેવાય છે કે આપણા કરતાં ચોથા આરાના જીવો બહુજ સમજદાર અને બિલ્કુલ ધર્માત્મા હતા.

આજના આરાના માનવીઓ બહુજ હિણાને બુધ્ધિહિન મનાય છે. હકિકત જો એમજ હોય તો મને તો લાગે છે કે તિર્થંકરોની જરૂર જ ચોથા આરાના જીવો માટે હોય તેથી ઘણી વધારે પાંચમાં આરાના જીવોના ઉદ્ધાર માટે છે. પરતુ આ કેવું અંધેર છે કે પાંચમાં આરા માટે એક પણ તિર્થંકર રહેવા દેવામાં ન આવ્યા ?

આ પ્રશ્નનું મને સમાધાન જડતું નહતું પણ હવે એક કારણ જડયું છે. આજે—આજની જૈન દુનિયામાં—જો કોઇ તિર્થંકર આવી ચઢત તો આજના આપણા આચાર્યો અને ધનિક નેતાઓ સૌથી પ્હેલાં એનો બહિષ્કાર કરીને અને ખુદને જ મંદિરમાં પેસવા ન દેત. એના પોતાના વિચારોને અને એની તિર્થંકરાઇને નાસ્તિક કે મિથ્યાત્વ કહેત. કદાચ એજ ભયે પાંચમાં આરા માટે કોઇ તિર્થંકર શેષ નહિ રહ્યા હોય.

આપ આને વિનોદ ના માનશો. આજના સમાજની પરિસ્થિતિ એવીજ બની રહી છે. એ જીવતાને અવગણીને એની કબ્ર પર ફુલ ચઢાવવાનું જાણે છે. જે મહાપુરૂષોને આપણે છેક ભીખારી બનાવીએ છીએ, એના પર દુઃખના ડુંગર ઉભા કરીએ છીએ, એને કે એના દીધેલા ઉપદેશને સમજવાની જરા જેટલીય ફીકર કરતા નથી. એની વિદાય પછી એને સુવર્ણસિંહાસને સ્થાપિત મૂર્તિમાં કલ્પીને હિરામોતીથી જડી દઇએ છીએ. જેને જીવતે રોટલીનો ટુકડોય મુશ્કેલીથી મળતો તેની મૂર્તિને છપ્પન ભોગ ધરાવીએ છીએ. પણ એથી એને શો લાભ ? એમાં એના ઉપદેશનું પાલન કયાં ? ખરી વાત એ છે કે આ બધી પૂજાઓ એમની નહિ પણ આપણાજ સ્વાર્થની છે. એની પૂજાનું સાર્થક તોજ કહેવાય જો આપણે એના આદર્શને અનુરૂપ એના સાચ્ચા સ્વરૂપને પૂજીને એની આજ્ઞાઓનું પાલન કરીએ.

કોઈએ તિર્થંકર દુઃખી બન્યા વિના નથી રહયા. ફેર એટલોજ કે એ પોતાની નહિ પણ જગતની ચિંતાથી શોષાય છે. સંસાર માટે એ ભૂખ્યા રહે છે, દિવસ ને રાત આદર્શ સિધ્ધી સારૂ આથડે છે, અને લોકોના કલ્યાણ સારૂ માનવી સહિ સકે તે તમામ કષ્ટ સહિને પણ પોતાની ભાવના પ્રસારે છે ને જગતને માર્ગદર્શન કરાવે છે, દુઃખીયાને માટે એકાદ આંસુ પણ આપણે સારી શકીએ તો એ સાચી દેવપૂજા છે. સમાજમાંથી ધન એકત્ર કરી દેવોના નામે તિજોરીઓમાં ભરી રાચવામાં કે દેવદ્રવ્ય એકત્રીત કરવા સારૂં પૂજાવાદના પ્રકારો સર્જવામાં દેવપૂજા નથી. જે દોષોને દુર કરવાને ખાતર પ્રભુએ જીવન સમર્પ્યું એ અશુદ્ધિઓથી એમને મઢવામાં આપણે કઇ ભકિત સિધ્ધ કરી રહયા છીએ ? 'દેવદ્રવ્ય' શબ્દનો અર્થ ઘટાવવોજ હોય તો આપણું કર્તવ્ય છે. કે દેવના નામ પર સંચિત થએલી સંપત્તિ સમાજના ઉપયોગમાં લગાવીને સમાજને દેવ–પૂજા કરવા લાયક બનાવીએ.

હું તો જાણું છુ કે આ ભાષણ કરીને રોગીને મેં કડવું ઔષધ આપ્યું છે જે આખરે કૈંકને કૈંક લાભ તો આપશે જ.

**વ્યાખ્યાતા શ્રી દરબારીલાલજી.**

(પહેલા પાનાનું ચાલુ)

નીચેના બંધુઓની એક સમીતી નીમવામાં આવે છે. આ સમીતીએ સોંપાયેલ કાર્ય અંગે બે માસમાં કોન્ફરન્સની કાર્યવાહી સમીતીને રીપોર્ટ કરવો.

સભ્યો. ડો. પુનશી હીરજી મહીશરી. જે. પી. :શ્રી. શાંતિદાસ આશકરણ જે. પી. રાવસાહેબ રવજી સોજપાલ, શ્રી દેવજી ટોકરશી મુળજી જે. પી. શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરી, શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી, શ્રી ડાહ્યાભાઇ નગીનદાસ ઝવેરી, શ્રી કરમશીભાઇ પાચારીયા, શ્રી અમૃતલાલ કાળીદાસ. શ્રી નાનજી લધાભાઇ, શ્રી મોહનલાલ બી. ઝવેરી, શ્રી ચીનુભાઇ લાલભાઇ, શ્રી ફકીરચંદ કેશરીચંદ શ્રોફ શ્રી મકનજી જે મહેતા, શ્રી મગનલાલ મુલચંદ શાહ, શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ અને શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.

૭. કોન્કરન્સની આર્થિક સ્થીતિ સુદૃઢ કરવા અને બંધારણ અનુસારે પ્રાંતિક તથા સ્થાનિક સમીતીઓની રચના કરવા અંગેના પ્રશ્નો સંબધે સભ્યો દ્વારા થએલી કેટલીક સુચનાઓની નોંધ લેવામાં આવી.

૮. સમાજમાં પ્રસરી રહેલી બેકારી નિવારણાર્થે વરકીંગ કમીટી દ્વારા યોગ્ય વિચારણા કરવી.

**૯. સંપ સાધવા પ્રયત્ન.**

જૈન કોમમાં અત્યારે કોઇ કોઇ જગ્યાએ વાતાવરણ સંક્ષુબ્ધ જણાય છે તે દુર કરી સુસંપ સાધવા યોગ્ય પ્રયત્ન કરવા અને શ્રીમતી કોન્ફરન્સના છત્ર નીચે સમસ્ત જૈન કોમની પ્રગતિ સાધવા યોગ્ય પ્રયત્ન કરવા નીચેના સભ્યોની એક સમીતી પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નીમવામાં આવે છે. તેઓ યોગ્ય પ્રયત્ન કરી ટુંક વખતમાં મન દુઃખનાં કારણો દુર કરવા સર્વ પ્રયત્નો કરે.

કમિટીના સભ્યો:–(૧) શ્રી. પુનશી હીરજી મહીશરી જે. પી. (૨) શ્રી. શાંતિદાસ આશકરણ જે. પી (૩) શ્રી. કરમશીભાઇ પાંચારીઆ. (૪) શ્રી. ડાહ્યાભાઇ નગીનદાસ ઝવેરી (૫) શ્રી. મકનજી જે. મહેતા બાર-એટ-લૉ.

**૧૦. અંતરીક્ષજી તીર્થ સુધીની સડક.**

આકોલાથી બાસીમની સડક માલેગામ સૂધી જાય છે. માલેગામથી અંતરીક્ષજી પાંચ માઇલ લગભગનો આંતરો છે ત્યાં સડક નથી તેથી યાત્રાળુઓને ઘણી તકલીફ પડે છે. શ્રી અંતરીક્ષજીની યાત્રા કરવા સમસ્ત હીંદથી યાત્રાળુઓ આવે છે અને સ્પેશીઅલો પણ ઘણી વખત આવે છે આ સર્વે યાત્રાળુની સગવડ માટે માલેગામથી (શીરપુર) અંતરીક્ષજી સુધી પાકી સડક થઇ જવાની ખાસ જરૂર છે અને તે કામ તુરત હાથ ધરવા આ ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમીટી આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને તે કાર્ય જલદી પાર પાડી જનતાની સામાન્ય અગવડ દુર કરવા પ્રયત્ન કરવા આગ્રહ કરે છે.

આ સંબંધી જરૂરી પત્રવ્યવહાર કરવા કોન્ફરન્સની વરકીંગ કમીટીને સત્તા આપવામાં આવે છે.

૧૧. શ્રી. જમનાદાર અમરચંદ ગાંધીએ એકટીંગ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે–કાર્ય છેલ્લા લગભગ ૧૨ માસથી કરી આ સંસ્થાની સેવા બજાવી છે તે માટે તેમને આજની સ્થાયી સમીતિ હાર્દિક અભિનંદન આપે છે અને તેમની સેવાની ખાસ નોંધ લે છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

મહાવીરનું તત્ત્વજ્ઞાન. Regd No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ૧૮-૧૯
શુક્રવાર તા. ૨૩-૪-૩૭.

## શ્રી વીરનો સંદેશ.

શ્રી મહાવીર પરમાત્માનું જીવન એક પાઠ ખાસ સૂચવે છે : ગમે તેટલું સંકટ પડે, ગમે તેટલી યાતના થાય, ચાહે એટલાં ઉપસર્ગો થાય–પણ ગમે તેટલી અગવડે પોતાનું સાધ્ય સાધવું–આ શ્રીવીરનો મુખ્ય જીવન પ્રવાહ છે અને એમના જીવનના રહસ્ય સંદેશ તરીકે આપણે તે ગ્રહણ કરીએ. ગોવાળીઆએ એના કાનમાં ખીલા ઠોકયા કે ચંડકોશીઆ નાગે એના પર ઝેરની જ્વાળાઓ નાખી પણ એમનો નિશ્ચય ફર્યો નહિ કે એ નરમ પડયા નહિ. છ માસ સુધી સાંભળતાં પણ કંપારી છુટે એવા. ઉપસર્ગો સંગમ દેવે કર્યા પણ એનો નિશ્ચય અફર રહ્યો. ગોશાળાએ એમના નામની હુંડીઓ ચલાવી ત્યાં પણ પ્રભુ શાંતિથી સહન કરી ગયા અને કાનમાં ખીલા ઠોકાણા પણ એમનો નિર્ણય ચળ્યો નહિ. ભગવાને સાડા બાર વર્ષ અને એક પખવાડિયા સુધી ઉગ્ર તપ કરી બાહ્ય અને અભ્યંતર તપનો મહિમા પોતાના ચરિત્રથી ગાઇ બતાવ્યો. જ્યાં સુધી પ્રાણીમાં પોતાનું સાધ્ય પ્રાપ્ત કરવા માટે આવી ધગશ ન આવે ત્યાં સુધી એનું ખરૂં ખમીર જામતું નથી અને કદાય જાગી જાય તોપણ ખરી અણીનું ટાંકણું આવે. ત્યારે એ નરમ પડી જાય છે. અને પછી આડા અવળાં બ્હાનાં બતાવી અશકિતનો બચાવ કરવા એ નીકળી પડે છે. શ્રીવીરને આત્મવિશ્વાસ પણ એવોજ સ્પષ્ટ હતો એણે સર્વ પ્રયત્ન કરી આત્મતત્વ જોવાનું અને જીવવાનું નક્કીજ કર્યું હતું. એમને સુધર્મ સ્વામીએ મદદ કરવા કહ્યું ત્યારે એક ખરા મર્દને છાજે એવા શબ્દોમાં જવાબ આપતાં જણાવ્યું હતું કે 'તીર્થંકરો અન્ય બહારની વ્યકિતની સહાય લઇને તેની દ્વારા પોતાનો મોક્ષ સાધતા નથી.' –અર્હંતો પારકાની સહાયથી કૈવલ્ય પ્રાપ્ત કરે એવી વાત કદિ થઇ નથી અને થવાની નથી. આ જવાબમાં જે નીડરતા આત્મવિશ્વાસ અને સાધ્ય સાપેક્ષદષ્ટિ દેખાય છે. તે નિર્ણય જો આપણામાં આવે તો આપણી જીવન યાત્રા સફળ થઇ જાય. જરા અગવડ પડે એટલે કરેલ નિર્ણયને મૂકી દેવામાં નિષ્ફળતાની અસર આત્મરાજ્યમાં પડે છે, અને આખા જીવનને વિકૃત બનાવી દે છે, બુદ્ધિશાળી માણસો પછી અનેક જાતના બચાવો તો શોધી કાઢે, પણ એમાં માણસાઇ નથી. વિશાળતા નથી, ચીવટ, વ્યવસ્થા નથી. વિશુદ્ધ દૃષ્ટિવાળા આત્મવિશ્વાસુના વ્યવસાય તો અનેરાજ હોય. એને પોતાના નિર્ણયમાં શંકા પડે નહિ. નિર્ણય કરવા પહેલાં એ ખુબ વિચાર કરે પણ એકવાર અમુક વાત ફરવી છે. અને કરવા યોગ્ય છે એવો નિર્ણય થયા પછી તો 'કાર્યં સાધયામિ દેહં વા પાતયામિ' –એજ વિચાર હોય. એ નિર્ણયમાં જીવવું એ જીંદગીની મોજ છે. આનંદનો પ્રસાર છે. આત્મ સન્મુખતા છે અને એવા નિર્ણયવાળા અંતે સર્વ ઉપાધિથી મુકત થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જીવનમાં આ નિર્ણયભાવના કેળવવા જેવી છે, જીવવા જેવી છે અને એકવાર જીવ્યા પછી અંદરથી જે ઉમળકા ઉઠે તેનો અનુભવ કરવા જેવો છે. શ્રી વીર જીવનનો આ અગત્યનો પાઠ આપણે મન પર લઇ એને અનુસાર આપણો જીવન ક્રમ ગોઠવીએ.

—મૌકિતક.

## અંતીમ સમયે અડતાલીશ કલાક સુધી સમજાવેલું ધર્મ સ્વરૂપ.

અમાવાસ્યાની રાત્રીના પાછલા પહોરે જગતવંદ્ય એ મહાપુરૂષે અડતાળીશ કલાકની ભવ્ય દેશના વડે અસંખ્ય માનવમેદની પશુ પક્ષીને અહિંસા ધર્મનું પાન કરાવી સમાજરચનાના હેતુ વર્ણવી અંતીમ પળે અમર આત્મા મોક્ષ નગરીમાં સિધાવ્યા. મનુષ્ય તરીકે જીવન ભરના આકરા તપ, ત્યાગ અને અહિંસાની ધર્મ ભાવનાએ સમાજે એમને છેલ્લા તિર્થંકર તરીકે સ્વીકાર્યા. સંસારમાં પ્રવેશતાંની સાથે માતૃપ્રેમ સ્વીકારી અભિગ્રહ લીધા બાળલીલાનો આનંદ ભોગવી યુવાન જીવનની શરૂઆત કરી, માતા પિતાનો વિયોગ અનુભવ્યો. મ્હોટા ભાઇ પ્રત્યે અસાધારણ ભ્રાતૃભાવ રાખી બે વરસને માટે અભિગ્રહ મોકુફ રાખ્યો અને બે વરસ પુરાં થતાં અસાધારણ રાજલક્ષ્મી રાજ્ય સુખને તિલાંજલી આપી માનવ સેવા માટે ત્યાગ પદનો સ્વીકાર કર્યો દેવોએ આપેલી લક્ષ્મી માનવમેદનીને છુટે હાથે દાનમાં આપી દીધી. શરીર ઉપરનું વસ્ત્ર મીત્રને આપી શરીર પરના મોહને તિલાંજલી દીધી. દિક્ષા પછી સાડાબાર વરસ અને એક પખવાડીઆ સુધી મૌન વૃત્ત પાળી આત્માની અનંત શકિતનો પરિચય કર્યો, ન કલ્પી શકાય એવા ઉપસર્ગો સામે આત્મ શકિતથી વિજય મેળવ્યો, અને અહિંસા ધર્મનો ધ્વજ ફરકાવ્યો. અનંતજ્ઞાન, અનંતશકિતના એ મહાપુરુષના આપણે અનુયાયીઓ કહેવાઇએ છીએ. આજના મંગલમય દિવસે એમની જયંતિ ઉજવી આપણે આપણા આત્માને જાગૃત કરીએ અને પ્રભુ મહાવીરે આત્માની અનંત શકિતનું અને અહિંસાનું પ્રેરેલું સત્ય સમાજ આગળ જુદી જુદી રીતે રજુ કરી સમાજને એ તરફ વાળવા માટે પ્રયત્ન કરવાનું કર્તવ્ય આપણે પુરા ઉત્સાહથી કરીએ એજ અંતિમ પ્રાર્થના.

—રમેશ.

તરુણ જૈન.

તા. ૨૩-૪-૩૭

## મહાવીરનું તત્ત્વજ્ઞાન.

આજથી ૨૫ સદી પહેલાંનો સમય એટલે તત્વજ્ઞાનીઓનો સમય. તે વખતે ભારતવર્ષમાં અનેક તત્વજ્ઞાનીઓ વસતા હતા, પોતેપોતાની રીતે જનતાને ઉપદેશ આપતા હતા, તેમાં ભગવાન મહાવીરનું તત્વજ્ઞાન સૌથી પહેલી કક્ષામાં આવે છે. કારણ કે એ તત્વજ્ઞાનનો, અનેક યાતનાઓ અને કષ્ટો સહન કરી, સાડા બાર બાર વરસની ઘોર તપશ્ચર્યા કરી અનેક પ્રકારના હૃદય મંથન પછી ઉદ્ભવ થયો છે, ત્હેમાં શ્રીમંતો અને ગરીબો સ્ત્રી અને પુરૂષો પશુઓ અને પંખીઓ બધાને માટે સરખોજ અધિકાર સ્વીકારવામાં આવ્યો છે, સંસારના સમસ્ત જીવોને અભયદાન આપવા હિંસાને ત્યાજ્ય ગણી છે. અસત્યને દૂર ધકેલી સત્યને સ્થાન આપવામાં આવ્યું છે. કોઈની પણ માલેકીની વસ્તુ ગ્રહણ કરવામાં ગુન્હો ગણવામાં આવ્યો છે, વીર્યની રક્ષા માટે બ્રહ્મચર્યને આદર્શ માનવામાં આવ્યું છે. આજના સામ્યવાદનો સમન્વય સાધતું પરિગ્રહ પરિમાણ નામનું વ્રત ઉપસ્થિત કરી સંતોષી બનવાની સલાહ આપી છે.

ભગવાન મહાવીરના જમાનામાં અનેક મહાપુરૂષો પોતાને તીર્થંકર તરીકે ઓળખાવી જનતાને આકર્ષવાનો પ્રયત્ન કરતા હતા, સૌ કોઈ પોતાની દૃષ્ટિથી જોવાને ટેવાયલા હોઈ ખૂબ આપસંઆપસમાં ઘર્ષણ થતું, એ ઘર્ષણ મીટાવવા ભગવાન મહાવીરે અનેકાંતવાદની ઘોષણા કરી અને સમસ્ત મહાપુરૂષોના સિદ્ધાંતોને અપેક્ષિત સત્ય સ્વીકારી તત્વજ્ઞાનનાં ઝઘડાઓ મીટાવવા ભગીરથ પ્રયત્ન કર્યો હતો ત્હેમની નીતિ ખંડનાત્મક નહિ પણ મંડનાત્મકજ રહી છે. અને ત્હેનો પૂરાવો-જ્યારે જ્યારે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂત (ગૌતમ સ્વામી) ભગવાનને પ્રશ્ન કરે છે, અને ભગવાન ત્હેનો ઉત્તર આપે છે, ત્હેમાંથી મળી રહે છે. સૂયગડાંગ સૂત્રમાં ગૌતમ સ્વામી પ્રશ્ન પૂછે છે કે હે ભગવંત કેટલાકો કહે છે કે જીવ નથી અજીવ નથીપુણ્ય નથી પાપ નથી સ્વર્ગ નથી નરક નથીએ શું સાચી વાત છે. ત્હેના ઉત્તરમાં ભગવાન કોઈનિયે ઉતારી પાડયા. શિવાય ઉત્તર આપે છે કે હે ગૌતમ! જીવ છે અજીવ છે પુણ્ય અને પાપ છે સ્વર્ગ અને નરક પણ છે. નથી એમ કહીશ નહિ. ભગવાનના ઉત્તરમાં નહિ માનનારાઓ માટે વ્યંગમાં પણ કશું કહેવામાં આવ્યું નથી.

બીજું દુનીયામાનાં દુઃખનું મૂળ ઔષધ ત્હેમાંથી મળી રહે છે. આજકાલ સામ્યવાદના ઉત્પાદક તરીકે કાર્લ-માર્કસને માનવામાં આવે છે. પણ સામ્યવાદના સિધ્ધાંતો તો હજારો વરસ પહેલાં ભારતવર્ષમાં ચર્ચાતા હતા, ભગવાન મહાવીરે જરૂરી ઉપરાંત એકપણ ચીજ સંઘરવાનો નિષેધ કરેલ છે. અને જીવનધોરણ શાંતિથી પસાર કરવા માટે કોઈને પણ ઉત્પાત ન થાય તે પ્રમાણે ચાલવાનો આદેશ કરેલ છે. જરૂર ઉપરાંતનો પરિગ્રહ રાખવામાં પાપ માનવામાં આવ્યું છે. અને સંતોષ પૂર્વક જીવન વીતાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ત્રીજું ત્હેમના તત્વજ્ઞાનમાં વ્યાકરણ ન્યાય કાવ્ય કોષ, નાટક, ચંપુ, અલંકાર, વૈદ્યક જ્યોતિષ આદિ દુનીયાના નાના મોટા દરેક વિષયોને ઓછાવત્તા પ્રમાણમાં સ્થાન છે સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ જેવા પ્રખર ગ્રંથો ત્હેની સાબીતી છે.

ચોથુ કર્તવ્ય પાલન તે ધર્મ માનવામાં આવ્યો છે. અને ત્હેમાં આપણું રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય, સમાજ પ્રત્યેનું કર્તવ્ય, દેશ અને કુટુંબ પ્રત્યેનું કર્તવ્ય વગેરે દરેક દૃષ્ટિએ કર્તવ્ય પાલન કરવું ત્હેનું નામજ ધર્મ છે. તેમ ઉપદેશવામાં આવ્યું છે. જગતના તમામ તત્વજ્ઞાનીઓ જ્યારે માનવીઓ પ્રત્યે આપસ આપસમાં બંધુત્વ કેળવવાની વિચાર સરણી રજુ કરે છે. ત્યારે ભગવાન મહાવીર જગતનાં તમામ જીવો પ્રત્યે બંધુત્વ કેળવવાની દીક્ષા આપી વિશ્વ બંધુત્વનું દિવ્ય સંગીત સંભાળાવે છે. ત્હેમનું દરેક વચન યુકિત સિધ્ધ છે. અને તેથીજ હરિભદ્રસૂરિ જેવા પ્રખર વિદ્વાન પણ કહે છે કે મને ભગવાન મહાવીરમાં પક્ષપાત નથી. અને કપીલ આદિ મુનિઓમાં દ્વેષ નથી. પરંતુ જ્હેનું વચન યુકિત સિધ્ધ છે ત્હેજ ભગવાન મહાવીરના વચનોને ગ્રહણ કરવા લાયક છે.

આમ ભગવાન મહાવીરનું તત્વજ્ઞાન સર્વ શ્રેષ્ટ મનાયું છે તેમાં આબાલ વૃદ્ધ સૌ કોઈને સ્થાન છે. યુવાનોને તેમાંથી કર્તવ્યની હાકલ સંભળાઈ છે. આત્મભોગ આપવાના આદર્શો મળે છે. અને સેવા ધર્મનો ગગનભેદી નાદ સંભળાય છે. ચૈત્રી સુદિ તેરસે એ મહાપુરૂષનો જન્મ દિન હોવાથી તે દિવસે સ્થળે સ્થળે તેમની જયંતિઓ ઉજવાશે ત્હેમના જીવનની અનેક ઘટનાઓ જનતાસમક્ષ રજુ થશે. તેમાંથી કંઇક પ્રેરણા મેળવી યુવાનો કંઈ કર્તવ્ય પંથે આગેકુચ કરે અને તેમના તત્વજ્ઞાનનો ખજાનો જગતમાં વ્યાપક બનાવવા પ્રયત્ન કરે એજ અભ્યર્થના.

# પ્રેરક કાં નથી ?

ઐતિહાસિક સિધ્ધઓ છતાં પ્રભુ મહાવીરનું જીવન, એનો જીવન વિકાસ આપણને પ્રેરક તત્વો કેમ પુરાં પાડતાં નથી એ આજે વિચારીએ. સનાતન સત્યો હોવાને કારણે એમણે દીધેલ ઉપદેશ—સત્વો આપણો આદર્શ બને છે. એ આદર્શ સ્થાપીને આપણે વધતો કે ઓછો પરિશ્રમ કરીએ છીએ. એ આદર્શના અલ્પાંશને પણ આપણે સિદ્ધ કરીએ તો સંતોષ અનુભવી લઇએ છીએ અને વધુ માટે ચિંતન ને પ્રયાસ ન કરી શકીયે તો મનઃદુખ અનુભવીએ છીએ.

મહાવીરભાખ્યા ઉપદેશ પ્રત્યે આટલી ભકિત છતાં પ્રભુમહાવીરનું જીવન આપણા માર્ગને અજવાળતુ નથી. અશકય આદર્શોની પરિકથાઓ જહેવું એ આપણને લાગે છે. પરિકંથાઓ—ઉડતી દેવીઓ ને રૂપસુંદરીઓ ચંદ્રમાંના તેજ જેવું સરોવર નિર; જાદુઇ ઘોડાઓ ને જરજવાહરથી મઢ્યા દેવપુરૂષો, જાદુઇ વીંટીઓ અને દેશેદેશ કલ્પના જહેટલા ત્વરિત વેગે લઇ જતી જાદુઇ પવનપાવડીઓ આ બધું પરિસાહિત્ય બાળક બુદ્ધિને બહુ ગમે છે, એની નજર ને કલ્પના પર જાદુ કરી એ એમને નજરકેદ કરે છે, પરંતુ વય વધતી જાય છે, વાસ્તવીકતા સમજાતી જાય છે ત્હારે આ પરિસૃષ્ટિ સ્વપ્ન· સૃષ્ટિની માફક નિશાન મૂકયા વિના વિલિન થાય છે.

કૈંક એવુંજ જૈન ધાર્મિક ચરિત્રો—તિર્થંકરોના ને મહાપુરૂષોના અને ઉપ્રદેશાત્મક કથા સાહિત્યને વાંચતાં આપણે અનુભવીએ છીએ, અશકય વાતોની કલ્પના જાળમાં વાસ્તવિક હકિકતો એવી રીતે વિંટાઇ પડી છે કે જે શુધ્ધ સ્વરૂપે નજરે પડતી નથી. પરિણામે આપણા કલ્પના—પ્રદેશે એક માયાવી સૃષ્ટિ સરજાય છે જે કેવળ આશ્ચર્ય ઉદભવાવીનેજ જતી રહે છે. આવી કથાઓ રચવામાં લોક કલ્યાણના ઉદ્દેશે જે પરિશ્રમ લેવાયો હોય છે તે એના ઉદ્દેશને અળગો રાખીને માત્ર એ કથા લેખકની હવામાં મ્હેલો બાંધવાની કળા પર મુગ્ધ કરે છે. મુગ્ધતાની એ પળ વહી જાય છે ત્હારે કોઇ કાયમી અસરને બદલે પેલી પરિકથાઓની જયમ કેવળ શુનકારજ રાખી જાય છે.

આવા કથાનકો નથી શુદ્ધ સ્વરૂપે હકિકતો રજુ કરી શકતાં, નથી પ્રતિ પગલે વધતો જતો કથાનાયકનો વિકાસ દર્શાવી શકતા; કથા નાયકે સેવેલા પરિશ્રમની પ્રશંશા કરીએ એ ભાવ પ્રકટાવી નથી શકતા, નથી નાયક પરત્વે પૂજ્ય ભાવ પ્રકટાવતાં અને એ બધાંને કારણે એમાંથી પ્રેરણા સાંપડતી નથી, એ નાયક જહેટલો શુદ્ધ ભાવે પરિશ્રમ કરીએ તો આપણે પણ એવું કૈંક કરી શકીએ એવી શ્રદ્ધા જન્મતી નથી અને એથી અશકય આદર્શો દર્શાવતી આ કથાઓ કેવળ 'અહા'નો ઉદગાર પ્રકટાવી મન, મગજ કે જીવનમાં કૈં તત્વો મુકયા વિના વહી જાય છે.

એવા નાયકોની મહત્તા સતત્ ચિંતન, ત્યાગ, અને લોકકલ્યાણની ભાવનાના પરિશ્રમમાં રહી છે એમ સમજાવવાને બદલે કેવળ ભાગ્યદેવીનાં એ કૃપાપાત્ર ફરજંદ છે એમ આવા કથા લેખકો આપણને સમજાવે છે એટલે જીવનમાં પુરૂષાર્થનું મહત્વનું સ્થાન ભાગ્ય રોકી લે છે. વળી ભાગ્ય અંગે સામાન્ય માન્યતા એવી છે કે ભાગ્ય બારણું ઠોકતું આવે છે. આમ પરિશ્રમ અલ્પતા ધારણ કરે છે ને જીવન વિકાસના પ્રેરક બળો આપણા મહાનાયકોના લખાયેલા જીવન ચરિત્રોમાંથી આપણને શોધ્યા સાંપડતા નથી.

ગત જીવનના સંસ્કારો ભલે હોય છતાં કોઇએ બાળક જન્મથી મહાન હોતું નથી. શકય છે કે બીજામાં દુર્લભ એવી બુદ્ધિ પ્રતિભા ત્વરિત નિર્ણય શકિત અને નિર્ણયને અમલમાં મૂકયા પછીની અણનમ મકકમતા એવા અસાધારણ બાળકમાં જલ્દી પ્રગટે. આવા ગુણોને લઇને એનો વિકાસ એ જલ્દી સાધે ને લોક કલ્યાણ એના જીવનનું પરમ ધ્યેય બની રહે. પણ આ મહત્તા સીદ્ધિ દરમ્યાન વિચારોનાં વિપુલ યુદ્ધ, પ્રલોભનોની ખેંચાખેંચ, અને બાહ્યાંતર ડગાવી દે ત્હેવાં સંકટોનો એણે સામનો કર્યો હોય છે અને આદર્શની જ્યોતને બુઝાવવા મથતાં ઝંઝાવાતો આડે શરિરને ઢાલ બનાવીને એણે એ જ્યોતને સચેત રાખવા અનેક પ્રયત્નો કર્યા હોય છે.

આ મંથનો—આ પ્રગતિ પગથાર એના વાસ્તવિક સ્વરૂપમાં આપણી જૈન કથાઓ રજુ નથી કરતી. ભગવાન મહાવીરનુંજ ચરિત્ર હમણાં મેં ફરીથી વાચ્યું.

'માતાના ગર્ભમાંથી ભગવાન વિચારવા લાગ્યા. માતાને ઉત્પન્ન થયેલું દુઃખ નિવારવા પોતે કંપવા ફરવા લાગ્યા તેથી ત્રિશલા માતાનો શોક દુર થયો.'

'ગર્ભમાં ભગવાન સાડા છ માસના થયા ત્યારે એમને વિચાર આવ્યો ને નિર્ણય કર્યો કે માતાપિતા હયાત હોય ત્યાંસુધી મારે દિક્ષા ન લેવી.'

'આસન કંપથી પ્રભુનો જન્મ જાણી ઇંદ્ર સપરિવાર સૂતિકાગૃહ આવ્યા. ભકિતવશાત જન્મ મહોતત્સવ કરવાને ભગવંતને મેરૂ પર્વત પર લઇ જવા, ભગવંતનઃ માતાને અવસ્વાપિની નિદ્રા આપી અને તેમની પડખે ભગવંતનું પ્રતિબિંબ મુકી ઇંદ્રે પોતાના શરિરના પાંચ રૂપ કર્યાં. એક રૂપે તેમણે પ્રભુને ઉપાડી કર સંપુટમાં રાખ્યા. બીજા રૂપે ભગવંત પર છત્ર ધારણ કર્યું અને બે રૂપે ચામર ઢાળવા લાગ્યા અને એક રૂપે વજ્ર ઉછાળતા આગળ ચાલવા લાગ્યા.'

'ઇંદ્રને સંશય થયો બાળભગવંત બારસો પચાસ જળાભિષેક કેમ સહન કરશે ? તિર્થંકરોનુ અતુલ બળ જણાવવા પ્રભુ બાળક હોવા છતાં પોતાનાં ડાબા પગના અંગુઠાથી મેરૂ પર્વતને દબાવ્યો મેરૂ કંપાયમાન થયો.'

'તિર્થંકરોના શરિરમાંનુ રૂધિર ગાયના દુધ જેવું શ્વેત હોય છે.'

'ભગવાનને વ્યવહારની તમામ કળાઓ અને વિજ્ઞાનઅંગે નવું શિખવાનું ન્હોતું છતાં માતાપીતાએ ફરજ બજાવી તેમને નિશાળે મુકયા.'

—આટલાંજ અવતરણો બસ નથી ? આ પ્રકારના કથાનકો પર ટીકા કરી સમય વ્યય કરવા હું નથી માંગતો. પરંતુ આવી પરિકથાઓને કારણે જ આપણું સાહિત્ય આટલું વિપુલને વઇજ્ઞાનિક છતાં, એમાં જીવનનાં ખૂબ ઝીણા વિલોકન છતાં પ્રચાર નથી

# ત્રિશલાનંદનને

આજથી પચ્ચીસો વર્ષ પહેલાં અર્થહિન આચારોને કંટાળા ભરેલી ક્રિયાઓએ સ્થાન લીધુ હતુ. બ્રાહ્મણો સર્વસત્તાધિશ બનીબેસી સ્વર્ગમોક્ષના પરવાના આપવાની પામરતા કરતા હતા, ઉંચનીચના ભેદની દીવાલો ખડી કરવામાં આવી હતી, દુઃખથાય તેવા યજ્ઞ-યાગો પૂર જોરશોરથી ચાલતાં હતા શાસ્ત્ર અભ્યાસ કે સ્વતંત્ર વિચારણામાટે બ્રાહ્મણોજ પોતાને અધિકારી માનતા હતા, ધર્મના નામે પશુપક્ષીને મનુષ્ય સુધ્ધાની હિંસાની હોળી ખેલાઇ રહી હતી, જ્ઞાતિની મર્યાદાઓ સાંકડી થઇ રહી હતી, પુરૂષાર્થ, સત્ય સહનશીલતા, ત્યાગ ને તપ ગૌણ બન્યાં હતા, ટુંકમાં સારા યે સમાજની દુર્દશા થઈ રહી હતી તે જમાનામાં લીચ્છવી રાજ્યના ક્ષત્રિકુંડ નગરમાં સિધ્ધારથ રાજવીને ત્યાં માતા ત્રિશલાની કુખે ચઇતર સુદ ૧૩ ના રોજ આપજેવા જગત ઉધ્ધારક પુરૂષનો જન્મ થયો. જ્યારે સારીયે સમાજની દુર્દશા થઈ રહી હતી ત્યારે તેને ઉગારી લઇ સાચે રસ્તે ચડાવવા, રાજ્યલક્ષ્મિને ઠોકર મારી સગાસ્નેહિઓના મોહ છોડી ઉધ્ધાર માટે આકરાં વૃતલીધાં. કલ્પી ન શકાય, સાંભળતાં કંપારી છુટે તેવા સંગમના પગઉપર ખીરપાકના, કાનમાં ઠોકાતા ખીલાના આવા ન્હાના મ્હોટા અનેક દુઃખો બારબાર વર્ષના ગાળામાં સહન કર્યાં છતાં ઓ સહનશીલતાના મહાસાગર ! ક્રોધની લેશ પણ લાલી લાવ્યા વિના, અરે ! એક શબ્દ પણ ઉચાર્યા સિવાય મૌન સેવીને તમામ કર્મો પર વિજય મેળવી મહાજ્ઞાની–કેવળી થયા.

આપ મહાજ્ઞાની થઇને બેસી ન રહ્યા, આપ તો પુરૂષાર્થ વીર હતા, પ્રમાદના કટ્ટર વિરોધી હતા, આપને તો રાહ ભૂલેલા જગતનો ઉદ્ધાર જ કરવો તો, એટલે પુરૂષાર્થના બળે પ્રાપ્ત કરેલ જ્ઞાનથી શાન્ત, રૂચીકર, દુશ્મનને પણ ગળે ઉતરે તેવી હ્રદય સ્પર્શી, ગંભીર. વિશાળ, દષ્ટિવાળી સૌ સમજે તેવી લોક ભાષામાં ઉપદેશ શરૂ કરી પ્રમાદમાં પડેલા, નિદ્રામાં ઘોરતાં ભારતના નર–નારીઓને જગાડયાં–ખડાં કરી દીધાં ને અહિંસા, સત્ય, પુરૂષાર્થ, બંધુભાવનાનાં અમૃતપાન પાયા, સાથે પુરૂષ સ્ત્રીના સમાન હક્કો, ઉંચનીચના ભેદ ટાળવાની અનેક સુધારાની ઘોષણા સાથે માટીમાંથી માનવી બનાવી ગુલામીની બેડીયો તોડી આઝાદ બનાવ્યા.

જગતના કલ્યાણ માટે, સર્વજીવને શાસનના રસીયા કરવા માટે, જૈન ધર્મને વિશ્વ ધર્મ બનાવવા માટે આપે સંઘની સ્થાપના કરી. અને ભવિષ્યમાં ઉપદેશકો–સાધુ સાધ્વીઓ રાગદ્વેષે ન દોરાઇ જાય તેથી કડક નિયમો ઘડયા. આખરે અંતનો સમય આવ્યો છતાં ૪૮ કલાક સુધી ઉપદેશ રૂપી અમૃતનું સીંચન કરી વર્ષને છેલ્લા દિવસે આપ નિર્વાણ પામ્યા,

---

પામતું, જીવનમાં જોઇએ તેટલું ઉપયોગી નથી નિવડતું અને માત્ર પાંગળું જ રહ્યું છે.

આજનું જગત જ્ઞાનદ્રષ્ટિએ પ્રાથમિક દશાથી વિકસ્યું છે લોકો વાંચી શકે છે ને વિચારી શકે છે ત્હારે આવી ચમત્કારીક ને અવૈજ્ઞાનિક માયા સૃષ્ટિઓથી લોભાવાનું એને પાલવશે નહિ. પરિકથાઓમાં એની સુંદર શલી ને ઉડયન કરતી મનોરમ્ય કલ્પનાઓ અને જગતમાં ના જડે એવી સુલલિત સુંદરીઓ સભર ભરી હોય છતાં બાળકો સિવાયના માનવો એનાથી રાચતા નથી આ પ્રકારનાં વિકાસ વાંચ્છું માનવો માટે જૈન સાહિત્યની પુનરરચના થવી જોઇએ.

રહેઠાણનાં જૂનાં ઘર જીર્ણ થયે અને જીર્ણ ન થાય તો પણ આધુનિકતાનાં કારણે આપણે ફેરવીએ છીએ કે નવાં બાંધીએ છીએ આધુનિક પધ્ધતિ મુજબ એમાં ફેરફાર ને આંખને ગમે માટે નવાં રંગરોગાન આપણે કરીએ છીએ કારણ કે કુચ કરતા દુનીયામાં પાછા પડેલા આપણે આપણને જોવા માગતા નથી.

સાહિત્ય આજે જીવનનું અગત્યનું અંગ મનાય છે. પંથ સંપ્રદાય કે સંસ્થાના સાહિત્ય પરથી એની સજીવતાને નિર્જીવતા અને એની સાર્થકતા કે અસાર્થકતા સમજાય છે. સાહિત્ય જેટલું સરસને બુધિગમ્ય કલ્પનાઓ જેટલી તળપદીને જીવનમાંથી વિણેલી એટલીજ લોક જીવનને વધુ સ્પર્ષે અને જે હૃદયને સ્પર્ષી શકે તેજ લોકોનાં કલ્યાણ કરાવી શકે ને આદર્શ પ્રચારી શકે·

જૈન ધર્મે એની મહત્તા ભોગવવીજ હશે તો એનો આદર્શ પ્રચારવોજ હશે તો આવતા યુગમાં કેવલ મંદિરો પર મુસ્તાક રહીને નહિ કરી શકે, એના સાહિત્યની લોકોપયોગીતા એને સિધ્ધ કરવી પડશે. તોજ એની મહત્તા જળવાઇ રહેશે.

માનવી ન્હાનકડા ને અણુઝ ભૂલો કરતાને સુધારતા, પ્રલોભનોથી વિંટબાતા ને મહાબળે વિછુટતા ડૂબાડવા માગતા બળોને મ્હાત કરીને તરી નિકળતા અનેક પ્રયાસે લલચાવતા સ્વાર્થોને ભસ્મ કરીને લોક હિતાર્થેજ જીવતા, પાગલ મનાય એટલી ઉદ્દામતાથી આદર્શ પૂજન કરતા માનવીઓ વિતરાગ બને હજ્જારોને લાખ્ખોના માર્ગદ્રષ્ટા બને, દુઃખી હ્રદયોને સનાતન સત્યો વિચારતાં કરી મૂકે એવા મહાપુરૂષોનાં જીવન આપણાં શા સારૂ પ્રેરક ન બને જો એમાંથી પરિકથાનાં આશ્ચર્યો કોઈ ચાળીને જગત સમક્ષ મૂકે તો,

કોઇ સમતોલ વિવેક દ્રષ્ટા અઇતિહાસિક સત્યોને આધારે આપણા મહાનાયકોનાં જીવન ચરિત્ર આપણને આપશે ? મુડીદાર મંદિરોના સંચાલકો જૈન ધર્મના ભાવિ ટકાવને સારૂં ભગવાનની મુડી વાપરવાનું યોગ્ય માનશે. સાહિત્ય પ્રચારની જૈન સંસ્થાઓ આમાં જૈન જનતાની સેવા સમજશે.

પ્રભુ મહાવીરના જન્મદિને આજની અગત્ય તરફ અંગુલી નિર્દેષી લઉં છું.

ઓ સિદ્ધારથ કુળકિરિટ,

આપે સ્થાપેલા શાસનની–સંઘની વર્તમાન સ્થિતિ ભયંકર છે. આપે આપેલા બોધપાઠ કરતાં આજે જુદાજ દ્રશ્યો નજરે પડે છે.

આપ સાત વર્ષની બાળ ઉમ્મરમાં ઝાડ પર પડેલા ભયંકર ઝેરી સર્પને દોરડીની પેઠે ઉચકી લઇ દુર કર્યો. એ આપની નિર્ભયતા ને વીરતામાંથી નિર્ભયતાનો બોધ પાઠ મળે છે, છતાં આજે તે ભૂલાયો છે, આજના બાળકો માયકાંગલાં, ખીલાડીના ડોળેથી ડરતાં ડરપોક છે, છતાં તેને સશક્ત ને નિર્ભય બનાવવાના સાધનો કયાંય નજરે પડે છે તો તેને મજબુત કરવાને બદલે તોડી પાડવાનાજ ઉપદેશ અપાય છે. અરે ! તેને મદદ કરવામાં પાપના સધી યારા અપાય છે. કેટલી પામરતા ?

ઓ પરમ યોગી,

આપનો પરિવાર પ્રમાદમાં ન પડે, લોકના રાગદ્વેષ છંદે ન ફસાય લોક સમુહના સંસર્ગમાં આવી લપસી ન પડે આથી આપે કડક આચાર માર્ગની ઘટના કરી, પરંતુ આજે તો ઘીચોઘીચ વસ્તીના લત્તામાં આલીશાન ચારપાંચ મજલાના મકાનોમાં વસવાટ થયા છે, શ્રાવક શ્રાવીકાના રોજબરોજ સહેવાસ થાય છે. ભકત ભકતાણીઓના જુથ જમાવી નજીવા–અર્થ વગરના ઝઘડા ઉભા કરી અનેક પ્રકારના તુતો ઉભા થાય છે. ને એ તુતોને નિભાવવા દુકાનદારોની પેઠે પૈસા કઢાવી છાપાંઓ ચલાવાય છે, પુરૂષાર્થ જવલ્લેજ દેખાય છે, છતાં જે શાસ્ત્રો આપે પ્રરૂપેલા ને પૂર્વાચાર્યોએ ગુંથેલા તે શાસ્ત્રોના મનમાનતા અર્થ કરી લોકોને ભરમાવવામાં આવે છે. કેટલી નિર્બળતા ?

ઓ ! દેવાધિદેવ !

દીક્ષાના સમયથી લઇ મહાજ્ઞાન પ્રાપ્તિના સમય સુધી બાર બાર વર્ષ આપે મૌન સેવ્યું. એ મહાબોધ પાઠ આવેશને રોકવાનો ગણાય, ત્યારે આજે તો અઢીયું ઉંડુ ભણેલા, ભાષાને જ્ઞાનમાં મીંડા જેવા, બેચાર દુહા, લાવણીઓ, ને છપ્પા કંઠસ્થ કરી ધર્મપાનના બ્હાના નીચે ઉપદેશ દેવા શ્રોતાઓને રીઝવવા ત્રણ હાથ ઉંચે ગાદીયે ચડી લલકારે રાખવામાં આવે ત્યાં બીજા ઉપર શું અસર થવાની હતી ?

પોતે જેને પરમ સુખનો માર્ગ માન્યો છે, તેને વર્તણુંકમાં ઉતાર્યા વિના–અનુભવ લીધા વિના ધરમાં ભરાઇને આવેશમાં જેમ આવે તેમ હાંકયે રાખવામાં લોકોમાં ધર્મશ્રદ્ધા વધે કે ઘટે ?

ઓ ! ક્ષમાના સાગર,

ભાવી અનુયાયી દીક્ષીત વર્ગ આહાર વિહારમાં શિથિલાચારી ન બને ને આપના દ્રષ્ટાન્ત ને અનુસરે, તેથી આપ વિહારમાં પરિચિતોથી દુર રહેવા અજાણ્યા પ્રદેશોમાં એટલે મલેચ્છો–અનાર્યોની ભૂમિમાં વિહાર પણ કરેલા, તેમ વિહારમાં કોઇ જંગલ, કોઇ મંદિર કોઇ શમશાન, કોઇ ખંડેર, કે કોઇ ભયાનક જગ્યામાં સ્થિરતા કરતા, ત્યાં માંકડ કરડે, ભમરા કરડે, ગમે તેવી સતામણી થાય તેવાં સ્થાનોમાંજ નિવાસ કરતા ને એ ૧૨ વર્ષ ૬ માસ ને ૧૫ દિવસમાં આહારમાં ફકત ૧૧ માસ ને ૧૯ દિવસ આહાર કર્યો, તે પણ જેવો તેવો, લુખો સુકો મળે તેવો નિર્દોષ–નિમિત્ત વગરનો આહારજ લેતા, આ આપનો ત્યાગ, સંયમ, તપ ને સહનશીલતા વાંચીને મોભારે ચડી મહોટા હોકારા પાડવામાંજ આજનો માનવી મહત્તા સમજે છે. નહિ તો જ્યાં જૈનોની લાખોની વસ્તી હતી ત્યાં આજે જૈનોનું નામ નિશાન નથી, અનેક જૈનો અન્યધર્મમાં ભળી રહ્યા છે–ભળી ગયાં છે, કરોડોમાંથી લાખોની સંખ્યામાં સમાજ આવીને ઉભી છે, છતાં આજે ગુજરાત છોડવું ગમતું નથી. આલીશાન મકાનો કીંમતી ધાબળીયો, મુલાયમ કપડા ને પુસ્તક પેટી પટારાના મોહ વછુટતા નથી.

આહારમાં કયાં આપનો આદર્શ ને કયાં આજના પામર માનવીઓની પામરતા ! આજે તો દિવસના ચાર ચાર ટંક મોંહ સામે હાથ કરવા જોઇએ છે. સાથે રસોડા રખાય છે, સંયમને બાધક માલમલીદા આરોગાય છે, શ્રીમંત ભકતોની ખુશામત થાય છે, એદીની પેઠે બપોરના લાંબી ખેંચાય છે, પ્રમાદે સામરાજ્ય જમાવ્યું છે. મહોટાઇને માટે સંતાકુકડીની રમતો રમાય છે, છતાં આપના આદેશને અનુસરી ચાલવાના દેખાવ થાય છે, કેટલી ધૃષ્ટતા ?

ઓ મહાસાધુ. ?

દીક્ષાના પ્રસંગે સમાજને બોધપાઠ આપવા આપે માતા પીતાની હૈયાતીમાં દીક્ષા ન લેવાનો નિર્ણય કર્યો, માતાપીતાના અવસાનથી દુઃખી થયેલ વડીલ બંધુ નંદીવર્ધનની પ્રાર્થનાને માન આપી બે વર્ષ વધારે ગ્રહસ્થાશ્રમમાં વિતાવ્યાં, આ આપનો બોધપાઠ આજે વિસરાયો છે, આજે તો ચેલાચેલકીઓની જમાત વધારવા લાયકાતનું ધોરણ ઉંચે મૂકવામાં આવ્યું છે, ભકતો દ્વારા પૈસાથી ખરીદીને નસાડી ભગાડીને અને છળ પ્રપંચો દ્વારા જે આવ્યો તેને મુંડી નાખવાનીજ હરિફાઇ ચાલી છે. લીધેલ પ્રતિજ્ઞાઓનો ભંગ થાય છે. છતાં ચોરી ઉપર શીર જોરીની માફક ખોટા બચાવો થાય છે. લોકને ડારવામાં આવે છે સાધુતાનાં લીલામ થઇ રહયાં છે.

ઓ જગત ઉધ્ધારક.

આપે આપેલ બોધપાઠ બાજુએ મૂકી સ્વચ્છંદપણે, વરતાય છે. ત્યારે શીખામણના બે બોલ કહેનારને વહેવારકુશળો આત્માની અગાધ શકિતને ભૂલી જઇ કળીયુગની વાતો કરી લોકને પટાવી લેછે ત્યારે ઝનુનીઓ જેમ આવે તેમ વદતાં મૂર્ખ, અજ્ઞાન દુર્ભવ્ય નાસ્તિક હાડકાનોમાળો અધર્મિ દુષ્ટ વિગેરે અનેક ગાળોથી પોતાના ભકતોને ઉશ્કેરે છે એના પરિણામે આપના શાસનમાં કુસંપના દાવાનળ થયા કરે છે. શાસન છીન્ન ભીન્ન થઇ રહ્યું છે.

ઓ નાથ ?

આપના શાસનની આજે આ દશા છે છતાં કોઇ તારલાઓ ચમકે છે. ચમકી રહ્યા છે. એટલે સારા ભાવીની આશામાં ઘણું લખવાનું બાકી રાખી હાલતો આ વિજ્ઞપ્તિ પુરી કરૂંછુ,

## સુચના.

તા. ૧૫–૪–૩૭ અને તા. ૧–૫–૩૭ ના અઢાર અને ઓગણીસમાં બંને અંકો સાથે કાઢી મહાવીર અંક તરીકે બ્હાર પાડેલ છે. આવતા વીશ અને એકવીસમાં અંકો સ્ત્રી અંક તરીકે તા. ૧–૬–૩૭ ના દિને બહાર પડશે.

# અર્હત્ શ્રી મહાવીર.

('લેખક:—મોહનલાલ દલીચંદ દેશાઇ. B. A. L. L. B. Advocate. મુંબઇ)

જગદ્ વંદ્ય સુધારક ને મહા
અમ સમાજ–ઉધ્ધારક તું અહા !
વીર પ્રભુ ! તુજ વાણી અને કૃતિ
બની રહો અમ જીવન–પ્રકૃતિ.

અર્હત્ શ્રી મહાવીર મહાન્ સુધારક અને સમાજ–ઉધ્ધારક હતા અને તેથી તે જગદ્વંદ્ય થયા છે. 'અર્હત્' એ પદ આપણને માત્ર જૈન તેમજ બૌદ્ધ દર્શનમાં જોવામાં આવે છે. તેનો સામાન્ય અર્થ તો ભાષાદષ્ટિએ 'લાયક, યોગ્ય' (deserving) થાય છે. શેને યોગ્ય ? તો કહે છે કે:–(આવશ્યકસૂત્ર)

'અરિહંતિ વંદણ નંમસણાણિ અરિહંતિ પૂયસક્કાર
સિદ્ધિગમંણ ચ અરિણ, અરિહંતા :તેણ વુચ્ચંતિ'

આપણા વંદન નમસ્કારને, પૂજા સત્કારને યોગ્ય છે, સિદ્ધિ ગમનને માટે લાયક છે તેથી અર્હત્ એ નામ અપાયેલ છે.

આપણા પૂજાદિસત્કાર માટે તે શામાટે યોગ્ય છે, તેના ઉત્તરમાં જણાવવાનું કે તેમણે લોકહિતને માટે તેમનામાં રહેલાં દૂષણો ટાળ્યાં, અજ્ઞાનરૂપી જંગલમાં ભટકનારા લોકોના માર્ગદર્શી–ભોમીયા થયા, ભવસમુદ્રમાં નિર્યામક થયા, રાગ દ્વેષ કષાય પંચ ઇન્દ્રિયો અને પરિષહના ઉપસર્ગો ઉપર વિજય મેળવ્યો. (જુઓ વિશેષાવશ્યકમાં.)

'મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સત્થવાહ
ઉપમા એહવી જેહને છાજે, તે જિનનમિયે ઉત્સાહ'–યશોવિજયજી
'તીર્થપતિ અરિહા નમું, ધર્મધુરંધર ધીરોજી
દેશના અમૃત વરસતા, નિજવીરજજડવીરોજી'–દેવચંદજી.

શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ બંને એક બીજાના સમકાલીન હતા. બંને કાર્યદક્ષ–વ્યવહારૂ સુધારક હતા. ધર્મમાં જ નહિ. પરંતુ સમાજ અને રાજકારણમાં પણ તેમણે સુધારક તરીકે કાર્ય કર્યું છે જો કે બંનેના સિદ્ધાંતોમાં પ્રાધાન્યપણે એક સરખાપણું જોવામાં આવે છે અને વૈદિક પ્રથાઓથી બધ્ધ થયેલ સમાજમાં થતી હિંસા યજ્ઞયાગાદિની બહુલતા, સ્ત્રી શૂદ્રો પ્રત્યે અવગણના, કર્મકાંડીપણું, બ્રાહ્મણોની સર્વોપરિતા, જીવ્હાલોલુપ્તા આદિ અનેક કુપ્રથાઓ સામે આક્રમણ કરવામાં બંનેએ ભારે પ્રયત્ન કરેલો જણાય છે તોપણ બંનેના કેટલાક દાર્શનિક સિદ્ધાંતોમાં ભેદ હતો; અને વૈદિક આદિના મતથી પોતે જુદો મત ધરાવતા હતા, છતાં બંને એક બીજા પ્રત્યે યા અન્ય દર્શનો પ્રત્યે અસહિષ્ણુ ન હતા.

આજકાલ સુધારક સંબંધી એવો ખ્યાલ છે કે કાર્યક્રમ ઘડી તેને અમલમાં મૂકવા એક સંસ્થા સ્થાપવી, તેને માટે ફંડ ભેગું કરવું, ચોપાનીઆં આદિ છપાવવા, વ્યાખ્યાન આપવાં અને પ્રચાર કાર્ય કરવા અનેક કાર્યકરોને નીમવા, એનું નામ સુધારક. પણ તેવા સુધારક તેઓ નહતા. તેવા સુધારક તે ગૌણ સુધારક છે. તેઓ તો પ્રધાન સુધારક હતા. અને તે એ રીતે કે સામાજીક રોગોનું યથાસ્થિત નિદાન કરીને તેનો સાચો ને સચોટ ઉપાય બતાવી લોકને ઉન્નત બનાવતા. પ્રધાન સુધારક તે વૈદ્ય છે, જ્યારે ગૌણ સુધારક તે વદ્યના કહેવા પ્રમાણે દવા આપનાર 'કમ્પાઉન્ડર' છે. વૈદ્ય તરીકે કરેલાં પરિવર્તનો–ક્રાંતિઓ ગણાવતાં અને ઉતરતાં થતો વિસ્તાર આ લેખની મર્યાદા સાંખે તેમ નથી, પણ તેમના સમયની સ્થિતિ જોતાં અને તેમની ઉપદેશની ધારા તથા તેમનું ચરિત્ર વિચારતાં આપણને સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. તેમણે સંસ્થા નહોતી સ્થાપી એમ નથી. તેઓ જબરા વ્યવસ્થાપક–સંસ્થાપક હતા અને તે રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી. ઉપદેશની ભાષા તે લોકભાષા જ રાખી. સ્વાર્થવૃત્તિ દુર રખાવી આત્માર્થ પ્રત્યે લોકોને દોર્યા અને તે દોરવણી તેમને નિર્વાણ પામ્યે ૨૪૬૨ વર્ષ થયાં છતાં હજુ સુધી ચાલુ છે, તેમનું યોગબળ અવિચલ છે.

બૌદ્ધ ધર્મમાં પણ 'અર્હત્' કેવી રીતે રહે છે તે સંબંધી જે કહેલું છે તે જાણવા જેવું છે:–

"સુસુખં વત જીવામ વેરિનેસુ અવેરિણો
વેરિનેસુ મનુસ્સેસુ વિહરામ અવેરિનો ૧
સુસુખં વત:જીવામ આતુરેસુ અનાતુરા
આતુરેસુ મનુસ્સેસુ વિહરામ અનાતુરા ૨
સુસુખં વત જીવામ ઉસ્સુકેસુ અનુસ્સુકા
ઉસ્સુકેસુ મનુસ્સેસુ વિહરામ અનુસ્સુકા ૩
સુસુખં વત જીવામ યેસં નો નત્થિ કિંચનં
પીતિભક્ખા ભવિસ્સામ દેવા આભસ્સરા યથા ૪

––અમે ખરેખર સુખેથી૦સુખપૂર્ણ જીવીએ છીએ– વૈરી પ્રત્યે અવૈરી રહીને–વૈરી મનુષ્યોમાં અવૈરી વિહરીએ છીએ. ૧

અમે ખરેખર સારા સુખમાં જીવીએ છીએ૦ આતુરો પ્રત્યે અનાતુર રહીને–આતુર મનુષ્યોમાં અનાતુર વિહરીએ છીએ. ૨

અમે ખરેખર સાચા સુખવડે જીવીએ છીએ–ઉત્સુકોપ્રત્યે અનુત્સુક રહીને ઉત્સુક મનુષ્યોમાં અનુત્સુક વિહરીએ છીએ. ૩

અમે નિશ્ચયે સુંદર સુખપૂર્વક જીવીએ છીએ– કંઇપણ અમારૂં નથી એમ જણાવીને– પ્રીતિ એ જેનું ભક્ષ્ય છે એવા અમે થઇશું– કે જેવા પ્રકાશવન્તા દેવો છે. ૪

શ્રી મહાવીર ભગવાન્ લોકમાં ઉત્તમ–લોકોત્તમ (Super man) હતા તેમણે લોકોને આત્માર્થી બનાવી. તાર્યા છે. તેમણે આપણા માટે–ભવિષ્યની પ્રજામાટે અટલ સિદ્ધાંતો વારસામાં આપ્યા છે કે જેનું અનુસરણ આપણી શિથિલતા અને ધર્મમા આવેલી વિકૃતિઓને ટાળી કરવામાં આવે તો આત્માનો ઉધ્ધાર થાય.

'અર્હત્' નું સ્વરૂપ એવું છે કે નંદીસૂત્રમાં કહ્યું:–

જો જાણઇ અરંહતે, દવ્વત્ત ગુણત્ત પજ્જવ-તેહિં
સો જાણઇ અપ્પાણં મોહો ખલુ જાઈ તસ્સ લયં ?

અર્થાત–જે દ્રવ્યપણાથી ગુણપણાથી અને પર્યાયપણાથી અર્હતને–તેના સ્વરૂપને જાણે છે. તે આત્માને જાણે છે. અને તેના મોહનો નિશ્ચયે નાશ થાય છે.

માટે આપણે દરેક આપણા અને આપણા સમાજના ઉદ્ધારાણાર્થે હૃદયમાં નિશ્ચયપણે ધારીએ કે:–

અરિહંતા લોગુત્તમા અરિહંતે સરણં પવજ્જામિ (આવશ્યક વૃત્તિ ૪ થું અધ્યાય.)

અર્હતો લોકોત્તમ છે. અર્હત્‌ના શરણ પ્રત્યે વિશેષપણે ગમન કરૂં છું.

# જૈન ધર્મ અને નિવૃત્તિમાર્ગ

વ્યાખ્યાતા : પંડિત દરબારીલાલજી

એકદા એક માતાએ એના આળસુ પુત્રને કહ્યુંઃ 'બેટા ! આમ આળસમાં જીંદગી કેમ જશે ? આમ આપણો ગુજારો શે થશે ? પૈસા પેદા કરવા બજારમાં જતો જા. દુકાને દુકાને ફર. ખૂબ મહેનત કર.'

પુત્ર માતૃભક્ત ને આજ્ઞાકારી હતો. આજ્ઞાનુસાર બજારમાં જવા માંડયો. દુકાને દુકાને ફરી બુટનાં તળીયાં ઘસી નાખ્યાં છતાં એને કંઇ મળ્યું નહિ એટલે પરિશ્રમ અધુરો માનીને એક જગ્યાએ દંડ પીલવા માંડયો અને બેઠકો પણ લગાવી દીધી. આ રીતે માતાની આજ્ઞાઓનું એણે અક્ષરશઃ પાલન કર્યું પણ આજ્ઞાંકિત છતાં બુદ્ધિ હિન પુત્રને જોઇ માતાએ આંસુ સાર્યાં.

મહાવીર પ્રભુ પુરૂષ હોવાને કારણે પિતા મનાય છે પણ એમનો જન પ્રેમ એટલો હતો કે સેંકડો માતાઓથી પણ વિશેષ એમને માનવા જોઇએ. એમણે એકવાર પોતાના આજ્ઞાંકિત અને ભક્ત અનુયાયીઓને કહ્યું 'પુત્રો ! સંસારની સ્વાર્થ જાળમાં ફસાઇને નથી તમે પોતાનું કાંઇ હિત કરી શકતા અને એથી જગતનું હિત કરવામાં અવરોધ રહે છે તો તમે કંઇક ત્યાગ કરો અને નિવૃત્ત બનો.'

આજ્ઞાકારી કહેવડાવતા ભગવાનના અનુયાયીઓએ પ્રભુની આજ્ઞા માથે ચડાવી અને ખૂબ ત્યાગ કરી નાખ્યો—એટલો બધો કે પ્રેમ, સેવા, કર્તવ્ય આદિ પણ છોડી દીધાં. ત્યાગ શા અર્થે છે એ એમણે વિચાર્યું નહિ. નિવૃત્તિ કંઇ ધર્મ નથી, પરંતુ એ કોઇ પ્રવૃત્તિની પૂરોગામી છે. નિવૃત્તિ તો માત્ર સ્વાર્થની કરવાની અને એટલા માટે કે જગત હિતાર્થે પ્રચંડ પ્રવૃત્તિ આદરી શકાય. પ્રવત્તિહિન નિવૃતિ માનવીને પત્થર શો' જડ બનાવે છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને એકજ સિક્કાની બે બાજુ છે. સિક્કાની બન્ને બાજુઓ જળવાઇ રહેવી જોઈએ. એક બાજુથી ઘસાઇ ગએલો સિક્કો ચાલતો નથી. આ રીતે દરેક ધર્મમાં આ બન્ને બાજુઓ છેજ. ધર્મના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા બન્ને અંશો હોવા જરૂરી છે. ધર્મ છે સુખાનંદ સારૂ. "મૌજ" શબ્દ સારો નથી લાગતો માટે "કલ્યાણ" વાપરીએ છીએ. પણ શબ્દ ગમે તે હો, ધર્મ છે તો સુખને સારૂજ, નહિ તો એને આટલી અગત્ય આપણે શા સારૂ આપત ?

સુખ મેળવવા આપણે બે કામ કરવાં રહ્યાં. દુઃખ દે એવાં સાધનો હટાવી સુખના સાધનો વધારવા એ પ્હેલું કાર્ય. કેવળ ભૌકિતકજ નહિ પણ દયા, પ્રેમ, પરોપકાર પણ સુખનાં સાધન છે. એને માટે આપણી પ્રવૃત્તિ કરવાની. છતાં બધાં દુઃખો દુર થશે નહિ. ન્હાના મ્હોટાં કંઇક તો રહીજ જશે. એને સારૂ આપણે સહિષ્ણુતા કેળવવી રહેશે. દુઃખોથી નિર્લેપ બનતાં શિખવું પડશે.

રસ્તા પર ચાલવા આપણે બે કાર્ય કરીએ છીએ. પ્હેલું કાર્ય સડક બનાવવાનું જેથી એમાં કાંટા કાંકરા ન રહે અને ચાલવું સુગમ પડે. છતાં પૃથ્વિપર તમામ માર્ગે આપણે સડક બનાવી નથી શકતા અને બનાવેલી સડકો પર પણ કાંટા કાંકરા તો રહેજ છે એટલે આપણે બુટ પ્હેરી લઇએ છીએ. આ રીતે કેટલાક જગત સુધારે છે કેટલાક પોતાની જાતને સુધારે છે. ત્યારે જ આપણે સુખમાર્ગ પર ચાલી શકીએ છીએ. પ્હેલામાં પ્રવૃત્તિથી કંઇક વિશેષ રહ્યું છે. બીજામાં નિવૃત્તિથી કંઇક વિશેષ છે. આમ ધાર્મિક પ્રવૃત્તિ નિવૃત્તિ ભરી છે. એકલી નિવૃત્તિ નમાલી છે. એકલી પ્રવૃત્તિ નિરર્થક છે. એકલી નિવૃત્તિ જડતા છે, એકલી પ્રવૃત્તિ શયતાનીયત છે.

કેવળ નિવૃત્તિને ધર્મની કસોટી માનીને ઘણા જૈનો આપણા ધર્મને નિવૃત્યાત્મક કહે છે. આ કસોટી પ્રમાણે તો જે જેટલો કર્તવ્યહિન એ એમની દૃષ્ટિએ એટલો મોટો સાધુ મનાય ! ઉપવાસ આદરીને આળસુ પડયો રહેનાર મોટો સાધુ ! દુનિયાથી જે દુર નાસે તે પરમ સાધુ ! એ પ્રકારના આ સાધુઓનાં કાર્યથી જગતને શો લાભ થાય છે કે કોનું કેટલું સુખ વધે છે એ કોઇ વિચારતા નથી. જૈનોની તો નહિજ પણ કોઇપણ ધર્મની સાધુતાની આ વ્યાખ્યા નથી. સીધી, સરળ ને નિર્દોષ વ્યાખ્યા સાધુતાની એ છે કે જે ઓછામાં ઓછું લઇને વધારેમાં વધારે આપે તેજ સાધુ છે. પછી તે રાજા શેઠ કે ભિખારી, પુરૂષ કે સ્ત્રી, ગ્રહસ્થ કે ત્યાગી, આચારનો ચોકકસ નિયમપાલક કે નહિ પાળનાર, નાગો હો કે ઓઘો રાખતો હો, મુહપત્તી રાખતો હો કે ખમીસ કોટ પ્હેરતો હો—ગમે તે હો પણ જે દુનિયાને વધારેમાં વધારે આપીને દુનિયા પાસેથી ઓછામાં ઓછું લેતો હોય તે સાધુ છે.

જૈન શાસ્ત્રમાં મહારાજ ભરત, કૂર્માપુત્ર વિગેરેના જે દ્રષ્ટાંતો છે તે કલ્પિત ભલે હોય પણ એને અપવાદ માનીને એની ઉપેક્ષા કરવા માટે તો નથી જ. કમ્પાસની સોય પર પ્રભાવ પાડીને માર્ગ નિર્દેષક ધ્રૂવ તારા જેવા એ આપણે માટે છે. આપણી સંસારી સમુદ્રયાત્રાના માર્ગે એ દિવાદાંડી જેવા છે. એની ઉપેક્ષા કરીશું તો આપણે પોતાને ડૂબાવીશું.

જૈન ધર્મની નિવૃત્તિ ને સાધુતા એ આપણને સમજાવે છે. જ્યારે ઘરમાં રહીને, ગૃહસ્થ વેશમાં પણ કોઇ કેવળી બની શકે અને કેવળી—અર્હંત—બનીને પણ પોતાનાં માબાપની સેવા કરી શકે તો સાધુઓએ ગરીબોની—ગૃહસ્થોની સેવા ન કરવી જોઇએ ? જે કાર્યોથી કૂર્માપુત્રનું કૈવલ્ય કલંકિત ન્હોતું થયું તે કાર્યો કરવામાં આજકાલના સાધુઓનું મહાવ્રત શી રીતે ખંડીત થઇ જતું હશે ? અને દુનિયાની કંઇયે સેવા કર્યા વિના દુનિયા પર પોતાનો અસહ્ય ભાર નાખીને મહાવ્રત જળવાતું હશે ?

નિવૃત્ત—માર્ગના નામે આજની સાધુ સંસ્થા સમાજના ઉપર ભાર રૂપ બની છે. લશ્કરના ભારથી આનો ભાર વધારે છે. સેવાના નામે આ લોકોએ એવી વાતો પ્રચારી છે કે જે નકામી છે અને

એમના પોતાનાજ જીવન જોડે એ વાતો મેળ ખાતી નથી. એ સેવા નથી. એ સેવા ભાર રૂપ છે. જે અનાવશ્યક છે તે આપે, જેની જરૂર છે તે ન આપે અને જે રીતે આપવું જોઇએ તે રીતે ન આપે તે સેવા નહિ પણ સેવાનો બોજો છે.

ઉપદેશ આપવાની કે શિખામણ દેવાની લાયકાત હોય કે નહિ છતાં આજના સાધુ એ આપવા મંડી પડે છે. રોગીઓની સેવામાં સાધુતાની ભ્રષ્ટતા થતી એ માને છે. એ ભૂલે છે કે સાધુસંસ્થા નિસ્વાર્થપણે સમાજની સેવા માટે છે. નિયમોના ગુલામ ન બને અને જનહિતના ગુલામ બને તો સાચું નિયમ પાલન આપોઆપ થઈ જશે.

આજે લોકોએ સાધુતાને વેશ સાથે જોડી દીધી છે. એથી સાધુઓને અને સમાજને નુકશાન થયું છે. નિવૃત્તિ અને એકાંતની સાથે સાધુતાનો સંબંધ નથી પણ એમની નિવૃત્તિ જનહિતની પ્રવૃત્તિ સારૂ છે.

મહાવીર સ્વામીએ ઉપજાવેલી સાધુ સંસ્થાના નિયમો અને ચરિત્રો ભણવાથી જૈનો અને બીજાઓને એવો ભ્રમ પેદા થયો છે કે જૈન ધર્મ નિવૃત્તિમાર્ગી છે. પરંતુ આપણે જરા વિચારીએ તો જણાશે કે મહાવીર પ્રભુ પ્રચંડ પ્રવૃતિશાળી હતા. એમ ન હોત તો આટલી મોટી સંસ્થા એ ન નિપજાવી શકત. લોકસંગ્રહ કરવો અને દેડકાં તોળવાં એ લગભગ સરખું છે. ત્રાજવા પર એક દેડકું મૂકો, બીજુ લેવા જાઓ કે પ્હેલું ઉછળી પડે. લોકસંગ્રહમાં પણ આમજ છે. છતાં મહાત્મા મહાવીર લાખ્ખો અનુયાયી મેળવી શકયા તે મહાન કાર્ય શું ગુફામાં બેસી આંખો બંધ કરવાથી થયું હતું ? એને માટે શું એમણે જોજનોની ધુળ ન્હોતી ખુંદી ? કંઇ કંઇ પગોની ઠોકરો ન્હોતી ખાધી ? દિવસ ને રાત ચિંતા ન્હોતી સેવી ? ત્રીસમા વર્ષે ઘરમાંથી નિકળી મહાવીર બાર વર્ષ દેશ વિદેશ ફર્યા હતા. તે શું આપ એમ સમજો છો કે એમના મનમાં વિચારોના તોફાન નહિ જાગ્યાં હોય ને એમનું મન ખાલી હતુ ? જો એમનું મન સાવ ખાલી હોતને તો એમાં શૈતાન ઘુસ્યો હોત. ખાલી મન શૈતાનનું ઘર હોય છે. હકિકત એ છે કે એ બારે વર્ષ એમના મનમાં વિચારનાં યુધ્ધ જાગ્યા હતાં, સમાજનાં દર્દ જોવામાં એમની આંખો વ્યગ્ર રહેતી, અને દર્દનું ઔષધ જડયું કે એના પ્રયોગ માટે દિવસ રાત મથી રહ્યા. ત્રીશ વર્ષ એ એમ મથ્યા. આજે તો આપ સૌ એમની મુર્તિને સોના ચાંદીથી પૂજો છો, સિંહાસને બેસાડો છો પણ એમના જીવન દરમ્યાન તો એમને એક એક રોટલી પણ મુશ્કેલીથી મળી છે. સુવાને સાડાત્રણ હાથ જમીન પણ સુલભ ન્હોતી. એક એકથી ચઢીયાતા વિરોધીઓનો અને નિન્દકોનો એમને સામનો કરવાનો હતો. અનુયાયીઓ બનનારા પણ ઓછા સતાવતા ન્હોતા. પણ સર્વ સંકટો પર એમણે વિજય મેળવ્યો અને ધર્મ ફેલાવ્યો, શું આ નિવૃત્તિ છે ? ધન વૈભવ એમણે છોડયો ખરો પણ એમની એ નિવૃત્તિ મહાન પ્રવૃત્તિ માટે હતી. એમની નિવૃત્તિ જડતા ન્હોતી.

ધર્મના તિર્થંકરોના ચારિત્ર પરથી ધર્મ સમજી શકાતો હોય તો તિર્થંકર મહાવીરના ચરિત્ર પરથી આપ સમજી શકશો કે જૈન ધર્મની નિવૃત્તિનો શો અર્થ છે !

આજે તો નિવૃત્તિના નામે કર્તવ્યહીનતા, જડતા, આળસ અને પ્રશ્નોમાં મૌન જોવાય છે. તિર્થંકર મહાવીરના બાહ્યતપો અને એ વેળાની સાધુ સંસ્થાના નિયમોનું અંધ અને વિકૃત અનુકરણ થઈ રહ્યું છે. એ વેળાની સાધુ સંસ્થાના ખરા નિયમો શા ને શામાટે હતા. તેનો કે આજની સાધુ સંસ્થા કેવી હોવી જોઇએ તેનો આપણે વિચારજ નથી કરતા.

તિર્થંકર મહાવીરે નીરર્થક કષ્ટ સ્હેવા માટે કે માત્ર ધર્મજ છે માટે બાહ્ય તપસ્યાઓ ન્હોતી કરી. એ તપસ્યાઓ ધર્મની સાધક હતી. આથી જ જૈન ધર્મમાં તપના બે પ્રકાર કહ્યા છે–અંતરંગ તપ અને બહિરંગ તપ. બ્હારના કરતાં અંતરનું તપ મહાન છે. એ સત્ય કોઇ જૈનને સમજાવવાનું રહેતું નથી. બાહ્યતપ સાધન છે, આંતરતપ સાધ્ય છે, બાહ્ય તપ શરિર છે તો આંતરતપ પ્રાણ છે. ઉપવાસ, કાયાદમન એ સર્વ બાહ્યતપ છે, ધર્મના શારિરીક અવયવો છે પણ પ્રાણ નથી. તપના પ્રાણ છે–પ્રાયશ્ચિત, વિનય, સેવા અને સ્વાધ્યાય. પરંતુ આજે આપણામાં તો શું સાધુતાના ઇજારદારોમાં પણ પ્રાયશ્ચિતાતુર દબાણવિના ભૂલ સ્વીકારનારા ને સુધારનારા કેટલા છે ? અને એવા સાચા તપસ્વિઓનું આદર કરનારા આપનામાંથી કેટલા છે ? કેવળ બાહ્યતપથી નહિ પણ આંતરતપથી મહાવીર સ્વામીનું અનુકરણ કરવું જરૂરી છે. નહિતો પ્રાણહિન શરિરની જેમ આંતરતપવિહિન બાહ્ય તપ કેવળ બાળી નાખવાનીજ વસ્તુ બની રહેશે.

બાહ્યતપ તો કેવળ એક જાતની કસરત છે અને એથી બલિષ્ઠ બનીને તમે ખૂબ સેવા કરી શકો એ માટે છે. દિવસ ભર નિષ્કર્મ રહી આળસમાં પડી રહેવા માટે અને પારણાને દિવસે પાલખીમાં સવાર થવા સારૂ ઉપવાસ નથી પણ જનસેવા કરતાં તમારે ભૂખે રહેવું પડે તો એ ભૂખે રહેવાની શકિત ઉપવાસથી વધે તે સારૂ છે.

લોક સેવકોને ઘણીવાર જનતાના કે શાસકોના ક્રોધના ભોગ બનવું પડે છે. એવા પ્રસંગે ભૂખ્યા તરસ્યાં રહેવું પડે છે, ઠંડી કે ગરમીનાં કષ્ટ સ્હેવાં પડે છે, અને કંઇ કંઇ જાતનાં દુઃખોનો સામનો કરવો પડે છે. આ દુઃખો છતાં જે ટકી રહે છે તેજ સમાજની સેવા કરી શકે છે. આ પ્રમાણે અણનમ ટકવા માટે શરિરમાં સહિષ્ણુતા આવે તે સારૂ બાહ્યતપ છે. પરંતુ ન્હાનકડી વાતમાંય જે શેઠીઆઓ કે અધિકારીઓને યાચના કરતાં હોય છે, રૂઢીમાં ફસ્યા હોય છે, અને સૌની હામાં હા મિલાવતા હોય છે તે સમાજના ગુલામ છે. એમનું બાહ્યતપ કેવળ મુર્દા જેવું હોઇ માત્ર બાળી નાખવાની ચીજ છે. એવા તપનું મુલ્ય નથી, જે મુર્દા જેવું તપ મુર્દાની માફક સડીને હવા બગાડે તે નકામું છે.

આ સમજીને તિર્થંકર મહાવીરની નિવૃત્તિનું ખરૂ રૂપ આપ જોઇ શકશો કે એમની નિવૃત્તિ મહાન પ્રવૃત્તિરૂપ હતી. એમની સાધુ સંસ્થાના નિયમો નિવૃત્તિરૂપ જણાય છે પણ એ બરાબર નથી. સાધુ સંસ્થાના સરંક્ષણ માટે એ નિયમો ઘડાયા હતા. ઓછામાં ઓછુ લઇને વધારેમાં વધારે આપે એ સાધુ. એ અનુસારજ સાધુનાં કર્તવ્ય નિયમબધ્ધ થયા છે. એ ત્યાગી બને છે, કોઇનું નિમંત્રણ સ્વીકારે નહિ, ઘર ઘર ટુકડા ભીખીને પેટ ભરી લે જેથી એના ભોજનનો બોજો સમાજ પર ન પડે ને સમાજને એનો ભાર ન લાગે; એ નાગો રહે છે કે ફાટલ તુટલ કપડાંથી ચલાવી લે છે જેથી કોઇની સામગ્રી લુંટવાની એને રહે નહિ–અને સમાજને એને સારૂ કશી તકલીફ ઉઠાવવી ના રહે. એ પોતાની ચીજ પોતે જ ધુએ છે ને કોઇને કષ્ટ દેવાની એની મરજી નથી. આ નિયમનનો

અર્થ એ છે કે એ સમાજ પાસેથી ઓછામાં ઓછું લેવાનો પ્રયાસ કરે.

આજે આ નિયમનની કેવળ નકલ થઇ રહી છે. ત્યાગ એ ઢોંગનો વિષય બન્યો છે. લીલોતરીનો ત્યાગ કરનાર છપ્પન ભોગ ભોગવશે. નિમંત્રણ સ્વિકારીને જે તકલીફ અપાય તેથી કેટલીય વધારે તકલીફો, આર્થિક નુકશાની, અને હોડમારી આજના ત્યાગીઓને ખાતર સમાજને ભોગવવી પડે છે. ઓછામાં ઓછું લેવાનું પણ જાણે વધારેમાં વધારે લેવાના નિયમનમાં પલટાઇ ગયું છે.

આમજ આપવાની વાતમાં બધુ ફેરવાઇ ગયું છે. એ જમાનામાં સાધુઓ જે આપતા તે સમયને અનુકૂળ હતું. એ વખતે સમાજ પાસે ભૂખમરાનો પ્રશ્ન ન હતો. અને કેવળ જ્ઞાનદાનની આવશ્યકતા હતી. એ વેળા આજના જેવાં જ્ઞાન પ્રચારનાં સાધન ન્હોતા. આજ તો એક જગ્યાએ બોલાય તે પવનવેગે જગત આખુંય સાંભળી--વાંચી શકે છે. છાપા ને પુસ્તકો જ્ઞાનને ઘેર ઘેર ફેલાવે છે. પ્હેલાં આવા સાધન ન હતા. એટલે સાધુ સંઘે એની શકિત જ્ઞાન પ્રચારમાં ખરચવાની યોગ્ય ધારી હતી. એટલે સમાજની પરમ સેવાનું આ કાર્ય સાધુઓએ કર્યું. આજે સમાજની જરૂરીઆત બદલાઇ છે તો સાધુ સંસ્થાએ સેવાકાર્ય કેમ ન બદલવું જોઇએ? તરસ્યાને પાણી પાવું એ સેવા છે તો ભૂખ્યાને ભોજન દેવું એ પણ સેવા છે. જે કરવું ઘટે તે ન કરે અને બીનજરૂરી કાર્ય કરનારા સેવાનો ઘમંડ ભલે કરે પણ એ સેવાથી વંચિત છે.

રોગીઓના સાચા ચીકિત્સકો, રોગીઓનાં આંસુ લુછનારી ધાત્રિઓ કે નર્સોની આજ જરૂર છે તો જૈન સાધુઓ રોગીઓની સેવામાં એમનું જીવન કેમ ન ખર્ચે? જૈન સાધ્વીઓ નર્સ બની સેવા કેમ ન કરે? આવા કાર્યોમાં મથવાથી એમની સાધુતા વિનાશ નહિ પામે ને વધશે–ચમકશે. અને આમ સાધુઓ શિક્ષક પણ શા માટે ન બને? વળી જ્યાં જરૂર હોય ત્યાં સડક પણ સાફ કાં ન કરે?

હા, પૈસા લઇને નહિ, પણ નિસ્વાર્થવૃત્તિથી, દયાથી, પ્રેમથી ને સહાનુભુતિથી આ કાર્યો એમણે કરવા ઘટે, એજ સાચા સાધુ હશે અને તોજ સાચા સાધુ બનશે.

શરિર રક્ષણાર્થે ઓછામા ઓછુ લેવાની વાત તો મ્હેં કરી. જુના વખતમાં ભિક્ષા એ સૌથી સરળ માર્ગ હતો. પરંતુ સાઠલાખ સાધુઓના બોજાથી આજે ગરીબ ભારતની કમ્મર તૂટે છે. લશ્કરી બોજ જેટલોજ આ બોજો હવે અસહ્ય બન્યો છે. એથી આળસુ અને બિનજવાબદારી સ્વેચ્છાચારીઓની સંખ્યા વધતી જાય છે. ભિક્ષાવૃત્તિ આજે સમાજ પર ભારરૂપ છે. એથીય ઉપરવટ તો એનાથી જે માનસિક સ્વતંત્રતા સાધુમાં હોવી ઘટે તે નથી મળતી. આજનો સાધુ તો એક મજુરથીયં અધિક પરતંત્ર છે. રોટી ટુકડા માટે એ શ્રાવકોનાં મ્હોં તાકે છે, શ્રાવકોની હામાં હા કરે છે. આવા ગુલામ સાધુઓ કરતાં તો એ સાધુ અતિ ઉત્તમ છે જે જીવન-નિર્વાહને માટે મજુરી કરી બેચાર આના પેદા કરી બાકીનો સમય સેવામાં ખર્ચે છે અને પોતાના વિચારોની–પોતાના આત્માની–હત્યા કરતો નથી.

ભીક્ષા અને સાધુત્વને કોઇ અતુટ સંબધ નથી. સાધુ જો જીવન નિર્વાહ સારૂ ખેતી કરે, મજુરી કરે તો એના સાધુત્વને કે મહાવ્રતને કંઇ હાની થતી નથી. ઉલટુ સાધુતા ને મહાવ્રત એનાથી ઓપશે. માત્ર એનો ખ્યાલ ઓછામાં ઓછું લેવાનો અને શકય તેટલું વધારે આપવાનો હોવો જોઇએ. બહુજ આસાનીથી પોતાનો બોજો બીજાને માથે નાખનાર કરતાં પગ પર ઉભા રહેનાર ઉત્તમ છે એથી એક પ્રકારે બીજાનું ભલું છે અને પરમાર્થી પ્રવૃત્તિ હોવાના કારણે એ ધર્મનું જ એક અંગ છે.

ફરીવાર હું એ વાતનું સમર્થન કરૂ છુ કે સાધુતાની કસોટી નિવૃત્તિ કે પ્રવૃત્તિ નથી પણ નિસ્વાર્થ જનહિત છે. આ કસોટી મુજબ આપ સાધુની–એમની સાધુતાની પૂજા કરો એમ હું ઇચ્છું છું. આ કસોટી આપ ઉપયોગમાં લેશો પછી આપને સાધુતાને ઢુંઢવા ઓઘા, મુહપત્તિ, કમંડળો કે નગ્નવેષનો આશ્રય નહિ લેવો પડે પછી આપને નિષ્ક્રિય નહિ પણ પરમ કર્મયોગી ગુરૂ સાંપડશે. એ વેળા આપને સાચા જૈન સાધુની પ્રાપ્તિ થશે અને 'નમો લોએ સવ્વસાહુણમ્'નો અર્થ પણ આપને સમજાશે. એ વેળા 'સવ્વ-સાહુ'માં આપ દેશોધ્ધારને માટે કષ્ટ સ્હેતા ને ફાંસીએ ચઢતાં દેશ ભકતોનો પણ સમાવેશ થએલો જોઇ શકશો. આપ જોઇ શકશો કે સાધુતા પ્રત્યેક દેશ, જાતિ અને ધર્મમાં છે. વસ્ત્રધારી પણ સાધુ હોઇ શકે છે ને નાગા રહેનાર પણ સાધુ હોઇ શકે છે. વ્યાખ્યાન દેનારામાં અને ખેતી કરનારામાં પણ સાધુતા મળી શકશે. ન્યાય માટે ઝગડનારાઓમાં અને પીડીતોની પગચંપી કરનારાઓમાં પણ સાધુત્વ મળશે. ઉપાશ્રયોમાં, વ્યાખ્યાન દેનારાજ માત્ર સાધુ નથી. સાધુત્વ અતિ વ્યાપક છે. 'નમો લોએ સવ્વ સાહુણમ્' કહેતી વખતે આવી વ્યાપક સાધુંતાનો આપણે ખ્યાલ કરવો જોઇએ.

નિવૃત્તિ–પ્રવૃત્તિહિનનિવૃત્તિ–એ સાધુતાની નિશાની ન બનવી જોઇએ.

પ્રવૃત્તિ–નિવૃત્તિ સમજવામાં સ્યાદ્વાદ બહુ મદદ કરે છે. એક ભાઇએ મહને પૂછ્યું હતું કે પ્રવૃત્તિ સત્ય છે કે નિવૃત્તિ? મ્હેં તો એનેજ પુછ્યું કે ટોપી સત્ય છે કે બુટ? એ તો ચુપ રહ્યા. પછી મ્હેં સમજાવ્યું કે ટોપીને બુટ બન્ને સત્ય છે અને બન્ને અસત્ય પણ છે. માથા પર ટોપી સત્ય છે, પગમાં બુટ સત્ય છે પરંતુ બુટ-માથા પર અને ટોપી પગમાં એ અસત્ય છે, આમ પ્રવૃત્તિ–નિવૃત્તિ તેમના સ્થાને સત્ય છે, અસ્થાને બન્ને અસત્ય છે.

આપણું જીવન પ્રવૃત્તિ–નિવૃત્યાત્મક છે. એમાંથી એક પણ જતુ ન કરાય. એકને છોડશું તો તે વિકૃત બની પેસી જશે. જીંદગાની છે ત્યાં લગી લેવાનું રહેશે તો આપવું શા સારૂ નહિ? ભોળી કે ઉદાર સમાજ હોવાના કારણે કદાચ કોઇને જો અનાયાસે કંઇ મળી જાય તો એનો અર્થ એ નથી કે એ ચુપચાપ હજમ કરી જાય. જો એ સાધુ હોય, ઇમાનદાર હોય, તો એણે એનો ઘણો બદલો વાળવો રહ્યો, માટે જ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો સમન્વય કરવો જોઇએ.

કેવળ નિવૃત્તિને પ્રાધાન્ય દેવામાં અને એના વિચાર ન કરવામાં જડતા પોષવા ઉપરાંત સત્યનો અને સર્વધર્મ સમભાવનો વિદ્રોહ થાય છે. ચોક્કસ ધર્મના સાધુઓ આવા છે, આમ રહે છે, તેમ ખાય છે તે નિવૃત્ત નથી માટે સાધુ નથી, એમનો ધર્મ સાચો નથી, અમારોજ ધર્મ સાચો છે કારણ કે અમારા સાધુ કંઇ કરતાં નથી–કંઇ રાખતા નથી. આવી અહંકારી ને અજ્ઞાનભરી વાતો કરીને સત્યની અવગણના ન કરવી જોઇએ. સ્વાર્થથી નિવૃત્ત બનો, પરંતુ પરમાર્થમાં શકય તેટલા પ્રવૃત્ત બનો. આ માટે ક્રિયા કે વેષને કસોટી ન બનાવો. સ્યાદ્વાદની સહાયથી ધર્મના બન્ને અંગો સમજીને, વિચારીને આપણે જીવનમાં ઉતારીએ.

# જાગ્યાં.

સેન્ડહર્સ્ટરોડ ઉપર મનુમેનશનમાં જડાવબાને ત્યાં આજે પાપડની ધમાલ હતી મનુ મેનશનની અગાસીમાં એક બાજુ વીસ પચ્ચીસ બ્હેનો પાપડ વણતી. બીજી બાજુ પાપડ સુકવવાની વિધિ ચાલતી. થાળી પર પડેલાં ગુલ્લાં ટપોટપ વણાંતાં ને ટપોટપ છાબડીએ પાપડ ચડતા ત્યાં મંગુબ્હેને વાત ઉપાડી. અલી જસી ! હમણાં તારે ઘેર શી ધમાલ ચાલે છે ?

જસી–કપાળની ! સમજીએ તો વાતમાં માલ છે નહિ તો કશુંયે નથી.

ચંપા ફઇ–પણ છે શું ! વાત તો કર.

જસી–તમે જાણો છો. ઘરમાં સાસુ સસરા, દેર, દેરાણી, જેઠ જેઠાણી કે કોઇ નથી વસ્તીમાં અમે બેજ છીએ. છતાં ઘડીની નવરાશ નહિ આખો દિવસ એની એ લમણાકુટ.

કુઇબા–શાની લમણા કુટ !

જસી–એમની ઇચ્છા મુજબ રસોઇ કરવી જોઇએ. એમની ઇચ્છા થાય એટલી વાર ચાહ મુકવી જોઇએ, એમનાં કપડાં બદલવાં જોઇએ. એમનો બ્યાજબી કે ગેરબ્યાજબી પડયો બોલ ઉઠાવવોજ જોઇએ. એમની મરજી મુજબ શણગાર સજીને નાટક સીનેમામાં એમની સાથે જવું જોઇએ. અને એ કહે તેમાં હાયેહા કરવીજ જોઇએ. જો દલીલ કરી તો બાર વાગ્યા, અથવા આપણી મરજી મુજબ કાંઇ કર્યું તો વાત વંઠી.

ત્યાં તો જસીની પાડોશણ હેમકોર વચમાંજ બોલી ઉઠયાં. આથી કાંઇ કંકાસ થતો નથી પણ કંકાસનું કારણ બીજુજ હશે.

જસી–ત્યારે સાચુ કારણ તમેજ કહોને.

હેમકોર–હું શું કહું તુંજ કહેને ?

જસી–હું સ્ત્રી થઇને પતિની રજાવિના મારી એક બ્હેનપણી સાથે સીનેમા જોવા ગઇ, મહારા ભાઇને વળાવવા ગઇ અને મહારી હીંમત એમનાથી જોઇ શકાઇ નહિ, એટલે મને ગડદા, તમાચા ને લાતોને માર માર્યો. આ કંકાસનું કારણ.

હેમકાર–એમ આપણાંથી પુછ્યા ગાછ્યા વિના જવાય ?

જસી–આપણે એમનાં પાળેલાં ઢોર છીએ, કે આપણને ગુલામ તરીકે ખરીદી લાવ્યા છે, શાથી ન જવાય ?

ત્યાં તો ચંપા ફઇ બોલી ઉઠયા.

બ્હેન તું આમાં શું ફરિયાદ કરે છે. આવું તો ઘણે ઘેર બને છે. બની રહ્યું છે. કાલે રાતેજ મહારા પાડોશમાં એક નાટક ભજવાયું'તું.

હીરાબ્હેન–કહો તો ખરાં શાનુ નાટક ભજવાયું હતુ ?

ફઇબા–મહારા પાડોશમાં માનકુંવર રહે છે. સાસુસસરા, દહેરાણી જેઠાણી, ને ભર્યુંભાદરૂં ઘર છે. કાલે સાંજે સાસુને કહયા વિના માનકુંવર એના ભાઇને મળવા ગઇ હશે. નવેક વાગે હરિલાલ ઘેર આવ્યો કે માએ કાન ભંભેર્યા એટલે ભાઇ પાગલ બની ઉશ્કેરાયા. ને જેવી માનકુંવર આવી તેવોજ દાદરેથી ધક્કો માર્યો, બિચારી ગબડી પડી ને હાથ ભાંગી ગયો. છતાં કોઇએ હરિલાલને બે અક્ષર કહયા નહિ. ઉલટા સૌ માનકુંવરનો જ વાંક કાઢવા માડયા આથી મહારાથી ન રહેવાયું ને મેંહ શીખામણના બે બોલ કીધા ત્યાં તો આઠ દશ ભાઇડા તાડુકી ઉઠયા. ત્યાં આપણે શું કરીએ ? આપણે તો દયાની દેવીઓ કહેવાઈએ એટલે સહન કરે જ છુટકો.

હેમકોર–ફઇબાની ખરી વાત છે.

એ કોલેજમાં ભણતી વિમૂથી સહન ન થયું એમાં એને સ્ત્રી જાતની ઘેર અજ્ઞાનતા લાગી એટલે બોલી ઉઠી.

આપણે દયાની દેવીઓ કહેવાઇએ, એટલે પતિ પત્નિના તમામ હકક છીનવી લઇ મરજી આવે તેમ ઢોરની માફક મારે. ગમે તેટલા અપમાન કરે. જુદી જુદી તરકીબોથી ભોગ લે. ઘરમાંથી કહાડી મુકે. કુતરાની પેઠે હાડ હાડ કરે ને માલેકીનો હક્ક કાયમ રાખે અને આપણે ગુલામ અરે ગુલામ કરતાંયે બેચની પેઠે બરદાસ કરે જઇએ એમાંજ દયાની દેવીપણું છે ! ફઇબા ?

ફઇબા. બહેન મેંય સાઠ ચોમાસા વિતાવ્યા છે ને અનેક કડવા મીઠા અનુભવ સહ્યા છે. 'પડયું પાનુ નભાવેજ છુટકો' બીજો ઉપાય શો ?

વિમળા–પુરૂષ જાતના જુલ્મો તો તમેય કબુલ કરો છો, પણ પડયું પાનું આગળ કરી નભાવી લેવાની–સહન કરી લેવાની શીખામણ આપો છો. એ આજનો જમાનો માનશે ?

ફઇબા–પુરૂષ જાતમાં બધાય થોડોજ જુલ્મ કરનારા છે ?

વિમળા–બધા નહિ તો મ્હોટો ભાગ તો ખરોજ, જુઓને જ્યારે સમાન હક્કની વાત આવે છે ત્યારે કહેવાતા સુધારકો પણ છડે ચોક વિરોધ કરે છે. અરે કોઇ દોડડાહયા તો જાહેર પેપરોમાં પણ કલમ ચલાવી એમની બુદ્ધિનું પ્રદર્શન ભરે છે. પછી રૂઢીચુસ્તો માટે કહેવુંજ શું ? સત્તા છોડવી કોને ગમે છે ?

સુભદ્રાબ્હેન–આમ પુરૂષ જાતની નિંદા કરે આપણું શું કલ્યાણ થવાનું છે !

જસી–એમના દોર દમામે તો હદ વટાવી છે, ન્યાયને ઉંચો મુકયો છે, સત્તાના શોખે પાગલ બન્યા છે, ત્યારે આપણા પર વરસતા દુઃખોની કહાણીને તમે પુરૂષનિંદા કહો છો ! કહોજ ! આપણા માનસમાં પુરૂષ જાતે સેંકડો વર્ષથી ગુલામીના બી રોપેલા છે. એટલેજ આપણને વકીલાત કરવાનો હોંસ થાય છે.

સુભદ્રા–તારી ભૂલ થાય છે હું પુરૂષ જાતનો બચાવ નથી કરતી. પણ હું તો એમ કહું છું કે એની નિંદા કરવા કરતાં આપણે આપણી પ્રગતિના રસ્તા લઇએ તો વધારે સારૂ.

ફઈબા–બરાબર છે, પ્રગતિના રસ્તા બતાવો.

વિમળા–પ્રગતિના રસ્તામાં પહેલાં તો આપણે પગ પર ઉભાં રહી શકીયે. તે માટે દરેક માબાપે એમની કન્યાને પૂરતી કેળવણી આપવી જોઇએ. જેઓ ઘરસંસાર માંડીને બેઠાં છે તેઓને કેળવવા ફરતા પુસ્તકાલયની ગોઠવણ કરવી જોઇએ. કેળવાયા સિવાય આપણી શકિતનો આપણને ખ્યાલ નહિ આવે, જ્યાં શકિતનો ખ્યાલ આવ્યો કે કોઇની તાકાત નથી કે આપણા હક્કોની લુંટ કરી શકે.

ફઇબા–આ કંઇ એક બહેનથી થઇ શકશે ?

વિમળા–પોતાની કન્યાઓને કેળવણી આપવી એમાં બીજાની જરૂર નથી. પણ સ્ત્રી માનસ કેળવવા આપણે સ્ત્રીમંડળો સ્થાપવા જોઇએ અને તે દ્વારા ભાષણો, પત્રિકાઓ, પેપરોને પુસ્તકોથી ખુબ પ્રચાર કરવો જોઇએ. સાથે હુન્નર ઉદ્યોગ ને કળાના વર્ગો કહાડી બહેનોને પગપર ઉભાં રહેતાં શીખવવું જોઈએ, જે બહેનો ઉપર જુલ્મ વરસે તેના પડખે ઉભા રહેવું જોઇએ. આપણા સમાજમાં લગ્નવિધિમાં પુરૂષ અને સ્ત્રી બંને પ્રતિજ્ઞાઓ લે છે, છતાં પુરૂષ તેને કાગળના ચીથરાં ગણી ઈચ્છા પ્રમાણે વર્તાવ કરે છે. દાખલા તરીકે 'શોક લાવી શકે છે. મારઝુડ કરી શકે છે, ઇચ્છા આવે તેટલીવાર પરણી શકે છે ત્યારે બાર વરસની બાળાના પતિદેવ પરલોક સિધાવ્યા હોય તો પણ તેને કાયમ રંડાપો પાળવોજ પડે છે. પતિ લંપટ દારૂડીયો હોય, વાતે વાતે મારપીટ કરતો હોય એટલે નીચમાં નીચ હોય તોપણ સ્ત્રીએ આખી જીંદગી તેની સાથે ગાળવીજ પડે. એટલે હાલની લગ્નવિધિ સ્ત્રીઓના હકને છીનવી લેનારી છે, તેથી દરેક બહેને પોતાની દીકરીનાં લગ્ન 'સિવિલ મેરજ એક્ટ' પ્રમાણે કરે તેવો ખુબ પ્રચાર કરવો જોઇએ.

ત્યાં તો વચમાંજ' હેમકોર બોલી ઉઠયાં વિમળા ! સિવાલ મેગે શું ?

વિમળા–હેમકોર બ્હેન ! સિવાલ મેગે નહિ પણ સિવિલ મેરેજ એટલે સરકારે રજીસ્ટર કરેલો લગ્નનો કાયદો. એ કાયદા પ્રમાણે લગ્ન કરવાથી સ્ત્રી અને પુરૂષમાં સમાન હકનુ ધોરણ રહે છે. એમાં પુરૂષ શોક લાવી શકતો નથી, મારપીટ કરી શકતો નથી. સારી વર્તણુંકથી ચાલવું પડે છે, છતાં ખરાબ વર્તણુંક ચલાવે તો કોર્ટમાં જઈ છુટા છેડા લઇ શકાયં છે, પરણવા અંગે પુરૂષને જેટલો અધિકાર છે તેટલોજ સ્ત્રીને રહે છે, તેમ પુરૂષની મીલકતના વારસદાર તરીકેનો પણ સ્ત્રીને હક રહે છે. આ કાયદા પ્રમાણેનું લગ્ન કોર્ટમાં રજીસ્ટર કરાવવું પડે છે. એટલે એના એક એક નિયમ માટે પતિપત્નિ બંનેને જવાબદાર રહેવું પડે છે. અને કાયદાનું ઉલ્લંઘન થતાં તરત કોર્ટમાં દાદ મેળવી શકાય છે. આથી બંન્નેના હક રક્ષાય છે, ને સ્વમાન જળવાય છે. એટલે સ્ત્રી જાતે પોતાના હિત ખાતર 'સિવિલ મેરેજ એક્ટ' પ્રમાણે લગ્ન કરવું તેમાં ડહાપણ છે.

જસી–પાપડ તો પૂરા થવા આવ્યા આપણે વિખરાઇ જઇશું ને યોજનાઓ વાતોમાંજ રહેશે. માટે આપણે એકાદ મંડળ સ્થાપવાનો નિશ્ચય કરીયે તો આ પ્રસંગ ઠીક છે.

ફઇબા–એમ ઉતાવળે આંબા પાકતા હશે ?

હેમકોર–એવી શી ઉતાવળ છે! લોક નિંદા કરશે, ને કહેશે કે આ લોકો 'માથાભેર' આવી ગયા.

જસી–જેને નિંદા કરવાની ટેવ છે તે તો બિચારા લવ્યાજ કરશે. એમાં 'માથાભેર શું આવી જવાનું છે ? શું આપણે આપણા હિત માટે–ભલા માટે મંડળ સ્થાપીયે એને એ લોકો 'માથ ભેર' કહેશે ? ભલે કહે !

વિમળા–એમાં કશુંયે 'માથાભેર' નથી બાકી તો જેનું જાયં છે તેનેજ બુમ મારવી પડશે. પુરૂષો તમને આપે એ આશા રાખશો નહિ. અને કદાચ મહેરબાનીથી આપે તોપણ નકામું છે આથી સ્ત્રી સમાજને કેળવવા મંડળની પહેલી તકે જરૂર છે એટલે મારી એવી સુચના છે કે મંડળ સ્થાપવા અંગે વિચાર કરવા આવતી કાલે ફઇબાને ત્યાં સૌ ભેગા થઈએ ને મંડળ સ્થાપવાનો નિર્ણય કરી સભાસદો માટે બહેનોની સહીઓ લેવાની શરૂઆત કરીએ,

સૌને એ સુચના ઠીક લાગી. પાપડ પૂરા થયા અને આવતી કાલે બપોરના ભેગા થવાનુ નકકી કરી સૌ વિખરાયું.

# અંધ શ્રધ્ધા. (અંધ વિશ્વાસ.)

મનુષ્યને ઘણા જુના કાળમાં કે જે કાળમાં કેળવણીનો અભાવ હતો. આખા ગામમાં એકાદ મનુષ્ય સામાન્ય ભણેલો મળી શકતો હતો. તે ગામમાં કેટલીક અલૌકિક વાતોનો પ્રચાર એટલો બધો ચાલેલો કે જેથી મનુષ્યના હૃદયમાં એવાતોનો વિશ્વાસ એટલો બધો સુદૃઢ થઇ ગયેલો કે એને માટે વિચાર કરવાનો સત્યાસત્યનો વિવેક કરવાનો માણસના મનમાં અવકાશ રહ્યો ન હતો. બુદ્ધિની મંદતાના કારણે એ સમયમાં કેટલીક કાલ્પનીક અલોકિક વાતો સમજવાનું સામર્થ્ય મનુષ્ય હૃદયમાં ન હોતું એ ચિત્ર વિચિત્ર વાતોની કલ્પનાસૃષ્ટિદ્વારા મનુષ્ય સંતોષ માનતો હતો.

એવી ઘણી વાતો સંસ્કારવાળા અને કેળવણીવાળા જમાનામાં મનુષ્યના હૃદયમાં વારસા તરીકે હજુ પણ એ પ્રાચીન સંસ્કારથી રહી ગયેલી છે. બુદ્ધિના વિકાસનો જમાનો હોવા છતાં પ્રાચીનતાની અલોકિક વાતોના મોહનો વિવેક કરવાનું આલસ્ય હજુ પણ મનુષ્ય બુદ્ધિમાં ઘર ઘાલી બેઠું છે. તેથી ભિરૂતા આદિ અનેક કારણોને લઇને અંધશ્રધ્ધાપૂર્ણ વિજય પામી રહી છે.

એટલુજ નહિ પણ એ અંધશ્રદ્ધાને સુરક્ષિત રાખવા બુધ્ધિનો ગેર ઉપયોગ થઇ રહ્યો છે તે ત્યાં સુધી કે જેમ એક રાજા પોતાના પ્રધાનને કહે કે ત્હમે પ્રધાન ખરા પણ તમારે મ્હને કોઇ જાતનો મત આપવો નહિ હું જેમ કહું તેમ તમારે કર્યા કરવું. આવા રાજા પાસે પ્રધાનનું અસ્તિત્વ જેમ નકામું છે તેમ બુધ્ધિવાન મનુષ્યો અંધશ્રધ્ધાથી પોતાની બુધ્ધિની સ્વતંત્રતાનો નાશ કરે છે. અને વારસામાં ચાલી આવતી વિશ્વાસની વાસનાઓનો ગુલામ બની બેસે છે. તેને લઇને મોટા મોટા શાસ્ત્ર નિર્માતાં અને શાસ્ત્રોના જ્ઞાતા એ અંધ વિશ્વાસની જાળતોડી શકતા નથી એટલુંજ નહિ પણ કેટલાક નિર્બળ મનનાં વિદ્વાનો પણ નત મસ્તકે અલૌકિક ચમત્કારોની વાતો સ્વીકારી રહ્યા છે.

દરેક મનુષ્ય શરૂઆતથીજ તત્વજ્ઞાનનો જ્ઞાતા બની શકતો નથી પરંતુ પ્રેમ દયા સેવા એ જે પ્રેમના અંગો છે, તેને દરેક માણસો સ્વીકારી શકે છે. અને ધીમે ધીમે તે તત્વજ્ઞાતા પણ બની શકે છે. હાલના વિજ્ઞાને ચમત્કાર માત્રને ધૂળ ભેગા કરી દીધા છે. ખરો ચમત્કાર તો એ છે કે જેના પરિણામે કાર્યની સિધ્ધિ થાય. એટલે ઉદ્યોગ એ ઉંચામાં ઉંચો ચમત્કાર છે કે જેથી મનુષ્ય પોતે પોતાનું શાંતિથી ગુજરાન કરી શકે છે. કેટલાક મૂર્ખ શેખરો ઉદ્યોગોને ભૂલી જઇ જોશીઓનાં ઘરનાં પગથીયાં ઘસે છે અને તેઓને પૂછીને શ્રીમંત બનવાની આશા રાખે છે. એ ઉદ્યોગોમાં શ્રદ્ધા નહિ રાખનારા જ્યોતિષ પાછળ અંધ બનેલા પોતાની જીંદગી બરબાદ કરે છે. મોટા શહેરોમાં જ્યાં જોઇશું ત્યાં ભવિષ્યવેત્તાઓના પાટીયા લટક છે, અને સેંકડો માણસોનાં પૈસા ધૂતે છે. એજ બતાવી આપે છે. કે આર્યાવૃર્તવાસીઓમાંથી અંધ વિશ્વાસ અંધશ્રધ્ધા હજુ ગયેલ નથી.

તીર્થંકર મહારાજોનાં દર્શન પૂજનમાં પણ એજ મૂર્ખાઇ કરી બેઠીએ કે પ્રભુ અમોને તારશે. આપણે અપ્રમાણિકપણું સેવીએ, કુડ કપટ કરીએ સંસારના અનેક પાપારંભ કરીએ, પણ પ્રભુનું પૂજન સેવન કરીશું તો પ્રભુ એક દિવસ તારશે એ અંધ શ્રધ્ધા પણ આપણને કર્તવ્યભ્રષ્ટ બનાવે છે. પ્રભુએ જે સન્માર્ગ બતાવ્યો છે. પ્રભુએ જે સન્માર્ગ સ્વીકાર્યો છે તે પંથે ત્હમે ચાલો તો ત્હમે તરશો પ્રભુનાં દર્શન પૂજન એતો માત્ર ત્હેમના ઉપકારનું સ્મરણ છે ત્હેમણે બતાવેલ સન્માર્ગ તેજ આપણને તારનાર છે. માટે દરેક કર્તવ્યશીલ બની અંધશ્રદ્ધાને હાંકી કાઢવી જોઈએ.

—સમય ધર્મ

# શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સ જીવંત સંસ્થા કયારે બની શકે ?

## (સુચનાઓની ટુંકી રૂપરેખા.)

—નાનાલાલ દોશી.

શ્વે. કો. ની કમીટીનું અધિવેશન ભરાઇ ગયું સુષુપ્ત જીવનમાં જાગૃતિનો કંઇ સંચાર થઇ ગયો. વાદળમાં ઢંકાએલ તારક ગણ પ્રકાશમાં આવી અદૃશ્ય થઇ ગયું તેજ પછી છાયા તેતો સૃજન જુનાં છે ને ! પરંતુ આમ કયાં સુધી આવી નામની જાગૃતિ માટે અધિવેશનો ભરશું ? કયાં સુધી આવું નમાલું નેતૃત્વ જાળવશું ? સંસ્થા પાસે પૈસા નથી એટલે કાર્ય કયાંથી કરવું. આ દલીલ સૌ કોઇ આગળ મૂકે છે દુનિયામાં કોઇ કાર્ય કરતી સંસ્થા પૈસા વિના અટકી છે ? કોન્ફરન્સ હો કે કોઇપણ સંસ્થા જો પ્રજા જાગૃતિમાં કે સામાજીક સેવામાં સફળ ન બની હોય તો તે રચનાત્મક કાર્યના અભાવે, પ્રાણવાન કાર્યકરોને અભાવે, સંગઠનના અભાવે એમ કહીયે તો તે સત્ય છે. તેનું કાર્ય નાણાંને અભાવે અટકયું છે એમ કોઇ કહેતો તે ગળે ઉતરે તેવી વાત નથી. સામાજીક ઝઘડાઓ, ધાર્મિક તકરારો, વહીવટી સડાઓ કે સંસ્થાઓના કારભારો સંબંધમાં કોન્ફરંસે શું સંગીન કાર્ય કર્યું છે ? વર્તમાન જૈન જગતની સર્વદેશીય પ્રગતિકારક કાર્યો માટે કોન્ફરન્સે શું માર્ગસૂચન કર્યું છે. કોન્ફરન્સના કયા કાર્યકરો મોટા શહેરો સિવાયના જૈન કોમના 'મહાજનો' સાથે સંપર્કમાં આવી કોન્ફરન્સની નીતિ રીતિ. તેનું કાર્યક્ષેત્ર કે એવી અનેક બાબતોની ચર્ચા કરી છે. અમને તો લાગે છે કે કોન્ફરન્સને જે અકાળે વૃધ્ધત્વ આવ્યું છે તે તેની કાર્યપધ્ધતિને લઇનેજ. દુનિયામાં કોઇ સંસ્થા પૂર્ણ હોવાનો દાવો ન કરી શકે અને છે પણ નહિ, કોન્ફરન્સને તે નિયમ જરૂર લાગુ પડી શકે, પરંતુ તે સાથે એટલું યાદ રાખવું ઘટે કે સમાજે જે વિશ્વાસ તે સંસ્થાની અંદર નિરૂપણ કર્યો છે તેનો બદલો સમાજને મળવો જ જોઇએ. દિન પ્રતિદિન એવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતાં જાય છે કે જે પ્રશ્નોનું નિરાકરણ કોન્ફરન્સ જેવી અગત્યની સંસ્થા ન કરે તો દિવસે દિવસે જૈન સમાજનું સંખ્યાબળ તો નહિંજ પરંતુ બીજા અનેક પ્રકારે હાનિ થવા સંભવ છે. આ અધિવેશન અને તીખાં મોળાં ભાષણોની રમઝટ પછી નીચેની થોડી સૂચનાઓ પર કોન્ફરન્સનું સુકાન ધ્યાન આપશે તો કોન્ફરન્સ જીવંત સંસ્થા બનશે તેવી શ્રધ્ધા ઉપજે છે:—

૧. કોન્ફરન્સનું પ્રકાશન ખાતું (Publicity Dopt,) વધારેમાં વધારે જીવંત બનવું જોઇએ અને કોન્ફરન્સના કાર્યક્ષેત્રની, ઉદ્દેશની અને નીતિરીતિની માહિતીનો જેમબને તેમ વધારેમાં વધારે ફેલાવો થવો જોઇએ.

૨. જૈન સમાજના કોઇપણ સળગતા પ્રશ્ન પરત્વે કે ઉપયોગી બાબતો પરત્વે માહિતિ પૂરી પાડવા માટે કોન્ફરન્સની ઓફિસે સુષુપ્ત ન બનવું જાઇએ

૩. ફકત ધનાઢય હોય તેવાનેજ નહિ પરંતુ યુવકો અને પીઢ વર્ગનો પ્રત્યેક શહેર અને જીલ્લામો વિશ્વાસ સંપાદન કરેલ હોય અને વખત કે પૈસાનો થોડો ઘણો ભોગ આપી શકે તેવી વ્યકિતઓને પ્રાંતિક કે જીલ્લાવાર મંત્રીઓ બનાવી ત્યાંના સ્થાનિક પ્રશ્નો બાબતમાં મંત્રીઓ દ્વારા કોન્ફરન્સે ઘટતી સૂચનાઓ કરી કાર્યકરોને તેમના કાર્યમાં ઉત્તેજન આપવું.

૪. કોન્ફરન્સના મહામંત્રીઓએ કે કાર્યકરોએ દરેક અધિવેશન અગાઉ એક વખત તો અમૂક અમૂક સ્થળોની મુલાકાત લેવીજ જોઇએ અને કોન્ફરન્સનું કાર્ય કેવી રીતે થયું છે અને કેવી વધારે સારી રીતે થઇ શકે તેનો મહાસમિતિને રીપોર્ટ કરવા જોઇએ.

૫. આપણા સામાજીક કાર્યકરોએ પોતાનું કાર્ય 'રાષ્ટ્રભાવના' ને દૃષ્ટિ સન્મુખ રાખીનેજ કરવું જોઇએ જેથી આપણું કાર્ય કોમવાદ કે સંપ્રદાયવાદના વહેણ તરફ ન ઢળી જાય.

૬. જ્યાં જ્યાં જૈન યુવક સંઘો કે જ્ઞાતિ સંસ્થાઓ છે તેમના નિકટ સંપર્કમાં આવી તેમની દ્વારા જે સમાજ હિતકારક કાર્ય થઇ શકે તે કાર્ય કરવાની દરેક તક કોન્ફરન્સના કાર્યકરોએ જતી કરવી ન જોઇએ, યુવકો અને અનુભવી વૃદ્ધોના સહકારથી જે કાર્ય દીપી નીકળશે તે મત મતાંતરથી કદી સંપૂર્ણ બની શકશે નહિં.

૭. નાણાના વારંવાર ઉઘરાણાને બદલે એક વગદાર કમીટી નીમી એક મોટી રકમનું સ્થાયી ફંડ ભેગું કરવાની કાર્યવાહકોએ યોજના વિચારવી જોઇએ.

## સમાચાર

**ઉદાર સખાવત:**—જામનગર નિવાસી શેઠ પોપટલાલ ધારસી તરફથી જામનગર ખાતે રૂપીયા એક લાખને ખરચે ક્ષયની હોસ્પીટાલ ઉઘાડવામાં આવી છે.

**જયંતિ મહોત્સવ:**—ચૈત્ર સુદિ ૧૩ ને શુક્રવારના રોજ રાત્રીના (સ્ટા. ટા.) ૮–૧૫ કલાકે હીરાબાગ ખાતે આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના પ્રમુખપણા નીચે જૈનોની ત્રણે ફીરકાની કોન્ફરંસો તરફથી શ્રી મહાવીર જયંતિ ઉજવવામાં આવશે.

**ધુલીયા:**—ન્યા. વિશારદ, ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ધૂલીયા ખાતે તા. ૨૪–૨૫મી એપ્રીલે મળનાર સર્વધર્મ પરિષદ્ વખતે જૈન તત્ત્વજ્ઞાન વિષે નિબંધ વાંચશે.

**શીહોર:**—શ્રી લબ્ધિસૂરિ શીહોર ખાતે બે નાનાં બાળકોને દીક્ષા આપનાર છે. એવી અફવા ફેલાણી છે. શીહોરનો યુવકવર્ગ અને શ્રી સંઘ જાગ્રત બને.

**સરહદ પ્રાંત:**—વઝીરીસ્તાન વિભાગ પર ચોવીસે કલાક ચાલુ બોંબ મારો શરૂ કરવામાં આવ્યો છે. લશ્કરી સરંજામ લઇ જતી એક ટુકડી પર તાયફાવાળાઓએ હલ્લો કરતાં ૨૯ સૈનિકો માર્યા ગયા હતા, અને ચાલીશ બીજા ઘાયલ થયા હતા. મોટી ખુવારી પછી તાયફાવાળા નાસી ગયા હતા. કુલ ૨૭ વિમાનો વઝીરીસ્તાન ઉપર બોંબમારો ચલાવી રહ્યા છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

'મહિલા અંક'

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ૨૦-૨૧
મંગળવાર તા. ૧-૬-૩૭.

## 'લગ્ન સમશ્યા.'

—રમણીક ધીઆ.

સમાજના અનેક સળગતા પ્રશ્નોમાં લગ્ન સમશ્યા એક મહાન કોયડો છે. વર્ષોજુના રૂઢી બંધનો અને સામાજીક પ્રથાઓના પાયા આ પ્રશ્નથી ચણાયાં જણાય છે.

જગતનો વારસો પ્રજા ઉત્પત્તિ અને તેના મૂળરૂપમાં આ સમશ્યા રહેલી છે. સુધરેલા સમાજનું પ્રતિબિંબ એના આદર્શમાં છે લગ્ન એ જીવનની સામાન્ય ભૂમિકા નથી.

આધુનિક જીવનને સમયના યોગ્ય પ્રવાહમાં વાળી તે દ્વારા સમાજ અને રાષ્ટ્રની સેવા કરવી એમાંજ તેની મહત્તા છે. ભુતકાળના જમાનામાં લગ્ન પ્રથાઓ ભલે સુંદર હશે પણ આજે તો તે બજારૂ વસ્તુ બની ગઇ છે. માનવતા ભર્યા હૃદયમાં જે વિશુદ્ધ લાગણી અને પ્રેમ હોવા ઘટે તે આજે નથી.

વડીલશાહીના આ જમાનામાં બાળક અને બાલીકાના લીલામ થાય છે. એમના જીવન, આદર્શ અને ભાવિની ઝંખના એ સૌ આંખના પલકારામાં અદૃશ્ય થઇ જાય છે.

શાસ્ત્રકારોના કથન ભલે સાચા હશે. આજે તે માન્ય ગણાય પણ અનુકરણ યોગ્ય તો નહીજ. લગ્નની ગ્રંથીથી જોડાતા યુવક અને યુવતીની વય, યોગ્યતા ગુણ ઇત્યાદિની સુમેળ સાધવાની અનુપમ ભાવના આજે આકાશ કુસુમવત બની છે.

જીવનની સહચરી બનવાની ભાવના સેવતી આર્યાવર્તની બાલિકા આજે અવનતિ, વિષયવાસના, અને પાપાચારને પંથે પરવરી રહી છે. એમાં એનો દોષ નથી. કારણ એ પરાધીન છે. 'ગાય અને દીકરી જ્યાં દોરાવે ત્યાં જાય' એ આજના સમાજનું સામાન્ય સૂત્ર છે. આર્યત્વની ભાવનાનો આ એકજ પુરાવો બસ છે. એક સમય એવો હતો જ્યારે સ્વયંવર આદર્શ રૂપ મનાતો. એમાંજ આર્યાવર્તનું સાચું કુળાભિમાન હતું. આજે એ નથી. આજના લગ્ન તો વડિલોની ઇચ્છા અનુસારેજ હોવા ઘટે એજ માન્યતા ઘર કરીને બેઠેલી છે. એનું પરિણામ આપણે સૌ જોઇ શકીએ છીએ, સમજી શકીએ છીએ.

એટલું તો ચોકકસ છે કે નવયુગલ દંપતિજ પોતાના ભાવિ જીવનના સુખદુઃખના નિયામક છે. એમના સુમેળ ઉપરજ જીવનના સોનેરી સ્વપ્ના રચાએલા છે. તો પછી એમનું ભાવિ જાતેજ ઘડવાની તક કાં નથી આપવામાં આવતી ?

સૌ કોઇ સુખને ચાહે છે. એ મેળવવા પ્રયત્ન કરે છે તો આજના બાળકોએ શું ગુન્હો કર્યો જેથી તેમને અંધારામાં રાખી જીવનની ધુંસરી તેમના પર લાદવામાં આવે છે.

આજે ઘેર ઘેર કલેશ કજીયા સાથી થાય છે ? આપઘાતના કમનસીબ બનાવો શાને બને છે ? શું આપણે તેને અટકાવી શકીએ નહિ આપણા સમાજની સ્થિતિ ખરેખર અસહ્ય છે. કુળ. મર્યાદાને નામે અને સત્તાના અભિમાનમાં આપણા વડીલોએ અનેક બાળક અને બાળિકાઓને અધઃપતનના ખાડામાં નાખ્યા છે. તેમના કુમળા જીવન ચગદી નાખ્યાં છે. એટલુંજ નહિ કાલના નાગરિકો ને દુર્બળ અને માયકાંગલા બનાવી દીધા છે. તેમના આત્માને નીચોવી નાખ્યા છે.

બાળક સ્વચ્છંદી બને તો માબાપે અંકુશ મૂકવો ઘટે પણ સ્વતંત્રતાના વીહારમાં પાંખ કાપવી ન ઘટે. સમાજ હીતનું સાચું દૃષ્ટિ બિંદુ એમાંજ સમાએલું છે.

લગ્ન સમશ્યાનો સાચો ઉકેલ ભાવિ લગ્નગ્રંથીથી જોડાનાર યુવક યુવતીના મીલન ઉપર રહેલો છે. એમાં લક્ષ્મી કે કુળ ન જોવાનું ઘટે, સૌના દીવસ સરખા નથી હોતા. વૈભવ આજ છે કાલ નથી, જીવનનો ભરોસો નથી તો પછી એ મોહમાં તણાવું શા માટે ?

દંપતિ જીવન ત્યારેજ સુખી અને જગતને આદર્શ રૂપ થશે જ્યારે તેઓ સુશીક્ષિત, યોગ્ય વય અને સુસંસ્કારી હશે. અને પ્રભુતામાં પગલાં માંડતાં પ્રથમ જીવનના સુમેળ સાધ્યા હશે.

યુવક સ્વાશ્રયી અને યુવતી કુશળ હોય. બન્નેના હૃદયમાં ઉચ્ચ અભિલાષા રમતાં હોય એજ ગૃહે વૈભવ સાચો વૈભવ છે. લક્ષ્મીનો મોહ, એના ભપકા એ બધું ખરેખર આદર્શ જીવનને માટે ધતીંગ છે.

આજે સારાયે ભારત વર્ષમાં ક્રાન્તિનું ભયંકર મોજું પ્રસરી ગયું છે. પ્રત્યેક માનવ હૃદયમાં તેની અસર ઓછી વતી થઇ રહી છે, અને જાણે કોઇ નવીન દીશા ઉઘડવાની નહોય તેમ અનેક પ્રકારના મંથનો આત્મા અનુભવી રહ્યો છે. સ્નેહ લગ્નના આછા પડછાયા આવતી કાલના જગતને ઘેરી વળે તે પ્રથમ આપણા વડીલો આ બાબતનો સરળ રીતે ઉકેલ લાવી ન શકે ?

# તરુણ જૈન.

તા. ૧-૬-૩૭


## સમાજમાં સ્ત્રીઓનું સ્થાન.

જૈન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સમાન સ્વીકારવામાં આવ્યું છે. જોકે તેમાં આસપાસના સંજોગોની અસરથી પરિવર્તન થયું છે છતાં જો મૂળ તપાસવામાં આવે તો જરાયે અસમાનતા નજરે નહિ પડે. તીર્થંકર જેવાં ઉચ્ચ સ્થાનને માટે પણ સ્ત્રીની યોગ્યતા સ્વીકારવામાં આવી છે. શ્રી મલ્લીનાથ તીર્થંકર થયા એ તેનો સબળ પુરાવો છે.

જગતમાં સ્ત્રી અને પુરૂષ એ સનાતન છે. ભગવાન આદિનાથના વખતમાં જોડકાં ઉત્પન્ન થતાં અને યોગ્ય વયમાં આવતાં તે દાંપત્ય જીવન ગુજારતાં ત્યાર પછી તો કેટલાય કાળનાં હથોડાઓથી રૂઢિઓમાં પરિવર્તન થતાં ચાલ્યાં પણ સ્ત્રી સમાનતાનો હક્ક અબાધિત રહ્યો.

તીર્થંકર ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. તેમાં સાધ્વી અને શ્રાવિકાને પણ સ્થાન મળે છે. અને તે તીર્થંકર સમાન ગણવામાં આવે છે. જે સંઘમાં સ્ત્રીત્વને સ્થાન નથી એ સંઘ સંપૂર્ણ બનતો નથી.

સ્ત્રી અને પુરૂષ સંસાર રથના બે પૈડાંઓ છે. તેમાં એક પૈડું નહોય તો રથ કદિ ચાલી શકેજ નહિ. એટલે બંનેનું સમાન સ્થાન છે. સ્ત્રી વગર પુરૂષ અપૂર્ણ છે. પુરૂષ વગર સ્ત્રી અપૂર્ણ છે. આમ દરેક રીતે તપાસતાં સ્ત્રી એ પુરૂષથી કોઇપણ રીતે ઉતરતી નથી. પરંતુ નિર્બળોને હંમેશા સબળો દબાવે છે તેમ 'બળીયાના બે ભાગ ની' કહેવતાનુસાર સ્ત્રીઓની આર્થિક સમાનતા ખુચવી લેવામાં આવી અને ત્યારથી તેની ગુલામીના ગણેશ મંડાયા, ત્યાર પછીતો તેના શરીરના વ્યાપાર ખેલાયા, તેને મીલકત માનવામાં આવી. તેના ઉપર ગુલામીના સંસ્કારો લાદવામાં આવ્યા તે માટે સ્વતંત્ર પુરાણો રચાયાં અને ધર્મના નામે તેના ઉપર એ જાતના સંસ્કારો સીંચવામાં આવ્યા કે તે કદિ સ્વાયત્ત જીવન મેળવવા પ્રયત્ન ન કરે. તેનું આત્મભાન ભૂલાવી દેવામાં આવ્યું, તેની સ્હામે સતીત્વનો આદર્શ ધરવામાં આવ્યો અને પુરૂષ સમાજ જાણે કે તેનો આરાધ્ય દેવ હોય તેવી જાતની ભાવના પ્રસારાવી દીધી. પુરૂષ સમાજનાં આ જાતનાં કાવતરાંઓએ તેને પરાધીન બનાવી. નિર્બળ બનાવી. અને દરેક રીતે એ પુરૂષને આધીનજ રહે એ જાતની પરિસ્થિતિ ઉભી કરી અને તેની છાયા આપણા સમાજ ઉપર પણ પડી, પરિણામે સ્ત્રીઓ સ્હામે અમુક જાતના પ્રતિબંધો મેલાયા, જોકે એ પ્રતિબંધો સાથે મૂળ સિદ્ધાંતોને કશો સુમેળ નથી. આમ દરેક રીતે સ્ત્રીઓને પરાધીન બનાવનાર તેની આર્થિક અસમાનતાજ છે. જો તે પોતાના પગ ઉપર ઉભાં રહેતાં શીખે ઘર ગથ્થુ હુન્નર કળા અને ઉદ્યોગોની તાલીમ લે અને સ્વાયત્ત જીવન જીવતાં શીખે તો કદિપણ તેને અવગણવામાં ન આવે, પરતંત્રતામાં તેની શારીરિક નિર્બળતા પણ કારણ ભૂત છે. આમ વર્ષોથી ગુલામીના થરોથી દબાએલું માનસ પાશ્ચાત્ય પ્રદેશોનાં આંદોલનોથી જાગૃત બને છે. સમાજે એ જાગૃતિને વધાવવી ઘટે.

સ્ત્રીઓની પરાધીનતા એ આપણી આર્થિક અવદશાનું પણ એક કારણ છે કેમકે એક કુટુંબમાં ચાર માણસ હોય છતાં તેનો બોજો એકજ માણસ ઉપર પડે છે. પરિણામે આર્થિક સ્થિતિ અસંતોષકારક રહે છે. પરંતુ જો સ્ત્રીઓને યોગ્ય કેળવણી અને હુન્નર ઉદ્યોગનું જ્ઞાન આપવામાં આવ્યું હોય અને તેને સ્વાયત્ત જીવન જીવવાની તાલીમ મળી હોય તો ઘરનો બોજો સમાન વ્હેંચાય જાય અને આર્થિક સ્થિતિ સદ્ધર બને.

પ્રગતિમાન પ્રત્યેક સમાજ સ્ત્રીઓનું સમાન સ્થાન સ્વીકારી તેને દરેક રીતે તાલીમ આપી રહ્યા છે. પાશ્ચાત્ય દેશોમાં તો સ્ત્રીઓને લશ્કરી તાલીમ પણ આપવામાં આવે છે. અને ધંધાદારી દરેક ક્ષેત્રોમાં તે પોતાનો વિકાસ સાધી રહી છે, વ્યોમવિહાર જેવા ઉડ્ડયન ક્ષેત્રોમાં પણ સ્ત્રીઓ પછાત રહી નથી. આપણી સર્વદેશીય ઉન્નતિ ચાહતા હોઈએ તો સ્ત્રીઓનો સમાન હક્ક સ્વીકારી તેને દરેક જાતની તાલીમ આપવી ઘટે છે. સમાજનું ખાસ અંગ સ્ત્રી જ્યાં સુધી અશિક્ષીત રહેશે. તેનું માનસ પલ્ટાવવામાં નહિ આવે અને અધોગતિમાં સડયા કરશે ત્યાંસુધી સમાજ કદિ પ્રગતિ સાધી શકશે નહિ.

સ્ત્રીઓમાં પ્રચંડ શકિત રહેલી છે ભલભલાના સિંહાસન ડોલાયમાન કરવાની તેનામાં અદ્ભુત તાકાત છે. ફક્ત એ તાકાત કેળવવાની જરુર છે જ્યારે એ તાકાત કેળવાશે ત્યારે સમાજમાં આશ્ચર્યજનક પરિવર્તન થશે. કેટલીએ ચીનગારીઓ આપો આપ શાંત થશે સળગતા પ્રશ્નોનો નિકાલ આપમેળે આવી જશે ફક્ત તેનું આત્મભાન જાગ્રત કરવાની જરુર છે. અને એ ફરજ યુવકો ઉપર આવી પડે છે યુવાનોએ દરેક ક્ષેત્રમાં પરિવર્તન કરવાનો નિશ્ચય કર્યો છે. તેમાં સ્ત્રી સમાનતા પણ આવી જાય છે. સ્ત્રીઓને દરેક પ્રકારનું શિક્ષણ મળે એ જાતના પ્રયત્નો કરવા ઘટે છે. સ્ત્રી કેળવણીનું પ્રચંડ આંદોલન ઉભું કરી સમાજનું તે તરફ ધ્યાન ખેંચવાની અનિવાર્ય આવશ્યકતા છે.

# સુ ❖ સ ❖ વા ❖ તા ❖ વા ❖ ચ ❖ રા.

### અકાળે અવસાન.

જૈન સમાજમાં અનેકાંતિના ઉપનામથી વિખ્યાત થયેલા ન્યાય–સાહિત્ય તીર્થ મુનિરાજ શ્રી હિંમાંશુ વિજયજી મહારાજનું ન્યુ હાલા ખાતે અકાળે અવસાન થયું છે. તેઓશ્રી ત્હેમના ગુરૂ શાસન દીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાથે સિંધ દેશમાં અહિંસા મહાધર્મનો વાવટો ફરકાવવા જતા હતા. મુનિરાજ શ્રી ઘણાજ વિદ્વાન અને વકતા હતા સ્વર્ગસ્થ વિજયધર્મસૂરિના વિદ્વાન શિષ્યોમાં તેમનું સ્થાન હતું. સંસ્કૃત કાવ્ય રચનામાં તેઓ ઘણાજ કુશળ હોઇ કવિ હતા. જ્યારે વિદ્વત્તાનો લાભ સમાજને આપવાનો સમય ઉપસ્થિત થયો ત્યારેજ તેમનું ભરયુવાન વયે અવસાન થયું. કુદરતનો એ અફળ કાયદો છે. આવા એક પ્રતિભાસંપન્ન મુનિરાજશ્રીના અવસાનથી સમાજને ભારે ખોટ પડી છે. અમે મર્હુમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

### અમરશહીદ બ્હેન શાંતા.

શીયળ રક્ષણને ખાતર ઇતિહાસને પાને સ્ત્રીઓનાં બલિદાનના અનેક કિસ્સાઓ નોંધાયા છે. તેમાં વઢવાણમાં બેન શાંતાનો કિસ્સો કોઇ અજબ રીતે બની ગયો છે. ગામ્ય પરિસ્થિતિને અંગે બેન શાંતા પરોઢીએ તળાવ ઊપર લુંગડાં ધોવા ગયેલ. અને ત્યાં નિર્જનતા અને એકાંતનો લાભ લઇ કોઇ ગુંડાનો કામવાસનાનો કીડો સળવળી ઉઠ્યો અને શાંતાનું શિયળ લુંટવાનો મનસુબો ઘડી તેણે શાંતા પાસે નિર્લજ્જ માંગણી કરી. શાંતાથી એ અપમાન સહન ન થયું તેનું સ્વાત્માભિમાન જાગૃત બન્યું. પોતાની પાસે ધોવાનો ધોકો હતો તે ગુંડા તરફ ફેંક્યો અને તેના હિચકારા હુમલાનો સખ્ત રીતે સામનો કર્યો. તેમાં ગુંડાએ પોતાની પાસેના ચપ્પુનો ઉપયોગ કર્યો અને શાંતાના શરીર ઉપર અનેક ઘા કર્યા પરંતુ શાંતાએ જરાયે મચક આપી નહિ. આ ધમાધમમાં દૂરથી કોઇનો આવવાનો ધ્વની સાંભળી ગુંડો ત્યાંથી પલાયન થઇ ગયો અને શાંતા પડી ગઇ, આ આખોયે કિસ્સો ખુબ તપાસ માંગે છે. વઢવાણ જેવા શહેરમાં આ રીતે સરીયામ રસ્તામાં સ્ત્રીઓની છેડતી થાય અને તેને પોતાના રક્ષણને ખાતર પોતાનો ભોગ આપવા સુધીની પરિસ્થિતિ ઉત્પન્ન થાય તે કોઇ પણ રીતે ચલાવી લેવાયજ નહિ. જોકે ત્યાંના યુવાનોએ આ પરિસ્થિતિ નહિ ચલાવી લેવાનો નિશ્ચય કર્યો છે. છતાં આવા કિસ્સા ત્યાં ત્રણ ચાર નોંધાયાં છે. વઢવાણ જેવા સ્ટેટમાં આ પરિસ્થિતિ ચાલુ રહે એ પોલીસ ખાતાની ચશ્મપોશી મનાવી જોઇએ. અને બેનો પણ બીજા ઉપર પોતાના રક્ષણનો આધાર નહિ રાખતાં પોતાનું રક્ષણ પોતે કરી શકે એ જાતનું શારીરિક બળ કેળવે તો આવાં કિસ્સાઓ બનતા અટકી જશે. અને તેથીજ સ્થળે સ્થળે સ્ત્રીઓને વ્યાયામનું શિક્ષણ મળે એ જાતના અખાડા ખોલવાની જરૂર છે. બેન શાંતાના બલિદાન-માંથી આટલું સિખાય તો એ બલિદાન નિષ્ફળ નથી ગયું એમ જરૂર કહી શકાય.

### કમળા બ્હેનને અભિનંદન.

આપણાં સમાજમાં કુમારિકાઓનો વ્યાપાર કરવો એ જાણે કે એક જાતનો ધંધોજ થઇ પડ્યો છે. અને સામાજીક રૂઢિઓના નામે કેટલીયે કુમારિકાઓના જીવન પુષ્પને ચીમળાવી નાંખેલ છે. જગતમાં કહેવત છે કે "દીકરી અને ગાય જેબાજુ દોરે ત્યાં જાય" એ જુની કહેવત અનુસાર લોભી પિતાઓ પોતાની દીકરીઓનું જરાયે ભવિષ્ય તપાસ્યા સિવાય કેવળ પૈસાને ખાતર ચાહે તેવા વૃધ્ધ કે અપંગ અણગમતા માનવીની સાથે સગપણું જોડી દે છે, અને દીકરીઓનાં જીવનની ખાના ખરાબી કરી નાંખે છે. આવી બાબતો સ્હામે હવે તો કુમારિકાઓએ બળવો પોકારવાની જરૂર છે, કે જેથી કરીને આવા લોભી માબાપોની સાન ઠેકાણે આવે. તેની પ્હેલ કરવાનો એક કિસ્સો વર્તમાન પત્રોને પાને નોંધાયો છે. અને તેમાં તે કુમારિકાને સફળતા મળી છે. વાત એમ છે કે વાંઝ ગામની કુમારી કમળાબેનનું તેના પિતાએ હજારો રૂપીયાથી એક અણગમતા જીવન સંધ્યાને આરે બેઠેલા માનવી જોડે સાટું નકકી કર્યું. કુમારી કમળીને આ વાતની જાણ થઇ. અને તેનો આત્મા બળવો પોકારી ઉઠ્યો. તેણે તેના માબાપને ખૂબ વિનવ્યાં. પરંતુ લાલચુ પિતાને તેની કસી અસર થઈ નહિ. છેવટે તેણે કાયદાનો પ્રયોગ કર્યો અને પોતાના મામા ઉપર કાગળ લખ્યો. પિતાનું ઘર તજી મામાના ઘરનો આશ્રય લીધો, આજે તો એ બાળા પોતાના પ્રયત્નમાં સફળ થઇ છે. અને સગપણ તોડી નાખવામાં આવેલ છે. પોતે સત્તર વરસની ઉંમરની હોવાથી પુખ્ત વયની છે. એટલે કાયદાયે તેને ઉગારી લીધી છે. પરંતુ આવાં તો છાના ખુણે કંઇક કુમારિકાઓના બલિદાનો લેવાય છે. તેવી કુમારિકા માટે કમળી બેને દૃષ્ટાન્ત પૂરૂં પાડયું છે. તે માટે ખરેખર તેને અભિનંદન ઘટે છે. તેની હિંમત ખરેખર ધન્યવાદને પાત્ર છે. દરેક કુમારિકાઓમાં આ રીતે હિંમત કેળવાય એ જરૂરી છે. જ્યારે પ્રત્યેક કુમારિકાઓ આ જાતનું સ્તુત્ય પગલું ભરશે ત્યારે વૃદ્ધલગ્ન, બાળલગ્ન અને કન્યાવિક્રય આપો આપ અદૃશ્ય થશે. બેન કમળીનું દૃષ્ટાન્ત જળતી જ્યોત બની દરેક કુમારિકાઓના હૃદયમાં પ્રકાશ નાખી પોતા પર થતા અત્યા-ચારોની સ્હામે થવામાં પ્રેરણા કરે અને માબાપોની સાન ઠેકાણે લાવી ગુલામીના પડદા ચીરે એજ અભ્યર્થના.

અમારો આવતો અંક તા. ૧૫–૭–૩૭ના દિને બહાર પડશે. અને તેમાં છેલ્લા ત્રણ અંકો ૨૨–૨૩–૨૪ નો સમાવેશ થશે અને ત્યાર પછી તરૂણ આરામ લેશે. આજની પરિસ્થિતિએ તેમ કરવાની તરૂણ ઉપર ફરજ પાડી છે. છેલ્લા વરસમાં તરૂણે પોતાની રીતે સમાજની સેવા કરી છે. અને હવે પછી જ્યારે જ્યારે જરૂર પડશે ત્યારે આરામને તિલાંજલી આપી તરૂણ પોતાની ફરજ સપૂર્ણ રીતે અદા કરશે.

# આજના પુરૂષનું માનસ

શ્રીમતિ અરૂણાબ્હેન પરીખ.

સરલા ! હું ત્હને સાફ સાફ કહું છું કે ત્હારે અમીચંદની સાથે બીલકુલ સંબંધ રાખવો નહિ, સ્ત્રી થઇને પુરૂષો સાથે હરવા ફરવામાં જરાયે શરમ નથી લાગતી ? તારા જેવી કેળવાયેલી સ્ત્રી સાથે લગ્ન કરીને હું સુખી થયો નથી, રોજ રોજ તું મારાથી દુર થતી જાય છે. તારા પુરૂષ દોસ્તો અને સ્ત્રી દોસ્તો સાથે આખો દહાડો ગડમથલ કરતી હોઇ મારી ખબર લેવાની પણ ત્હને ફુરસદ નથી, આજ સુધી તો મેં એ બધું મુંગે મોંઢે સહન કર્યું છે પણ હવે એ નહિ બની શકે, સમજી ? લોકો પણ કેટલું બોલે છે છતાં મ્હેં તેની પરવા કરી નથી હવે મારી ધીરજ ખુટી ગઈ છે.

એટલે ત્હમે કહેવા શું માંગો છો ? સરલાએ કહ્યું.

હું એ કહેવા માંગુ છું કે હું તારો ધણી છું હું ત્હને કહું અને તારે એ માનવુંજ જોઇએ. મ્હારી ઇચ્છાને તારે માન આપવુંજ જોઇએ. આર્ય સંસ્કૃતિ પતિને પરમેશ્વર મનાવે છે., તારે એ રીતે કુટુંબની સેવા ઉઠાવવીજ જોઇએ. બહાર પરપુરૂષો જોડે હરવા ફરવાનું સ્ત્રીઓને માટે બરાબર નથી. તેણે તો ગૃહનો બોજો ઉઠાવવો જોઇએ. ઘરનું તમામ કામ ઉપાડી લેવું જોઇએ પતિની સેવા અને કુટુંબીઓના વ્યવહાર સાચવવા જોઇએ.

સરલા—મ્હેં તમારી સાથે લગ્ન કર્યાં એટલે શું હું તમારી મીલ્કત બની ગઇ એમ માનો છો ? તમારો મારે હુકમ ઉઠાવવો જોઇએ એટલે શું તમે મને ગુલામડી સમજો છો ? એ કદિ નહિ બની શકે. મેં લગ્ન કર્યાં એટલે પવિત્રતાના કરાર કર્યાં એમ હું માનું છું. મારા દુઃખમાં તમે ભાગ લો તમારા દુઃખમાં હું ભાગ લઉં અને બંને સાથે રહીને જીવનનો સમન્વય સાધીએ એજ એનો ઉદ્દેશ છે, મારે કોની સાથે ફરવું અને કોની સાથે બોલવું એ મારી મુન્સફીની વાત છે, ત્હેમાં હું સ્વતંત્ર છું. મારી સ્વતંત્રતા લુંટાઇ જાય અથવા તો મારા કોઇપણ હક્કો આડે જો એ મિત્રતા આવતી હોય તો એ મિત્રતાનો પણ સાફ ઇન્કાર કરૂં છું અને 'આર્ય સંસ્કૃતિ' કે પરમેશ્વર માનવાનું શીખવતી હોય તેને હું માનવાની ના પાડું છું એ સંસ્કૃતિમાં કેવળ પુરૂષો તરફજ પક્ષપાત બતાવવામાં આવ્યો છે, પુરૂષો સ્ત્રીઓ ઉપર હુકમ ચલાવે, ત્હેની પાસેથી ગમે તેવું કામ લ્યે, ત્હેના સૌંદર્યનો ઉપભોગ કરે. તેના હાડચામ ચુસે અથવા તો ગમે તેવા અત્યાચાર કરે છતાં પુરૂષોને જે સંસ્કૃતિ કશું જ કહેતી ન હોય અને સ્ત્રીની સામાન્ય ભૂલને પણ જે સંસ્કૃતિ ચલાવી લેવા ન માંગતી હોય તેવી સંસ્કૃતિ ગમે તેટલી લાભદાયક હોય તોપણ મારે મન એ ત્યાજ્ય છે. હું એ સંસ્કૃતિમાં જરાયે માનતી નથી. સુમન ! તમને યાદ છે ? લગ્ન પહેલાં મલ્યાં હતાં ત્યારે તમે શું કહ્યું હતુ ? 'હું સ્ત્રી સ્વાતંત્ર્યમાં માનું છું. તેના સમાન હક્કો સ્વીકારૂં છું.'' લગ્ન પછી પણ આપણા કેટલા સુખી દિવસો ગયા છે ? તમે કેટલીયે રાત્રીઓ સ્ત્રી સ્વાતંત્ર્ય ઉપર વાર્તાલાપ ચલાવ્યો છે. અત્યાર સુધી સ્ત્રીઓ ઉપર થયેલા અત્યાચાર માટે પુરૂષોએ પ્રાયશ્ચિત કરવું જોઇએ. ગઇ કાલ સુધી તમારી એ મનની માન્યતા હતી. શું આજે એ માન્યતામાં પરિવર્તન થયું ? ખરેખર પુરૂષ જાત બહુજ સ્વાર્થી છે. અમીચંદ સાથે હું ફરૂં છું તે તમને ખટકે છે. કારણ કે તમારો જાતિ સ્વભાવ 'ઈર્ષ્યા' તમારામાં ઉભરાઇ આવી છે. અમીચંદ મારા કાકાનો છોકરો ભાઇ છે. તેને સ્ત્રીઓ તરફ હમદર્દી છે. સ્ત્રી સ્વાતંત્ર્ય અને તેની દરેક રીતે ઉન્નતિ થાય ત્હેવા ઉદ્દેશવાળા સેવા મંડળોમાં એ ઘૂમે છે. મને એ પ્રવૃત્તિ તરફ માન અને પ્રેમ છે અને તેથી તેની દરેક યોજનામાં હું સાથ આપું છું અને જીવન પર્યંત આપતી રહીશ. હું ત્હમારો એ હુકમ માનવાને તૈયાર નથી. અત્યાર સુધી હું પણ તમારા શાબ્દિક પ્રહાર સહન કરતી આવી છું હવે મારી ધીરજ પણ ખુટી ગઈ છે. મને જાહેર પ્રવૃત્તિમાં રસ હોવા છતાં પણ મારા ગૃહકાર્યની ફરજ તો હું સંપૂર્ણપણે અદા કરતી રહી છું. છતાં તમને સંતોષ ન થતો હોય તો તમે તમારે માર્ગે જવા સ્વતંત્ર છો.

સુમન—સરલા તું કોના ઉપર આટલો બકવાદ કરે છે. તું જાણે છે કે તારૂં જીવન મારા ઉપર નભે છે, મારા એકજ શબ્દે તું રસ્તાની રઝળતી ભિખારણ બની જઇશ, આટલા મોજ શોખ અને આનંદ બધું પળવારમાં ફના થશે. હું મારા માર્ગે એકજ પગલું ભરીશ અને તારૂં જીવન ધુળમાં મળી જશે, મને હજુપણ તારી દયા આવે છે, હજુ પણ તારા પ્રત્યે પ્રેમ અને માન છે માટે પુરૂષ સમોવડી થવું જવા દે અને મારી ઇચ્છા અને આજ્ઞામાં પ્રવર્તવાનું કબૂલ કર, નહિ તો તેનું પરિણામ સારૂં નહિ આવે સ્હમજી ?

સરલા—સુમન, સુમન, શું તમે મને બાલક સ્હમજો છો, મ્હારા જીવનની દરેક જરૂરીઆત પૂરી પાડીને ત્હમે તેનું કેટલું વળતર લો છો ? તમે મારા માટે જે ખર્ચ કરો છો. તેનાથી દશગણું વધારે કામ લો છો, એટલે કંઇ મારા ઉપર ઉપકાર કરતા નથી, ત્હમે તમારા સ્વાર્થ ખાતર મને નભાવો છો, કારણ કે તમને તમારા ઘરનું રક્ષણ કરવું છે, તમારી હવસવૃત્તિ પોષવી છે. સામાજીક દ્રષ્ટિએ તમારે તમારૂં સ્થાન સાચવવું છે. મને તમારી એ દયાની જરાયે જરૂર નથી, સ્ત્રી સમાજની આર્થિક અસમાનતાજ પુરૂષ જાતને સ્ત્રીઓ ઉપર આધિપત્ય જમાવવાની પ્રેરણા આપે છે. હું એ આર્થિક અસમાનતા ટાળવાનો પ્રયત્ન કરીશ. મારા જીવનની દરેક જરૂરીઆત હું પોતેજ પૂરી પાડીશ. મારા પગ ઉપર ઉભા રહેવાની મારામાં સંપુર્ણ તાકાત છે. અને તેમાં ભરત, ગુંથણ, સીવણ, આદિ અનેક કળાઓનું લીધેલ શિક્ષણ મને મદદગાર થશે. તમારી જીવન ભરની ગુલામી કરવા કરતાં આવું સ્વતંત્ર જીવન જીવવામાં

# સ્ત્રી જીવનમાં વાંચન અને મનનનું સ્થાન

લે:—વેણી કાપડીઆ.

આપણે અનુભવીએ છીએ કે દુનિયાભરમાં આજે સાહિત્યની પ્રગતિ થઇ રહી છે. લોકોનો વાંચવાનો શોખ ઘણોજ વધતો જાય છે. અને હવે એ જીવનમાં એક અગત્યની જરૂરિઆત થઇ પડી છે તેમ કહીએ તો વધારે પડતું કશુંજ નથી. જેમ જેમ શોખ વધ્યો તેમ તેમ અનેક જાતનાં છાપાઓ, પત્રિકાઓ, માસિકો અને પુસ્તકોદ્વારા તે શોખ પૂરા પાડવાની વ્યવસ્થાઓ પણ થઇ રહી છે.

સાહિત્યદ્વારા આપણે અનેક વસ્તુઓ મેળવી શકીએ છીએ. દુનિયાભરનું જ્ઞાન આપણને છાપાઓ દ્વારા મળી શકે છે. આખું જગત આજે કઇ દિશામાં વિચરે છે ? કયાં કયાં પ્રગતિ કરે છે અને કઇ દિશામાં તેનું વલણ છે ? આમાં ઘણા વિષયો સમાઇ જાય છે. જુદા જુદા દેશોની સંસ્કૃતિ, રાજ્યબંધારણ, સામાજીક બંધન, અને વૈજ્ઞાનિક પ્રગતિ, ઇત્યાદિ વિષયોનું સામાન્ય જ્ઞાન દરેક વ્યકિતનાં જીવનની જરૂરિઆત ગણાય પછી તે સ્ત્રી હોય કે પુરૂષ ? પણ આપણી બ્હેનોને આવી જાતનાં સાહિત્યનો રસ ઓછો હોય છે. છતાં પણ બ્હેનોએ એમાં રસ લેતાં શીખવુંજ પડશે. તે સિવાય આપણો ઉધ્ધાર અસંભવિત છે.

બ્હેનો ! આપણી પ્રગતિ માટે આપણે દરેક જાતનું જ્ઞાન મેળવવાનું છે. કેમ કે તે જ્ઞાનનાં અભાવે આપણે અનેક ગપગોળાનાં ભોગ બનીએ છીએ. એટલુંજ નહિ પણ તેની અસર થતાં આપણે માની બેઠેલ પ્રગતિને જુદા સ્વરૂપે લઇ પડતીને પંથેજ વિચરીએ છીએ

ખાસ કરીને હિન્દુસ્તાનની સંસ્કૃતિને બદલે પાશ્ચાત્ય દેશની સંસ્કૃતિ આપણા ઉપર કાબુ મેળવે છે. મ્હારૂં કહેવાનું એવું તો નથીજ કે તે વસ્તુ ખરાબ છે. છતાં હંમેશાં સારી વસ્તુઓ ગ્રહણ કરી નઠારી વસ્તુને ફેંકી દેવાનો મનુષ્ય સ્વભાવ છે તે પ્રમાણેજ બને તો તો સોનામાં સુગંધ ભળે. પણ આ પ્રમાણે જયારે ન બને અને પારકી વસ્તુને આપણે અસ્થાને ગ્રહણ કરીએ ત્યારે આપણી પડતી થાય છે. આપણામાં ઘર કરી રહેલ અજ્ઞાન આપણનેજ ડુબાડે છે અને તે પડતિનું સ્વરૂપ પ્રગતિમાં દેખાય છે.

બ્હેનો માટે હવે તો અનેક જાતના સહેલી રીતે સમજી શકાય તેવાં સાહિત્યો પણ પુરાં પાડવામાં આવે છે. છાપાઓ દરેક વસ્તુઓ પુરી પાડે છે. પણ દરેક બ્હેનો છાપાં વાચેજ એમ નથી બનતું. જોકે વાંચવાતો જોઇએજ. છાપામાં બ્હેનોને રસ ઓછો પડે છે, કેમ કે આગળ પાછળનું બંધારણ અને દરેક વિષયોનાં જ્ઞાનની ઉણપ તે કોયડો ઉકેલવા અસમર્થ હોય છે. જેથી છાપામાં રસ ઊત્પન્ન કરવાને બદલે કંટાળો ઉત્પન્ન થાય તે સ્હેજે સ્વભાવિક છે. આ જાતની ફરિઆદો ને દૂર કરવા સ્હેલી પત્રિકાઓ દ્વારા વાંચનનો રસ કેળવવોજ રહ્યો. બ્હેનો હવે અંધારામાંજ રહે તે તો કોઇપણ હિસાબે પરવડવાનુંજ નથી,

પરદેશનાં જ્ઞાનની જરૂરિઆત સાથે હિન્દુસ્તાનની માહીતિઓની પણ જરૂર છે. આપણી અંદરનો રહેલો કચરો આપણે તે જ્ઞાન દ્વારાજ સાફ કરી શકશું. ધાર્મિક અંધશ્રદ્ધા આપણાં જીવનમાં મોટો ભાગ ભજવે છે. આપણા સામાજીક બંધારણમાં પણ સડો છે. અને સ્ત્રીઓનાં હકમાં તો મોટું ગાબડું છે. કે જેને પૂરવાની શકિત મેળવવી પડશે. આપણાં બાળકોને ઉછેરવામાં પણ સુધારો કરવાની જરૂર છે. આ ઉપરાંત હિસાબ કિતાબ અને ભૌગોલિક જ્ઞાનની પણ જીવનમાં ડગલે ને પગલે જરૂર પડે છે. આ કઇ રીતે મેળવાય ? વાંચન એજ એની ચાવી છે

હવે બીજી વાત માત્ર વાંચવાથીજ એ વસ્તુ પાર ન પડે. કેમ કે બુદ્ધિને કસ્યા વગરનું વાંચન જીરવાય નહિ. વાચીને વિચારવાની જરૂર છે. આપણે જે કાંઇ વાંચીએ તેમાં સારૂં અને ખરાબ બન્ને હોઈ શકે છે. એટલે વાંચીને વિચારવાની આવશ્યકતા રહેશેજ. પછી આપણે આપણી બુદ્ધિને ચલાવવી કે આમાં શું છે ? બરાબર છે ? આ બધી વસ્તુનો અભ્યાસ કરી જે યોગ્ય લાગે તેને જીવનમાં ઉતારીએ ત્યારેજ તેની સફળતા એમ કહી શકાય.

---

મને ખુબ મોજ આવશે. અને મારી બ્હેનોને સ્વતંત્રતાનો પાઠ શીખવીશ.

સરલા ! સરલા ! આટલી હિંમત ! આ તો બધું કલ્પના સૃષ્ટિના વ્યોમવિહાર જેવું છે. તને હજુ કશો અનુભવ નથી, દુનિયાદારી કેમ ચાલે છે ? તારા વિચારો બધા હવાઇ કિલ્લાઓ જેવા છે, એ મૃગજળ પાછળ જવું રહેવા દે અને વ્યવહારૂ બન, એ માંજ તારૂ કલ્યાણ છે. હું સંસ્કારી છું એટલે હજુપણ ત્હને ચલાવી લેવા માંગુ છું મારે સ્થાને બીજો કોઇ હોત તો કયારનીયે તારી ખબર લીધી હોત.

સુમન ! હજુપણ તમે મને પીછાણી શકયા નથી એ માટે મને અફસોસ થાય છે. હું જે બોલું છું અને કરૂ છું એ બધું સંપુર્ણ સ્હમજીનેજ. 'મ્હારા વિચારો કલ્પના સૃષ્ટિના વ્યોમવિહાર જેવા હોય' તોપણ મને તેમાં ઉડવામાં આનંદ મળે છે, મને ભલે અનુભવ ન હોય કે દુનિયાદારીના વ્યવહારનું ભાન ન હોય મને તેની પરવા નથી. જે વ્યવહારો મારી સ્વતંત્રતાની આડે આવતા હોય તેવા વ્યવહારો કદિ પણ મારૂં કલ્યાણ સાધી શકે નહિ, અને છેલ્લી તમારી ધમકીથી મને હસવું આવે છે, તમારે સ્થાને બીજો હોત તો તમારાથી વધારે શું કરત ? એ હું સ્હમજી શકતી નથી. આજથી તમે તમારે માર્ગે ગમન કરો અને હું મારે માર્ગે.

× × ×

અને વર્ષો પછી સ્વાયત્ત સરલા એક સરસ હુન્નરશાળા ચલાવતી નજરે પડે છે, ત્યાં પતિદેવોના દૈવી હક્કનો ઇન્કાર કરતી વ્યકિતઓ હુન્નર શીખે છે, રોજગારી મેળવે છે, અને સ્વમાનના પાઠ પઢે છે.

જીવન રથનું બીજું પૈડુ આમ પ્હેલા પૈડાની હરોળમાંજ ચાલવાની તૈયારી કરે છે અને રથ 'નવયુગ'ને સત્કારતો જાણે દોડતો જણાય છે.

# મૂલ્ય પરિવર્તન

—શ્રીમતિ રમાબ્હેન.

અમાવાસ્યાની કાળી રાત્રિના ભયંકર અંધકારે પોતાની કૃષ્ણ ચાદરમાં જ્યારે ધરતી માતાને લપેટી લીધી હતી. માનવી અને પશુ પંખીઓ જ્યારે આખાયે દિવસના પરિશ્રમથી શ્રમીત થઇ નિદ્રાદેવીની મીઠી ગોદમા આરામ લઈ રહ્યા હતા, ત્યારે એક બુકાની બાંધેલ માનવી પોતાના શિકારની શોધમાં નીકળી પડ્યો હતો ચારે બાજુ શૂનકાર અને ભયાનક હતી, સ્હામેના ઝાડ ઉપર ઘૂવડ બોલ્યું અને એ માનવી બીજી બાજુ વળ્યો, એક મકાન પાસે આવીને થંભ્યો. એ મકાનએક માળનું હતું, અંદર ઝીણો દીવો બળતો હતો, માનવી સડસડાટ પાછળના પાઇપથી ઉપર ચઢ્યો, બારી વાટેથી અંદર પેઠો. ચારે બાજુ નજર દોડાવી. એક પલંગ ઉપર એક બાઇને અર્ધનગ્ન અવસ્થામાં પુરૂષના વક્ષસ્થળ ઉપર માથું નાખીને પડેલી જોઇ, બુકાની બાંધેલ માનવી એ બાઇને પળવાર જોઇ રહ્યો. ત્હેના સૌંદર્યે ત્હેને ઘેલો કર્યો. સૌંદર્યવતી યુવાન રૂપસુંદરી એ ત્હેના ઉદ્દેશને ભૂલાવી દીધો. લગભગ વીશેક વરસની એની ઉંમર હશે. ત્હેનું મુખ ગમે તેવા બ્રહ્મચારી પુરૂષને પણ ચલાયમાન કરવાની તાકાત ધરાવતું હતું. ત્હેનું વક્ષસ્થળ ઊત્તંગ હતું. ત્હેની પતળી કમર અને વાળનો સેંથો ખૂબ મન મોહક હતો, અને અર્ધનગ્નવસ્થા તો ત્હેના નૈસર્ગિક સૌંદર્યનું પાન કરાવતી હતી. આવી પરિસ્થિતીમાં એ માનવી ચૂક્યો. પોતે શામાટે ઉપર ચઢવાનું જોખમ ખેડયું હતું એ ભૂલી જઇ સુંદરી પાછળ પાગલ બન્યો. કેટલીયે ઘડી સુધી ત્હેણે જોયાકર્યું અને પછી મક્કમ ડગલે આગળ વધ્યો સુંદરીનો હાથ હાથમાં લઇ ત્હેને ચુંબન કર્યું. માથા ઊપર હાથ ફેરવવા માંડયો સુંદરી ચમકી. ત્હેણે આંખ ઊઘાડી અને પોતાની સ્હામે કાળદૂત જોયો, એ ગભરાણી ! હાફલી બની પુરૂષને જગાડવા ત્હેને એ હાથે હલાવવા લાગી પુરૂષ જાગ્યો હતો, પણ ત્હેનામાં પુરૂષત્વ ન્હોતું પરિસ્થિતીનો ખ્યાલ કરી તે પોતાનો જીવ બચાવવાની વેતરણમાં પડ્યો હતો એટલે પડખું ફરી માથે ઓઢી પડી રહ્યો. જાણ્યે કશું બન્યું નહોય તેમ. સુંદરીના ગભરાટનો હવે પાર રહ્યો નહિ સ્હામે નગ્ન ખંજર હાથમાં લઇ કાળદૂત મૂછમાં હસતો હતો. પેલા પુરૂષની નાદાનીયત પર. સુંદરીની જબાન જાણ્યે કે કોઇએ જકડી લીધી હતી. ત્હેનુ શરીર પસીનાથી તરબોળ થઇ રહ્યું. કાળદૂતે ત્હેનો હાથ પકડી પોતા તરફ ખેંચી અને સુંદરી જરાયે આનાકાની વગર ખેંચાણી કાળદૂતે ત્હેને પોતાના ભૂજપાશમાં જકડી લીધી એ પાશવતાની સ્હામે થવામાં સુંદરીનું બળ ગભરાટે હરી લીધું હતું. ત્હેની નિઃસહાય દશા એ ત્હેને બ્હાવરી બનાવી મૂકી હતી, ત્હેને કશું ભાન ન્હોતું ત્હે સંયોગોની પાછળ ઘસડાતી જતી હતી કાળદૂતે જરાયે ભય વગર ત્હેને બાજુના ખાલી રૂમમાં ઉપાડી જઈ નીચે પટકી અને ત્હેના સૌંદર્યનો યથેચ્છ ઉપભોગ કર્યો તે અરસામાં પુરૂષ ધ્રૂજતો પલંગ પર પડયો હતો. મોઢું ઉઘાડીને જોવામાં પણ તેને જાતની સલામતિ લાગતી ન્હોતી કાળદૂતે પોતાની લાલસાને તૃપ્ત કરી જે રસ્તે આવ્યો હતો તે રસ્તે ચાલ્યો ગયો, સુંદરી હજુ ભાનમાં આવી નહોતી પરિસ્થિતીએ ત્હેને બેભાન બનાવી મૂકી હતી જ્યારે જાગી ત્યારે ઘડીઆળમાં પાંચના ટકોરા થયા હતા આજુ બાજુ નજર ફેરવી એ ઉઠી આજે ત્હેને કંઇ ચેન ન્હોતું ત્હેનું શિયળ પરપુરૂષના હાથે લુટાયું હતું. પોતાના ધણીની સ્હામે. છતાં જરાયે રક્ષણ મળ્યું નહિ એ વિચારે ત્હેના આખાયે જીવનમાં પરિવર્તન આણી નાંખ્યું. જે પુરૂષ પોતાની સ્ત્રીનું રક્ષણ ન કરી શકે ત્હેને પરણવાનો હકક શામાટે ? એવા નિર્માલ્ય પુરુષની સ્ત્રી કહેવડાવવા કરતાં તો સ્વતંત્ર જીવન શું ખોટું છે. ત્હેના મગજમાં વિચારના આંદોલનોનું દ્વંદ્વ યુધ્ધ જામ્યું હતું. સારીયે ઘટના પુનઃ ત્હેની દષ્ટિ સમક્ષ ઉપસ્થિત થઈ અને પળવાર તે ધ્રૂજી ઉઠી. સ્હામેના પલંગ ઉપર પુરૂષ આરામથી જાણેકે કશું બન્યું નહોય ત્હેમ પડયો હતો. સુંદરીને ત્હેના તરફ તિરસ્કાર છૂટયો. ત્હેની ઝડપથી સાલ ખેંચી અને શું છે શું છે ? કરતો પુરુષ ઉઠયો ચોતરફ નજર ફેરવી પોતે નિર્ભય છે તેવા વિશ્વાસ પછીજ ત્હેના શરીરમાં ચેતન આવ્યું પાતે કંઇ જાણતો નહોય ત્હેમ સુંદરીને ત્હેણે પૂછ્યું કે આટલી આજે બેચેન કેમ છે. સુદરીએ તેના ઉપર લ્યાનત વરસાવી પોતાની જાનને પરપુરૂષના હાથે ચુંથાતી નજરો નજર જોવા છતાં પણ જાણે કે કશું બન્યું ન હોય તેમ પોતાને પ્રશ્ન કરતો જોઇ તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ તેણે કહ્યું કે નજરો નજર નિહાળવા છતાં પણ શું મોઢું લઇને તમે પૂછો છો પુરૂષ ઉઠયો સુંદરીને બાથમાં લેવાનો પ્રયત્ન કરવા લાગ્યો અને સુદરીએ પડકાર કર્યો ખબરદાર ! તમારાં જેવાં હિજડાઓની બાથમાં ભીડાવા કરતાં તો મૃત્યુ હજાર ગણું વધારે સારૂ છે આજે મ્હારૂં શ્રેષ્ટમા શ્રેષ્ટ ધન લૂંટાઇ ગયું છે. તમે મ્હારૂ રક્ષણ કરી શકો તેમ નથી. આજથી તમારો અને મ્હારો સંબંધ ખલાસ થાય છે હું જીવીશ મ્હારી રીતે. અને સુંદરી ત્યાંથી ચાલી નિકળી, તેને પોતાની નિર્બળતા ઉપર તિરસ્કાર છૂટયો. તને હજારો વીંછીના ડંખની વેદના થતી હતી કુદરત જે તરફ ખેંચી જાય તે તરફ એ આગળ ડગ ભરી રહી હતી પુરૂષને તેની પરવા ન્હોતી તે તો બીજી સુંદરીની શોધમાં પડી તેને ભૂલી ગયો હતો સુંદરી એક ખેતર પાસે આવી ઊભી રહી. તેને થાક લાગ્યો હતો, વિશ્રાંતિ લેવા તે જળાશયના કાંઠે બેઠી, સ્હામે કોશ ચાલી રહ્યો હતો. ખેડુત એકલી સુંદરીને જોઇ આશ્ચર્ય પામ્યો તેણે પુછ્યું કે બેન કયાં રહેવું ? સુંદરીએ કહ્યું કે પાસેના ગામમાં, ખેડુતે કહ્યું કે આમ કયાં જાઓ છો ? કિસ્મત લઇ જાય ત્યાં. સુંદરીએ કહ્યું, કેમ બેન એમ કેમ બોલો છો ? શું તમારૂ કોઇ નિયત સ્થાન નથી ? સુંદરીએ કહ્યું 'ના' તમે અહીં રહેવા દેશો ? ખેડુતે કહ્યું કે ખુશીથી રહો બેન ! થોડા દિવસોમાં સુંદરી ખેડુત લલનાઓ જોડે ભળી ગઇ, ખેતરના કામકાજથી તેનું શરીર ખડતલ બન્યું, તેની ભૂજામાં અપરિમીત બળ ઉભરાયું. તેને આત્મસંતોષ થયો, તેની નિર્ભયતાએ તેના સૌંદર્યમાં અનેક ગણો વધારો કર્યો પણ કોની મગદુર છે કે તેની સામે ઉંચી આંખ પણ કરે, અનેક પ્રસંગોમાં તેણે પોતાના બળનો ઉપયોગ કર્યો હતો હવે પોતાનો ઉદ્દેશ પાર પાડવા એ ખેડુત સ્ત્રીઓનું સંગઠન કરી રહી હતી પોતાનું રક્ષણ પોતે જ કરવું એ તેનો ઉદ્દેશ હતો. આજે પણ એ ઉદ્દેશ પાર પાડવા સ્થળે સ્થળે ઘૂમી રહી છે, અને સ્ત્રીઓને પોતાનું રક્ષણ કરવા માટે વ્યાયામનું શિક્ષણ લેવાનો અનુરોધ કરી રહી છે.

# સ્ત્રી પુરૂષની પત્નિ કે મિત્ર ?

લેખક:-સી. કે. મડિઆ.

.......................રાત્રીના એક વાગ્યાનો સમય હતો. નિશાદેવીએ પોતાનો અંધકારમય પછેડો આખાજગત પર ઓઢાડી દીધો હતો. સર્વ કોઇ નિદ્રાદેવીને શરણ થયું હતું. ફક્ત એક ચાર મજલાના મકાનમાં પહેલે મજલે કોઇએક તરૂણી કંઇ ગુંથી રહી હતી. તેની બાજુમાં પથારી પર કોઇ યુવક સુષુપ્ત દશામાં હતો. પ્રકાશમાં તેનું મુખ ચોકખું દેખાતું હતું તેના મુખ પર વિષાદની છાયા પથરાઇ હતી. તે કોઇ ઉંડા વિચારોમાં સૂતો હોઇ એમ લાગતું હતું.

ટન્ ! ટન્ ! એના ટકોરા થયા. યુવકે પાસું ફેરવ્યું.

"કુસુમ ! હજુ તું સુતી નથી ? યુવકે પ્રશ્ન કર્યો.

"આહવે લગભગ પૂરૂં થવા આવ્યું છે. હમણાંજ સૂઇ જાઉં છું"' યુવતિ એ પ્રત્યુત્તર આપ્યો.

પા એક કલાક પછી બત્તી નિસ્તેજ કરી યુવતી પણ નિદ્રાવશ થઈ ગઇ. અમાવાસ્યાની રાત્રિ હતી. બહાર મેઘલી ધુરકતી હતી.

(૨)

...........................એ યુવકનું નામ અરૂણ હતું. મુંબઇમાં તે ચાર ચાર માસ થયા બેકાર હતો. તેનું લગ્ન બેવર્ષ પહેલાંજ કુસુમ સાથે થયું હતું. કુસુમમાં નામ પ્રમાણેજ ગુણ હતા. તેણી ઉચ્ચ આદર્શોવાળી મુગ્ધ કુમારિકા સરખી હોઇ અરૂણના મનને રંજન પમાડતી આધુનિક કેળવણી તેણીએ લીધી હતી ને શિવણ ગુંથણ વિગેરે ગૃહકાર્યોમાં તેણી પ્રવિણ હતી.

એક દિવસે સાંજે અરુણ શ્વાસ ભેર ઘેર આવ્યો.

"કુસુમ ! કુસુમ ! મને નોકરી જડી ગઇ."

સારૂં થયું કયાં બેંકમાં કે પેઢીમાં ? "

'શરદ' કંપનીના મેનેજરને આજે હું મળ્યો હતો. તેણે મને કહ્યું કે બેંગલોર જગ્યા ખાલી છે. ને ત્યાં હું તને ગોઠવી દઇશ" અરૂણે રૂમાલવતી કપોલ પરનો પરસેવો લૂછતાં લૂછતાં જવાબ આપ્યો.

તે દિવસ અરૂણને સોનાનો હતો. બેકારીથી તે કંટાળી ગયો હતો. તની પાસે યતકિંચિત હતુ તે તેણે ખર્ચી નાખ્યું હતું. બીજે દિવસે અરૂણ 'શરદ' કંપનિના મેનેજરને મળ્યો.

"ત્યારે મી. અરૂણ તમે એકલાજ છોક"

"ના, સાહેબ, મારે પત્નિ પણ સાથે છે."

"પત્નિ" ? પત્નિ' શબ્દ સાંભળતાં મેનેજરની આંખ ચમકી. અમે પત્નિવાળાને ત્યાં મોકલતા નથી."

'કેમ સાહેબ ?'' અરૂણે પ્રશ્ન કર્યો.

"કારણકે તેઓ ત્યાં કામ બરાબર કરી શકે નહિ."

"પણ સાહેબ હું મારી ડયુટી બરોબર બજાવીશ" અરૂણે નોકરીની લાયકાત બતાવી.

"તો પણ અમારી કંપનિના સંચાલકોનો કાયદો એવો છે કે પત્નિવાળાને બેંગલોર ન મોકલવા."

"મારી પત્નિ તો સાથે આવશેજ" અરૂણે ભાર દઇને કહ્યું.

તો good bye નિર્દય મેનેજરે રજા આપી. અરૂણ સાહેબજી કહી ચાલતો થયો.

રસ્તામાં પણ તેનું મન સ્થિર ન હતું. વિચારોની પરંપરામાં તે ગોથાં ખાતો હતો. "સ્ત્રીઓએ શું ગુન્હો કર્યો છે? જેમ પુરૂષો તેમ સ્ત્રીઓ. બન્નેને સમાન હકકો. બન્ને પૃથ્વીપર એક બીજાના દોસ્ત તરીકે રહેલાં છે. પુરૂષ એટલે સ્ત્રીનો જીવન ભરનો મિત્ર, તેનાથી અડગું થવાય કે ? " અરૂણની સામે માનવ જાતિનું એક ચિત્ર ખડું થયું તેમાં તેણે સ્ત્રી પુરૂષને જોયાં. તેઓ તદ્દન જંગલી અવસ્થામાં હતાં, તેઓ નાચતાં કુદતાં વન્યફળોનો આહાર કરતાં ને સુખદુ:ખમાં એક બીજાના સમભાગી થતાં તેઓ પ્રેમથી આકર્ષાયાં ને તેમાંથી પ્રજા ઉત્પન્ન થઇ" અરૂણે એ બધુ વિચારોમાં નિરક્ષ્યું. તે બબડયો. મારી કુસુમ સાથે રહે કારણકે તેણી રસોઇ બનાવી આપે તે માટે નહિ, તેણી મારી કામવાસના પૂરી પાડે તે માટે નહિ કિન્તુ તેણી મારી એક સહગામિની તરીકે, મૈત્રિણી તરીક અરે ! મારા જીવનના સાથી તરીકે" વિચારોમાંને વિચારોમાં ઘર આવ્યું ને તેનું સ્વતંત્ર (vision) તૂટયું.

કુસુમ ચકોર હોઇ અરૂણના મુખપરથી બધું સમજી ગઇ, જમી રહ્યા બાદ અરૂણે બધી હકીકત કહી બતાવી. કુસુમ એઘડી વિચારોમાં પડીને પછી બોલી ઉઠી.

"શા માટે આપણે ગુલામી ઉઠાવવી જોઈએ ? મારી ખાતર આટલું દુ:ખ તમે સહન કરો ! ને હું શું એમને એમ બેસી રહું ? હું પણ શા માટે મહેનત ન કરૂં ? ".

'શાની ?' અરૂણે પ્રશ્ન કર્યો.

'મારી કળાની' પ્રત્યુત્તર મળ્યો.

'કઇ કળા ? વળી અરૂણે પ્રશ્ન કર્યો.

"મારી ગુંથણી. હું ભાત ભાતનું ગુંથીશ ને પછી તેનું હું વેચાણ કરી મારો ખર્ચ ચલાવીશ. મારા જીવનની જરૂરીઆતો હું ઓછી કરીશ ને મારા ગુંથણથી જે કંઇ ઉપાર્જીત થશે તે હું મારા ખર્ચાર્થે વાપરીશ. તમો નિશ્ચિત રહો. તમારા ખર્ચ પુરતીજ તમે ચિંતા કરો. મારે મારૂં કર્તવ્ય સમજવું જોઇએ. તમે મારા હૃદયના સ્વામી નથી તેમજ હું તમારા હૃદયની દેવિ નથી. જ્યાં પુરૂષ અને સ્ત્રી બન્ને સમાન હકકો લઇ સર્જાયાં ત્યાં પતિને પત્નિ શું? પુરૂષ સ્ત્રીનો જીવન ભરનો મિત્ર ને તે મિત્રતા તેણે આજીવન સુધી બરોબર પાળવી જોઇએ. "

'આ ! હા ! હા ! કુસુમ તને ધન્ય છે. તેં તારી ફરજ બરોબર બતાવીને સાથે સાથે મારી ફરજનું ભાન કરાવ્યું. ધન્ય છે તારી ઉચ્ચ મનોવૃત્તિને ! જગતમાં આવા આદર્શો વાળાં બધાં સ્ત્રી પુરૂષો થઇ જાયતો કેવું સારૂં ! ને પછી તો રાષ્ટ્ર–રાષ્ટ્ર, દેશ–દેશ વચ્ચેનું અંતર તૂટી જશે. વેરઝેર તેમાં હોમાઇ જશે. ને ખંડે ખંડના ઇર્ષ્યાના તાળાં તૂટી જશે. નવી દુનિયા દીપક રાગે આવશે ને તેથીજ માનવ જાતિનો ઉદ્ધાર થશે".

રાત્રિ થઇ ચૂકી હતી. 'ઉસલો !!! ઉ......સ ! કુલફી મલાઇ ! વિગેરે ફેરીઆની ખૂમો પણ સંભાળતી બંધ થઇ ગઇ. અરૂણને કુસુમ સ્ત્રી સ્વાતંત્ર્યની નિર્દોષ વાતો કરતાં નિદ્રાલેપ થયાં.

# પરતંત્રતા યાને ગુલામીમાં સડતું આજનું અજ્ઞાન કુટુંબ.

લેખક:—સી. કે. મડીઆ.

આખા કુટુંબમાં વહુની સ્થિતિ સૌથી કફોડી છે તેથી તેની સ્થીતિ અને સ્થાન આપણે જોઇએ.

### વહુ

( ૧ )

વ્યાખ્યા (Definition):–'વહૂ' શબ્દની સાદામાં સાદા શબ્દોમાં વ્યાખ્યા આપતાં એવો અર્થ નીકળે છે કે વહૂ એટલે 'પતિની ગુલામડી ને સાસુની વગર પૈસાની મજુરણ'.

સ્થાન (Position):–ઘરમાં સૌથી ઉતરતું સ્થાન વહૂનું છે. નથી કોઇપણ કાર્યથી તેણીને વાકેફ કરવામાં આવતી કે નથી તેની સંમતિ લેવાતી.

કર્તવ્ય (Duty):–વહુની વ્યાખ્યાને સ્થાન બરોબર જાણ્યા પછી તેણીનું કર્તવ્ય શું હોવું જોઇએ તેનો ખ્યાલ આવતાં વાર લાગશે નહિ.

૧. તેણીને સવારના છ'થી રાતના નવ દસ સુધી ધોબીનું ઘાટીનું વિગેરે કામકાજ કરવું.

૨. પતિની સેવામાં હાજર રહેવું.

૩. માતા સમોવડી સાસુની આજ્ઞા ઉઠાવવી ને ભૂલચૂક આવે તો તેઓશ્રીના મેણાં ટોણાં ખાવાં.

૪. દેર હોય તો તેની હકુમત ઉઠાવવી વિગેરે. આ એનું આખા દિનનું કર્તવ્ય, નથી એને મોજશોખ કરવાનો કે બે ઘડી બેસી આનંદ કરવાનો ટાઇમ મળતો. આજ તેનું જીવન.

( ૨ )

### સાસુ

વ્યાખ્યા (Definition):–સાસુની વ્યાખ્યા ફક્ત બેજ શબ્દોમાં આપતાં માલુમ પડે છે કે 'સાસુ એટલે વહુનો તો શું પણ આખા ઘરનો સૂબો. અથવા પેલા 'તરુણજૈન'ના તંત્રીના શબ્દોમાં કહીએ તો 'સાસુ એટલે વહુને માટે આપઘાત પ્રેરક પ્રાણી.'

સ્થાન (Position):–સાસુના જેવું સ્થાન ઘરમાં બીજા કોઇનું નથી. હીંદી વજીરને પણ અમૂક ફરજો બજાવવાની હોય છે ને પાર્લામેન્ટને જવાબદાર રહેવું પડે છે કિન્તુ સાસુ તદ્દન બેજવાબદાર છે, તે વંધ્ય પણ અવંદનીય, પૂજ્ય પણ અપૂજનીય.

કર્તવ્ય (Duty):–સવારથી સાંજ સુધી વહૂ પર ઊભો હુકમ (standing order) ચલાવવો ને તેણીના કામમાં ઉણપ આવે તો ઠપકો, મેણાં ટોણાં મારી સતાવવી ઘરના ઉંબરા પર કાળી નાગણની જેમ બેસી શકદારની જેમ વહૂ પર ચોકી કરવી. પોતે સાસુ હોઇ હરવા ફરવા જવાય નહિ અને વહૂદીકરો જાય તો ફીટી જાય એ ન્યાયે તેમને પણ ફરવા જવા દેવા નહિ. બહુ થાય ત્યારે છોકરાંને રાખવાં. બસ આટલુંજ સાસુજીનું કર્તવ્ય.

### પતિ

( ૩ )

વ્યાખ્યા (Definition):–પતિ એટલે સ્ત્રીનું સ્વાતંત્ર્યને સૌંદર્ય લુંટી લેનાર નિષ્ઠુર હૃદયનો યમરાજ !

Boa–Coustria કે Bull–dog ની જેમ તે સ્ત્રીને ગુલામડી બનાવી દે છે.

સ્થાન (Position):–હીંદી વઝીરથી ઉતરતું સ્થાન જેમ વાઇસરોયને છે. તેમ ઘરમાં સાસુથી ઉતરતું સ્થાન તેના પુત્રનું છે. 'મા કહે તે કબુલ' એ એનો જીવનમંત્ર છે,

કર્તવ્ય (Duty) ઉદરાર્થે દશ કલાક રોજની નોકરી કરવી ને રાત પડતાં ઘસઘસાટ ઉંઘી જવું એજ એનું કર્તવ્ય ન સ્ત્રીની પાસે બેસી મીઠો વાર્તાલાપ કરવો કે ન તેણીને હરવા ફરવા લઇ જઇ મનને રંજન પમાડવું.

નણંદ ને દેરનું સ્થાન નહિ જેવું છે નણંદ જો સારી હોય તો તેણી ભાભીને મદદ કરે છે તેનાં સુખદુઃખમાં ઉભી રહે છે ને તેણીના દુઃખથી તેનું હૃદય પણ દ્રવે છે.

દેર હંમેશાં ઉચ્છૃંખલ હોય છે. ભાભીને તેની હકુમત ઉઠાવવી પડે છે.

વાંચકને સમજાશે કે ઘરમાં સૌથી બુરૂ સ્થાન વહુનું છે. પરતંત્રતાના ગર્તમાં તેણી સબડી રહી છે. સમાજની કુરૂઢિઓ, પતિ તરફની રંજાડને સાસુઓની સતામણીથી તેણીનું હૃદય કાયમ દ્રવતુંજ રહે છે., તેણી અજ્ઞાન હોઇ અનાથ અને બિચારી બને છે ને ઉંડા નિઃસાસા નાંખી સમાજને ભયંકર શાપો દે છે.

જ્યાંસુધી સ્ત્રીનું સ્થાન ઉંચુ નહિ આવે, જ્યાંસુધી પતિઓ 'સ્ત્રીએ જીવનભરનો મિત્ર છે' એમ નહિ સમજે ત્યાંસુધી સમાજનો ઉધ્ધાર થશે નહિ. આ બધું આજના યુવકો ને યુવતિઓ ને શિરે ઝઝુમેલું છે, તેઓએ પોતાની ફરજ સમજવી જોઇએ.

# સ્ત્રીઓ પ્રત્યે સમાજનું કર્તવ્ય.

જ્યારથી ગુજરાતને આંગણે મહાત્મા ગાંધીજીનાં પુનિત ચરણ થયાં અને તેમણે સામાજીક સુધારાઓ તરફ મીટ માંડી ત્યારથી સ્ત્રી પુરૂષની સમાનતા સમાજ સ્વીકારતો થયો. પુરૂષ વર્ગ સ્ત્રીઓ તરફ જે બેદરકારી ભર્યું વલણ બતાવતો હતો તે વલણમાં ફેરફાર થયો. બ્હેનો પણ જેમ જેમ કેળવણી લેતી થઇ. તેમ તેમ તેની કંગાળ દશાનું ભાન થવા લાગ્યું અને તેમણે પોતાની દશા સુધારવાનો વ્યકિતગત પ્રયત્ન કર્યો પછી તો મહાત્માજીએ સન ૧૯૨૧ માં સત્યાગ્રહની લડત ઉપાડી, સ્ત્રીઓમાં પણ એ લડતે પ્રાણ પૂર્યો. ત્હેમાં સ્વમાન ઉત્પન્ન થયું અને વડિલો, જ્ઞાતિઓ, અને રાજ્ય સ્હામે પણ બંડ પોકાર્યું અને સ્ત્રી શકિતનો પ્રચંડ પરિચય આપ્યો.

વઢવાણમાં 'શાંતા' નામની એક પરિણિત યુવતિ ઉપર કોઇ હરામખોરે એકાંતનો લાભ લઇ ઇજ્જત લેવા હુમલો કર્યો, શીયળ-રક્ષા માટે શાંતા બ્હેને બ્હાદુરી ભર્યો સામનો કર્યો અને જીવનનો ભોગ આપી શીયળનું રક્ષણ કર્યું. સ્ત્રીઓમાં રહેલા ખમીરનો પરચો બતાવ્યો, બીજો બનાવ વાંઝ ગામની કુમારી કમળાબ્હેને તેમનું સગપણ વૃધ્ધ સાથે કરવા માટે માબાપ, સગાવ્હાલાં અને કુટુંબીઓથી જરાયે ગભરાયા વગર અને તેમની ધમકીઓને જરાયે મચક ન આપતાં સફળ બંડ ઉઠાવ્યું હતું અને પિતાના ઘરને તિલાજલી આપી મામાના ઘરનો આસરો લીધો હતો. તેમજ પોતાના પિતાની પિશાચી લીલાને ઉઘાડી પાડી બાપોકાર જાહેર કર્યું કે મારા પિતાએ પૈસાની લાલચે મ્હને વૃધ્ધ સાથે વળગાળી દેવાનો તાગડો રચ્યો હતો આવી હિંમત દેખાડનાર બ્હેન કમળાને ખરેખર ધન્યવાદ ઘટે છે. અને આવા સંજોગોમાં ફસી પડતી બીજી કુમારિકાઓ જ્યારે બેન કમળાનું અનુકરણ કરશે ત્યારેજ પુત્રીનો વેપાર કરનાગ પિતાઓની સાન ઠેકાણે આવશે, ઘરના ખૂણે થતા કાવાદાવા અને પ્રપંચથી ભરપૂર સ્વાર્થી વેવિશાળો સ્હામે ખુલ્લો પડકાર કરી બંડ ઉઠાવવાની હિંમત હવે કુમારિકા-ઓએ કરવી પડશે, અને સમાજ સુધારકોએ તેને પુરતો સહકાર આપી તેની લડત સફળ થાય તે જાતના પગલાં ભરવાં જોઇશે. આવી રીતે થતા હિચકારા હુમલા સ્હામે અને કુમારિકાઓને થતા અન્યાયની સ્હામે બંડ ઉઠાવવાની હિંમત તેમનામાં ખીલે એ જાતનું આત્મભાન જાગૃત કરવાની જરૂર છે. શહેર કે ગાંમડામાં રહેલી બેનોની બીક જતી રહે અને તેની શકિતનો વિકાસ થાય એ જાતના પ્રસંગો ગોઠવવા જોઇએ. ગ્રામ્યલલનાઓ મહિનામાં એકવાર એકઠી થઇ નકામી કુથલી, નિંદા વગેરે વાતાવરણને દૂર કરી પોતાની ઉન્નતિ કેમ થાય. પોતાનામાં રહેલી બીક દૂર કેમ થાય. દુઃખના પ્રસંગે અરસપરસ કઈ રીતે સહાય આપી શકાય. બાળલગ્ન. વૃધ્ધલગ્ન કન્યાવિક્રય આદિ સ્ત્રી જીવનને ચૂસતા કીડાઓ કઇ રીતે દુર થાય. રૂઢિનો ભોગ થતી બાળાને કઈ રીતે બચાવવી આદિ પોતાને લગતા ભિન્ન ભિન્ન વિષયો કોઇ વિદુષિ બેનના સાનિધ્યમાં ચર્ચી વિચારોની આપલે કરે તો સ્ત્રી સમાજના ઘણા પ્રશ્નોનો આપ મેળે નિકાલ આવી શકશે, પુરૂષવર્ગ જો સ્ત્રીઓને આ રીતે સહકાર આપે અને તેને સાધનો મેળવી આપે તો સ્ત્રી સમાજની ઉન્નતિ બહુજ શીઘ્ર થઇ શકે અને પોતામાં રહેલ ખમીર સમાજને બતાવી શકે.

**રમેશ મેતા**

# સ્ત્રી અને પુરૂષ વચ્ચેની સમાનતા.

આપણા સમાજોમાં વ્યકિતગત્ સ્વાતંત્ર્ય ને કેટલું સ્થાન છે તે આપણે એકવાર બીજા દેશોના સમાજોમાં રહીને અનુભવીએ ત્યારે તેનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે. આપણી જાત જાતની પ્રવૃત્તિઓમાં સામાજીક ધારા ધોરણો અને રીતરીવાજો એટલા બધા આડે આવે છે કે જેને લઇને દરેક સ્ત્રી અને પુરૂષ પોતાની પ્રગતિ કરી શકતો નથી. તેમાં યે સ્ત્રીને તો આપણા સમાજે અનેક બંધનોથી જકડી તેના વિકાસને સદાને માટે દબાવી રાખ્યો છે. કોઇ કોઈ સમાજોમાં તો સ્ત્રીઓને પોતાના કુટુંબોની બહાર જરાપણ ફરવા દેવામાં આવતી નથી. પરદાઓ અને બુરખારૂપી જેલખાના-ઓમાં પુરાએલી એ માતાઓને દુનિયાની અવનવી પ્રગતિઓ અને ભિન્નભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓનો ખ્યાલ પણ કયાંથી આવે ! પરિણામે સ્ત્રી અને પુરૂષના માનસમાં એટલું બધું અંતર પડી જાય છે કે જેથી પુરૂષ સ્ત્રી વચ્ચે મિત્રતા ભાગ્યેજ પેદા થાય છે. સ્ત્રી એટલે જીવન ભરનો મોટામાં મોટો સાથી.

સ્ત્રીઓનો મોટો ભાગ, સામાજીક, આર્થિક, કે રાજદ્વારી પ્રશ્નોમાં જરાપણ ભાગ લેતો નથી જોકે–ગઇ (૧૯૨૨–૧૯૩૨, સ્વરા-જની લડત બાદ ઘણો ફેરફાર થયો છે. પણ તે છતાં યે તેવી રસ લેતી સ્ત્રીઓ ઘણીજ ઓછી નજરે પડે છે. પરિણામે આપણી પ્રજામાં જોઇતી પ્રગતિ થઇ શકતી નથી. જ્યાં માતાઓ બીલકુલ અજ્ઞાન હોય, ત્યાં તેની પ્રજા પ્રગતિમય કેવી રીતે સંભવી શકે. દુનિયાના મહાન શિક્ષણકારોનું માનવું છે કે બાળકોનો મોટામાં મોટો ગુરૂ તે તેની માતાઓ છે, પણ ડરપોક, અશિક્ષીત કે અણઘડ માતાઓ દુનિયાના ચાલી આવતા રીવાજો સિવાય બીજી કંઇ ચીજોનું જ્ઞાન તેમના બાળકોને આપી શકે ?

જ્યાં સુધી સ્ત્રી પુરૂષના નિર્દોષ સામાજીક સમાગમને આપણે બધા શંકાની દ્દષ્ટિથી જોઇશુ ત્યાં સુધી સ્ત્રી અને પુરૂષ વચ્ચે મ્હોટું અંતર રહેશે. પુરૂષનોજ માનસિક વિકાસ થવાની જરૂર છે, અને સ્ત્રીઓની માનસિક વિકાસ થવાની જરૂર નથી એવી માન્યતાએ આપણા સમાજમાં લાંબા વખતથી ઘર ઘાલ્યું છે. આ માટે સ્ત્રી આપણા બધાજ સામાજીક, આર્થિક, કે રાજદ્વારી પ્રશ્નોમાં ભાગ નથી લઇ શકતી, આપણે બધા એમ માની બેઠા છીએ કે તેને તે બધા પ્રશ્નોમાં ભાગ લેવાની કંઇ જરૂર નથી. અને આવી અવળી માન્યતામાં ફેરફાર કરવા માટે વિચાર સરખોયે કરવાની કોને નવરાશ છે ? બીજા દેશોમાં સ્ત્રીઓને કેટલા સમાન હકો અપાયા છે તેનો ખ્યાલ આપણે બધા કરીએ–અને તેનાથી સમાજને કેટલો બધો ફાયદો થયો છે તેનું મનન જો આપણે કરીએ તો સમાનતા આપવા માટે અપણે વિચાર પણ કરવાની જરૂર રહેશે નહિ.

ઘણા ખરા માબાપો એમ માને છે કે છોકરીઓને બહુ ભણાવવાની શું જરૂર છે. કારણ માત્ર એટલુંજ કે તેમના દ્દષ્ટિબિન્દુ માં ઘણોજ ફેર છે તેમના માનવા મુજબ સ્ત્રીને સંસારમાં રાંધવાં અને બાળકોની માતાઓ થવા સિવાય બીજું કંઇજ કામ નથી તેવી સંકુચીત દ્દષ્ટિએ ભલે તેમને શિક્ષણની જરૂર ન લાગે પણ

# સ્ત્રીઓની અવનતિનું કારણ

વ્યાખ્યાતા:-**વિમળાબ્હેન.**

ચૈત્રી પુનમને દિને 'વનિતા ઉદ્ધારક મંડળ' ની બ્હેનો સિદ્ધાચળની યાત્રા કરી એ પવિત્ર પહાડના શુદ્ધ વાતાવરણમાં જરા રસ્તાના શ્રમને અંગે વિશ્રાંતિ લે છે. ત્યાં એક બ્હેને પ્રશ્ન મુકયો, આજની આપણી અવનતિનું કારણ શું ? અને બીજી બ્હેનો ત્હેમાં રસ ભેર જોઇ રહી વિમલા બ્હેને આ પ્રશ્ન ઉપાડી લીધો ને કહ્યું. બ્હેનો ! આજની આપણી અવનતિનું કારણ અજ્ઞાનતા છે. જયાં સુધી આપણને યોગ્ય શિક્ષણ નહિ મળે ત્યાં સુધી આપણી ઉન્નતિ મ્હને તો અશકય જણાય છે. આપણે સેંકડો વર્ષો થયા આર્થિક પરાધીનતામાં સપડાયા છીએ. અને એજ કારણ છે. પુરૂષો આપણને ગુલામ સમજે છે, ત્હેને અંગે શિક્ષણ પણ આપણને મળી શકતું નથી પુરૂષો જાણે છે કે જો સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવશે તો એ આપણી ગુલામી કરશે નહિ આપણું ઘરકામ બગડશે અને વર્ષો થયાં પુરૂષ સમાજના સ્વાર્થ ખાતર સ્ત્રીઓ ઉપર જે બંધનો લદાયાં છે. ત્હેનો પળવારમાં નાશ થશે. આર્ય સંસ્કૃતિના નામે સ્ત્રીઓ ઉપર જે સંસ્કાર નાંખવામાં આવ્યા છે. તે નષ્ટ થશે અને આજનું સામાજીક બંધારણ કે જે ફકત સ્ત્રીઓના વ્યાપાર માટેજ ટકી રહ્યું છે ત્હેનો નાશ થશે. આપણે બધી બ્હેનો સ્હમજી શકીએ છીએ કે આ બંધારણમાં આપણું સ્થાન કયાં છે? લગ્ન જેવી પવિત્ર બાબતમાં પણ જયારે આપણો અભિપ્રાય માંગવામાં આવતો નથી તો બીજી બાબતોની તો વાતજ શીકરવી ? જન્મથી લઇ કરીને મરણ પર્યંત આપણી પરાધીનતાને જરાયે આંચ આવતી નથી જન્મતાંની સાથેજ પ્રથમ તો માબાપ મોંઢું કટાણું કરે છે. અને પછી સાત આઠ વરસની ઉંમર થાય ત્યારે શિક્ષણ આપવાને બદલે ઘરકામમાં ઉપયોગ કરવામાં આવે છે. જરાક હસીને વાત કરીએ છીએ તો વડીલેના શબ્દ પ્રહારો સહન કરવા પડે છે કોઇ કોઇ વખત માર પણ પડે છે. ત્યાર બાદ બાર કે તેર વરસની ઉંમર થતાં તો બ્હાર જવાનું પણ આપણે માટે દુષ્કર હોય છે. આપણા ઉપર સખ્ત નજર રહે છે રખેને છોકરી કંઇ કરી બેસે તો ? એ અવસ્થામાં આપણને સાપનો ભારો ગણવામાં આવે છે. જેમ બને તેમ જલ્દી લગ્નની વેતરણ થાય છે. અને લાકડે માકડું વળગાળી જાણેકે પોતાની ફરજ માંથી મુકત થયાં હોય ત્હેમ છૂટકારાનો દમ ખેંચે છે. આપણે સાસરે જઇએ છીએ ત્યાં પરાધીનતા વધારે મજબૂત બને છે. કારણકે પિતૃગૃહે તો ઘરમાં આપણે સ્વચ્છંદતાથી ફરી શકીએ છીએ પણ શ્વસુર ગૃહે તો ઘરમાં અને બ્હાર બહુજ સંકોચ રાખવો પડે છે. ગળા સુધી ઘુમટો ખેંચવો પડે છે. સાસુ અને નણંદના મેંણા ટુંણાં સાંભળવાં પડે છે. સ્હવારના પાંચ વાગ્યાથી લઇને રાત્રિના અગ્યાર વાગ્યા સુધી ગુલામની માફક ઘરકામ કરવું પડે છે. છતાં ખાવા માટે સાસુ સામેજ નજર નાંખવી પડે છે. એનો હુકમ થાય તોજ ખાઇ શકાય નહિતર ભૂખ્યું રહેવું પડે. આ સ્થિતિ અસહ્ય છે. તદુપરાંત જો પતિદેવ શાણા હોય તો ઠીક નહિતર રાત્રિએ પણ આપણને આરામ નથી. આવી પરિસ્થિતિમાં કોઇક બ્હેન બંડ ઉઠાવે તો ત્હેનું પરિણામ બહુજ ભયંકર આવે છે. સ્ટવ અકસ્માતના નામે ત્હેને જીવતાં શેકાવું પડે છે. આજનો યુવાન વર્ગ આ પરિસ્થિતિ જાણે છે, પણ સંયોગોની સ્હામે થવાની ત્હેની હિંમત નથી; એટલુંજ નહિ પણ ત્હેમની શકિતઓ મર્યાદિત છે. એટલે આપણે ત્હેમની હમદર્દી સિવાય બીજી કંઇ પણ આશા રાખીએ એ નિરર્થક છે. એટલે આપણે ઉન્નતિ કરવી હોય તો આપણે આપણા પગ ઉપર ઊભાં રહેતાં શીખવું પડશે. આર્થિક અસમાનતા ટાળવા માટે સ્ત્રીઓનું માનસ કે જહેના ઉપર આર્ય સંસ્કૃતિના નામે અનેક જાતની વ્હેમી માન્યતાના થરો જામેલા છે ત્હેને દૂર કરી ત્હેમાં પલ્ટો આણવો પડશે અને શિક્ષણને અંગે ફરજ પાડવી પડશે. કન્યા કેળવણી માટે ચળવળ ચલાવવી પડશે અનેક આપણી બીજી બ્હેનો જે અજ્ઞાન જન્ય કષ્ટ ઉઠાવી રહી છે. ગુલામીમાં ધર્મ માની પોતાની જાતને નીચોવી રહી છે. તેવી બ્હેનોના આત્માને જાગૃત કરવો પડશે. પુરૂષ જાત પાસેથી સ્વાધીનતા મેળવવી હોય, અને મનુષ્ય તરીકે જીવન જીવવું હોય તો આપણે આપણામાંથી અજ્ઞાનના નાબૂદ કરવી પડશે અને આપણા પગ ઉપર ઉભા રહેવા માટે નાના પ્રકારના ઘરગથ્થુ હુન્નર ઉદ્યોગ શીખવાં પડશે. આપણને જયારે વિશ્વાસ આવશે કે આપણી દરેક જરૂરીઆતને પહોંચી વળવાની યોગ્યતા આપણામાં સંપૂર્ણ બની છે તે દિવસે કોઇ પણ શકિત આપણો અનાદર કરી શકશે નહિ, આપણી પરાધીનતા દૂર થશે, અને આપણું વ્યકિતત્વ વિશાળ બનશે.

---

નવયુગને સમજતો ભવિષ્યની જરૂરીયાતો સંમજતો સમાજ સ્ત્રી શિક્ષણની ઉપયોગિતા " જરુર સમજી શકશે.

ખરૂં સમાનતા એ સ્ત્રીઓનો જન્મસિદ્ધ હકક છે. જેવી રીતે આપણે બધા હવે માનતા થયા છીએ કે સ્વરાજ્ય એ દરેક પ્રજાનો જન્મસિદ્ધ હક છે, જેવી રીતે વ્યકિતગત્ સ્વાતંત્ર્ય એ બધીજ વ્યકિતઓનો જન્મસિધ્ધ હક છે. તેવીજ રીતે સમાનતા એ સ્ત્રીઓનો જન્મસિદ્ધ હક છે. જે હક પુરૂષોએ જમાનાઓ થયાં છીનવી લીધો છે, તે તેમને પાછો આપવો કે ન આપવો તેનો વિચાર આપણે કરીએ છીએ, તેમજ તે વિષે ઠરાવો કરવાની આપણી સરમુખત્યરી હોય તેમ આપણે માનીયે છીએ. જે હક આપણે પચાવી બેઠા છીએ તેને આપણે વગર માગ્યે તેમને આપી દેવો જોઇએ આપણે સ્ત્રીઓને જ્યારે સમાનતાની તેમની બધીજ શકિતઓને વિકસવા દઇ તે શકિતઓનો સમાજ દેશ કે વિશ્વપ્રગતિ માટેના આંદોલનોમાં ઉપયોગ કરતાં શીખીશું તે દિવસથી આપણો વિકાસ અને ઉન્નતિ ખરી ઝડપે આગળ વધશે ને દુનિયામાં આપણી ગણત્રી થશે.

# મહિલાઓની ઉન્નતિનો માર્ગ.

—કુમારી નલીની મ્હેતા.

૧ સમાજમાં પુત્રનો જન્મ થતાં જેટલો આનંદ થાય છે, તેટલોજ આનંદ પુત્રીનો જન્મ સાંભળીને થવો જોઇએ. છોકરી જ્યારે પાંચ વર્ષની થાય ત્યારે નિશાળે મૂકવી જોઇએ. છોકરાઓને ભણાવવામાં જેટલું લક્ષ્ય આપીએ છીએ તેટલું લક્ષ્ય છોકરીઓને ભણાવવામાં અપાવું જોઇએ.

૨ પ્રગતિ તરફ ગમન કરવા માટે શારિરીક તંદુરસ્તી અને બળની અનિવાર્ય આવશ્યકતા છે માટે દરેક સ્થળે છોકરીઓ માટે કસરતના અખાડા ખોલવા જોઈએ. જેટલી જરૂરત ખોરાક અને હવાની છે. તેટલીજ કસરતની જરૂરત છે. તેમને પૌષ્ટિક ખોરાક જેવોકે ઘી, દૂધ ફળ વગેરે આપવાં.

૩ છોકરીઓને ચાલુ શિક્ષણ સિવાય ભરત, ગુંથણ, સંગીત રાંધણકળા આર્થિક સ્વાયત્તતા અને બાળ ઉછેર વગેરેનું જ્ઞાન પણ મળવું જોઇએ.

૪ અણઘડ દાયાણીના હાથે કેટલીક સ્ત્રીઓનાં અકાળે અવસાન થતાં નજરે પડે છે અને તેમાં મુખ્યત્વે કરીને ગ્રામ્ય લલનાઓ તેનો વધુ ભોગ બને છે. એટલે ગામડે ગામડેપ્રસૂતિ ગૃહો અને શિક્ષણ સંસ્થાઓ ખોલાવી જોઇએ. શિક્ષણ વગરના કેટલાક કુટુંબોમાં સાસુ નણંદ કે જેઠ જેઠાણીના ત્રાસથી ઘણી સ્ત્રીઓ કુવે પડીને ઝેર ખાઇને કે બળી મરીને પોતાના જીવનનો અંત આણે છે. આવી સ્ત્રીઓનો માનસ પલટો થવો. જરૂરી છે.

૫ પહેલાના વખતમાં સ્ત્રીઓને સર્વ પ્રકારનું શિક્ષણ મળતું, અહલ્યાબાઈ હોલ્કર, મહારાણી લક્ષ્મીબાઇ, મહારાણી વિકટોરીયા. આદિ મહિલાઓએ મ્હોટા મ્હોટા રાજ્યની લગામ હાથમાં લઇ સંતોષ પૂર્વક પોતાની ફરજ અદા કરી છે. શું પુરૂષોમાં બુધ્ધિ છે અને સ્ત્રીઓમાં નથી ? પણ આજે તો સ્ત્રીઓની બુધ્ધિનો વિકાસ થવાં દેવામાં આવતો નથી. તેને ઘરમાં ગોંધી રાખવામાં આવે છે. પુરૂષો વિવિધ ક્ષેત્રોમાં ઘૂમે છે. ત્યાં પાશ્ચિમાત્ય લલનાઓ જોઇ ઘેર આવી કહે છે કે તમને કંઇ આવડતું નથી. પુરૂષ સમોવડી બનતાં હજુ તમને વાર છે. એવું કહી ધુત્કારે છે. પણ સ્ત્રીઓનો દરેક ક્ષેત્રોમાં સહકાર માંગવામાં આવે અને તેને દરેક સ્વતંત્ર વર્તાવ મળે તો પાશ્ચિમાત્ય લલનાઓ કરતાં આર્યલલના જરાયે ઉતરતી નહિ રહે. પરંતુ પુરૂષોએ દરેક ક્ષેત્રોમાં પોતાની સાથેજ તેને અનુભવ જ્ઞાન આપવું જોઇએ.

૬ કેટલેક સ્થળે છોકરીઓને ન્હાની ઉંમરમાં પરણાવી દેવામાં આવે છે. પરિણામે ન્હાની ઉંમરમાં માતા બને છે. નતો તેને કશું શિક્ષણ મળે છે કે નતો તેની બુધ્ધિનો વિકાસ થાય છે. શારિરીક બાંધો પણ સાવ નકામો થઇ જાય છે. અને અકાળે તેનું અવસાન નિપજે છે. એટલે બાળ લગ્ન તદન બંધ થવા જોઇએ.

૭ સ્ત્રીઓ બપોરના ફુરસદના ટાઇમે નકાંમી કુથલી કે નિંદા કરી વખત ગુમાવે છે, તે કરતાં હુન્નર ઉદ્યોગની શાળાઓમાં શિક્ષણ લે તો તેની બુધ્ધિનો વિકાસ થાય. પગપર ઊભા રહેતાં શીખે; અને આત્મ વિશ્વાસ જાગૃત થાય એટલા માટે દરેક સ્થળે હુન્નર ઉદ્યોગશાળાની આવશ્યકતા મનાવી જોઇએ.

અમદાવાદમાં જ્યોતિ સંઘનો કેટલીક બ્હેનો લાભ લે છે જોકે તેમાં કેટલીક બ્હેનો શોખને ખાતર જાય છે. છતાં મ્હોટા ભાગની બ્હેનો તો આર્થિક સ્થિતિ સધ્ધર ન હોવાથી આજીવીકા અર્થે તેનો લાભ છે. દરેક સ્ત્રીઓ આર્થિક રીતે પગભર થવા એકાદ હુન્નરનો વિષય લઇ પ્રયત્ન કરે અને કેળવણી મેળવી જીવનની મોજ ચાખતાં શીખી જાયતો સમસ્ત નારી જગતની શીઘ્ર ઉન્નતિ થયા વગર રહે નહિ.

# "માનકી"

—કમળ.

સારૂંયે વોડકા ગામ આજે ગમગીનીથી છવાઇ ગયું હતું. એમની લાડકવાયી દીકરી, ગામની રૂપસુંદરી, યુવાનોના હૃદયની અધિષ્ટાતા માનકીને આજ કોઇ બુઢ્ઢો પૈસાને જોરે એમની પાસેથી ઊપાડી જતો હતો. માનકીને ઘેર—એના માબાપને ઘેર આજે લાડુની ઉજાણી થઈ રહી હતી. માબાપના હૃદય આનંદથી ફુલાઇ જતા હતા. માનકીને પૈસાદાર સાસરૂં મળ્યું એટલા માટે નહિ. પણ પોતે માનકીથી પૈસાદાર થયા એના ઉલ્લાસમાં.—માનકીના હૃદયમાં આજે હોળી સળગતી હતી. હજારોના હૃદયની એ દેવી માનકી અત્યારે કોઇ બુઢ્ઢાને દેવ બનાવતી હતી,

છેવટે માનકી હોમાઇ, એ બાપ:જેવા બુઢ્ઢાનો એણે ચિતાની શાક્ષીએ હાથ ઝાલ્યો. ગામને રડતું રાખીને, માબાપને રાજીકરીને એ હંમેશને માટે કોઇ અજાણ્યા બુઢ્ઢાની સાથે ચાલી ગઇ.

વીસ વરસની એ માનકી ઘેર આવતાંની સાથે ૭ છોકરાંની 'મા' બની. એનાથી ઉંમરમાં મોટા એવા એના છોકરાઓથી એ ચારે બાજુથી ઘેરાઇ ગઇ. છોકરાઓ બાપની પસંદગી પર આફ્રીન પૂકારી ઉઠયાં, અને ઘડીભર માટે છોકરાઓ તરીકેનું પોતાનુ કર્તવ્ય ભૂલી જઇને પોતાથી અપર માનીને પત્નિના રૂપની સરખામણી કરવા મંડી ગયા.

હવે તો ગરીબ માનકી શેઠાણી બની. એનો દોરદમામ વધી ગયો એના એક બોલે છોકરાઓ હાજર થતા. એના એક ઘાંટે નોકરો થરથરી જતાં અને માનકી પણ પોતાની જાતને ધન્ય માનવા લાગી. આવી રીતે માનકીનો સંસાર બે વર્ષ ચાલ્યો ન ચાલ્યો ને એક દિવસ ડોસાજી ભયાનક માંદા પડયા. એની સારવાર થાય ન થાય એ પહેલાં તો એ દમીયલ ડોસા સ્વર્ગે સીધાવ્યા. માનકી, બિચારી બાવીસ વર્ષની માનકી વિધવા બની. સમાજને મન એક શ્રાપરૂપ પ્રાણી બની, એના છોકરાઓને મન એના બાપનો જીવ ભરખી જનારી ડાકણ બની. ગઈ કાલની 'બડી' શેઠાણી આજે નોકરોને મન એક નજીવું પ્રાણી બની.

મહેલમાં રહેનારી માનકી, હજારોને દાન દેનારી માનકી એક નાનાશા ઘરમાં રહેવા ગઇ એને રોટલાના પણ સાંસાં પડવા માંડયા.

પેટ માટે માનવી શું કરતો નથી ? પેટે માનવી પાસે ભયંકરમાં ભયંકર કામ કરાવ્યાં છે. માનકીને પણ કાંઇક આવુંજ સુજ્યું. એ રૂપસુંદરીના પેટે એની પાસે દેહ વેચાવ્યો. છેવટે માનકી અચાનક માતા બની. છુપા પાપ કરનારો સમાજ માનકીના બાળકનો જન્મ સહન કરી શકયો નહિ. સમાજના કહેવાતા અગ્રગણીઓં ધુંવા કુંવા થઇ ગયા માનકીના બાળકના બાપે, એ પાપી પુરૂષે માનકીને પરણવાનો ઇન્કાર કર્યો. બધાથી તરછોડાયેલી માનકી નિરાધાર અટુલી થઈ ગઇ.

સમાંજથી ત્યજાએલી, કુટુંબીઓથી ધિક્કારાએલી માનકીને સારી 'સોસાયટી'માં સ્થાન રહ્યું નહિ. એ લોકોના તિરસ્કારને પાત્ર બની. છેવટે એ એક દિવસ કંટાળેલી, થાંકેલી પતિતાઓના વાસમાં ગઈ, આ દંભી સમાજથી તરછોડાયેલી એ બિચારી કયાં જાય ? આ પતિત સમાજ સાચી પતિતાને સંઘરી શકે ખરો ? પતિતાઓએ માનકીને બોલાવી, એને સન્માની, એના રૂપની કદર કરી અને એને રાણીનું સ્થાન અર્પ્યું છેવટે એ માનકી હજારોના હૃદયની એ એક વખતની દેવી પતિતાઓમાં પણ મહાન એવી એક પતિતા બની.

# ❋ સમાચાર ❋

પાલણપુરમાં વૃદ્ધલગ્ન:—અત્રેના એક શ્રીમંત અને જૈન બોર્ડિંગના ખાસ કાર્યવાહક તથા સમાજમાં આગેવાન તરીકે ગણાતા પારેખ પ્રેમચંદ કેવળે એક સત્તર વરસની કુમારિકા સાથે પૈસાના જોરથી લગ્ન કરેલ છે. કન્યા કાઠિયાવાડની હોઇ. સારી રકમ આપી સાટું કર્યું છે. શેઠની ઉંમર લગભગ સાઠ વરસની છે. શારીરિક સ્થિતિ શેઠની બરાબર નહિ હોવાથી આજે વર્ષોથી એકજ ટંક અનાજ લઇ શકે છે. શેઠ વૈદકનું કામકાજ કરે છે. એક આગેવાન તરીકે હોવાથી અત્રેથી પાંચ ગાઉ ઉપર આવેલ ગઠામણ ગામમાં છૂપી રીતે (યુવક સંઘના ડરથી) લગ્ન ક્રિયા અક્ષય તૃતિયાને દિવસે પતાવી લીધી છે. શેઠની આગલી પત્નિ ગુજરી ગયાં ને ચારેક વર્ષ થયાં હશે અને તેમની પરણવાની ઇચ્છા નથી તેવું જાહેર કરવા છતાં છાનું લગ્ન કર્યું છે. આ લગ્ન પ્રત્યે સૌ કોઇ ધિક્કારની નજરે જુવે છે. આથી જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓ પર કેવી માઠી અસર થાય છે. તે તપાસવાનું છે.

સ્વર્ગસ્થ બેન શાંતા તથા બહાદુર કમળી બેન માટે મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમીટીએ નીચે પ્રમાણે ઠરાવો કર્યા છે.

"વઢવાણ નિવાસી શાંતા બેન ઉપર ગુંડાએ કરેલ હિચકારા હુમલા સામે બેન શાંતાએ બહાદુરી ભર્યો સામનો કરી શીયળના રક્ષણ માટે જીવનનો ભોગ આપ્યો છે તે માટે મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ એ બેન પ્રત્યે ખૂબ માનની લાગણી જાહેર કરે છે. અને તેના આત્માની શાંતિ ઇચ્છે છે તેમજ તેમના કુટુંબ ઉપર આવી પડેલ આફતમાં ભાગ લે છે.

"વાંઝની રહીશ કુમારી કમળા બેનના થયેલ અયોગ્ય વેવીશાળ માટે પોતાના માતા પિતા સામે બળવો જગાડી જે સફળતા મેળવી છે. એ માટે તે બેનને આજની કાર્યવાહક કમીટી ખૂબ ધન્યવાદ આપે છે અને એ રીતે ભોગ થતી બીજી કુમારિકાઓને કમળા બેનને પગલે ચાલવાની ભલામણ કરે છે.

આંતર જાતીય લગ્ન. ખેડાના બ્રાહ્મણ યુવક શ્રી. જટાશંકર મ્હેતા અને ખેડાની કુમારિકા શારદા બેન શાહ અમદાવાદના આર્ય સમાજ મંદિરમાં લગ્ન વિધિથી જોડાયાં છે.

લીંબડીના વતની રમણીકલાલ છોટાલાલ શેઠે વિદ્યાર્થીઓને પુસ્તકોની મદદ કરવા પાંચ હજાર રૂપીઆ પોતાના નામે અને કન્યા કેળવણીને મદદ કરવા તેમના પત્નિ હીરા બેનના નામે બીજા પાંચ મળીને રૂપીઆ દશ હજાર મુંબઇ ઝાલાવાડી સંઘને આપ્યા છે.

અમદાવાદમાં આર્ટસ કોલેજ સ્થાપવા માટે શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ બેલાખની ઊમદા સખાવત કરી છે. તે કોલેજ જુન માસમાં શરુ થશે.

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ તરફથી તેની કેળવણી પ્રચાર યોજના પ્રમાણે વિદ્યાર્થી માટે પાઠય પુસ્તકો ફી; અને નાની સરખી શિષ્યવૃત્તિઓ પાછળ બે વરસમાં રુપીઆ પચીસ હજાર ખર્ચવાનું જાહેર થયું છે

વઢવાણ ખાતે પોતાના જેઠના કહ્યાંમાં ન રહેવાના ગુન્હા બદલ એક કેળવાયેલા જૈન યુવકે પોતાની સ્ત્રીને રોજ અસહ્ય ત્રાસ આપવો શરૂ કર્યો હોવાથી છેવટે તે પોતાને પીયર ન્હાસી છૂટી હતી. બાઇના બાપે કાયદેસર પગલાં લેવાની નામરજી બતાવતાં શહેરના વકીલ મંડળે આ બનાવ હાથ ધર્યો છે.

ખંભાતમાં સાધ્વી પ્રકરણે ભારે ખળભળાટ મચાવ્યો છે. શ્રી રામસૂરિએ ઉપસ્થિત કરેલ સંવત્સરી પ્રકરણ અંગે આ બધી બાજી ખેલાતી હોય તેમ જણાય છે, સોસાઇટીવાળાઓએ સાધ્વીજીને હથીયાર બનાવી પોતાનો દાવ ખેલવાનો નિર્ણય કર્યો હોય તેમ માનવાને કારણો છે, ખંભાતના શ્રી સંઘે આ બધી પંચાયતથી દૂર રહી. કલેશ કંકાશના બીજને મૂળથી ઉખેડી નાંખવાની જરૂર છે.

અમદાવાદમાં શ્રી સિધ્ધિસૂરિએ યુવાનીના ઉંબરમાં પગ મૂકતી બે કુમારિકાઓને દીક્ષા આપવાથી સનસનાટી ફેલાણી છે.

કુમારી વાયોલેટ માર્કહેમ નામે સ્ત્રીને વરસના ત્રણ હજાર પાઉડના પગારથી બેકારસ્ત્રીઓને ધંધારોજગાર અને તેની વ્યવસ્થા કરવાનું બ્રીટીશ કેબીનેટે સોંપેલ છે.

સ્પેનના આંતરવિગ્રહમાં સ્ત્રીઓનો ફાળો કંઇ જેવો તેવો નથી, સ્પેનની સરકારના પક્ષમાં લડી સમરાંગણને પોતાના લોહીથી તૃપ્ત કરેલ છે, એટલુંજ નહિ પરંતુ ભયંકર બોંબ અને ગોળીઓના વરસાદમાં દુશ્મનો સામે ખુબ ઝનુનથી લડી માતૃભૂમિની સેવા કરી રહેલ છે.

પછાત ગણાતી કેટલીક જંગલી જાતિઓમાં સ્ત્રીઓનું સન્માન કરવામાં આવે છે. અને તેનો પુરૂષ જેટલોજ સમાન હક્ક પરંપરાથી સ્વીકારાતો આવ્યો છે.

બીલીમોરા ખાતેનું એક પ્રકરણ સંતોષપૂર્વક સમાપ્ત થયું નેમચંદભાઇ રહી ગયા, ને બાળા મનપસંદ જગ્યાએ પરણી ગઇ પણ બીજા નવીન પ્રકરણનું શું ? બેએક મહિના પહેલાં બીલીમોરાના શેઠ ફુલચંદ રતનજીના પંદર વરસની બાળાના ડાંભેધના પચાસેક વરસની વયના શ્રીમંત શેઠ કસ્તુરચંદજી જીવાજી સાથે વેવીશાળ થયેલું. એમ સંભળાય છે કે એ શ્રીમાનને અઢારેક વરસની વયનો એક પુત્ર અને ચાર પુત્રીઓ છે છતાં કુમળી કુમારિકા જોડે એ ભાઇ પંદરેક દિવસમાં લગ્ન ગ્રંથીથી જોડાશે.

શ્રી જૈન દવાખાનું પાયધુની. આ દવાખાનાનો છેલ્લા બે માસમાં

| | પુરૂષ દર્દી, | સ્ત્રી દર્દી, | બાળક દર્દી, | કુલે, | સરેરાશ |
|---|---|---|---|---|---|
| માર્ચ | ૫૦૯ | ૪૨૪ | ૬૪૩ | ૧૫૭૬ | ૫૧ |
| એપ્રીલ | ૫૪૩ | ૪૨૦ | ૫૪૮ | ૧૫૧૧ | ૫૦ |

ઉપર પ્રમાણે દર્દીઓએ લાભ લીધો હતો. ત્હેમાં ૨૦૫ સ્ત્રી દર્દીઓને સ્ત્રી ડોકટરે તપાસી સારવાર કરી હતી.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

(૧)


સિંહાવલોકન

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ૨૨-૨૩-૨૪
રવીવાર તા. ૧-૮-૩૭.


## આજની સાધુતા (!)

[માજી રક્ષક વિજયજી જેઓ સાધુતાના સ્વાંગને દુર કરી સંસારી બન્યા છે તે ભાઇ રતીલાલ મોતીચંદે કરેલા એકરાર પરથી સાધુતાના સ્વાંગમાં ચરીખાના ગુંડાઓની ગુંડાગીરીનો ચિત્તાર ભાઇ રતીલાલના શબ્દોમાંજ નીચેમુજબ રજુ કરીયે છીયે.]

અમદાવાદથી વિહાર વખતે મારી સાથે પ્રેમસૂરિ તથા જંબુવિજયજી આદિ સાત આઠ સાધુઓ હતા. વિહારના દિવસથી આઠેક દિવસ પહેલાં પ્રેમસૂરિ તથા જંબુવિજયજીને નવિન દીક્ષીત ( એટલે હું પોતે ) ચાલ્યો જવાનો છું તે બાબતની કુદરતી તેમજ આડકતરી રીતે માહીતી મળી હતી; જેથી કહેવાતા શાસનરસિક સાધુઓએ પોતાનું પહેલુ વ્રત પ્રાણાતિપાત બાજુ પર રાખીને બે ધારીયાવાળા તેમજ બીજા પંદરેક માણસો વિહારમાં સાથે રાખેલા હતા; જેઓ મારા ઉપર સખ્ત જાપ્તો રાખી રહ્યા હતા. આ વખતે મારા મનમાં હું વિચાર કરતો કે આ સાધુઓ છે કે શ્રમણ ભગવાન મહાવીરના વેષમાં રહેલા......છે ? તેઓનુ પહેલુ વ્રત શું કહે છે કે કોઇ જીવની હિંસા કરવી નહિ. કરાવવી નહિ, તેમજ કરતાને અનુમોદન આપવું નહિ. તો પછી આ સાધુઓને ધારીયાવાળા રાખવાની શી જરૂર હતી. આ ઉપરથી જનતા સમજી શકશે કે આ સાધુ કે કેટલા દંભી અને નિર્દયહૃદયના છે. વિહારમાં તેઓએ સ્થાનો એવાજ નક્કી કરી રાખ્યા હતા કે જ્યાં સાધુના નિમિતેજ રસોઇ બનાવવામાં આવતી હતી. ક્રમે કરીને અમે બધા આણંદ રાતના આઠ લગભગ પહોંચ્યા અને બહારની ધર્મશાળામાં ઉતારો મેળવ્યો. બીજે દિવસે સવારમાં લગભગ સાડા પાંચના નિકળી નવદસ વાગતા વાસદ આવી પહોંચ્યાં મારા પ્રથમના સંકેત મુજબ મારા પિતાશ્રી તથા મારી સ્ત્રી વાસદમાં આવેલા હતા; જેઓને મેં વાસદની ભાગોળમાંજ નીહાળ્યા હતા,

અમદાવાદમાં રતનબાઈ પ્રકરણ અને ખંભાતમાં કાંતિવિજય પ્રકરણથી પ્રસિદ્ધ થએલા આ સાધુઓને વાસદમાં ઉતારો મેળવતા મુશ્કેલી પડી છેવટે દેરાસર પાસેના ઉપાશ્રયમાં સ્થાન મેળવ્યું.

અહિંયા અમો ચા પાણી વાપરતે બેઠા હતા. તે વખતે અમારી સાથે રહેલા અમદાવાદીઓ તથા ધારીઆવાળા ગામમાં એક સ્થાને રસોઇ પાણી કરવામાં રોકાયલા હતા. વૈશાખ માસની સીઝન હોવાથી શીખંડ પુરીનું જમણ બનાવવાનો વિચાર રાખેલો અને તેમાં શીખંડ પણ અમદાવાદથી લાવવામાં આવ્યો હતો.

અહિંયા મારા પિતાશ્રી ઉપાશ્રયમાં આવ્યા અને મને સોંપી દેવા સાધુ પાસે આગ્રહ પૂર્વક વિનંતી કરી; પણ તેઓએ ઘણો ઉદ્ધતાઇ ભર્યો જવાબ આપ્યો એટલે ત્યાંથી બહાર ગયા. તે પછી સાધુઓ માંહોમાંહે વિચાર કરવા લાગ્યા. 'મોતીલાલ (મારા પિતાશ્રી) એકલા છે, એટલે એમનાથી કંઇ નહિ વળતા કંટાળીને પાછા ચાલ્યા જશે અને કદાચ કાંઈ ધમાલ કરશે તો આપણે સાત જણા છીએ, એટલે તેમને પહોંચી વળીશું'' મારા પોતાના મનમાં હું અહિંયાથી જઇ શકીશ એવું ચોક્કસ હોવાથી શાંતિથી બેસી રહ્યો હતો. ઉપરની વાતચીત ચાલતી હતી તેવામાંજ મારા પિતાશ્રી અને મારો સ્ત્રીને દૂરથી આવતા અમારામાના સાધુએ જોયા. અમદાવાદીઓને આ સમાચાર પહોંચાડવાનો ટાઇમ નહિ હોવાથી આ સાધુઓએ ઉપાશ્રયનાં બારણાં બંધ કરી દીધાં.

હવે આ શાસન રક્ષકો પોતાનું કરેલું કૃત્ય ઢાંકવા આ. પ્રેમસૂરિ અને જંબુવિજયજી આદિ સાધુઓ બીજાના મારફતે જે આ પ્રકરણમાં બીલકુલ જાણતા નથી તેમજ જેમનો લેશ પણ હાથ નહોતો; એવા આચાર્યવિજયનેમિસૂરિને તદ્દન ગલીચ ભાષામાં ખોટા આક્ષેપો છાપાદ્વારા કરે છે તે ઘણુંજ નીંદનીય તેમજ શાસન હેલના કરનારૂ છે.

હવે પ્રેમસૂરિ જંબુવિજય આદિ સાધુઓ શુરવીર લડવૈયાની માફક હાથમાં ડાંડા લઇને ખભા આગળ ઉંચા રાખીને ઉંધા ઘુંટણે દ્વાર આગળ બેસી ગયા. આ વખતે તેઓને ચહેરો તથા આંખો વિકરાળ તેમજ ભયાનક બની ગઇ હતી ઉપશ્રયના બારણા જુના થઇ ગએલા હોવાથી તેમાંથી સાંધો છુટી પડેલી હતી કે જેથી બહારથી કોણ આવે છે તે રીતસર દેખી શકાતું હતું. મારા પિતાશ્રી તથા મારી સ્ત્રીને બારણાની લગોલગ આવતાં જોયા કે પાછળથી દાદર આગળ થઇને આવીને મ્હેં એક નાની બારીની સાકળ ખોલી નાંખી કે તરતજ પ્રથમ મારી સ્ત્રી દાખલ થઇ ગઇ; પરંતુ મારા પિતાશ્રી અંદર આવી શકયા નહિ. જેવી મારી સ્ત્રી અંદર દાખલ થઇ કે તરતજ આ સાધુઓમાંના એકે મારી સ્ત્રીને ખભા ઉપર દાંડાનો પ્રહાર કર્યો અને બીજાએ પગ ઉપર કર્યો. માર એટલો સખત લાગ્યો કે દાંડાના ટુકડા થઇ ગયા અને મારી સ્ત્રી બેભાન બની ગઇ અને મને પણ અંધારા આવવા લાગ્યા. જેનો જાણે કે અહિંસાના બુરખાધારી આ સાધુઓ કેટલે દરજ્જે પોતાના ચારિત્રને ઠોકરે મારે છે. આ ઘટના મારી પોતાની પ્રત્યક્ષ અનુભવેલી છે. છાપાઓમાં એને અંગે જે ખોટી વિગતો પ્રકટ થાય છે તે પ્રત્યક્ષ અનુભવીઓએ બહાર પાડેલી હોતી નથી માટે જનતા તેઓથી ચેતતી રહેશે.

પછીની બીના ઘણીજ હૃદયદ્રાવક, જુલમી અને સાધુઓને લાંછન લગાડનારી છે; જે જાહેરમાં મુકતા મને શોચ થાય. માટે આટલેથી સંતોષ માની કાંઇપણ બીના વાસદ પ્રકરણને અંગે સામા પક્ષ તરફથી પ્રગટ નહિ થાય તો હું આટલેથી સમાપ્ત કરીશ.

તરુણ જૈન.

તા. ૧-૮-૩૭

# સિંહાવલોકન.

### યુવક પ્રવૃત્તિ

જૈન સમાજમાં જ્યારથી યુવક પ્રવૃતિનાં મંડાણ થયાં ત્યારથી અત્યાર સુધી સમાજને લાભ થયો છે કે હાની ? એ પ્રશ્નનો ઉત્તરતો ભવિષ્યનો ઇતિહાસકાર આપશે, પરંતુ છેલ્લા નવ વર્ષથી સંગઠિત યુવકોએ પ્રત્યાઘાતી બળો સ્હામેં જે ટક્કર ઝીલી છે, તેની કોઇ અવગણનાં કરી શકે નહિ, તેમાંયે મુંબઈ જૈન યુવક સંઘે છેલ્લા નવ વર્ષથી પ્રગતિ શોધક અને રૂઢિચુસ્તો સ્હામે મોરચા માંડી, પોપ-શાહી શ્રીમંતશાહી અને પટેલશાહીનાં દંભના બુરખાચીરી સમાજ સમક્ષ તેમને ખુલ્લાં કરવાની જે જહેમત ઉઠાવી છે અને સમાજને તેનાં સ્વાર્થનો ભોગ થતો બચાવ્યો છે તે માટે કોઇ તટસ્થ અવલોકનકાર તેને શાબાશી આપ્યા વગર રહી શકેજ નહિ. તેણે જોયું કે સમાજની પ્રગતિ રોધક કોઈપણ શકિત હોય તો તે સાધુશાહીજ છે. એટલે સાધુ શાહી સામે મોરચા માંડયા, જે વિષયમાં સાધુઓને માથુ મારવાનો કોઈ હક્કજ નથી. તેવા સામાજીક કાર્યમાં પણ પોતાના ચારિત્ર અને વૃતોને નેવે મૂકી તેઓ ભાગ લેવા લાગ્યા. યુવાકોએ તેનો વિરોધ કર્યો, પ્રચાર પત્રિકા અને ચેફ્લેટો હવારા જનતામાં જાગૃતિ આણી, તેની સામે જબ્બર આંદોલન ઉભું કર્યું. એક બાજુ સ.ચી સાધુતા કઈ હોઇ શકે, તે માટેનું સાહિત્ય રજુ કર્યું, અને બીજી બાજુ તેઓ હાલમાં ભગવાન મહાવીરનાં પવિત્ર ભેખનાં ઓઠા નીચે કેવા કેવા કૃત્યો કરી રહ્યાં છે, તેનો તદ્દન સત્ય ચીતાર આપ્યો, પરિણામે સમાજમાં જે તેમનું સ્થાન હતું, તેમનાં પ્રત્યે અંધશ્રદ્ધા હતી, તે દુર થઇ, સાધુઓ સામે બોલાયજ નહિં. નરકનાં ભાગી થવાય, ઇત્યાદિ માન્યતાઓ દફનાઈ ગઈ, અને કોઈપણ માણસ ગમે તેવા સાધુ સામે પોતાનો પ્રમાણિક અભિપ્રાય કહેવાને જરાયે અચકાતો નથી, આમ પંદર વરસ પહેલાં જે સાધુશાહી, સમાજનો આદર, માન અને પ્રતિષ્ઠા મેળવતી હતી. તે આજે અશકય બન્યું છે.

બીજી બાબત યુવકોનાં સંગઠનની છે. ભારતભરનાં યુવકો એક બીજાનાં સમાગમમાં આવે અને સમાજની પ્રગતિ માટે વિચારોની આપલે કરી પ્રગતિનાં રાહ આંકે તેમાટે જૈન યુવકપરિષદ ભરી સમાજનાં યુવકોનો સહકાર મેળવી, અનેક સળગતા પ્રશ્નો ઉપર ઠરવો દ્વારા સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચાર્યો છે. અને સમાજને માર્ગદર્શન કરાવ્યું છે. કેટલીયે કુપ્રથાઓને તિલાંજલી આપી રૂઢિચુસ્તતાનાં કિલ્લામાં ગાબડું પાડયુંછે.

પર્યુષણ જેવા મહાપર્વમાં કલ્પસૂત્રજ સાંભળવાની વર્ષોજૂની પ્રથાને ભસ્મીભૂત કરી જુદાજુદા વિદ્વાન દ્વારા ભિન્ન ભિન્ન વિષયો ઉપર વ્યાખ્યાનો કરાવી પર્યુષણ વ્યાખ્યાનમાલાનો એક જુદોજ શીરસ્તો પાડી તેમાં લોકોને રસ લેતા કર્યા છે. અને પર્યુષણમાં પણ સાધુઓની અનાવશ્યકતાને પૂરવાર કરી આપી છે.

સ્રીઓની પ્રગતિ માટે પણ ખુબ પ્રયત્નો કરવામાં આવ્યા છે. અને તેનો સમાન હક્ક સ્વીકારવામાં જરાયે આનાકાની બતાવવામાં આવી નથી.

અયોગ્ય દીક્ષા કે જેનાથી સમાજ ત્રાસી ગયો હતો. તેનાં ઉપર નિયમન કરાવવા પણ ખુબ પ્રચાર આદરેલ અને તેમાં ઘણે અંશે સફળતા મળી છે. ગમે તેમ નસાડી ભગાડી અયોગ્ય દીક્ષાઓ અપાતી હતી, તે આજે લગભગ બંધ પડી છે.

સમાજમાં વ્યવહારિક કેળવણી સુલભ થઈ પડે, તે માટે ખુબ ઉપાપોહ મચાવી કેળવણી વિષયમાં સમાજનું લક્ષ્ય ખેન્ચ્યું છે. બીનજરૂરી અને ધર્મના નામે ખોટા ખર્ચાઓ થતા બચાવ્યા છે. અનેક જાતનાં આંદોલનો ઉભા કરી સમાજને નવી દષ્ટિથી વિચારતો કરી મૂક્યો છે. આમ અનેક વિધ બાબતોથી યુવક પ્રવૃતિની આવશ્યકતા પૂરવાર થઇ છે.

### લેખકોનો આભાર.

તરૂણના ચાલુ વર્ષ દરમ્યાન જે લેખકોની પ્રસાદીથી તરૂણ સમૃદ્ધ બન્યું છે. તે લેખકોનો તરૂણ જૈનની બોર્ડ આભાર માને છે અને ભવિષ્યમાં પણ તરૂણ જૈનને સમૃદ્ધ બનાવવા પોતાનો દરેક સહકાર આપશે એવી આશા રોખે છે.

### સાદાઇથી લગ્ન.

મુંબઈ જૈન યુવક સંઘના માજી મંત્રી અને જાણીતા નવજુવાન કાર્યકર ભાઈશ્રી રતીલાલ. સી. કોઠારી પાલનપુર ખાતે ગયા મહિનામાં શ્રીમતિ નલીની મ્હેતા સાથે લગ્ન ગ્રંથીથી જોડાઇ ગયા છે. પાલનપુર જેવા રૂઢિચુસ્ત ગામમાં કેટલીયે લાગ્નિક પ્રથાઓ જેવી કે ઘુમટા આદિને તિલાંજલી આપી સાદાઈથી જે લગ્નોત્સવ ઉજવ્યાં છે તે માટે તેમને અભિનંદન ઘટે છે, અમે ઇચ્છીએ છીએ કે તેમનું દાંપત્યજીવન સુખી નિવડો,

# સુસવાતા વાયરા

**મોરચામાંડો !**

જૈન સમાજનું સામાજીક બંધારણ મહાસાગર સમ વિશાળ હતુ. તેમાં ન્યાત તડ ધોળ કે વાડાઓને સ્થાનજ ન હોતુ અન્યધર્મિઓ જેવી સંકુચિત સ્થિતિના બદલે એટલી તો વિશાળતા હતી કે કોઇપણ મનુષ્ય પછી તે ગમે તે પ્રકારનો હલકામાં હલકો ધંધો કરતો હોય છતાં જૈન બની શકતો, જૈનજાતમાં ભળી શકતો અને સ્વામીભાઇની કક્ષામાં મુકાતો.

આ ઉજળો ભૂતકાળ એમ પોકારીને કહે છે કે જૈનસમાજમાં–સ્વામીભાઈઓમાં ભેદભાવ જેવુ કશુંયે નહોતુ સમગ્ર જૈન સમાજમાં રોટી વહેવાર ને બેટી વહેવાર ચાલતો. પરંતુ પાડોશી સમાજોના વાડા વાડીના છાંટા જૈન સમાજને ઉડયા. ને સમગ્ર સમાજનું એકત્ર બળ તુટયુ, ન્યાતો બંધાણી. તેમાંથી વાત વાતની હુંસા તુસીમાં ધોળો તડો, ને પેટા જ્ઞાતિઓ ફુટી અને તેણે એટલી હદ સુધી સંકુચિતતાની દીવાલો ઉભી કરી કે એક ગામનો ઓશવાળ બીજા ગામના ઓશવાળને પોતાની દીકરી ન દે, તેમ એકજ શહેરમાં એક જ્ઞાતીવાળો જૈન બીજી જ્ઞાતીવાળા જૈન સાથે દાખલા તરીકે ઓસવાળ શ્રીમાળીની કે શ્રીમાળી ઓસવાળની દીકરી ન લાવી શકે, અને લાવેતો એના કહેવાતા રક્ષકો ગુન્હો ગણી પરણનાર મુરતીયાને તેમ તેમાં ભાગ લેનારને દંડે.

આટલી હદ સુધી કડક કાયદાઓ ઘડાવાથી આખીસમાજ છીન્ન ભીન્ન થઇ, તેનું બળ તુટયુ, કુદકે ને ભુસકે સંખ્યા ઘટી. હજારો કુટુંબો જૈન ધર્મ છોડી ગયાં હજારોને ઘેર સાંકળચંદતારા-ચંદ વસાયા.. છતાં એ સત્તાધારીઓએ જમાનાને ઓળખ્યા સિવાય સમાજની ઉન્નતિનો વિચાર કર્યા સિવાય સત્તાનો કોયડો વિંઝેજ રાખ્યો.

યુવાનો સમજે કે આજના પ્રગતિમાન જમાનામાં આપણી સમાજમાં આવાં સડેલાં જ્ઞાતિતંત્રો ચાલુજ રહે, એના કહેવાતા ચોકીયાતો પ્રત્યાઘાતી બંધનોને પોષ્યેજ જાય તો સમાજને પારાવાર નુકસાન છે–નજીકમાં નાશ છે.

જૈન સમાજનો યુવાન આવા પ્રત્યાઘાતી બંધનો મુંગેમોઢે સહન કરે કે કોરટ દરબાર જાય એના કરતાં એવી જ્ઞાતિઓમાંથી છુટો થઇ જાય, અગર એવી જ્ઞાતિઓના નાદીરશાહી બંધારણોનો ભૂકો કરવા દરેક યુવાન સમગ્રજૈન સમાજ સાથેજ લેવડ દેવડ શરૂ કરે એટલે આપ મેળેજ એ સડેલાં બંધારણ તુટી પડશે.

યુવાનોના અંતરમાં સમાજની દુરદશા માટે વેદના થતી હોય તો આવાં જ્ઞાતિ તંત્રો સામે એને સવેળા મોરચા બાંધેજ છુટકો છે. ડાહી ડાહી. વાતો કરી સુધારા થયા નથી ને–થવાના નથી એ સમજી લ્યે.

**ચેતવણી.**

જગતમાં ત્યાગના મહામુલેજ સાધુતાની કીમત અંકાતી. ને સમાજની તે તરફ દ્રષ્ટિ ઠરતી, પરંતુ જ્યારથી સાધુસંસ્થામાં સાધુતાના સીમાડા છોડી કલેશ કંકાસ કરાવનારા–હુંસાતુંસીમાં મસ્ત રહેનારા ને મહારા તારામાંજ મહાલનારા પાકયા ત્યારથી એ મહત્તા તુટવા માંડી.

જે સદીમાં આડંબરની, વિચાર વગરની ક્રિયાઓની, વર્તન વગરની વાતોની કીમત નથી, પણ સંયમ, ક્ષમા, સહનશીલતા ને સચ્ચાઇની કીમત છે. તે વીસમી સદીમાં આપણા સાધુ વર્ગમાં અનેકને એવો રોગ લાગુ પડયો છે કે અવાર નવાર અર્થ હીણ ચર્ચાઓ ઉત્પન્ન કરી સમાજમાં બખેડાજ ઉભા કરવા એટલે પક્ષાપક્ષીમાં જુથ જામે, ને સમાજ દિવસે દિવસે ઘસાતોજ જાય, છતાં આ માનઅકરામને મહોટાઇના મોહમાં તણાતા માનવીઓને આ સિવાય જાણે કશું સુઝતુંજ નથી !

થોડા દિવસોથી જાહેર પેપરોમાં સંવત્સરી અંગે અર્થવગરની જે ચર્ચા ચાલી રહી છે તે એ મહાત્માઓ (!)ના ફળદ્રુપ ભેજાનો તુકસો છે. એ તુકસા પાછલ ભકતોની ખેંચાતાણ છે. પૈસાનો ધુમાડો છે. સમયની બરબાદી છે. સાધુતાનું લીલામ છે સમાજની પાયમાલી છે. પરિણામે કાઠી ધોઇને કાદવ ધોવા જેવુ છે. છતાં બેવકુફોની જમાત એમાં ધર્મનો ને સમાજનો ઉધ્ધાર માનતી જણાય છે. નહિતો આવી સાધારણ બાબતમાં આટલી હુંસા તુંસીમાં ઉત્તરે ખરી ?

સમાજમાં જેઓ વિચાર કરી શકે છે. જેઓને હૈડે સમાજ ને ધર્મનુ હિત છે તેવા સમજુ વર્ગને અમે કહીએ છીએ કે આવી કલેશોત્પાદક ચર્ચાઓથી દુર રહેવામાંજ સમાજનુ હિત છે. આવી અર્થહીણ ચર્ચાઓથી સમાજને કશોય લાભ નથી. પ્રજુષણમાં બુધવારે સંવત્સરી કરવી કે ગુરૂવારે કરવી એ કંઇ જૈનધર્મના સિદ્ધાન્તનો સ્વાલ નથી, પણ પોતાની મહોટાઇનાં પીપુડાં બજાવવા માટે ગોઠવાતી જાળોમાંની એક જાળ છે એટલે એનાથીદુર રહેવામાંજ શોભા છે.

જો સમાજ એના ઘરમાં વ્યાપેલી અશાન્તિ નાબુદ કરી શાન્તિ ઇચ્છતી હોય તો આવી શાઠમારીઓના સુકાનીઓને સમજાવી એમની બુદ્ધિ ઠેકાણે લાવે એટલે એ શાઠમારી દબાવીદે, અને તેનામાં એ દબાવી દેવાની તાકાત ઓસરી ગઇ હોય તો તેમને કશોય સાથ ન આપતાં જાહેર કરી દે, આ બુધ–ગુરૂની ચર્ચા સાથે અમારે કશોયે નીશબત નથી, લેવા દેવા નથી. સાથે સૌ સૌના ગામમાં કે શહેરમાં બુધ–ગુરૂના ઝઘડા ન થાય તેવી તકેદારી રાખે ને સૌ એકજ દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરી ઐકય જાળવવા જેટલો બને તેટલો પ્રયાસ કરે પણ કોઇ સાધુના હાથા બની હોળી ન સળગાવે તોજ પર્વના દિવસો શાન્તિથી પસાર થશે.

**બેઠા ખાઉઓને.**

સાધુધર્મની સાધારણ માન્યતા સ્વ અને પરનું કલ્યાણ કરવું તે મનાય છે. લગભગ પંચોતેર લાખ બાવાઓની જમાનનો મોટો ભાગતો પારકા પૈસે તાગડધીન્ના કરનારો હોય છે. જો તે માનવ સેવા તરફ વળે ને કેળવણી, આરોગ્ય વિગેરે સમાજોપયોગી સેવામાં

# પજુષણ પર્વના વ્યાખ્યાનો.

બહાર પડી ચુકયાં છે

## 'પજુષણ વ્યાખ્યાનમાળા.'

પજુષણ પર્વ જેવા ધાર્મિક પ્રસંગે ગતવર્ષે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી વિદ્વાનો અને તત્ત્વજ્ઞોના વ્યાખ્યાનો યોજનામાં આવ્યાં હતાં, આ વ્યાખ્યાનો ધર્મ અને આજની સમાજ રચના ઉપર કાંતીલ રોશની ફેંકતા પૂરવાર થયાં છે. સંગીન દલીલો, ગંભીર વિચારો અને સચોટ ભાષાશૈલી તમને રસિક વિચારણીય વાંચન પુરૂં પાડશે.

| વિષય. | વ્યાખ્યાનકાર |
|---|---|
| આજના સાધુઓ નવીન માનસને દોરી શકે ? | –પં. સુખલાલજી–૩ |
| ક્રાન્તિકાર ભગવાન મહાવીર | –પરમાનંદ કાપડીયા, ,, |
| ધર્મની અને ત્હેના ધ્યેયની પરીક્ષા | –પં. સુખલાલજી ,, |
| દેવદ્રવ્ય | –પં. દરબારીલાલજી ,, |
| સમાજવાદ અને જૈન ધર્મ | –ચીમનલાલ ચકુભાઇ ,, |
| શ્રી મહાવીર અને ઉપસર્ગો | –શ્રી મોતીચંદ કાપડીઆ ,, |
| સ્વામી શ્રી વિવેકાનંદના પ્રેરણા પ્રદ વિચારો | –શ્રી મોહનલાલ દેશાઇ ,, |
| જૈનધર્મ અને નિવૃત્તિ માર્ગ | –પં. દરબારીલાલજી ,, |
| સુધારક ધર્મમાં સુધારા | –કાકા કાલેલકર ,, |
| જૈનધર્મમાં વિશ્વધર્મ બને એવાં તત્વો છે ખરાં ? | –શ્રી દલસુખભાઇ ડાહ્યાભાઇ ,, |
| વ્હેમ અને ધર્મ | –શ્રી નાથુરામ પ્રેમી ,, |
| મહાત્મા ગાંધીજી–કેટલાક ધાર્મિક વિચારો | –શ્રી મોહનલાલ દલીચંદ ,, |

પૃષ્ટ સંખ્યા ૧૯૦. ઉંચા બત્રીસ રતલી કાગળ. સુંદર મુદ્રણ. કીંમત ફક્ત. ૦–૮–૦.

પોસ્ટથી મંગાવનારાઓએ ૦–૧૦–૦ ટીકીટો બીડવી.

મળવાનુ ઠે:–મુંબઇ જૈન યુવક સંઘ ૨૫–૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઝુકાવે તો સમાજ ને દેશની ઘણી સેવા કરી શકે.

એક સાધુ માનવ સેવા કરવાનો નિશ્ચય કરી તે તરફ કામે લાગી જાય છે. ત્યારે તેનું કેટલુ સુંદર પરિણામ આવે છે તે નીચેના દ્રષ્ટાન્ત ઉપરથી સમજી શકાય છે.

"થોડા વર્ષ ઉપર એક ધર્મગુરૂને માનવસેવા કરવાની તમન્ના જાગી તેમણે આગ્રાપાસે દયાળબાગ નામની સંસ્થા સ્થાપી ઇ. સ. ૧૯૧૫ સુધીતો તે સંસ્થાપાસે ચાર એકર જમીન ને કોઇ ભકતે આપેલ પાંચ હજાર રુપીયાજ હતા પણ તે ધર્મગુરૂની મહેનતના પરિણામે એ દયાળબાગની સંસ્થા ખુબ ફાલીફુલી છે. આજે તે સંસ્થાપાસે ત્રણ હજાર એકર જમીન છે, લાખોના ખર્ચે એક ઉદ્યોગ મંદિર ખડું કર્યું છે. જે ઉદ્યોગ મંદિરમાં ૮૦૦ વિદ્યાર્થીઓ તાલીમ લે છે, તેમ તે ઉદ્યોગ મંદિરમાં વિજળીનો સામાન ઝવેરાતના દાગીના વૈજ્ઞાનિક ઓજારો, રમકડાં ને ઘડીયાળો બને છે. ૨૦૦ દુધાળાં ઢોરની ડેરી ચાલે છે. સાડા ચારસો એકર જમીન ખેડાય છે. ને ત્રણ હજાર માનવી વસે છે.

માનવસેવાના પંથે કુચ કરનાર એક ધર્મગુરૂ કેવી સેવા કરી શકે છે તે આ દયાળબાગના આદ્યસ્થાપક સાહેબજી મહારાજ આનંદ સ્વરૂપજી જેઓ થોડાજ દિવસો પહેલાં પરલોક સિધાવ્યા છે તેની જહેમતના લીધે ઉભી થયેલ દયાળબાગ સંસ્થા ખાસ પુરાવો છે. જેઓ બેઠા ખાઉ બની ધર્મનાનામે અનેક ચોકા જમાવી સમાજને છીન્નભીન્ન કરવામાં મહત્તા સમજે છે તેવાઓ જેમબને તેમ વેળાસર સાહેબજી મહારાજની માફક માનવ સેવા પ્રત્યેવળે તેમાં તેમનુ ને દેશનું હિત છે.

# સમાચાર

### આબરૂનો દાવો

થોડા માસ પહેલાં ચંડીસરના છોટાલાલ સોમાણીને ૬૦ વર્ષની ઉમરે પરણવાના કોડ જાગ્યા, ને એક પંદર વર્ષની બાળા સાથે સાટુ પણ થયું. વાત વાયરો લઇ ગયો ને સગપણ જાહેર થતાં પાલણપુર નિવાસી મણીલાલ ખુશાલચંદ પારીખે સગીર બાળાને બચાવવા પાલણપુર કોર્ટમાં ફરિયાદ કરી, કોર્ટે કેસ કહાડી નાખ્યો, અપીલમાં ઢીલ થતાં, સોમાણીએ લગ્ન કરી નાખ્યાં, એટલે ફરિયાદીએ અપીલમાં જવું માંડી વાળ્યું. આખરે પાંચ છ માસ પછી ભાઇ સોમાણીએ ભાઇ મણીલાલ ખુસાલચંદ પરી ઉપર દશ હજારનો સર ન્યાયાધીશની કોર્ટમાં આબરૂનો દાવો માંડ્યો છે.

### સંસારી બન્યા

આટકોટના જેઠાલાલ સાધુપણુ છોડી સંસારી બની બ્રાહ્મણ વિધવા સાથે લગ્નગ્રંથીથી જોડાઇ સંસારમાં ઝુકાવ્યુ છે;

ભદ્રસુરીજીના સમુદાયના મુનિ ચરણવિજયજીના શિષ્ય ભૂષણવિજયજી સાધુવેશની કાંચલી ઉતારી સંસારી બન્યા છે.

અમદાવાદના રહીશ સારાભાઇ મંગળદાસ પટવાએ રામવિજયના શિષ્ય તરીકે દસવર્ષ ઉપર ખંભાતમાં દીક્ષા લીધેલી તેઓ એકાદ વર્ષ ઉપર દીક્ષા છોડી સંસારી બનેલા પરંતુ માબાપના સખ્ત વિરોધ છતાં નેમીસૂરિએ ફેર દીક્ષા આપેલી તે પાછા થોડાજ દિવસ પર સંસારી બની પોતાની દુકાને કામે લાગેલા. પરંતુ પાછા નીતિસૂરીએ મુંડી શિષ્ય બનાવ્યા છે, જાણે આજના સાધુઓ સાધુવેશને હોડમાં મુકી રહ્યા છે.

### દેરાસરમાં ચોરી.

આણંદ તાલુકાના કરમસદ ગામમાં જૈન દહેરાસરમાંથી તા. ૯ ની રાત્રે હરામખોરો દહેરાસરના બારણાં તોડી દાખલ થઇ બે મૂર્તિઓ સાથે રૂ. ૪૦૦નો માલ ઉપાડી ગયા છે.

ખેડાથી બે માઇલ દુર માતર ગામમાં બાવન જીનાલયના ભવ્ય દહેરાસરમાંથી ગયા રવીવારની રાત્રે કેટલાક હરામખોરો દહેરાસરમાં પેસી ભગવાનના મુગટ, હાર, ઘરેણાં વિ. કબાટ ત્રીજોરી તોડીને રૂ. ૫૦૫૦નો માલ તફડાવી ગયા છે. આ દહેરાસરમાં આ ત્રીજી વારની ચોરી છે.

પ્રભુને માલમીલકતવાળા રાખવામાં સિધ્ધાન્તનુયે ખુન થાય છે ને જોખમ પણ ઘણું છે. છતાં જૈન સમાજ કયારે ચક્ષુઓ ઉઘાડશે ?

### ઉત્તીર્ણ થયા.

રીઝર્વ બેંકનાં ડેપ્યુટી ગવર્નર શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટીના જમાઇ મી. બી. કે. શાહ. જેવણે લંડનની ઇન્સ્ટીટ ટયુટ ઑફ એકચ્યુઅરીની ફેલોશીપની પરીક્ષા પસાર કીધી છે. આ અઘરી ગણાતી પરીક્ષા પસાર કરનાર મી. શાહ ત્રીજા હીંદી જૈન છે.

### કન્યા કેળવણી.

આગ્રાના શેઠી નિહાલ કરણજી જૈનની ચારે પુત્રીઓમાં સુભદ્રા બ્હેન ડોકટર એમ. બી. બી. એસ, કમળાબ્હેન, બી. એ. વિમળા બ્હેન ઇન્ટર મીજીએટ, ત્રિશલાબ્હેન મૅટ્રીક પાસ થયાં, કન્યા કેળવણીના આ પ્રેમીપીતાને ધન્યવાદ ઘટે છે.

# પાટણનાં પટોળાં.

તેરમી સદીમાં ગુજરાતના પાટનગર પાટણની ગાદીએ સોલંકી વંશના કુમારપાળ રાજાના વખતમાં ગુજરાતને પટોળા જેવો ઉત્તમ કારીગરીનો અજોડ વણાટ સાંપડયો. કુમારપાળ પ્રબંધ એમ કહે છે કુમારપાળ રાજા જૈનધર્મ પાળતા એટલે દેવપૂજામાં રેશમી વસ્ત્રો માટે પંજાબથી સાતસો સાલો સાથે સાળવી કુટુંબોને પાટણમાં વસાવ્યાં, અને તેઓને દરેક સગવડો કરી આપી ને તેઓ રેશમી વસ્ત્રો વણતા.

આ સાળવી કુટુંબોનો મોટો ભાગ જૈન ધર્મ પાળતો અને વણાટનું કળામય કામ કરતો, તેમાંયે પટોળાના વણાટમાં અનેક પ્રકારના બેનમુન સુધારા વધારા કરી તે કળામય ઉદ્યોગને ખૂબ ખીલવ્યો. બીજી બાજુ રાજ્ય ને સમાજે ખુબ ટેકો આપ્યો, દાખલા તરીકે લગ્ન જેવા માંગલીક પ્રસંગે નવ વધુને એ વસ્ત્રથી (પટોળા) વિભૂસીત બનાવી લગ્ન કરવામાં આવતું અત્યારે પણ કેટલીક જ્ઞાતિઓમાં આ રીવાજ કાયમ છે.

પાટણમાં તૈયાર થતાં પટોળાં બ્હુજ ઉત્તમ પ્રકારનાં જુદી જુદી ભાતનાં બનતાં હોવાથી લોકોમાં કહેવત ચાલી કે "પટોળાં તો પાટણનાંજ" પાટણનાં પટોળા સ્ત્રીઓના વસ્ત્રાભૂષણમાં ઉત્તમમાં ઉત્તમ ગણાતાં, તેમ એ ઉત્તમ કારીગરીનાં વસ્ત્રોનો મહિમા ગુજરાતના સીમાડામાંજ હતો તેમ નહિ. પણ ભારતમાં, ને તેની બહાર ખ્યાતી મેળવી જગપ્રસિધ્ધ બન્યો હતો, એટલેજ કવિઓએ કાવ્યોમાં તેની ખૂબ પ્રશંસા કરી છે.

પટોળાની રેશમી સાડી, તાકા ને ટેબલ કલોથ બારીક વણાટમાં જ અનેક પ્રકારની ભાતોથી તૈયાર થાય છે, તેમાં 'નારી કુંજર' ભાતનું પટોળુ સર્વ ભાતોમાં ઉત્તમ કારીગરીવાળુ ગણાય છે. તેમાં સરખા ભાગે પાડેલી ચોકડીઓમાં એક ચોકડીમાં પૂતળી (સ્ત્રી) એકમાં હાથી (કુંજર) બે બાજુની ચોકડીયોમાં ફુલઝાડ આ પ્રમાણે વણાટમાંજ ભાત ઉઠાવેલી હોવાથી તેને 'નારી કુંજર' કહે છે. આ સિવાય 'રતનચોક' 'વાઘ હાથી ભાત' 'બોખર ભાત,' 'પાન ભાત' ચોકડી ભાત, લહેરીયા ભાત, છાબડી ભાત, વિગેરે જુદી જુદી ભાતનાં પટોળાં તૈયાર કરવામાં આવતા, તેમ કીનારોમાં સાદા પટ્ટા, કોઇમાં નકસી, પાલવમાં એક બાજુ કસબ અને નકસી કરી શુસોભીત કરવામાં આવતા. એની ઉપરન ચેની ભાત તપાસશો તો એક સરખી એટલે બંને બાજુ એકજ રંગ જણાશે, જ્યારે બીજા વણાટોનું ભાતીગલકપડાના નીચે ઉપર જુદા રંગ દેખાશે. પટોળાનો એક પડો વણાટ, એની બે બાજુ સરખા રંગ ને કારીગરી એજ એની વિશેષતા છે.

આવી રીતે જુદી જુદી જાતની ભાતો ઉઠાવવામાં તેમાંયે 'નારી કુંજર'ની ભાત ઉઠાવવામાં તેના શોધકે બુદ્ધિ વાપરવામાં હદ વાળી છે. એમ કહેવું પડશે, પટોળાં તૈયાર કરવામાં કોઇ જાતના યંત્રનો ઉપયોગ કર્યા સીવાય તમામ ક્રિયા હાથથીજ થાય છે, પટોળા ઉપર ભાત પાડવામાં બીબાની છાપનો ઉપયોગ થતો નથી પણ જે ભાત ઉઠાવવી હોય તેના વાણા તાણા ઉપર રંગ ચડાવી બાંધણી બાંધી જોઇતા રંગો ચડાવવામાં આવે એટલે પટોળામાં જે ભાત પાડવી હોય તે વણાટમાંજ પડે, એથી એની નકકરતા અંગે કહેવાય છે કે;

"પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહિ"

કોઇ સ્થળે જોવા મળે તો 'નારી કુંજર' ના પટોળા તરફ નજર કરશો તો જણાશે કે નારીનો અંબોડો, તેના ઉપર સફેદ ફુલોની વેણી, ચક્ષુઓની કાળી કીકીઓ, તેના ઉપરની પાંપણ, હાથી ઉપરનો શણગાર, વિગેરે તમામ બારીક નકસી વણાટમાંજ ગોઠવવામાં આવે છે. આ કળા ને કારીગરી જેમ જેમ જોશો તેમ તેમ વધારે મુગ્ધ બનતા જશો અને આખરે આફ્રિન શબ્દ નીકળી પડશે. આ બેનમુન ને અજોડ કારીગરીની દેશ ને પરદેશ નકલ કરનારાઓએ ઘણી મહેનત કરી પણ ફતેહમંદ નજ થયા.

પટોળાંની કીંમત એકવારે પાંચ રૂપીયાથી વીસ રૂપીયા સુધી લાગે છે. આથી કોઇ એમ ન સમજે કે તેના વણનારા સાળવીઓ ન્યાલ થઇ જતા હશે ! એક પટોળુ વણતાં લગભગ વીસથી પચ્ચીસ દિવસ લાગે છે. અને ઘરના ચારપાંચ માણસને એ કારીગરીમાં હાથ મજુરી કરવી પડે છે, આથી રોટલા પુરતોજ નફો રહે છે. છતાં ગણ્યાં ગાંઠયા સાળવી કારીગરો એ બેનમુન કળાને ટકાવી રહયા હતા. પણ જ્યારથી યુરોપ, અમેરીકા, બગદાદ, બસરા, મીસર ને અરેબીયાની માંગ ઘટી, વતનમાં ઘણા ઘરોની અંદર પરદેશી વસ્ત્રે પગપેસારો કર્યો, ત્યારથી આ કળાને ઉ-તેજન આપવું વિસારે પડયું. એટલે અનેક સાળવી, કુટુંબો એ ધંધાને છોડી દઇ બીજે ધંધે વળગવા દેશાવર ઉપડયા, કોઇ નોકરીયે ચડયા, કોઇ દેશમાંજ બીજો ધંધો લઇ બેસી ગયા ને ઉત્તમ કારીગરીવાળો ઉદ્યોગ તુટવા માંડયો. છતાં બે ચાર કારીગર બિરાદરોએ એ કળાને જીવંત રાખવા–પાટણની કીર્તિને મેળવવા તનતોડ મહેનત કરી રહયા હતા. તેમાંના શ્રી સ્વરૂપચંદ સવાઇચંદ ત્રણેક વર્ષ પર અવસાન પામ્યા. છેવટે ભાઇ જેસંગલાલ મોહનલાલ જેઓ 'નારીકુંજર' તૈયાર કરવામાં એકજ હતા તેઓ પણ ગત જેઠ સુદ ૮ ના રોજ પાટણમાં અવસાન પામતાં પટોળાનો અજોડ ઉદ્યોગ છેલ્લા અવશેષ સમ બન્યો છે.

આ પુરાતન બેનમુન વણાટને–કળાને, હુન્નર ઉદ્યોગના હિત ચિંતકો, ધનિકો ને કળારસિકો તરફથી જોઇએ તેવું ઉત્તેજન નહિ મળવાથી એના સેંકડો કારીગરો એ ધંધો છોડી બીજા ધંધે વળગ્યા, જે એ કળાને ટકાવવા ઝુઝયા તે તેની પાછળ શહીદ થયા. આખરે એ કળામય ઉદ્યોગ ભૂસાઇ જવાની અણી ઉપર આવીને ઉભો રહયો. પણ એને જીવંત રાખવાનું કોઇને ન સુઝયું એ ઓછી શરમની વાત છે?

# સંવત્સરી પર્વ અંગે

# શ્રીયુત પરમાણંદ કુંવરજી કાપડીયાનું નિવેદન.

આજકાલ આગામી સંવત્સરી ક્યારે કરવી તે સંબંધમાં આગેવાન જૈનાચાર્યો સાધુઓ અને શ્રાવકો વચ્ચે જે શબ્દ પ્રહારોની સાઠ મારી ચાલી રહી છે એ ભારે ગ્લાનીજનક અને શરમાવનારી છે. આ ચાલી રહેલ ચર્ચાથી હું બને ત્યાં સુધી દૂર રહેવા ઇચ્છતો હતો પણ જ્યારે મને માલમ પડે છે. કે આ ચર્ચામાં આપણી યુવક પ્રવૃત્તિના કોઇ કોઇ આગેવાનો તેમજ કોઇ કોઇ યુવક સંઘો એક યા બીજી રીતે સામેલ થઇ રહ્યા છે. ત્યારે અત્યારની પરિસ્થિતિ સબંધે મારે એક નિવેદન બહાર પાડવું જોઇએ. એમ આવશ્યક લાગવાથી મારા મૌનનો ભંગ કરવાની મને ફરજ પડી છે.

## સંવત્સરી પર્વ એટલે શું ?

જૈન સમાજમાં સંવત્સરી એટલે આખા વર્ષમાં નક્કી થએલો એક એવો દિવસ, કે જ્યારે દરેક જૈન ચાલુ વર્ષ દરમિયાન થએલી પ્રવૃત્તિઓનું આરંભ–સમારંભનું બારીક નિરીક્ષણ કરે, જૈન ધર્મની દષ્ટિએ અયોગ્ય ગણાતા માનસિક, વાચિક, કે કાયિક કૃત્યો વિષે પ્રશ્ચાતાપ ચિંતવે, મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. એમ શુદ્ધ અંતઃકરણથી ભાવના ભાવે અને પ્રશસ્ત પ્રવૃત્તિ પ્રત્યે ચિત્તને સવિશેષ ઉ-તેજીત કરે. આવી ક્રિયા દરેક જૈન પોતાને અનુકુલ જણાય એવા કોઈ પણ દિવસે કરી શકે છે. પણ સામુદાયિક સરળતા અને સમૂહગત આન્દોલન કેળવાય એ આશયથી ભાદરવા સુદ ૪ ને સંવત્સરીના દિવસ તરીકે પાળવાની પ્રથા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિભાગમાં કેટલાક વર્ષથી ચાલતી આવી છે.

## વિરોધ ક્યાંથી જન્મ્યો ?

આ વર્ષનું પંચાગ વિચારતાં ભાદરવા સુદ ૪ ને સંવત્સરી તરીકે પાળવામાં કશો વાંધો વિરોધ કે મતભેદ ઉભો થવા સંભવ ન હોતો, કારણકે તિથિની કોઇપણ વધઘટ પર્યુષણ દરમિઆન આવતી નથી. પણ કમ નશીબે ભાદરવા સુદ ૫ બે છે અને પાંચ-મને પર્વ તિથિ ગણવામાં આવે છે. અને પર્વ તિથિમાં વધઘટ હોય ત્યારે વધારો હોય તો આગળની તિથિને બેવડી કરવી અને પર્વ તિથિને એક રાખવી હોય તો પાછળની તિથિનો ક્ષય કરી ને પર્વ તિથિને કાયમ રાખવી એવી જૈન પરંપરા છે. આ રીતે ગણતાં આગળની ચોથ બે કરવી પડે પણ ભાદરવા મહિનાની ચોથ પણ પર્વ તિથિ છે, તેથી તે બેવડી થઇ શકે નહિ. આ ઘુંચમાંથી આ બધો મતભેદ ઉભો થયો છે. અને આ ઘુંચનો ઉકેલ સુચવવા ભિન્ન ભિન્ન વિકલ્પો ઉભા થયા છે. કોઇ કહે છે કે બે પાંચમ કાયમ રાખવી, કોઇ બે ચોથ કરવાનું કહે છે. કોઈ બે ત્રીજ બનાવવાનુ સૂચવે છે. ચોથ બે થાય તો પણ પાછી એમ ઘુંચ ઉભી થાય છે કે સંવત્સરિ પહેલી ચોથને ગણવી કે બીજી ચોથને ? આમ ભિન્ન ભિન્ન આચાર્યોના જુદા જુદા અભિપ્રાય અનુસાર સંવત્સરિ બુધવાર અથવા ગુરૂવાર ઉપર ગોઠવાય છે.

## મતભેદ પંચાંગ અંગેનો નથી.

આ બાબત ઉપર જરા ઉંડાણથી વિચાર કરવામાં આવશે તો જણાશે કે આ મતભેદ પંચાંગને લગતો નથી પણ પંચાગ ઉપર આક્રમણ કરતી જૈન પ્રથાનો છે. શુદ્ધ ચોથ કઇ તે વિષે પણ મતભેદ નથી પણ જૈન પ્રથા મુજબ કયા દિવસને સંવત્સરિના દિવસ તરીકે પાળવો તેના સંબંધમાં આ આખો વિવાદ ઉભો થયો છે. જે સમાજમાં અનેક પંડિતો હોય વસ્તુને બારીકીથી નિહાળવાની ટેવ હોય, પ્રથા ઉપર બહુજ ભાર આપવામાં આવતો હોય ત્યાં આટલી બાબત ઉપર મતભેદ પડે એ સ્વાભાવિક છે. પણ આ મતભેદ પ્રમાણ મર્યાદાની બહાર જાય અને કદાગ્રહનું સ્વરૂપ પકડે આવી ઝીણી બાબત ઉપર પોતાના અભિપ્રાયને વળગી રહેતાં અને તે મુજબજ સમાજને અનુસરવાનું કહેતાં તેનાં કેવા પરિણામો આવે તેને લગતો વિવેક ભુલી જવામાં આવે ત્યારે તેમાંથી અનર્થ પરંપરા જન્મે છે.

## ખોટી ભ્રમણાઓ

પ્રથમ તો એજ ખોટી ભ્રમણા કેળવવામાં આવી છે કે સાંવત્સ-રિક પ્રતિક્રમણને અમુક દિવસ સાથેજ ગાઢ સંબંધ છે. તે એટલે સુધી કે તે પોતે માનેલા અમુંક દિવસથી એક દિવસ આગળ કે પાછળ એ ક્રિયા કરવામાં આવે તો આખી ક્રિયા વ્યર્થ જાય અને વર્ષ દરમ્યાન કરેલાં પાપો વજ્રલેપ થઇ જાય ! જો સાંવત્સરિક પ્રતિક્રમણની ભાવના વિચારવામાં આવે તો તેમાં એક દિવસના આમ કે તેમ ફેરફારથી શું મહત્વનો તફાવત પડતો હશે તે સમજીજ શકાતુ નથી. આમ પણ ૩૬૦ રાત્રી દિવસનું કહેવાતુ સાંવત્સરિક પ્રતિક્રમણ ખરી રીતે એટલા દિવસનું હોતું નથી, કારણકે અધિક માસવાળું વર્ષ બાદ કરીએ તો એક સંવત્સરિ અને બીજી સંવત્સરિ વચ્ચે ખરી રીતે ૩૫૪ લગભગ દિવસનો ગાળો હોય છે. એટલે પાપ આલોચના માટે સાંવત્સરિક પ્રતિક્રણમાં ૭ દિવસ સુધીની કાળ મર્યાદા વધારે સમાવી શકાય તેમ છે.

## શું મતભેદોનો તોડ કે નિકાલ નથી ?

બીજું આવા મતભેદો કદાપિ આગ્રહનું સ્વરૂપ પકડે તો પણ શું તેનો કાંઇ તોડ કે નિકાલ આવી શકેજ નહિ. બે આચાર્યો વચ્ચે મતભેદ પડયો હોય તો એવા કોઇ ત્રીજા મધ્યસ્થ આચાર્ય મળી શકેજ નહિ કે જેની પાસે બન્ને પક્ષની દલીલો રજુ કરવામાં આવે અને જેનો નિર્ણય ઉભય પક્ષને માન્ય થઇ શકે ? દુનિયાના અનેક ગંભીર પ્રશ્નો સંસારની અનેક મુંઝવતી ઘુંચોનો નિકાલ લવાદીથી આવી શકે છે. પણ જેણે સંસાર છોડયો છે અને રાગદ્વેષ ત્યાગ્યા છે. એવા નિર્ગ્રંથ જૈન સાધુની ગાંઠ કોઇ છોડાવી શકતું નથી. એ વર્તમાન કાળનું પરમ આશ્ચર્ય છે.

## ગયા વર્ષના બનાવની યાદી.

ત્રીજુ હજુ ગયાજ વર્ષે પાયધોની પરના ગોડીજીના મંદિરમાં આ બાબતના મતભેદ ઉપર કેવી મારામારી થઇ હતી. કેટલા લોકોના માથાં ભાગ્યાં હતાં અને જૈન સમાજ અન્ય વર્ગોમાં કેટલો હાંશી પાત્ર બન્યો હતો તે બધું શું પોતાનાજ અભિપ્રાયનું ઘમંડ ધરાવતા આચાર્યો આજે ભુલી ગયા છે કે જેથી સંવત્સરિ બુધવારે કરવી કે ગુરૂવારે કરવી તેવી સાદી અને સહેલાઇથી અંદર અંદર સમજીને નિકાલ લાવી શકાય તેવી બાબત ઉપર આખી સમાજને કુસુંપની હોળીમાં તેઓ હોમી રહ્યા છે ?

## સત્તાધારી સાધુઓની વર્તમાન દશા

આખી પરિસ્થિતિનો જેમ જેમ વધારે વિચાર કરવામાં આવે છે તેમ તેમ આખી સમાજ અને ખાસ કરીને સત્તાધારી સાધુઓની વર્તમાન દશા વિષે કેવળ શરમ અને ગ્લાનિની લાગણીઓ હૃદયમાં ઉભરાયા વગર રહેતી નથી આચાર્યોને કશી દેશની પડી નથી, નથી સમાજની પડી. જૈન સમાજ ઘસાતો જાય છે. દુર્દશામાં ડુબતો જાય છે. તેનું તેમને નથી ભાન કે નથી ચિંતા. આજે દુનિયાના દુઃખ દારિદ્રય કે અજ્ઞાનના કોઇ પ્રશ્નો તેમને પીડતા નથી. તેમને રસ છે. ચોથ અને પાંચમમાં ઉજમણા અને અઠ્ઠાઇ મહોત્સવમાં સંઘ અને નોકારશીમાં વાસ્તવિક દુનિયાથી તેઓ ખરેખર કેટલા દૂર વસે છે ?

## દુખ અને શરમની કથા.

આજ પ્રશ્ન ઉપર આજે છાપામાં સંખ્યા બંધ ચર્ચાપત્રો ઉભરાય છે. તેમાંથી બીજી બાબતો તો બાજુએ મૂકીએ પણ જે હલકા પ્રકારની ગલીચ ભાષા વપરાય છે—અને આવાં કેટલાંક ચર્ચાપત્રો પાછળ તો જૈન સાધુઓની સહી હોય છે—તે આપણી વિકૃત મનોદશા સૂચવવા માટે પૂરતું છે. વ્રતધારીઓ ભાષા સમિતિ બાજુએ મૂકીનેજ આજે ચાલી રહ્યા છે. આ સર્વ કેવળ દુઃખ અને શરમની કથા છે આ પ્રશ્નના બહાને અંદર ધુંધવાતો મત્સર ચોતરફ પ્રગટ થઇ રહ્યો છે.

## વિવેકશૂન્ય અભિનિવેશ.

જ્યાં સુધી કદાગ્રહી અને મત્સર પ્રેરિત સાધુઓની સત્તા સમાજ ઉપર ચાલ્યા કરશે, ત્યાં સુધી આવા બનાવોનો અંત કદિ આવશેજ નહિ. અને તેઓના વિવેક શૂન્ય અભિનિવેશની એરણુ ઉપર પછાડાઇ પટકાઇને આખો સમાજ છિન્ન ભિન્ન થતોજ રહેશે જે સંઘમાં આવા મનસ્વી સાધુઓના ફતવાઓથી નિરપેક્ષ રીતે અંદરનું ઐકય જાળવીને કાર્ય કરવાની અને બહુમતિથી પ્રાપ્ત થતા નિર્ણયને વળગીને ચાલવાની તાકાત હશે, તેઓ આ જગાવેલી હોળીમાંથી બચશે, બાકી જે સંઘોમાં વર્તમાન આચાર્યોના પરસ્પર વિરોધી આદેશોના કારણે તીવ્ર પક્ષો ઉભા થઇ ગયા હશે તેઓ આ વિનાશ સૂચક વમળમાંથી ઉગરે એવો સંભવ છેજ નહી સવંત્સરી પાપ વિમોચની સંવત્સરિ વર્ષ ભરના દુષ્કૃત્યોને મિથ્યા કરનારી સંવત્સરી આજે તારા નામે પાપના બંધ બંધાય છે રાગદ્વેષના પુંજ ખડકાય છે. સાધુ કુસાધુ બને છે. ક્રોધ મત્સરના બીજ વવાય છે સૂતેલા વૈર જાગે છે અને જૈનો અજૈનો બને છે. કાળનો મહિમા ખરેખર અજબ છે.

## યુવકોને

આ લેખનું ખાસ પ્રયોજન તો આ વિવાદ વિગ્રહ પરત્વે યુવકોએ અને યુવક સંઘોએ કેવું વલણ દાખવવું અને કેમ વર્તવું એ માટે દિશાસૂચક કાંઇક જણાવવું એ છે. પહેલાં તો યુવકોએ સમજી લેવું, કે આ લડત જૂના અને નવા વિચારની અથડામણને લગતી નથી. આ તો સ્થિતિ ચુસ્ત વર્ગ અને તેમના અગ્રણી આચાર્યો કે જેમને ચાલુ લડવાની ટેવજ પડેલી છે તેઓની અંદર અંદરની છે. આજે તેમને બહારથી કોઇ લડવા કારણ આવતું નથી. તેઓ અંદર અંદર લડી રહ્યા છે. આજના સાધુઓમાંથી કોઇ કોઇ વિરલ અપવાદો બાદ કરીએ તો સામાન્યતઃ તેઓ કેટલી સાંકડી મનોદશાવાળા દુરંદેશી વિહોણા અને સમાજને પ્રગતિ માર્ગે દોરવાને કેટલા નાલાયક બની ગયા છે: તે તેમના વર્તમાન વિતંડાવાદ દ્વારા એટલું સ્પષ્ટપણે પ્રગટ થઈ રહ્યું છે કે આંધળો પણ તે દેખી શકે તેમ છે. અને બહેરો પણ તે સાંભળી શકે તેમ છે. આખા ખેદજનક પ્રકરણમાંથી આટલો એક ઉપયોગી બોધપાઠ તરી આવે છે. વસ્તુ સ્થિતિ આ પ્રકારની હોવાથી યુવકોએ કે યુવક સંઘોએ આ ચર્ચાના ચકડોળમાં એક અથવા તો બીજા દિવસના પક્ષકાર બનીને પ્રગતિ વિઘાતક વર્ગના આન્તર વિગ્રહમાં જરાપણ સામેલ થવાની જરૂર નથી.

તેઓએ બુધ્ધિથી ચોક્કસપણે સમજી લેવું જોઇએ કે આ સંવત્સરિ બાબતમાં અમુક દિવસને અમુક રીતે અપાતું મહત્વ અર્થ વિનાનું છે. સંવત્સરિક તપ કે પતિક્રમણમાં જે કંઇ લાભ સમાયેલો હશે તે એક યા બીજે દિવસે કરવાથી અંશ માત્ર ઓછો કે વધતો મળવાનો નથી.

## એ ફેરફારથી પ્રલય નહિ આવે.

યુવક આવી નજીવી બાબત ઊપર કદિ લડતો નથી યુવકોની લડત સિદ્ધાંતો ઉપર અને સામાજીક રચનામાં કરવા જોઇતા ચોકકસ સુધારાઓ પરત્વે હોય છે. ત્રીજ, ચોથ, પાંચમ કે બુધ ગુરૂના ફેરફારથી વિશ્વમાં કાંઇ મોટો પ્રલય થઇ જવાનો નથી કે ઊપરથી આફતનો વરસાદ વરસવાનો નથી. આવી સમજણ ચોતરફ ફેલાવવી અને લોકોને ખોટા વહેમોથી મુકત કરવા એ દરેક યુવકની ખાસ ફરજ છે.

કોઇ એવી પણ ભ્રમણા ન સેવે કે ગુરૂવાર પક્ષી આચાર્યો પ્રગતિ પરાયણ છે અને બુધવાર પક્ષી આચાર્યો પ્રગતિ વિરોધક છે. સામાજીક સુધારણા અને આચાર્યોની મનોદશા વચ્ચે બાર ગાઉનું અંતર છે. તેમાં એકની અપેક્ષાએ અન્યને વિચાર સહમતી આપવાનો કશો અર્થ નથી.

આ સર્વ બાબતો ધ્યાનમાં લેઇને કોઇપણ યુવક સંઘ એક યા અન્ય દિવસને ટેકો આપીને આ નિર્માલ્ય અને શરમજનક કલહના ભાંગીદાર ન બને અને જે કોઇ યુવક સંઘે આવો ઠરાવ કર્યો હોય તો તેનો અમલ કરવા તેઓ કશી પ્રવૃતિ ન કરે.

## સારાંશ

યુવકો અને યુવક સંઘો આ પ્રશ્ન સંબંધે જૈન સંઘમાં ફાટફુટ ન પડે તે બાજુએ પોતાના બળ અને લાગવગનો ઉપયોગ કરે.

જે સંઘમાં મતભેદ અને બે પક્ષ હોય તેને સાંધવામાં અને સર્વાનુમતિએ એક સંવત્સરિ પળાવવામાં પોતાની શકિત ખરચે.

જ્યાં તીવ્ર પક્ષાપક્ષી અને મારામારી હોય ત્યાં તટસ્થ રહે અને બેસીને પોતાથી થાય તેટલી ધર્મ કરણી કરે. પણ યુવક આગામી સંવત્સરિને માનસિક, વાચિક કે કાયિક હિંસાથી દુષીત ન કરે. જે જૈન બંધુઓ અને બ્હેનો મારી ઊપર જણાવેલી વિચાર શ્રેણિ સાથે સંમત થતા હોય તેમને પણ મારી આવીજ નમ્ર અભ્યર્થના છે.

# યુવકોની ફરજ

લેખક : **શ્રીયુત મણિલાલ મહોકમચંદ શાહ.**

જૈન સમાજ ઉપર તેના ધર્માચાર્યોના હાથે નાશની નોબતો ગડગડી રહી છે. છેલ્લાં વીસ વર્ષથી તો એ એવા ચક્રાવામાં ચઢ્યો છે કે કોઈપણ રીતે તેને ત્યાં શાંતિને સ્થાનજ નથી. કહેવાતા ધર્માચાર્યો અને તેમના શાશ્રીત શ્રીમંતો નવા નવા પ્રશ્નો ઉપસ્થિત કરી સમાજમાં કલહની હોળી સળગાવી રહ્યા છે. છેલ્લા દોઢ માસથી સંવત્સરીના નામે તેના આચાર્યો તરફથી તેમના શ્રીમંત ભકતો દ્વારા કલેષના મંડાણ શરૂ થઇ ગયા છે. સામસામા આક્ષેપોથી ભરપૂર નિવેદનો લખાય છે અને એક બીજાને જુઠા ઠરાવવાના પ્રપંચો રચાય છે. છાપામાં કોલમોના કોલમો ભરીને એ જાતનું વિતંડાવાડી, અર્ધસત્ય, અસત્ય, અને મલીન માનસવાળું સાહિત્ય પીરસાય છે. આ જાતના આંતરિક કલહથી સમાજનો સમજુ વર્ગ તથા યુવકવર્ગ ત્રાસી ઉઠયો છે.

જે સમાજનું સર્વસ્વ હરાઇ ગયું છે, જે સમાજના સ્ત્રી પુરૂષો બેકારીના દારૂણ દુખમાં સબડી રહ્યાં છે, જેના બાળકોને સાત્વિક ખોરાક, પૂરતું દુધ, સ્વચ્છ હવા મળવાં દુર્લભ છે, કેળવણી માટે આંહી તહીં આથડવું પડે છે; એવા નિસ્તેજ થયેલા સમાજના મહાન આચાર્યો હોવાનો દાવો કરનારા, શ્રીમંત ભકતો દ્વારા સમાજને વધુ નિર્માલ્ય દશામાં ધકેલી રહ્યા છે, એ હવે સમાજે જાણવું જરૂરી છે. એમનો અને એમના શ્રીમંત ભકતોનો આવો જુલમ અસહ્ય બને છે.

જૈન ધર્મના રહસ્ય માટે જો આ જાતનો પ્રયત્ન થતો હોય તો તે ક્ષંતવ્ય છે. પણ આતો બધું કેવળ વ્યકિતગત મહત્વાકાંક્ષા પોષવા માટેજ થાય છે. તેમાં ભાગ્યેજ કોઇને શક હોય શકે ! સેંકડો શબ્દોના તારો, તેના તેટલાજ શબ્દથી અપાતા જવાબો, તેમાં વપરાતી ભાષા, એક બીજા પ્રત્યે વપરાતા શબ્દો આ બધું જ્યારે અન્ય સુશિક્ષિત પ્રજા વાંચે છે ત્યારે તેમની પાસેથી એવા શબ્દો સંભાળાય છે કે આવા આચાર્યો અને આગેવાનો મેળવવા માટે જૈનસમાજ ખરેખર કમભાગી છે.

જૈનસાધુઓ સંસારની તમામ માયાજાળ, છળપ્રપંચ અને માન મહત્તાને છોડી આત્માર્થી તરીકે સાધુ થાય છે અને સમસ્ત સંસાર અને આત્મસાક્ષીએ યાવતજીવ પંચમહાવ્રત લે છે. આ વ્રત્તોનું બરોબર પાલન કરવામાં આવે તો તેઓના આત્માનું કલ્યાણ થાય છે અને તેથી સમસ્ત જગત ઉપર આધિપત્ય જામે છે. ખરા આત્માર્થી જૈન સાધુની આ સ્થિતિ હોવી જોઈએ. પરંતુ હાલમાં અમારા કહેવાતા આચાર્યોને હું પુછું કે તમોએ પંચ મહાવૃત પાળવાની લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણપણે પાળો છો ? અરે એકાદ વૃત પણ પૂરૂં પાળો છો ? કદાચ દંભ આદરી તમો હા કહેશો પરંતુ તમારી મહત્વાકાંક્ષા અહંભાવ પોષવા તમારા તરફથી રચાતા પ્રપંચો કાવાદાવાનો અનુભવ ડગલે ને પગલે સમાજને થાય છે. એટલે દંભતાથી તમોએ કહેલું એ માનવા સાફ ના પાડે છે.

શ્રીમંત આગેવાનોએ પણ સવેળા ચેતવાની જરૂર છે. સમાજના સાચા આગેવાન બનવું હોયતો સમાજના ઉદ્ધારના માર્ગે ચાલો અને આવા દંભી મહાત્માઓની લીલાઓને પોષવાથી દુર રહો. કારણ તેઓ તમારા સહકારથીજ સમાજમાં કલેશની હોળી સળગાવી અશાંતિ ઉત્પન્ન કરે છે. અને સમાજને વધુ નિર્બળ બનાવે છે. એ સત્ય આપ સમજો અને સમાજમાં ખરી શાંતિ જોવાની આપની ઇચ્છા હોય તો આપ આવી લખાણબાજી અને ચેલેંજબાજીમાંથી ખશી જાવ અને એ દંભી સાધુઓને જરા પણ સાથ ન આપી તેમની સાથે અસહકાર કરશો તોજ તેમની બુદ્ધિમાં પરિવર્તન થશે, તેમનો અહંભાવ ઠેકાણે આવશે. આપના સહકારથીજ તેઓ દંભી અને અહંભાવી બની પંચ મહાવૃત્તનો ભંગ કરી પાપ બાંધે છે. એ પાપ બંધનમાં આડકતરો આપનો સહકાર હોવાથી તેના અમુક અંશના આપ ભાગીદાર બનો છો એ સત્ય આપ સમજો.

જૈન સમાજનું થોડું પણ સદભાગ્ય છે કે યુવક બિરાદરોને આવી જાતની સાઠમારીમાં કાંઇ રસ નથી, સાધુઓના અહંભાવથી સેવાતા પ્રપંચો તેઓ સમજી ગયા છે. બુધ કે ગુરૂવારની સંવત્વરી થાય તેમાં કાંઇ વાંધો નથી, પણ એ પર્વ સંપૂર્ણ શાંતિથી ઉજવાય એવી આકાંક્ષા જરૂર રાખે છે. સમસ્ત સંઘ એકત્રપણે એ પર્વ ઉજવે તેમાં પર્વની મહત્તા વધે છે. બાહ્ય આડંબર કરતાં આંતરિક શુદ્ધિ માટેનું પાયશ્ચિત તેઓ વધુ પસંદ કરે છે બહારની દેખાતી ક્ષમાપના કરતાં શુધ્ધ ભાવે હ્રદયના ઊંડાણમાંથી અપાતી ક્ષમાને વધુ ગૌરવભરી માને છે ? તેથીજ હું મારા યુવક બિરાદરોને વિનવું છું કે તેઓએ પક્ષા પક્ષીમાં પડયા સિવાય તેમના પોતાના ગામમાં સંપૂર્ણ શાંતિથી એ પર્વ ઉજવાય એવા દરેક શકય પ્રયત્નો કરે તેવા પ્રયત્નો કરવા છતાં અશાંતિનો જરાપણ ભય જણાય કે તુરત તેમાંથી ખશી જાય. બુધ કે ગુરૂવારનું જરાપણ મહત્વ રાખ્યા સિવાય એ પર્વ સંપૂર્ણ શાંતિથી ઉજવે અને એને માટે બનતા શકય પ્રયત્ન કરે.

**યુવક બિરાદરો !** તમારા માથેજ સમાજના ઉત્કર્ષ માટેની જોખમદારી છે. તમારામાં સમાજના અમુક વર્ગની આશા બંધાઇ છે માટે આપણે બધાએ વધુ સંગઠીત થઇ આપણી આગેકુચ ચાલુ રાખવી જોઇએ. આપણા કાર્યમાં સૌથી પહેલાં સેવાનો અને સમાજ ઉન્નતિનો વિચાર હોવો જોઇએ અંગત સ્વાર્થનો અંશ પણ તેમાં જોઇએ નહિ. જેમ વધુ સંગઠીન થઇ આપણું કાર્ય આગળ ધપાવીશું તેમ સમાજ આપણા કાર્યથી વધુ પરિચત થઇ સહકાર આપી આપણા કાર્યને વધુ ગતિમય બનાવશે. અને તેમ થયે આપણે બંધા એક દિવસે ધારેલે સ્થળે વિજયપૂર્વક સફળતાથી પહોંચી જઈશું. માટે યુવક બિરાદરો શાંતિમય સેવાભર્યા કાર્યમાં પૂર્ણ સહકાર આપો અને તમારા મનોરથ સિદ્ધ કરો !

# તરૂણ જૈનના તંત્રીશ્રી જોગ

ભાઇશ્રી.

આપણા સમાજમાં ચાલુવર્ષમાં સામાજીક ને ધાર્મિક અનેક અવનવા બની રહેલા બનાવો અંગે આ કાગળ લખવાની પ્રેરણા થઇ છે. તેને આપના પેપરમાં સ્થાન આપશો.

**તહોમતનામુ.**

રામવિજયના ચરિત્ર અંગે અનેકવાર જાહેર પેપરોમાં ઉહાપોહ થતો ત્યારે ભકતોને એમજ ભણાવવામાં આવતું કે એતો નાસ્તિકો છે–ધર્મદ્રોહિઓ છે, એટલે બિચારા ભકતો રાજી રાજી થઈ સંતોષ પકડતા, પરંતુ થોડા મહિનાઓ પહેલાં મુનિ હંસસાગર જેઓ સંસારીપણામાં ‘જૈન પ્રવચન’ ના પ્રથમ સંપાદક તરીકે ત્રણવર્ષ સુધી રામવિજય સાથે કામ કરી તેની રીતભાતથી ખૂબ જાણકાર થયેલા છતાં અંધભકતાઈથી ઉજળુ દેખનાર સંસારી મટી શ્રીસાગરજીના શિષ્ય થયા પછી અંધશ્રદ્ધાના ચસમા ઉતરતાં રામવિજયથી જનતાને સાવધ કરવા “દીશા ફેરવો” નામની એક ચોપડી બહાર પાડી, તેમાં દરેક પ્રસંગ ઉપર મુદ્દાપૂરાવા ને ખુબ હકીકતો રજુ કરીને રામવિજય ઉપર નીચે મુજબ તહોમતો મૂકયાં છે. ‘પ્રભુના ઉપદેશ વિરૂદ્ધ ઉપદેશ કરનાર ઉત્સૂત્ર ભાસીત; જુદ્દા તુત ઉભા કરનાર ખોટેખોટું હાંકે રાખી ઝેરી પ્રવૃતિગોને પોષનાર, પાટઉપરથી અંપામારી જગતને ઉંડીખાઇમાં પટકનાર વિશ્વાસઘાતી કાવાદાવામાં પારંગત ગ્રંથોને અભડાવનાર, કદાગ્રહિ, કુછંદી દંભી ગાંડાને, આંધળાને છેત્તરપીંડી કરીને છુપીરીતે દીક્ષા આપનાર, ગલીચભાષાના લખાણોમાં ગાળોની ઝડી વરસાવનાર, આચાર્યોને નિંદનાર, ભકતો મારફત ગીતાર્થોને ગાલો દેવરાવનાર” એ ચોપડીમાંથી આતો થોડી વાનગી મુકી છે, લેખકે તો અનેક પૂરાવા ટાંકી રામવિજયની કારકીદી ખુલ્લી કરી છે. છતાં સમાજની ચક્ષુઓ કયારેખુલશે. ?

**અમારી પરિસ્થિતિ.**

અમારા પાટણમાં સમાધાનના ભણકારા અનેકવાર કાને અથડાતા અને હવામાંજ રહેતા. આખરે સંઘબળની મહત્તા સમજાઇ ને બન્ને પક્ષોએ હાથ મીલાવી ગત વૈસાખમાં ઐકયતા સ્થાપી–સુલેહ કરી. ને સૌના અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળી. સંપ કોને ન ગમે!

પોતાનીમેળે ડાહયામાં ખપતા માણસો અનેકવાર એવી વાતોને આગળ કરતા કે ‘ભાઇ ! સંઘમાં કુસંપ છે એટલે નવુ તો કયાંથી સરજાય ! પણ છે તે લુંલાં ન થાય તો વધારે સારૂ, હમણાં સંપ હોય તો ઘણાંયે ઉપયોગી ખાતાં ખુલે–સારાં કામો થાય’ સંપથયે લગભગ ત્રણ મહિના થયા પણ જયાં હતા ત્યાંના ત્યાંજ છીએ એકે નવું ઉપયોગી ખાતુ ઉભું થયું નથી, હા. એક શરુઆત થઇ છે. સાત સાત વર્ષથી ન્યાત નોકારશી ને ઉજાણીયોના જમણ બંધ હતાં તે શરૂ થયાં છે.

અમારા શહેરમાં સવાસો મંદિરો, ધર્મશાળાઓ, વાડીઓ ને ઉપાશ્રયોની સંખ્યા ગણીએ તો તે પણ સો ઉપર તો જાયજ, આથીજ અમારી નગરી જૈનપૂરી કહેવાય છે. પણ એ જૈનપૂરીમાં એ મંદિરોને પૂજનારા-રક્ષનારા દિવસે દિવસે તુટતા જાય છે. અનેક ખોટા રીતરીવાજોથી જર્જરીત બનતા જાય છે. છતાં એમને સાવધ કરી ટકાવવાની કોને પડી છે ? કેળવણીના સાધનોનો વિચાર કરીયે ત્યારે એક છાત્રાલય ને બાળાશ્રમ, જેમાં રહેવાની ને જમવાની સારી સગવડ આથી જૈન સમાજનું થોડુંજ દાળદર ફીટે છે ! તેને સમૃધ્ધ બનાવવા માટે તો, સુંદર બાળ મંદિર જોઇયે, છાત્રાલયની સાથેજ હાયસ્કુલ જોઇએ. વાણીજય વિદ્યામંદિર જોઇએ હાઇએજયુકેશનમાટે હજારોની લોનો ને સ્કોલરશીપોની સગવડ જોઇએ, માનસીક બોજાતળે કચરાતા વિદ્યાર્થીઓને ઉત્તમ નાગરીક બનાવવા જૈનતરોની દશ વ્યાયામ શાળા ચાલે છે ત્યારે અમારી સમાજની એકે વ્યાયામ શાળા નથી. મહોલ્લે મહોલ્લે વ્યાયામ શાળાઓ ને જ્ઞાનની પરબો બેસાડવાને વાડીયો ને ધર્મશાળાઓના કયાં તોટા છે ! પણ એ દશા તરફ વાળે કોણ ? સમાજને પ્રગતિની દીશા તરફ વાળવા જબર આંદોલન આદરવું જોઇએ.

જગતમાં જે જ્ઞાન ભંડારો અજોડ કહેવાય છે. ભૂતકાળમાં જેની પાછળ કરોડો ખરચાયા છે. તે જ્ઞાનભંડારોના રક્ષણમાટે એક સરસ્વતિમંદિરની જરૂર છે. એના માટે અનેકવાર વાતો થઇ અનેક હજારો આપવાની વાતો બહાર આવી છતાં સરસ્વતિમંદિરની ઉણપતો ઉભીજ છે. થોડાજ વર્ષ પહેલાં આચાર્ય વિજયવલ્લભસૂરિએ સરસ્વતિમંદિર અંગે આપેલ ઉપદેશથી લોકો ઉપર ભારે અસર થઇ, ઉઘરાણું થયું. બ્હેનોએ દાગીના ઉતાર્યા, ને કહે છે કે લગભગ પંદર હજાર એકત્ર થયા. તેમાંથી હજારો વસુલ થયા, સમાજને જ્ઞાનમંદિર હાથવેંતમાં જણાયું. આચાર્યશ્રીએ વિહાર કર્યો ને ઉત્સાહ અલ્પજીવી નીકળ્યો, ઉઘરાવેલી રકમ કયાં સુરક્ષિત છે. કેટલી છે. શી વ્યવસ્થા છે. તે ભરનારાઓમાં ઘણા ઓછા જાણતા હશે. ઉત્સાહના ઉભરા અનેકવાર ચડે છે ને ઉતરે છે હજી જ્ઞાનમંદિરનું ઠામ પડયું નથી,

એ પણ આપને કહી દઉ કે પાટણમાં ધનીકોનો તોટો નથી. છતાં પાટણ અનેક સાધનોથી વંચીત છે. જો ધનીકોને એની લક્ષ્મીનો સદ્દઉપયોગ કરવાનું સુજે તો પાટણને કશીયે ઉણપ ન રહે.

અમારા આંગણે સંપ થયો તે હર્ષની વાત છે. પણ સાચો હર્ષતો સમાજની ઉન્નતિના માર્ગો લેવાય. સંઘના વહીવટી ધોરણ માટે બંધારણ ઘડાય ને બંધારણ સર ચાલે તો સમાજ પ્રગતિની આશા બંધાય બાકી નોકારશી ન્યાતો ને ઉજાણીઓના જમણપાછળ હજારોના ધુમાડા કરે કશીયે પ્રગતિ થવાની નથી એ ઘણા સમજે છે. છતાં મહોટાઇ ને વાહ વાહની લતમાં ખેંચાય છે. ને સમાજને નુકસાન થાય છે.

**આરામ**

તમારા ગતઅંકની જાહેરાત ઉપરથી સમજાયું છે કે તમારે તરૂણ આરામ લેવાનું છે. ભલા ભાઇ ? હાલના સંજોગમાં એ આરામ યુવાનોને ખટકે તેવો છે. જયાં દા લાગી રહયો હોય ત્યાં આરામ ખપે ? છતાં મને તો ખાત્રી છે કે એ આરામમાંથી નવુલોહી મેળવી તરૂણ સુધારાના જંગમાં વેલાસર ઉતરશે.

# જૈન સમાજની પરિસ્થિતિ.

બે યુવક બંધુઓ મુંબઇથી દેશમાં જતા બોમ્બે સેંન્ટ્રલથી :પાલઘર સુધી વર્તમાન જૈન સમાજની પરિસ્થિતિ ઉપર વિચાર વિનિમય કરે છે. ... ... ... ... ... ... ... ... લેખક.

પહેલો યુવકઃ—આપણાં સમાજમાં જે છિન્ન ભિન્ન દશા નજરે પડે છે, સંગઠનનો અભાવ છે. અને દિન પ્રતિ દિન, પડતીનાં નિશાન નજરે પડતાં જાય છે. તેમાંથી ત્હેને ઉગારવાનો કોઇ માર્ગ નિકળી શકે ખરો ?

બીજો યુવકઃ—માર્ગ તો ઘણુંયે નિકળી શકે, પરંતુ ત્હેમાં બહુજ મોટી મુશ્કેલીઓ છે. ખાસ કરીને સમાજમાં આગેવાન ગણાતી અને પ્રતિષ્ઠિત મનાતી વ્યકિતઓ જો એ બાબત મન ઉપર લે તો જરૂર સમાજ સંગઠિત અને પ્રગતિમાન બની શકે, પણ તેઓનું માનસ પરાધીન છે, અમુક આગેવાન અમુક આચાર્યનો રાગી અને બીજો, આગેવાન બીજા આચાર્યનો રાગી. આમ અનેક આચાર્યોના અનેક રાગી, આગેવાનો, ભકત મંડળો અને તડો પડેલાં છે, એટલે વિકૃત માનસવાળાં આચાર્યોનાં હથીયાર તરીકે રહીને એકનું વ્યકિતત્વ હલકું કરવા અને બીજાનું વ્યકિતત્વ વ્યાપક બનાવવા કલહની ચીનગારીઓ મૂકી રહ્યા છે.

પ– જૈન સાધુઓ તો રાગ દ્વેષ જીતવા મથે છે, અને ત્હેમાંયે આચાર્યોમાં તો એ બાબત જોઇએજ નહિ. છતાં સામાજીક કાર્યમાં તેઓ શા માટે માથું મારે છે ત્હેમનો સમાજની સાથે કશો સબંધ જોઇએ નહિ, ત્હેમને તો કોઇ મુમુક્ષુ ત્હેમની પાસે જાય તો ત્હેને ધર્માપદેશ આપે આટલુંજ ત્હેમનું કાર્ય હોય છે.

બીઃ—ભાઇ ! ત્હમે કહ્યું તે બાબત સાચી છે પરંતુ એ સાધુઓ અને આચાર્યો પહેલાના જમાનામાં હતા, જ્યારે જૈન સમાજ પ્રગતિની ટોચ ઉપર હતો, તેઓતો, જંગલમાં રહેતા, સામાજીક બાબતોથી તદ્દન અલિપ્ત રહેતા, ખરા મધ્યાન્હે ગોચરી નિકળતા એક વખત ભોજન કરતા, વસ્તીથી દુર રહેતા આત્માધ્યાનમાં લીન રહેતા, અને હજારો સાધુઓ એકજ આચાર્યની આજ્ઞામાં રહેતા, તેઓમાં કોઇ મતભેદ નહોતો એમ નહિં:પરંતુ તેઓ પરસ્પર એક બીજાનાં સહકારથી તેનો તેઓ તોડ કાઢતા હતા, ત્યાર પછી તો સમય ફર્યો, સાધુઓમાં શિથિલતા આવી તેઓ ચૈત્યવાસીઓ બન્યા આ બાબત થઇ નવથી બારમી સદીની. એ અરસામાં જુદા જુદા ગચ્છો અને ઉપગચ્છો અસ્તિત્વમાં આવ્યા, અને અવિભક્ત જૈન સમાજના ભાગલા પડયા, ત્યારપછી સંવેગી સાધુઓનો સમય આવ્યો, તેઓ સમાજમાં ભાગલા પાડવાથી દુર રહ્યા અને આપસનું સંગઠન કરી એક આચાર્યની આજ્ઞામાં રહેવા લાગ્યા. ત્હેમની પાસેથી પ્રેરણા મેળવી સમાજે કળાને અપનાવી, અને આબુ જેવા મંદિરો કે જે કળાનાં બેનમુન અને અજોડ ધામો ગણાય છે, તે અસ્તિત્વમાં આવ્યા. કીર્તિદાન પાછળ કરોડો નહિ બલ્કે અબજો રૂપીયા ખરચાવ્યા, અને ત્હેમની માન્યતા મુજબ જે જાતની પ્રગતિ સાધી શકાય તે સાધી, આમ બારથી સત્તરમી સદી સુધી ચાલ્યું, ત્યાર પછી તેમનું પતન થયું, તેઓ પાલખીમાં બેસવા લાગ્યા, પૈસા રાખવા લાગ્યા, અને બાદશાહી ઠાઠમાં રહેવા લાગ્યા, અને જૈન સમાજની અજ્ઞાનતાનો જેટલો લાભ લેવાય તેટલો લઇ તેમના ઉપર તાગડધિન્ના કરવા લાગ્યા આ પરિસ્થિતિ પણ નાબૂદ થઇ અને તેમનું સ્થાન આજના સાધુઓએ લીધું. જોકે આજનાં સાધુઓ પાલખીમાં બેસતા નથી, પરંતુ પરોક્ષરીતે બધું કરે છે. તેમની મહત્વકાંક્ષાને હદજ નથી. ચારસો સાધુઓમાં ચાલીસતો આચાર્યો છે. અને તે બધા અહમેંદ્રો છે. દરેકને પોતાની વિદ્વતાનું ઘમંડ છે. દરેકને સર્વોપરિ બનવાની તમન્ના છે, અને તે માટે પોત પોતાના જુદાં જુદાં ભકત મંડળો ઉભા કર્યા છે. આમ સરલતાનો ગેરલાભ લેવાઇ રહયો છે. આ પરિસ્થિતિ જયાં સુધી સુધરે નહિ ત્યાં સુધી પ્રગતિ અશકય છે.

પ– પણ આવા આચાર્યોની મહત્વાકાંક્ષા પોષવા માટે જનતા સાથ શા માટે આપે છે ? જો જનતા સાથ ન આપે તો આ આચાર્યો શું કરવાનાં હતા ?

બીઃ—ભાઇ એ બાબત ખરી છે. પરંતુ આ આચાર્યોએ સ્વર્ગ નરકનાં એવાં ચકકર ઉભાં કર્યા છે. અને ધર્માભાસનાં ચક્રાવામાં જનતાને એવી રીતે પાડી દીધી છે કે તેમને હિતાહિતની ખબરજ પડતી નથી, આગેવાનોમાં પણ આજ મ્હોંકાણ છે. આચાર્યોની મીઠી નજરથીજ તેઓ આગેવાન બન્યા હોય છે. વળી આચાર્યની મીલકત ઉપર તેમને તાગડધિન્ના કરવાના હોય છે અને વાકચાતુર્યની ઇન્દ્રજાળ તેમને અનુયાયીઓ મેળવી આપે છે. આમ તેઓ પોતાનો ચોકો જુદો જમાવી સમાજનાં ભાગલા પાડયેજ જાય છે.

પઃ—ત્યારે શું આવા બે જવાબદાર અને સ્વાર્થી લાલસાઓને પોષતા મહત્વાકાંક્ષી આચાર્યોની જનતાપરની ઇન્દ્રજાળ તોડવાનો કોઇ માર્ગજ નથી ?

બીઃ—મેં પહેલાંજ કહ્યું કે માર્ગ તો ઘણાયે છે. પરંતુ એ અમલમાં મુકવાની મુશ્કેલી છે. પ્રથમ તો આત્મભોગ આપનારા અને સેવા ભાવી બંધુઓ જોઈશે કે જેઓ સ્થળે સ્થળે જઇ ગમે તેવા વિરોધની અવગણનાં કરી સમાજને સત્ય વસ્તુથી વાકેફ કરે, અને બીજું સમાજને કેળવણી આપવાની ખૂબ આવશ્યકતા છે આ બધી મ્હોંકાણુ અજ્ઞાનતાની છે. જો સ્થળે સ્થળે કેળવણી અને સત્ય બીનાથી ભરપુર સાહિત્ય પીરસવામાં આવે તો આ પરિસ્થિતિ ઘણે અંશે નાબુદ થઇ શકે.

# મહારાજનું વ્યાખ્યાન

આ લેખમાં જે ઘટના ચીતરવામાં આવી છે ત્હેને કાઇ કાલ્પનિક ન સમજે પરંતુ થોડા સમય પહેલાં એક ગામમાં બનેલ નકકર ઘટના છે.... ... ... ... ... ... ... ...લેખક.

જમના ? ઓ જમનો ? જલ્દી ચાલ, વ્યાખ્યાનનો સમય થઇ ગયો છે, મંછા ડોસીએ બૂમમારી: આ આવી, વીસ વરસની મદભર યોવનાએ ઉત્તર આપ્યો, ત્હેના અંગે અંગમાં યૌવન નિતરતું હતું, ત્હેની ગજગામીની ચાલ ગમે તેવા સંયમીને પણ આકર્ષક કરી શકે તેવી હતી, એવી એ નવોઢા જમના મંછા ડોસીની સાથે મહારાજનું વ્યાનખ્યાન સાંભળવા ચાલી, ઉપાશ્રય કંઈ લાંબે ન્હોતો.

મહારાજનું વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. શ્રોતાઓ જી, મહારાજ જી મહારાજ કરી મહારાજને પ્રોત્સાહન આપી રહ્યા હતાં, એક બાજુ પુરૂષો અને બીજી બાજુ સ્ત્રીઓનાં જુથનાં જુથ જામ્યાં હતાં, તેટલામાં સ્ત્રી તરફની બેઠકમાં કંઇ ગડબડાટ થયો અને મહારાજનું લક્ષ તે તરફ ખેંચાયું. મંછા ડોશી અને જમનાં બેઠેલી સ્ત્રીઓથી આગળ બેસવાનો પ્રયત્ન કરતી હતી, અને બેઠેલી સ્ત્રીઓ ત્હેનો વિરોધ કરતી હતી, ઓહો કોણ મંછા ડોસી ? બહુજ ધર્મિષ્ઠ બાઇ છે. ત્હેમને આગળ બેસવા દો, મહારાજે કહ્યું. ઘોંઘાટ શાંત થયો મહારાજનું વ્યાખ્યાન આગળ ચાલ્યું, સંસારની અસારતાનો ઉપદેશ ચાલતો હતો, આ જગત મિથ્યા છે. બ્રહ્મજ સત્ય છે. ત્હેની જોડે સુયોગ સાધવો જોઇયે, મહારાજની અસ્ખલીત વાકધારા શ્રોતાઓનાં મનરંજન કરી રહી હતી, આમ અરધું વ્યાખ્યાન પુરૂં થયું. પોરસીભણાવી. મંછા ડોસીએ જમના પાસે ગહૂંલી ગવરાવી, એ અરસામાં મહારાજની દષ્ટી જમના તરફ ચુપકીથી પડી જતી હતી, વ્યાખ્યાનનો ઉત્તરાર્ધ્ધ શરૂ થયો, વસ્તુપાલ પ્રબંધ ચાલી રહ્યો હતો, મહારાજે શ્રીદેવીની ખુંબ પ્રશંસા કરી અને નારી એ રત્ન ખાણ છે, તિર્થંકરોની માતા પણ સ્ત્રીઓજ હતી, વગેરે ખૂબ કહ્યું વ્યાખ્યાન પૂરૂં થયું, શ્રોતૃગણ વિખરાયો, ફકત મંછાડોસી અને જમનાં મહારાજને વાંદવા રોકાવાં, મહારાજ પોતાનાં પ્રાઇવેટ રૂમમાં ગયા મંછાડોસી જમનાને લઇ મહારાજનાં પ્રાઇવેટ રૂમમાં ગઇ ત્યાં મહારાજને જમનાની ઓળખ આપતાં કહ્યું કે આ અમારા ચંપકલાલના વહૂ બહુ સુશીલ અને ભણેલી છે. જીવવિચાંર, નવતત્વ દંડક વગેરેમાં પારંગત છે, મહારાજે જમનાં તરફ આશ્ચર્યભરી નજર નાંખી, કહ્યું કે ઓહો ? જૈન સમાજમાં આવીજ વિદુષીબાઇઓની જરૂર છે કે જેથી પોતાની સંતતિમાં ધાર્મિક જ્ઞાનનો વિકાસ કરી શકે. હજુ ત્હેને અભ્યાસ આગળ વધારવાની જરૂર છે, કર્મગ્રંથનો અભ્યાસ થાયતો ઠીક કહેવાય પરંતુ તેવા ગ્રંથોતો ત્હેના સારા જાણકાર પાસેજ શીખવા જોઇએ. મંછાડોસીએ તાપસી પૂરી મહારાજ એજ મુશ્કેલી છે ને ? આવા નાનાં ગામમાં એવા પંડિતો મળેજ કયાંથી ? આપજો કૃપા કરીને જમનાને ભણાવો તો અનુકુળ પડે અને બપોરનાં ટાઇમમાં આપની પાસે ભંણવા આવે, ઠીક છે, મહારાજે કહ્યું ? મને સમય નથી છતાં જમનાને કંઇ ના કહેવાય ? હું ખુશીથી તેને ભણાવીશ, જમનાને ખુબ સંતોષ થયો. અને મંછા ડોસીને જમનાનો સમય જ્ઞાનગોષ્ટિમાં જશે. એમ ધારી સ્વર્ગ મળ્યાનો આનંદ થયો.

બીજા દિવસથી જમનાનો અભ્યાસ શરૂ થયો, મહારાજ પોતાનાં પ્રાઇવેટ રૂમમાંજ જમનાને પાઠ આપવા લાગ્યા, બપોરનાં જમનાં મહારાજ પાસે જતી, ઉપશ્રયમાં તે વખતે ભાગ્યેજ કોઇ માણસ મળતો, એ ચાર દહાડાતો ઠીક ઠીક ચાલ્યું, પરંતુ એક દિવસે મહારાજે કહ્યું કે જમનાં તૂં દૂર કેમ બેસે છે ? નજીક આવ ? જમનાં મહારાજનાં આ વાકય પાછલનાં આશયને સમજી શકી નહિ, તેનું મન પવિત્ર હતું, દુનીયાદારી અને ધુર્તતાનો તેને અનુભવ ન્હોતો, આવી ભોળી ભલી અને સરળબાઇને મહારાજ ઉપર અવિશ્વાસ કેમ આવે ? તે પોતે બેઠી હતી. ત્યાંથી જરા નજીક આવી, પરંતુ મહારાજને સંતોષ થયો નહિ તેણે કહ્યું કે હજુ નજીક આવ કારણ કે પાઠ આપવામાં મને મુશ્કેલી નડે છે. જમનાં નજીક બેઠી. મહારાજ અને જમના વચ્ચે અર્ધા હાથનું અંતર હતું, મહારાજે ખસતા ખસતા છેક જમનાના ગોઠણુ ઉપર ગોઠણુ લગાવી દીધો, જમના ચમકી, મહારાજ આશું ? અને તે એકદમ દુર ખશી ગઇ, મહારાજે કહ્યું જમના તૂં ગભરાય છે કેમ ? તેમાં શું થઇ ગયું. આમ આવ એ પણ એક કર્મનો પ્રકારજ છે ને ? તેની આંખમાં કામદેવનું તેજ ચમકતું હતું. જમનાએ એ જોયું હવેજ જમનાને મહારાજની મનોદશાનો ખ્યાલ આવ્યો, હજારો માણસને ડોલાવનાર માણસ આટલો પામર ? તેને કંટાળો આવ્યો. મહારાજ ઉપર તેને ખુબ તિરસ્કાર છૂટયો પોતાનાં હાથમાંનો કર્મગ્રંથ મહારાજનાં મોઢા ઉપર મારી તે ઉપાશ્રય છોડી ગઇ. સાંજનાં પોતાના પતિ ચંપકલાલને વાત કરી, પરંતુ ચંપકલાલે આવા વિદ્વાન અને ચારિત્રધારી સાધુ માટે એ માનવાની સાફ ના પાડી, અને આવાત કોઇને પણ ન કરવાને સખ્ત તાકીદ આપી, બીજે દિવસે મંછાડોસી જમનાને વ્યાખ્યાનમાં જવા માટે બોલાવવા આવ્યા ત્યારે જમનાએ કહ્યું કે જહાન્નમમાં જાય વ્યાખ્યાન મારે સાંભળવું નથી. મંછાડોશીને બહુજ આશ્ચર્ય થયું જમનામાં આવો એકાએક ફેરફાર જોઇ તેને નવાઇ ઉપજી. તેણે જમના પ્રત્યે મમતા બતાવી. અને આવા ફેરફાર માટે કારણ પૂછયું. જમનાએ બધી વાત કહી, મંછાડોશીને જુનાકાને આ બધી નવાજુની સાંભળી હળાહળ કળિયુગ આવવાની પ્રતિતી થઈ, તેઓ વ્યાખ્યાનમાં તો ગયાં. પણ મહારાજ ઉપર સખ્ત નજર રાખતાં હતાં, મહારાજની દષ્ટિ વારંવાર સ્ત્રીઓ તરફ જતી જોઇ અને તેમના આચરણમાં કંઇક ફેર પડતો જોઇ જમનાની વાતમાં તેમને વિશ્વાસ આવ્યો, તેમણે મહારાજને સખ્ત શબ્દોમાં એકાંતમાં ઠપકો આપ્યો.

બીજે દિવસે ઉપાશ્રય ખાલી હતો, મહારાજ વિહાર કરી ગયા હતા; આમ એકાએક વિહારના કારણની કોઇને ખબર પડી નહિ, માત્ર બેજ જણ જાણુતા હતાં, મંછાડોસી અને જમના. ત્યાર પછી જમનાએ કોઇપણ સાધુપાસે અભ્યાસ કરવાની તેમજ વ્યાખ્યાન સાંભળવાની ઇચ્છા કરી નથી.

# સમજુ અને શાણો

—લાલુ શાહ.

નિશાળમાં આજે રજા હતી. છોકરાઓને ખૂબ મઝા હતી. બધા છોકરા મેદાનમાં રમવા જતા હતા. મેદાનના સ્વતંત્ર વાતાવરણમાં બાળકો નાચતા, કૂદતા કે દોડતા જણાતા હતા.

માત્ર અનિલ ગણિતના અઘરા દાખલાની ગૂંચ ઉકેલતો એના ઓછા પ્રકાશિત હવા વિનાના ઓરડામાં બેઠો હતો. એક પણ દાખલો મળતો ન હતો. એના મુખ પર કંટાળાની રેખાઓ સ્પષ્ટ જણાતી હતી. દાખલો તો કેમ મળે ? એનું મન મેદાનમાં ભમતું હતું. દોસ્તોની સાથે ક્રિકેટના દાવ ખેલતું હતું. એનું ચાલે તો થોથાં ફગાવી સીધો મેદાનમાં જાય, પણ જવાનો વિચાર આવતાં માની ભીતિ લાગતી. એની બા એના સમજુ અને શાણા કુંવરની પ્રશંસા કરતી અને ગામના રખડુ છોકરાની ટીકા કરતી બારણામાં બેઠી હતી. વારંવાર અનિલ બારણા આગળ જતો પણ બાને બેઠેલી જોઇ ઉંડો નિસાસો નાખી પાછો ફરતો. સાંજ પડવા આવી. બા દર્શન કરવા જાય તો સારૂં એવી આશા બાંધી તે રાહ જોતો હતો.

બા દર્શન કરવા ગયાં. પણ જતાં જતાં અનિલને ડર દેખાડતાં ગયાં 'જો જરાપણ બહાર પગ મૂકયો તો આવીને તારા હાલ શા કરૂં તે જોજે.' બધી આશા મનમાં શમી ગઇ. હતાશ બની અનિલ રડવા જેવો બારીમાં ઉભો રહ્યો.

એટલામાં મનુ આવ્યો. તેના હાથમાં એક નવો સરસ બોલ હતો. તેની સાથે બીજા બે છોકરાઓ હાથમાં બેટ, સ્ટમ્પ, વગેરે લઇ આવ્યા.

'કેમ, અનિલ ! આવે છે ને ? ' મનુએ પૂછ્યું.

'કયાં ?'

'રમવા' બોલ ઉછાળતાં મનુએ જવાબ આપ્યો.

'ના. મને મારી બા મારી નાખે.' અનિલે નિઃશ્વાસ નાખી કહ્યું

'દાખલા ગણવા હશે ! મનુએ કટાક્ષમાં કહ્યું.

'ના. મને તો રમવાનું ગમે અને આ દાખલા તો કંટાળો આપે છે.'

'ત્યારે ચાલની. હું આવીને તારી બાને સમજાવીશ.'

'ઠીક. પણ જો, તારે મારી બા આગળ આવી કહેવું પડશે.'

'હા. હા. હવે તો લુગડાં પહેર,'

અનિલ, મનુ અને મિત્રો મેદાન તરફ ચાલ્યા. અનિલના મુખ ઉપર નવું ચેતન આવ્યું અંગો સ્ફુર્તિમાં આવવા લાગ્યાં.

(૨)

મેદાનમાંથી બાળકો રમીને પાછાં ફરતાં હતાં. મનુની ટીમ ઓર આનન્દમાં હતી.

'અનિલે તો આપણી આબરૂ રાખી.' એક છોકરો બોલ્યો.

'અનિલ જો રમે તો બીજો બ્રેડમેન થાય.' બીજાએ અનુમોદન આપ્યું.

'વાહ અમારા અમરનાથ ! ' ત્રીજાએ અનિલની પીઠ થાબડી.

'અરધી સદી ને નોટઆઉટ ! કમાલ કરી દોસ્ત ! ' એક જણ બોલ્યો.

પણ અનિલના મનમાં ઉલ્લાસ ન હતો, એના પગ ઉપડતા ન હતા. બાની બીકે એ ધ્રૂજતો હતો.

ઘર આવ્યું. વાતોમાં મિત્રો છૂટા પડયા. મનુ પણ મોડું થતું હોવાથી ચાલ્યો ગયો. જાણે ઉંડા અંધકારમાં, ધડકતે હૃદયે ડગ ભરતો હોય તેમ અનિલ દાદર ચઢતો હતો.

'આવ્યોની મારા રોયા રસોઇ કરતાં રમાબહેન ઉઠયાં.

'પણ બા !—

'મારે કંઇ સાંભળવું નથી.' રમાબહેન, ક્રોધથી રાતાપીળા થતાં ત્રાડુકયાં.

'પણ બા !—અનિલનું વાકય પૂરૂં થાય તે પહેલાં તેના અંગો પર મુક્કા અને લપડાક પડવા લાગ્યાં. પોતાનો છોકરો આમ રખડુ બની જાય એ અનિલ ઠાવકો બની વાંચ્યા કરે એજ એમને ગમતું

ઓફિસમાંથી કંટાળી અનિલના પિતા આવ્યા. એ આરામ લે તે અગાઉ રમાબહેને અનિલની વાત ઉખેળી.

'આ જોયો તમારો અનિલ ?

'કેમ શું ?

છુટ આપીને છકાવી દીધો, સમજુ સમજુ કરી મારા છોકરાને રખડુ બનાવી નાખ્યો.'

'પણ વાત શી બની ? '

'શું હોય બીજું ? જરા આઘાં પાછા થયા કે આ હેન્ડયા. ન વાંચવું, ન ભણવું. કોણ આવા છોકરાને ટીલુંય તાણવાનું ? રમાબહેનની વાગ્ધારા અસ્ખલિત વહેતી હતી.

અનિલ એક ખૂણામાં રડતો બેઠો હતો. બાપે બે ચાર તમાચા ઝૂડયાદીકરાને સમજુ અને શાણો બનાવવા.

તે રીતે અનિલ ડુસકાં ભરતો પથારીમાં આળોટતો હતો.

(૩)

રમાબહેન હવે ખુબ ખુશ રહે છે. એમનો અનિલ ઘરની બહાર પગ પણ મૂકતો નથી. સમજુ અને શાણો એ વિશેષણો એને વળગી ચૂકયા છે. માબાપનો એ ડાહ્યો ડમરો કુંવર નિશાળમાંથી નીસરી સીધો ઘેર જઇ પાઠ વાંચવા માંડે છે.

પણ એ શરીરે સુકાતો જાય છે. માબાપ બહુ વહાલથી દવા અને ઓસડ કરે છે. અનિલના જીવનમાં ઉલ્લાસ જણાતો નથી. 'છોકરો કેવો ગંભીર છે !' એમ કહી બાપ દીકરાના ગુણ ગાય છે. નિશાળમાં શિક્ષકો એના શાંત સ્વભાવનાં વખાણ કરે છે.

કોઈ જાણતું નથી કે અનિલનું જીવનકુસુમ અકાળે કરમાતું હતું—તેમાંથી સત્વ અને સુવાસ સરી જતાં હતાં.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.